ગ્રેજ્યુએટ પ્રવચનકાર પૂજ્ય મુનિરાજ શ્રી સુધર્મસાગરજી મ. સા.

જેઓની ઉત્કટ લાગણી–ભાવનાથી ગ્રન્થલેખન અને પ્રકાશન શક્ય બન્યા







॰ સમર્પણ ॰

બાલ બ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

શ્રી આનંદ-ક્ષમાલલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

અભિનવ "હેમ" લઘુપ્રક્રિયા

ભાગ બીજો

મૂલ કર્તાઃ- પૂ. મહોપાધ્યાય વિનયવિજયજી ગણિવર્ય

ગ્રન્થરચના પ્રેરણાદાતા

વિદ્યાભ્યાસંગી પૂ. મુનિરાજશ્રી સુધર્મસાગરજીમહારાજ

સંપાદન-અનુવાદ-સસંદર્ભ વિવરણ

પૂ. ગ્રેજ્યુએટ પ્રવચનકાર મુનિરાજ શ્રી સુધર્મસાગરજી મ.સા. ના શિષ્ય


પૂ. મુનિરાજ શ્રી દીપરત્નસાગરજી (M. Com. M. ed.)

કિંમત-પઠન પાઠન

સંવત ૨૦૪૩ વીર સંવત ૨૫૧૩ સને ૧૯૮૭

(વૈશાખ વદ: ૬ પાલિતાણા તિર્થ - આદિનાથ દાદા વર્ષગાંઠ દિન)

પૂ. આગમોદ્ધારક આ. દેવ શ્રી આનંદ સાગરસૂરિજી મ. સા.



* મુદ્રક *

જય જલિયાણ પ્રિન્ટર્સ

સુતરીયા હૉ. મેન્ટર

દિપક ટોકિઝપાસે

જામનગર

* પ્રકાશક *

અભિનવ શ્રુત પ્રકાશન

પ્રવિણચંદ્ર જે. મહેતા

જેસંગ 'નિવાસ"

હેડ પોસ્ટ ઓફિસ પાછળ

જામનગર

પ્રકાશકનું નિવેદન

લગભગ હજાર વર્ષ પૂર્વે પૂ. કલિકાલ સર્વજ્ઞ ભગવંતે રચેલ સિધ્ધહેમ વ્યાકરણને, લગભગ સવા ત્રણસો વર્ષ પુર્વે પ્રક્રિયા રૂપે ફેરવ્યા પછીનું સંદર્ભ-વિવરણ સહિતનું આ પ્રથમ ગુજરાતી પ્રકાશનછે. જે ફિલોસોફી સાથેગ્રેજ્યુએટ થયેલા અમારા પૂજ્ય મુનિરાજ શ્રી સુધર્મસાગરજી મ. સા ની અનન્ય પ્રેરણા-અંતઃકરણ પૂર્વકની ભાવના/લાગણી તથા તેમના શિષ્ય પૂ. મુનિ દીપરત્નસાગરજી ની મહેનતનો પરિપાકછે

પ્રથમ ભાગના પ્રકાશન બાદ ખૂબજ સુંદર અભિપ્રાયો અને સહકાર મળતા ટુંક સમયમાં બીજો ભાગ રજૂ કરતાં અમે ખૂબજ આનંદ અનુભવીએ છીએ. આ વ્યાકરણના અભ્યાસથી પદ સિધ્ધિનુ શુધ્ધ જ્ઞાન પામી શાસ્ત્રનાં અર્થની વિચારણા-ચિંતન, મનન દ્વારા પરંપરાએ શાશ્વત સુખને પામો એજ શુભેચ્છા.

પુસ્તક પ્રકાશનમાં અત્યંત ઉપયોગી બનેલા અને તન મન ધનથી સહકાર આપનારા શ્રીકાન્તિભાઇ-દિનેશભાઇ-વિરૂભાઇ, વહીવટી કાર્યવાહીમાં મદદરૂપ બનેલા મહેન્દ્રભાઇ તથા અમરીષભાઇ .. ઉદારહાથે ફાળોઆપનાર શ્રી જામનગર જૈનસંઘ સમસ્તના આભારીછીએ.

આ સમગ્ર બીજા ભાગના કાગળના દ્રવ્ય સહાયક શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જૈન સંઘ-જામનગર ના આભાર સહ

પ્રવિણચંદ્ર જે. મહેતા

અભિનવ શ્રુત પ્રકાશન વતી

અનુક્રમણિકા

પ્રસ્તાવના

૧૧૯૩-૯૪ ના અરસામાં પૂ. કલિકાલ સર્વજ્ઞ ભગવંત શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે સિદ્ધહેમ શબ્દાનુશાસનની રચના કરી. પછી તત્સમ્બન્ધી અન્ય અનેક ગ્રન્થ આદિઓની રચનાઓ થઈ. ગુજરાતના વિદ્વાનોએ અભ્યાસાર્થે ક્રમમાં રહેલા શબ્દાનુશાસનને પ્રક્રિયા ક્રમમાં ફેરવ્યો. પણ તે બધામાં પૂ. મહોપાધ્યાય વિનયવિજયજી ગણિએ ૧૭૧૦ માં રચેલ "હૈમ લઘુપ્રક્રિયા" વધુ પ્રચલિત બની. આજ પર્યન્ત તેનો અભ્યાસ પૂ. સાધુ-સાધ્વીજીઓ કરી રહ્યા છે. લગભગ ૩૦૦ વર્ષ થવા છતાં કોઈ ભાષાન્તર થયું નથી. તેથી લઘુપ્રક્રિયાનો અનુવાદ તથા વિવિધ ગ્રન્થોના નિચોડરૂપ એવો નકશો-વિવરણ યુક્ત ગ્રંથ તૈયાર કરવાની યોજનાના ભાગરૂપે— "અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૨" પ્રગટ કરાય છે

પ્રથમ ભાગનું વિમોચન પૂ. ગચ્છાધિપતિ આચાર્ય દેવ શ્રી દેવેન્દ્રસાગર સૂરિજીની નિશ્રામાં તેઓના આશીર્વચનો મંગલ કામના પૂર્વક જૈન સંઘ, જામનગરના પ્રમુખશ્રી ભાનુભાઈ કે. દોશીના હસ્તે સુંદર આયોજન પૂર્વક થયું.

મારા પૂ. ગુરુદેવ મુનિરાજ શ્રી સુધર્મસાગરજીની અનન્ય પ્રેરણા, તેઓનો દૃઢ વિશ્વાસ, કાર્યયોજના તથા તે અંગે જાત પણ તેને લગતા કાર્યની સગવડ કરી આપવાનો ઉત્સાહ આ ગ્રંથ પ્રકાશનમાં સંપૂર્ણ જવાબદાર બન્યા છે— પણ જો જૈનસંઘ ભાનુભાઈ દોશી તથા રમેશભાઈ તરફથી જો ન ... પણ સ્વાભાવિક આયોજન કરી— પૂ. ગચ્છાધિપતિ શ્રી આદિ વિશાળ શ્રમણ સમુદાય, ગુરુ અને જામનગર જૈન સંઘે આ કાર્યના શુભેચ્છકો અને અનુમોદકોમાં નહીં પણ ભાગી ન બનાવ્યા હોત અને પૂ. ગચ્છાધિપતિશ્રીએ ઉદારતા પૂર્વક અનુમતિ ન આપી હોત તો પ્રથમ ભાગનું સુંદર રીતે વિમોચન શક્ય ન બનત. પૂ. ગુરુદેવશ્રી સુધર્મસાગરજીના નિષ્કપટ અને સરલ સ્વભાવથી જ અમે કોલેજકાર્યમાંથી ખેંચાઈને આવ્યા હોય તેમ તે સંઘના સેક્રેટરી અને કોમર્સ કોલેજના પ્રિન્સીપાલ ભોગીભાઈ વગેરે ... આશીર્વાદ ... સુંદર વિમોચન કાર્યક્રમની રૂપરેખા અને વ્યાખ્યાન કરી, જામનગર ... સંઘના સેક્રેટરી ... પુસ્તક પરિચય કરાવ્યો. આ રીતે ક્રમશઃ ભાગ-૨ પ્રગટ કરવા અમારા પગરણ મંડાયા

આ તરફ પ્રથમ ભાગ માટે અનિમેષરૂપ બનેલા ... પ્રભુદાસભાઈ ... પાંચ માસ માટે આપેલ ... બીજા ... ભાવપૂર્ણ ભૌતિક સુવિધા, ... પ્રતાપભાઈ ... પ્રથમ ભાગ પૂર્ણ કરવા ઉદારતા ... સામગ્રી સંબંધ પૂર્ણ ... અવિસ્મરણીય બની રહેશે. ... વકીલ જ્ઞાનભાઈ ... તથા ડૉ. કાન્તિભાઈ ... કેમ ભૂલાય ?

બૃહદ્વૃત્તિના ... આદિને, ... શ્રી ... ... આ ... ... અધ્યયન-અધ્યાપન તથા સિદ્ધહેમ શબ્દાનુશાસનનું ... ... સહાયક બને, તેવી અત્રે શ્રદ્ધા સહ ... ...

વ્યાકરણ અભ્યાસ શામાટે

'વિદ્યાવ્યાસંગી પૂ. ગુરૂદેવ સુધર્મસાગરજી મ. સા. ની અંતઃકરણની પ્રેરણાથી આ અભિનવ "હેમ" લઘુપ્રક્રિયા. તૈયાર તો થઈ–પણ–વ્યાકરણ અભ્યાસની આવશ્યકતા સમજ્યા વિના માત્ર ગતાનુગતિક રીતે એ બુકથી લઘુવૃત્તિનાં અભ્યાસને આપણાં નિસ્પૃહી પંડિતવર્ય શ્રી વજુભાઈ "કાળીમજુરી" સમાન ગણે છે— તેથી વ્યાકરણ અભ્યાસનું મહત્ત્વ માનસમાં પ્રતિપાદિત કરીને ધ્યેય સિદ્ધિની દિશામાં કદમ માંડવા ઉચિત ગણાય.

કોઈપણ ભાષાનાં પ્રમાણિક અને સર્વાંગસંપુર્ણ અભ્યાસ માટે તેના વ્યાકરણનું જ્ઞાન નિતાન્ત આવશ્યક છે. વાણી દ્વારા માનવ પોતાના વિચારોને આકાર આપે છે-વાણીનું નિયમન વ્યાકરણ થકી થાય છે તેથી વ્યાકરણના અભ્યાસ વિના શિષ્ટ વાણી વ્યવહાર મુશ્કેલ બને શાસ્ત્ર ગ્રન્થોના અધ્યયન અને પરિશીલન માટે વ્યાકરણ જ્ઞાન આવશ્યક છે. તેથી જ કહેવાય છે કે :–

0 "વ્યાકરણ એ ભાષાનું વ્યુત્પાદક શાસ્ત્ર છે. પ્રયોગનું શુધ્ધ-સાચું જ્ઞાન કરાવનાર છે. ભાવમાં મૂર્ત જ્યોત પ્રગટાવનાર છે. સકલ શાસ્ત્રમાં દીપક સમાન છે .. શબ્દ ધાતુરૂપ દરિયો છે સંજ્ઞા–પરિભાષા–ન્યાયો–ગણો–ધાતુઓ–કારકો-અવ્યયો–પ્રત્યયો આદિને પ્રતિપાદન કરનાર અનુપમ ખજાનો છે ગ્રન્થ રચનામાં સહાયક છે. ગ્રન્થ માર્ગમાં મુસાફરી કરનારને ભોમિયા તુલ્ય છે."

0 "લોકમાં અને શાસ્ત્રમાં આવતા શબ્દો જેના વડે સધાય એવું જે શબ્દ શાસ્ત્ર તેનું નામ વ્યાકરણ"

— આવશ્યકવૃતિ-પૂ હરિભદ્રસૂરિજી

0 "વ્યાકરણ ભણવાથી પદની સિદ્ધિ થાય છે. પદની સિધ્ધિથી અર્થનો નિર્ણય થાય છે. અર્થ નિર્ણયથી તત્ત્વનું જ્ઞાન થાય છે તત્ત્વજ્ઞાનથી મોક્ષની પ્રાપ્ત થાય છે" શ્રીપ્રશ્ન વ્યાકરણ સૂત્ર

વાણી-વ્યવહારમાં પરોક્ષ બનેલી એવી સંસ્કૃત ભાષાના પથ પર કદમ માંડવા વ્યાકરણ એક માત્ર સાધન છે.

આ અભિનવ "હેમ" લઘુપ્રક્રિયાના અભ્યાસનું મહત્વ

જે રીતે અષ્ટાધ્યાયી (સિધ્ધહેમમાં સાત અધ્યાય) ક્રમમાં રચાયેલ વ્યાકરણોને કાળક્રમે પ્રક્રિયા ક્રમમાં પરિવર્તિત કરવાની આવશ્યકતા ઉદ્ભવી અને જુદા જુદા પ્રક્રિયા પુસ્તકોની રચના થઈ, હૈમ લઘુપ્રક્રિયાને પણ મુદ્રિત કરાવતા તેમાં "ટીપ્પણો" મુકી સ્પષ્ટીકરણો માટેનો પ્રયાસ થયો તે રીતે આ અનુવાદ સ્વઅધ્યયન અધ્યાપન કાર્યમાં તો ઉપયોગી થશે–તદ્ઉપરાંત તેમાં નિમ્નલિખિત વિશેપતાઓ સમાવિષ્ટ છે. જેના વડે અભ્યાસ સાધન બનશે

0 માત્ર બે બુક કરતાં વિશેપ જાણકારી મળે

0 સંદિગ્ધતા નિવારણ :– લઘુવૃત્તિના અભ્યાસમાં પણ ઉદ્ભવતી કેટલીક સમસ્યાઓનું અહીં બૃહદ્વૃત્તિ ન્યાસ, કોશ જેવા સંદર્ભોમાંથી યથેષ્ટ ગુજરાતી અવતરણ સંદિગ્ધતા નિવારવા મદદરૂપ બને.

0 અપૂર્ણવૃત્તિ કે વૃતિ અભાવે પૂરતો વૃત્યર્થ પૂરો પાડે :– પ્રક્રિયાકારે કેટલાંક સુત્રોની વૃતિ અપૂર્ણ રાખી છે. જેમકે– "સ્ત્રીપ્રત્યયો"નું સૂત્ર: ૩ इचापुंसो...परे ની વૃત્તિમાં अपुंसः શબ્દની વૃતિ નોંધાઈ જ નથી તેમજ આવૃત્ત परे પણ નોંધાયુ નથી. ત્યાં વૃત્યર્થ દ્વારા વૃત્તિની અપૂર્ણતા નિવારાઇ છે .....

કારક પ્રકરણ સૂત્ર: ૧૬ स्त्रियां तृतीया કે સમાસ સૂત્ર: ૭ द्विगोरन्नहनोऽट्समासे માં વૃત્તિજ નથી ત્યાં આ ગ્રન્થ કર્ત્તાએ દ્વારા વૃત્તિ પૂરી પાડેછે

0 अनु पदार्थे જેવા શબ્દો પ્રક્રિયાની વૃત્તિમાં છોડી દેવાયાછે, પણ અર્થની દૃષ્ટિએ જરૂરી જણાતા તે શબ્દો યોગ્ય સ્થાન આપેલ છે.

0 **એક કરતાં વધારે સૂત્રોની વૃત્તિમાં યોગ્ય પૃથક્કરણ:-** પ્રક્રિયામાં કેટલાંક સૂત્રો એવાછે જેમાં એક કરતા વધુ સૂત્રો આવેછે જેમકે "સ્ત્રીપ્રત્યયો" સૂત્ર ૧૬ नारिसखिपङ्गुश्वश्रू . कद्रुतात् કુલ ૧૧ અન્ય સૂત્રો ગોઠવેલ છે, ત્યાં અભ્યાસકને ગોટાળો ન થાય તે માટે 'શેષવૃત્તિ' નામક અલગ વિભાગમા આ **સૂત્રો** પૃથક્કિત કર્યા છે

0 **સૂત્ર કે વૃત્તિના અભાવ નુ નિવારણ:-** अम्यद्वा पुरु સૂત્ર માં એક વધારા નું સૂત્ર માત્ર क्वचित् શબ્દ લખી ગોઠવેલછે -ત્યા ઉદાહરણ પરથી મૂળ સૂત્ર સિદ્ધહેમ વ્યાકરણ મારે શોધીને નોંધેલછે इतोऽक्त्यर्थात् સૂત્રમાં વધારાનુ સૂત્ર પદ્ધતિ મા વૃત્તિ છે પણ સૂત્ર નથી ત્યાં અલગ પેટા ક્રમાંક આપી સૂત્ર નોંધેલ છે-સમાસ સૂત્ર ૨૦ द्विगादग्रमार्द्रन् તે સૂત્રની વૃત્તિને બદલે બીજુ જ સૂત્ર વૃત્તિમાંછે ત્યાં બન્ને ના કર્ત્તાએ આપેલછે.

0 **મૂળ સૂત્ર ને બદલી દેવાયુ હોય ત્યાં મૂળ સૂત્ર આપવું:-** જેમકે तारका वर्णका ..... देवत्वे ૨/૪/૧૧૪ ને બદલે क्वचिन्नेत्यम् સૂત્ર લખી દીધુ છે

0 **સૂત્ર સમ્બન્ધી આમ કેમ જેવા પ્રશ્નોનુ નિવારણ:-** સ્ત્રીપ્રત્યય સૂત્ર ૧૩ स्वरादुतोगुणादखरोः મા स्वरात् કેમ? उत् કેમ? વગેરે પ્રશ્નો કર્યાછે તેમજ गुण ની વ્યાખ્યાનો શ્લોકછે આવા પ્રશ્નો ઘણા બધા સૂત્રોમાં ઉદ્ભવે જ છે- જેનો બૃહદ્વૃત્તિમા વિસ્તારથી ખુલાસો છે જ્યારે પ્રક્રિયાકારે ચાર-પાંચ સૂત્રોમાં આવા સમાધાનો આપેલ છે તે સ્થિતિમાં આ ગ્રન્થ શક્ય તેટલાવધુ સૂત્રોમાં સૂત્ર સમ્બન્ધી પ્રશ્નોના નિવારણો આપેછે

0 **મૂળભૂત સ્ખલનાનુ નિવારણ :-** तद्धित સૂત્ર ૪૨ षष्ठ्याः समूहे માં પેટા સૂત્ર वर्ष्माद् दण्ड ૬/૨/૨૦ નોંધેલ છે તેમ પ્રકાશમા પણ वर्ष्माद् લખ્યુ છે ખરેખર અહીં સ્ખલના થઇ છે. આ ઋ કારાન્ત નામ નથી ત્યાં वर्ष्माद् ન થાય પણ દીર્ઘ ऋ કારાન્ત નામ છે માટે પચમી वर्त्राः થાય वर्त्री એવો પુલ્લિંગ શબ્દ છે. તેને ऋदृ ૨ ૪/૭૦ થી થતા દીર્ઘ वर्त्री શબ્દ બને છે. વળી સિદ્ધહેમ વ્યાકરણમાં પણ वर्त्राः જ લખેલ છે.

ઉપરોક્ત મુદ્દાના નિવારણ ઉપરાંત નીચેની બાબતો પણ નોંધપાત્રછે

---

0 **સંદર્ભ સાહિત્ય** - ન્યાય, લિંગાનુશાસનથી લિંગ નિર્ણય, પ્રસંગોચિત ઉણાદિ વગેરેની મૂળ સંદર્ભો સહિત નોંધ કરેલછે

0 **મૂળવૃત્તિ** - લઘુ પ્રક્રિયાની મૂળ વૃત્તિ હોવાથી મૂળગ્રંથની આવશ્યકતા ન રહે.

0 **સાધનિકા:-** જરૂરી સાધનિકાને લીધે સંબધિત સૂત્ર સંબધો સ્પષ્ટ બને

0 **પરિશિષ્ટ:-** આ કારાદિઅને સિદ્ધહેમ સૂત્ર ક્રમથી પ્રક્રિયા અને લઘુવૃત્તિ બંનેના અભ્યાસીઓને યોગ્ય માર્ગદર્શનમળે

સંક્ષેપમાં આ અનુવાદ ગ્રંથ માત્ર પ્રક્રિયા ઉપરાંત વ્યાકરણ ના પાંચે અંગોનો યથોચિત બોધ કરાવેછે જે અધ્યાપકને પણ ઉપયોગી થશે.

આ ગ્રન્થ નોઉપયોગ કઈરીતે કરશો

પૂ. ગુરૂદેવશ્રી સુધર્મસાગરજી મ. સા. ની પ્રેરણા થી કેટલાંક દિશા સૂચનો

(૧) મૂળ સૂત્રના ત્રણ ક્રમાંકનો:- (1) સૂત્ર પૂર્વે પ્રકરણાનુસાર ક્રમાંક ૧, ૨, ૩ ..... (2) સૂત્ર પછી સિદ્ધહેમનો ક્રમ (3) સૂત્ર પુર્ણ થતાં નીચે સળંગ ક્રમ. દા. ત. ऐकार्थ्ये સમાસ સૂત્રનો ક્રમ (૩) છે., સિધ્ધ હેમનો ક્રમ ૩/૨/૮ છે. અને સૂત્ર પુરું થતાં નીચે [૪૨૯] લઘુપ્રક્રિયાનો સળંગ સૂત્ર ક્રમાંક છે.

(૨) સૂત્ર પૃથક્કરણ :- સૂત્ર પછી સૂત્ર પૃથક્કરણ વિભાગ છે. જેમાં સન્ધિ રહિત સૂત્રોની નોંધ છે. જેથી વૃત્તિની મદદ વિના પણ **સૂત્ર** મહદ્ અંશે **સ્પષ્ટ બનશે**. જેમકે स्त्रियां नृतोऽ स्वस्रादेर्ङी નું स्त्रियां नृ-ऋत: अ-स्वसृ-आदे: ङी: કર્યું

(૩) વૃતિ :- ત્રીજો વૃત્તિ વિભાગ **પ્રક્રિયાની વૃતિ** દર્શાવે છે. જે અપ્રાપ્ય બનતી જતી હૈમ લઘુપ્રક્રિયાની જરૂરિયાત પૂર્ણ કરશે

(૪) વૃત્યર્થ:- લઘુપ્રક્રિયાની મૂળ વૃતિ (શેષવૃત્તિ સિવાયની) નો **અનુવાદ** દર્શાવે છે. **છતા** પ્રક્રિયામાં મૂળ વૃતિનો અભાવ, અપૂર્ણતા કે અન્ય સંદિગ્ધતા હોય ત્યાં આ વિભાગ દ્વારા સિધ્ધહેમ શબ્દાનુશાસનની મદદ વડે પ્રત્યેક સૂત્રની **વૃતિનો સરળ**-સ્પષ્ટ પૂરો **અર્થ** અપાય છે

(૫) અનુવૃતિ:- આ વિભાગ કેવળ **જિજ્ઞાસુઓ માટે** છે સિધ્ધહેમ વ્યાકરણ પરથી બનેલી પ્રક્રિયાઓમાં અનુવૃત્તિક્રમ જળવાતો નથી. તેથી કેટલાંક સૂત્રોમાં ન જણાતી બાબત વૃત્તિમાં જોવા મળતાં અભ્યાસકને સંશય થાય કે આ બાબત વૃત્તિમાં કેમ ? જેમકે **કારક સુત્ર: ૧૪** सर्वोभयाऽभि परिणातसा માં गौणान् ની અનુવૃત્તિ છે જેની નોંધ પ્રક્રિયામાં પણ નથી. – આ સંજોગોમાં અનુવૃતિ વિભાગના સુત્રો જિજ્ઞાસા સંતોષવા દિશાસુચક

(૬) વિશેષ વિભાગ:- વિશેષ **હકીકતો માટે** જ છે. સંદર્ભ સૂચિ મુજબના સાહિત્ય પરથી સૂત્ર સંબંધિ પ્રશ્નો, ખુલાસા. વિશેષતા, ન્યાયો, વ્યુત્પતિ વગેરેની નોંધ છે જેના અભ્યાસથી સૂત્રો વધુ સ્પષ્ટ થશે, સારો અવબોધ થશે, સંશય નિવારણ શક્ય બનશે. છતાં **વૃત્યર્થ** બરાબર **સમજી** ને આ **વિભાગ વાંચવો**. કેમ કે જે રીતે મધ્યમવૃતિ કે આનંદ બોધિની ટીકામાં अवचूरी છે અને બૃહન્નયાસમાં न्या. स. વિભાગ છે તે રીતે અહીં 'વિશેષ' છે .... આ ઉપરાંત **વિશેષ ઉદાહરણો** પ્રક્રિયા સાથે સંબંધ ન હોવા માત્રથી છોડી દેવાયેલા સૂત્ર સંબંધિ દષ્ટાન્તો ને **બૃહદ્‌વૃતિમાંથી** અત્રે સ્થાન અપાયેલ છે... બૃહદ્‌હેમપ્રક્રિયામાંથી ગણ પાઠોની નોંધ લીધેલી છે જેના વડે **સૂત્રના બાકી કાર્યક્ષેત્રનો બોધ** શક્ય બનશે

(૭) પાદનોંધ:- સંદર્ભોની પૃષ્ઠાંક સહિતની નોંધ છે જે વિશેષ માહિતી માટે અભ્યાસને મુળ સ્રોત પુરો પાડે **પાદનોંધ નિશાની** ⁀⁀⁀⁀⁀⁀ આ રીતે છે.

(૮) શેષવૃતિ:- મૂળ સૂત્ર ઉપરાંતના અન્ય સૂત્રો કે **સંબંધિત અન્ય હકીકતો** અહીં નોંધેલ છે અંતર્ગત સૂત્રો [ ] આવા કૌંસમાં સળંગ ક્રમ આપી નોંધેલ છે. જો કે લંબાણ ભયે શેષવૃતિના સૂત્રોમાં માત્ર વૃત્યર્થ આપેલ છે કેમ કે પ્રક્રિયાના **મૂળસૂત્રો – ૩૦૯ છે. અન્ય ૪૧૦ છે.**

આટલી સૂચનાથી સ્વઅધ્યયન શક્ય બને તેશુભેચ્છા

–દીપરત્નસાગર

આ ગ્રન્થ માં ના સંક્ષેપો:- વ્યા – વ્યાકરણ. કારા.–કારાન્ત, એ. વ.–એકવચન, દ્વિ વ.-દ્વિવચન, બ. વ.–બહુવચન, પ્ર.–પ્રથમા' દ્વિ.–દ્વિતીયા. તૃ –તૃતીયા વગેરે

ઋણ સ્વીકાર

પૂજય મુનિરાજ શ્રી સુધર્મસાગરજી મહારાજ સાહેબ

જેમની અનન્ય પ્રેરણા, પરીશ્રમ ઉત્કટ લાગણી, કાર્યબોજ વહનશકિત. કૃપા આદિથી
આ ગ્રંથ લેખન અને પ્રકાશન શકય બન્યા

પૂ. આ. દેવ સૂર્યોદયસાગરસૂરિજી મ. સા.	પૂ. આ. દેવ વિજય સુર્યોદયસૂરિજી મ. સા
સંસ્કૃત માર્ગોપદેશિકાને. અભ્યાસ કરાવી વ્યાકરણનો મજબુત પાયો નાખ્યો, પુસ્તકો આપ્યા.	પોતાના વિનિત શિષ્યને આજ્ઞા કરતા "ન્યાયમ્ંજૂષા,, નો સુંદર અભ્યાસ થયો

પૂ. આ દેવ વિજય યશોદેવ સુરીશ્વરજી મ. સા.
જેમની વિશિષ્ટ પ્રેરણા અને આશિર્વાદથી સિદ્ધહેમ વ્યાકરણ જણાયું.

પૂ. મુનિશ્રી જિતરત્નસાગરજી. પૂ. મુનિશ્રી મુકિતરત્નસાગરજી. સાધ્વી શ્રી રમ્યજ્ઞા.શ્રીજી
જેઓએ પોતાની નોંધપોથીઓ એકાદ વર્ષ જેવા લાંબા સમય માટે પૂર્ણ વિશ્વાસથી વાંચવા આપી.

પૂ.મુનિશ્રી નદીઘોષવિજયજી.- પુરતો સમય-સુંદર છણાવટ પૂર્વક "ન્યાય સંગ્રહ" ભણાવ્યો

નિસ્પૃહિ વિદ્વવર્ય પંડિતજી વૃજલાલજી વાલજી ઉપાધ્યાય

આ ગ્રન્થનુ અક્ષરસઃ વાંચન લઇ તેમના વિશાળ જ્ઞાન-અનુભવોથી ગ્રન્થને ક્ષતિ રહિત કર્યો. સંદેહ નિવારવા પત્રોના તાત્કાલિક ઉત્તરો આપ્યા. પોતાનો મુક્ત અભિપ્રાય આપી નિઃસ્પૃહ છાપ મારી-પંચાંગી વ્યાકરણનો બોધ કરાવ્યો

પંડિતવર્ય છબીલદાસજી-સિદ્ધહેમના સૂત્રોની વિશેષતા જણાવી અભિનવ પ્રકાશ પાડયો
પંડિતશ્રી ધીરૂભાઈ (મોટા), ધીરૂભાઇ (નાના), મહેન્દ્રભાઈ-જેમનાથી સિદ્ધહેમનું જ્ઞાન મળ્યું
શ્રી લાવણ્યસૂરિ જ્ઞાનમંદિર, અંધેરીગુજરાતી સંઘે અભ્યાસ માટે પુસ્તકો આપ્યા

શ્રી ખુશાલ ભવન જૈનસંઘ અમદાવાદ

શ્રાવક પંડિતના ૮ માસ માટે સગવડ આપી, જરૂરી તમામ પુસ્તકો ખરીદી આપ્યા, એક ન મળતા પુસ્તકની આપ મેળે ઝેરોક્ષ કરાવી આ ગ્રંથ-ઈમારતના સ્તંભો મુક્યા,
સાધુ-બહુમાન વિવેક પૂર્ણવાન કરાવી પદ્ધતિ સાધુની અનુકુળતા-રુચિકુળતા મુજબ સગવડ કરવાની વૃત્તિ-પ્રવૃત્તિ ખુશાલ ભવન જૈન ઉપાશ્રયના ટ્રસ્ટી જેટલી બહુજ ઓછા સંઘના ટ્રસ્ટીમાં હશે ! ! !

0 સુશ્રાવક કાન્તિભાઇ-પ્રવીણભાઇ-દિનેશભાઇ-હર્ષદભાઇ તથા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાયક એવા તમામ પૂ.શ્રમણ ભગવંતો તેમજ વ્યકિતઓ અનેસંઘો

0 ખાસ-તમામ વહીવટી જવાબદારી નિષ્ઠાપૂર્વક કાર્યદક્ષતાથી બજાવતા પ્રવીણભાઇ

શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જૈનસંઘ જામનગર

આ સમગ્ર ભાગ-૨ ના તમામ કાગળ માટે ઉદાર હાથે દ્રવ્ય સહાય કરી

[એક ભ્રામક માન્યતાનું નિરસન]

લઘુપ્રક્રિયા એટલે માત્ર બે બુક નહીં

કેટલાક વિદ્વાન પદસ્થો, શ્રાવક પંડિતો વગેરે એવો મત ધરાવે છે, કે લઘુપ્રક્રિયાનો અભ્યાસ હવે નિરર્થક છે. કેમકે લઘુપ્રક્રિયા માત્ર બે બુકથી વિશેષ કંઇ નથી પણ હૈમ સંસ્કૃત પ્રવેશિકા પ્રથમા અને મધ્યમાં કે માર્ગોપદેશિકા અને મદિરાન્ત પ્રવેશિકા કરતાં હૈમ લઘુપ્રક્રિયામાં **નીચેની વિશેષતાઓ છે**

१ યઙન્ત પ્રક્રિયા, યઙ્લુબન્ત પ્રક્રિયા તથા નામધાતુ પ્રક્રિયાનો બોધ થાય છે

२ તદ્ધિત પ્રત્યયોની (મુખ્ય તથા અંતર્ગત કુલ ૩૫૦ જેટલા સૂત્રો દ્વારા) વ્યવસ્થિત વિભાગીકરણ સહિત ચર્ચા

૩ બસો જેટલા સૂત્રો દ્વારા કૃદન્ત પ્રક્રિયાની ઝીણવટ ભરી છણાવટ

૪ સૂત્રોના અંતર્ગત રહસ્યોને પ્રગટ કરતી પરિભાષાઓનું સ્પષ્ટીકરણ

૫ ધાતુઓની અનુબંધ સાથે રજૂઆત-દા. ત. कथण् માં ण् અનુબંધ (१०) चुरादि ગણ સૂચવે છે, कुषच् માં च् અનુબંધ (४) दिवादि ગણ સૂચવે છે.

૬ ધાતુ પારાયણના ક્રમાનુસાર ધાતુઓનું જ્ઞાન – જે ધાતુરત્નાકર આદિ જોવામાં તથા "ધાતુપાઠ" તૈયાર કરવામાં મદદ રૂપ બને છે.

૭ સિધ્ધહેમ શબ્દાનુશાસનના અભ્યાસ માટે સૂત્રોનુ યોગ્ય તાદાત્મ્ય.

૮ બે બુકમાં માત્ર ૮૦૦ જેટલા સૂત્રોનો સમાવેશ થાય છે. લઘુપ્રક્રિયામાં લગભગ ૧૭૦૦ થી ૧૮૦૦ જેટલા સૂત્રો સમાયાછે. જેથી બુક કરતાં બમણાં સૂત્રોનું જ્ઞાન થાય છે.

૯ લગભગ પોણાત્રણસો જેટલા ધાતુઓનું ધાતુરત્નાકરના ભાગો માં થયેલ વિભાજન મુજબની પ્રક્રિયાઓ અનુસાર જ્ઞાન – સમજ.

૧૦ સંસ્કૃત માધ્યમના પ્રયોગ દ્વારા સંસ્કૃત વાંચન ક્ષમતાની ખીલવણી.

બે બુક એ "ગ્રામર – ટ્રાન્સલેશન મેથડ" અનુસાર તૈયાર થયેલ પુસ્તકછે. જે સંસ્કૃત ભાષાને વ્યવહારમાં પ્રયોજવાની પ્રાથમિક ભૂમિકા રૂપછે. તેની અને પ્રક્રિયા વ્યાકરણની તુલનાજ અસ્થાને ગણાય

વળી કેટલાંક માને છે કે લઘુવૃત્તિ" [**સિદ્ધહેમ શબ્દાનુશાસન એટલે લઘુવૃત્તિ-માત્ર એવો ભ્રમ પ્રવર્તે છે.**] જ ભણવી જોઈએ પ્રક્રિયા નહીં – મુર્ધન્ય વિદ્વાનોને જ્ઞાત હશે જ કે લઘુવૃત્તિ **એ પૂર્ણગ્રન્થ નથી પણ પૂર્ણતા તરફ ગતિ કરાવતો ગ્રન્થ છે લઘુપ્રક્રિયાની જેમ લઘુવૃત્તિ એ પણ માત્ર નિદર્શન ગ્રન્થ છે.** એટલેજ આ અનુવાદ ગ્રન્થમાં બૃહદ્દવૃત્તિ, ન્યાયસંગ્રહ, લિંગાનુશાસન જેવાં ગ્રન્થોના અવતરણો લીધાં છે. લઘુપ્રક્રિયા એટલે માત્ર બે બુક માનીને લઘુવૃત્તિ તરફ અંગુલી નિર્દેશ કરતા વિદ્વાનોને એટલીજ વિજ્ઞપ્તિ કે જો સિદ્ધહેમનુ સુવ્યવસ્થિત જ્ઞાન પ્રાપ્ત કરવું એજ એક માત્ર લક્ષ્ય હોય તો બૃહદ્દવૃત્તિ ના સ્પષ્ટ જ્ઞાન અને સમજ વિના માત્ર લઘુવૃત્તિનું અધ્યાપન અથવા તો માત્ર **લઘુવૃત્તિના અભ્યાસથી પૂર્ણ વ્યાકરણનો બોધ થવાની માન્યતા એ પણ લઘુપ્રક્રિયા એટલે માત્ર બે બુક જેવોજ ભ્રમ છે એ વાત નિર્વિવાદ સ્વીકારવી રહી.**

ખંભાતમાં **પંડિતવર્ય** છબીલદાસજી એ સાધુના દૃષ્ટાંત ટાંકી કહેલું કે લઘુવૃત્તિ ભણ્યા બાદ એમ થાય કે (अब मुझे कुछ नहीं आता)હવે મને વ્યાકરણમાં કાંઇ ખબર પડતી નથી તો માનવું તેઓ સિદ્ધહેમ શબ્દાનુશાસન વિશે કંઇક જાણતા થયા છે

મુનિ દીપરત્નસાગર

પંડિત વ્રજલાલ વાલજી ઉપાધ્યાય

પ્રાધ્યાપક
શાંતિભુવન જામનગર

વેદાન્તાચાર્ય



શરીરમા જેમ મુખ પ્રધાન અંગ છે તેમ સમસ્ત વાઙ્મયમાં વ્યાકરણ પ્રધાન અંગ છે. વ્યાકરણનું પ્રયોજન જણાવતાં મહર્ષિ પતંજલિએ કહ્યું છે ' रक्षोहागमलघ्वसंदेहा प्रयोजनम् " સંસ્કૃતિની રક્ષા બુધ્ધિનો સંસ્કાર-ઉહ, આગમનો બોધ ,અતિસંક્ષેપ એવાસંદેહરહિત થવા માટે વ્યાકરણ ભણવું જોઇએ. આર્યોનો અમર વારસો આજ દિ' સુધી જે ભાષામાં સચવાયો છે એ ભાષાનુ ગૌલિક જ્ઞાન ભારતિયો માટે સવિશેષ આવશ્યક છે.

ચિત્તસ્થ ભાવોને અભિવ્યકત કરવા માટે ભાષા અગત્યનું માધ્યમ છે.

" दुष्टान् शब्दान मामयुक्ष्महि दुष्टाश्च मा भूम इत्यध्येयं व्याकरणम् " આપણે દુષ્ટ શબ્દનો પ્રયોગ ન કરીએ અને સ્વયંપણ દુષ્ટ બનીએ નહિ માટે વ્યાકરણનું જ્ઞાન જરૂરી છે. પ્રાચીન ભાષામાં સુવ્યવસ્થિત ભાષા તરીકે સંસ્કૃત ભાષાનુ સ્થાન મૂર્ધન્ય છે. સમયાનુસાર વ્યાકરણોની ક્લિષ્ટતા., દીર્ઘતા અને અર્થરહિત પાંડિત્યપદ્ધતિનો અનાદર કરીને સર્વશાસ્ત્ર રહસ્યવેત્તા, વ્યાકરણ પ્રજાપતિ કલિકાળ સર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય ભગવંતનું સંસ્કૃત વ્યાકરણ વર્તમાન કાળમાં ગુજરાતમાં એવંપૂજય શ્રમણ વર્ગમાં ઠીક ઠીક પઠન-પાઠનનો વિષય બની રહ્યુ છે. આ અતિ આનંદનો વિષય છે પ્રાચિન પ્રણાલિકા મુજબ અધ્યાય – પાદ – સૂત્ર સ્વરૂપ વ્યાકરણ પઠન–પાઠન હતુ કિન્તુ મહાન વૈયાકરણી ભટ્ટોજીદીક્ષિતે અષ્ટાધ્યાયી ક્રમની કઠિનતા જાણી તેના સ્થાને પ્રક્રિયા ક્રમનો ઉપયોગ કરી જે સિધ્ધાન્તકૌમુદી ગ્રન્થની રચના કરી તદ્દત્ પ્રક્રિયા ક્રમાનુસાર સિદ્ધહેમ શબ્દાનુશાસનમાં પણ અલ્પમધ્યમ બુદ્ધિવાળા જિજ્ઞાસુ માટે લઘુ – મધ્યમ – બૃહત્ પ્રક્રિયાગ્રન્થોનું યથાસમય પ્રાકટ્ય થયુ. આ બધા ગ્રંથો કેવળ સંસ્કૃત ભાષામાં હોવાથી નવા ભણનારાને યોગ્ય અધ્યાપક ન મળે તો રુચિ હોવા છતાંય કષ્ટ સાધ્ય બની રહ્યા છે. એ સર્વ વિદિત હકીકત છે.

વ્યાકરણનું જ્ઞાન માતૃભાષામાં અપાય તો ઘણું સારું આ વર્તમાનકાળની માંગણીને સંતોષવા માટે યદ્યપિ પં. શ્રી શિવલાલભાઈની ત્રણેય બુકો સફળતા પામી રહી છે. કિન્તુ વ્યાકરણના ગ્રન્થોનું અટલે લઘુપ્રક્રિયાનું મારી જાણ મુજબનું આ પ્રથમ ગુજરાતી પ્રકાશન છે.

– એના રચયિતા જામનગરનું સંતાન –

જામનગરની ધર્મપ્રાણ ભૂમિના સંતાન જેમણે સંયમપૂર્વેજ લૌકિક દૃષ્ટિનું કોલેજની ડીગ્રી પર્યન્તનું જ્ઞાન મેળવી લીધું હતું યુવાન, બ્રહ્મચારી જન્માન્તરના સુષુપ્ત સંસ્કારોને તક મળતાંજ અલૌકિક દૃષ્ટિનો પ્રાદુર્ભાવ થયો. ભક્તિપૂર્ણ શ્રાવક કુળના ગાર્ભિક સંસ્કારો, સાધુસમાગમના યોગ બળે જેઓ ભાગવતી દીક્ષા–સંયમ સ્વીકારી મુનિરાજ બન્યા એ **સ્વનામ ધન્ય પૂજ્ય મુનિરાજ શ્રી સુધર્મસાગર.**

નિડર–સ્પષ્ટ વક્તૃત્વ, પોતાના સંયમ જીવનમાં ભણવાની તીવ્ર ઈચ્છા હોવા છતાં પણ સમુચિત ન ભણાયાનું અહોનિશ દુઃખ હતું જ તથાપિ મુનિ જીવનને વફાદાર જીવનચર્યામાં સમ્પૂર્ણ તન્મયતા સાધી સમય જતાં પોતાના જ સંસારી લઘુબન્ધુ મેધાવી ખૂબ ખૂબ ભણેલા હાઈસ્કૂલ–કોલેજમાં પ્રાધ્યાપક પદે પહોંચેલા સુવિનિત આ ભાઈ શ્રી પોતાના જ વડિલબન્ધુઓનાં પગલે પગલે 'निसर्गाद् अधिगमाद् वा' મુનિજીવનમાં પ્રવેશ પામ્યા. એ છે નવાનગરની ધન્યધરા વસુન્ધરાના દ્વિતીય રત્ન, દીપકતુલ્ય પ્રકાશ પાથરતું કુશાગ્રબુધ્ધિ રત્ન મુનિશ્રી **દીપરત્નસાગર** બાળબ્રહ્મચારી–

આ છે ગુરુશિષ્યની બન્ધુબેલડી–

ઘણું ઘણું ભણેલા હોવા છતાંય સંસ્કૃત ભાષાના અનભિજ્ઞ સુયોગ્ય નિજશિષ્યને સંસ્કૃત ભાષાનુ પર્યાપ્ત જ્ઞાન મળી રહે એવી સ્વગુરૂની મહેચ્છા, સાધુજીવનની મર્યાદા તજજ્ઞોનો અભાવ, ખૂબ ખૂબ કઠિનાઈને સામનો કરીને ઉત્સાહને અભંગ રાખીને મુનિરાજશ્રી દીપરત્ન સાગરજીએ ટુંકા ગાળામાં સ્તુત્ય પ્રગતિ સાધી છે. જેનો પ્રત્યક્ષ અનુભવ થયો.

વ્યાકરણશાસ્ત્રના ગ્રંથોનુ ગુજરાતી થાય એ સૈધાન્તિક રીતે બહુપ્રિય નહોવા છતાંય જિજ્ઞાસુ ભણનારાઓની કથની–અવદશા સાંભળી–જાણીને અનુકુળ સામગ્રી સાથેનું યથાર્થ વિવેચન ખરેખર આવકાર્ય છે.

આજના શૈક્ષણિકયુગને અનુરૂપ વિવિધ રસપ્રચૂર વાનગી સાથેનું પ્રસ્તુત અભિનવ પ્રકાશન જિજ્ઞાસુ–અધ્યેયતૃગણને નિઃશંક ઉપકારક બની રહેશે.

આ લઘુપ્રક્રિયા (વ્યાકરણ) નું કેવળ ભાષાન્તર માત્ર નથી તેનાથી ઠીક ઠીક વિશેષછે.

પં વૃજલાલ વાલજી ઉપાધ્યાય

ભાગ ૧ અંગેના અભિપ્રાયો

દીપરત્નસાગર દ્વારા સંપાદીત આ અભિનવ લઘુપ્રક્રિયાની મહેનત પ્રશંસનીય છે કાર્ય નિર્વિઘ્ને પરિપૂર્ણતાને પામે અને વધુને વધુ શ્રુત ભક્તિ દ્વારા બાલજીવોને માર્ગે લાવવા પ્રયત્નશીલ રહે એજ ભાવના.

– આ. દેવેન્દ્રસાગર સૂરિ

0 પુસ્તક પાછળ પરીશ્રમ ખૂબ સારો લાગે છે ..... ભણનારને ઉપયોગી થશે જ છતાં પ્રીન્ટીંગે પ્રશ્નાર્થ ઉભો કર્યો ગણાય

— આ. સૂર્યોદયસાગર સૂરિ

0 આપશ્રીની અભિનવ કૃતિના દર્શન થયા, વિહંગાવલોકન કર્યું અને લેખકની વિશિષ્ટ દષ્ટિ અને લીધેલાં પરીશ્રમ, વિવિધ વિશેષતાઓ જોઈને ખરી પ્રસન્નતા અનુભવી. છેલ્લા ૩૦/૪૦ વર્ષથી ઉગતા વિદ્યાર્થીઓને વ્યાકરણ જ્યારે વ્યાધિકરણ જેવું થઈ પડ્યું છે અને અનું મુખ્ય કારણ ગણાતા આપણા શ્રમણ સંઘમાં તેનું મહત્ત્વ વિસરાતું જાય છે ત્યારે અનેક શાસ્ત્રોની પ્રાથમિક ચાવી જેવી આ વિદ્યાની ઉદ્યોત જ્યોત જલતી રહે એના માટે જે કંઈ પ્રયત્નો થાય તે આની ચિંતા કરનારાઓ માટે આવકાર્ય બની રહે છે

ગુરુનિશ્રા – કૃપા – વિદ્યાની લગન જીવનને ઉપકારક બનવાની ભાવના લેખકના અને અન્યના હિતમાં ઉપયોગી બની રહેશે – ધન્યવાદ – જ્ઞાનક્ષેત્રે કંઈક લાભ આપવા વિનંતી.

— યશોદેવસૂરિની અનુવંદના

0 સિદ્ધહેમ વ્યાકરણનો અભ્યાસ સારી રીતે થઈ શકે અને અધ્યાપક અને અભ્યાસી બન્ને તેમાં નિરાબાધ પણે પ્રગતિ સાધી શકે તે માટે તેના ઉપર નાના મોટા જે પ્રકાશનો આજ સુધી પ્રગટ થયા છે તેમાં પ્રક્રિયા અંગેના અભ્યાસ માટેનું તમારું આ પ્રકાશન પણ ઉપયોગી છે.. એને તૈયાર કરવામાં અને છપાવવામાં તીવ્રો પરિશ્રમ દેખાઈ આવે છે. છાપકામ થોડું ઝીણું થઈ ગયું હોય તેમ લાગે છે. અનુવાદ – ભાવાર્થ – વિશેષાર્થ વિ. પણ સારા તૈયાર કર્યા છે. એવું એક તારણ મળી છે કે ગ્રન્થ એટલો બધો સરળ ન બનાવી દેવો જોઈએ કે અભ્યાસીને પોતાની બુદ્ધિ જરાય વાપરવાની રહે નહીં. બુદ્ધિ પર થોડો ભાર આવે એવું તો હોવું જોઈએ — વિજયહેમચંદ્ર સૂરિ

0 હેમલઘુપ્રક્રિયા ઉપરથી ગુજરાતી ભાષામાં ગ્રન્થ તૈયાર કર્યો તે સ્તુત્ય કાર્ય કર્યું છે ધન્યવાદને પાત્ર છો આજ રીતે આગળ વધી જ્ઞાન સિદ્ધિના શિખરો સર કરો એજ મંગલકામના.

— આ. વિ. મિત્રાનંદ સૂરિ

0 અભિનવ લઘુપ્રક્રિયા ઉપર કરેલ પ્રથમ પ્રયાસ જરૂર ઉપયોગી બનશે અને ભણનારની અનેક અગવડો દૂર કરશે તેમાં જરાપણ શંકાને સ્થાન નથી — આ. કીર્તિચન્દ્ર સૂરિ

0 ટુંક સમયમાં થોડાજ પરિશ્રમે આપે જે કાર્ય કર્યું તે અનુમોદનીય છે અને વિદ્યાનો અતિ પ્રેમ કળી શકાય છે.

— હિમાંશુસૂરિ

0 અભિનવ હેમ લઘુપ્રક્રિયા ભા – ૧ મળ્યો પુસ્તક વાંચેલ છે લખાણની શૈલી બહુજ સુંદર અને મનોહારક છે — વિજય સૂર્યોદય સૂરિ

0 આ ગ્રન્થ રત્ન ખૂબ જ પરિશ્રમ લઈને તૈયાર કર્યો છે તે તેના રચના પરથી જ ખ્યાલ આવે છે વ્યાકરણના અભ્યાસીઓને ખૂબ જ ઉપયોગી નીવડશે. તમારો પ્રયત્ન પ્રશંસનીય છે. અતિ ઉપયોગી સાહિત્ય પૂરું પાડેલ છે ભવિષ્યમાં પણ આવું સાહિત્ય બહાર પાડતા રહો એજ શુભ ભાવના — પં. નરેન્દ્રસાગર

0 અભિનવ હેમ લઘુપ્રક્રિયા મળી વાંચી ઘણોજ આનંદ થયો સાથે બે સૂચન (૧) રૂપો અને સૂત્રક્રમ સંસ્કૃતમાંજ જોઈએ (૨) પ્રેસવાળા પાસે સંસ્કૃત ટાઈપોના અભાવ જણાય છે માટે પુરતા પ્રમાણમાં સંસ્કૃત ટાઈપો કરાવી પછી ભાગ ૨ છાપવા આપશો. — નંદીઘોષના અનુવંદના

0 કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યજીએ સંસ્કૃત સાહિત્યના સમ્યક્ બોધને માટે શ્રીસિદ્ધહેમ(ચન્દ્ર) શબ્દાનુશાસનની રચના કરીને જૈન શાસનની અપૂર્વ સેવા કરી છે. એ વ્યાકરણના પ્રશિક્ષણ પૂર્વક બાલજીવોના ઉપકારને માટે અથાગ પ્રયત્ન કરીને જે અભિનવ હેમ લઘુપ્રક્રિયાની રચના કરી છે તે ખૂબ જ અનુમોદનીય છે. ગુજરાતી ભાષામાં વિવેચન કરી ખૂબ જ સુંદર કાર્ય કર્યું છે — વજ્રસેન વિજયના અનુવંદના

0 મુનિશ્રીએ વ્યાકરણના વિષય ઉપર ઠીક ઠીક સ્વામિત્વ મેળવ્યુ. છે ફક્ત અનુવાદ જ નથી કર્યો, પરંતુ નૂતન અભ્યાસી માટે સારૂ વિશદીકરણ કર્યું છે વ્યાકરણના ક્ષેત્રે પોતાનું પ્રદાન ઘણું વહેલું આપ્યું છે.
– મુનિ ભુવનચંદ્રની વંદના

0 અભિનવ હેમ લઘુપ્રક્રિયા વ્યાકરણના અભ્યાસીને ખૂબ જ ઉપયોગી થશે. દીપરત્નસાગરજીનું કાર્ય અનુમોદનીય છે.
— મુક્તિરત્નસાગર

0 આપનો પ્રયાસ સ્તુત્ય અને અનુમોદનીય છે. વ્યાકરણના પિપાસુઓને આ નૂતન પ્રક્રિયાની પ્રપામાંથી પયસ્ મળ્યા કરશે.
— ભાગ્યેશવિજય

0 અભિનવ હેમ લઘુપ્રક્રિયામાં પ્રયાસ ઘણોજ સારો કર્યો છે. **– સા. મૃગેન્દ્રશ્રીની વંદના**

0 "અભિનવ હેમ લઘુપ્રક્રિયા" નું નીરક્ષણ કરતાં ખરેખર લાગે છે કે સાક્ષાત્ પંડિતજી અભ્યાસ કરાવી રહ્યા છે. આવા સુંદર ગ્રન્થો પુનઃ પુનઃ તૈયાર કરી સંયમ ધરોને મળે તો અભ્યાસની જીજ્ઞાસા વિશિષ્ટ કોટિની જાગે જ.
— સા. સુયશાશ્રીજી

0 પૂ મા સા. નું વ્યાકરણના ગ્રન્થોમાં ઘણું બુદ્ધિ કૌશલ્ય છે. વ્યાકરણના વિદ્યાર્થીઓને ઘણું ઉપયોગી થશે આપનો આ માર્ગમાં ઘણો પરિશ્રમ છે. છતાં આધ્યાત્મિક ગ્રન્થો જ્ઞાનસાર, અધ્યાત્મસાર...વગેરેનું ચિન્તન મનન સહ અધ્યયન જરૂર કરશો.
— સાધ્વીજી વિનયશ્રીજી

0 પૂ. શ્રી દીપરત્નસાગરજીએ સ્તુત્ય પરિશ્રમ કરી અભ્યાસુને સુગમતા કરી ખૂબ ઉપકાર કર્યો છે–ખૂબ ખૂબ અનુમોદના સાથે વંદના.
— સા. પૂર્ણભદ્રાશ્રીજી

0 ટુંક સમયમાં દીર્ઘદૃષ્ટિએ મહેનત ઉઠાવી જે તૈયાર કર્યું છે તે ખરેખર પ્રશંસનીય છે. અનુમોદનીય છે. પરિશ્રમ સફળ બને એવી શુભેચ્છા.
— સા. શુભોદયાશ્રી

0 અભિનવ લઘુપ્રક્રિયા પુસ્તક મળ્યું. પ્રકરણોની ગોઠવણી ઘણી સારી છે – પરિશિષ્ટમાં રૂપાવલી વાંચી – સાધનિકા અને ખુલાસાઓથી બધું સ્પષ્ટ થઇ જાય છે. સિદ્ધહેમના સૂત્રો પરિશિષ્ટમાં છે તેથી લઘુવૃત્તિ-વાળાને પણ આ પુસ્તક ઉપયોગી થશે. ચોમાસા બદલાતા ભણવાનું અધુરું રહેતું હતુ તે મુશ્કેલી આ અનુવાદથી ઘણી ઘટી જશે.
— વિરપ્રભાશ્રીજી તથા અર્પિતાશ્રીજી

0 લઘુવૃત્તિના અભ્યાસીઓને વ્યાકરણમાં પ્રવેશ સુખદ બને તે માટે સારો પ્રયત્ન કરવામાં આવ્યો છે... વ્યાકરણના ગૂઢ રહસ્યોને ગુજરાતીમાં સમજાવવાનો સારો પ્રયત્ન કર્યો છે. દ્રષ્ટાન્તો, વૃત્તિના પદોની સ્પષ્ટતા દ્વારા ગ્રન્થનો વધારે સુખબોધ કર્યો છે. પ્રત્યેક અભ્યાસીઓને આ ગ્રન્થનું અધ્યયન સુખદાયી આનંદકારી બનશે.
— ધીરજલાલ ડાહ્યાલાલ

0 આપે માતૃભાષામાં પૂ સાધુ-સાધ્વીજીને નવીન પ્રેરણા આપતો અભિનવ લઘુ પ્રક્રિયા નામક વ્યાકરણ ગ્રંથ તૈયાર કરવા જે પુરુષાર્થ લીધો તે પ્રશંસનીય છે ઉપયોગી થશે જ. **— માસ્તર નેમચંદ સોમચંદ**

0 ગ્રન્થ પ્રસ્તાવના ખૂબ ખૂબ ગમી – અનુમોદના. **— ધરણેન્દ્રના વંદના** (પ્રમુખ, કઠોર સંઘ)

0 શુદ્ધ અને સરળ ભાષામાં આ ગ્રન્થ ખૂબ ખૂબ ઉપયોગી થશે. **–જૈન સાહિત્ય વિકાસ મંડળ-મુંબઇ**

0 વ્યાકરણ સાહિત્યમાં જલ્દી પ્રથમ સોપાન ચઢવા માટેના આ સરળ સુંદર – તલસ્પર્શી સ્તુત્ય પ્રયાસની જેટલી અનુમોદના થાય તેટલી ઓછી છે. ખરેખર પ્રસ્તુત પ્રકાશન નૂતન અભ્યાસીઓ માટે ખૂબ જ ઉપકારક અને સમર્થ આલંબનરૂપ બનશે **— પુષ્કરભાઇ વોરા** – માનદ્ સંચાલક, સુરેન્દ્રનગર.

વ્યાકરણ અને ન્યાય જેવા નિરસ લાગતા છતાં અતિ ઉપયોગી વિષય ...... આવા સમયે મુનિવર દીપરત્ન સાગરજીને વિચાર આવ્યો કે વ્યાકરણ સમજવા સૂત્રો અને ટીકાનું ગુજરાતી કરવામાં આવે તો સંસ્કૃત વ્યાકરણનો સરળતાથી બોધ થઇ શકે .....બીજા ગ્રન્થોના સહકારથી તેમણે સુંદર પ્રકારે ગુજરાતી ભાષામાં વ્યાકરણનો અવતાર કર્યો છે .... બીજાઓને અતિ ઉપયોગી થાય તે માટે સુંદર પ્રયત્ન કરેલ છે.

આ. નિત્યાનંદ સૂરિ

પંચાંગ તથા પત્રિકા મળ્યા. આવું અદ્વિતીય અને વિલક્ષણ પંચાંગ કદી જોયું નથી... કામળીના કાળ માટે મારી ઘણા સમયથી ભાવના હતી જે તમારા પંચાંગમાં પરિપૂર્ણ થઇ- પ્રતિ વર્ષ ચાલુ રાખશો.

પત્રિકાનું લખાણ જોતાં અને સંદર્ભ સાહિત્યના નામો પરથી "અભિનવ લઘુ પ્રક્રિયા" પુસ્તક ઘણુંજ સારું તૈયાર થયું જ હોય તેમ જણાય છે. હાલ પુરતી મારી ૪ નકલ તો નોંધીજ લેશો-

તમે મંગાવેલ પાટણના શ્રી નેમિનાથ ભગવંતના ફોટા તથા તેની નેગેટીવો મોકલી આપું છું - જવાબ લખશો

અભય સાગરની વંદના

[નોંધ - સ્વ પૂ પં અભયસાગરજીનો આ અભિપ્રાય પુસ્તક છપાયા પૂર્વે મળેલો - પુસ્તક પ્રકાશન સમયે તેઓશ્રી આપણી વચ્ચેથી અચાનક વિદાય થતાં .....પછીથી અભિપ્રાય ન મેળવી શકાયાના અંતઃકરણ પૂર્વકના દુઃખ સાથે ..]

તપસ્વી પૂજ્ય પંન્યાસ ગુરુદેવશ્રી સુશીલસાગરજી મ. સા.



॥ अर्हम् ॥

० સ્ત્રી પ્રત્યયો ०

સિદ્ધહેમ શબ્દાનુશાસનનો બીજો અધ્યાય- ચોથું પાદ સ્ત્રી પ્રત્યયો માટે બનાવાયેલ છે.- "સ્ત્રી પ્રત્યયો" નામક આ પ્રકરણમાં નામને સ્ત્રીલિંગી બનાવવા માટેના પ્રત્યયો અંગેના વિધાનો છે.- મુખ્યત્વે સ્ત્રી પ્રત્યયો ङी आप् ति ऊङ् વગેરે છે. જેમકે अज નું સ્ત્રીલિંગ अजा અને राजन् નું સ્ત્રીલિંગ राज्ञी થાય છે.







(१) अजादेः २/४/१६

★ सूत्रपृथ० अज–आदेः

★ वृत्तिः– अजादीनाम् स्त्रियाम् आप् स्यात् । अजा एडका कोकिला बाला शुद्रा ज्येष्ठा ।

卐 सूत्रार्थ :– अज वगेरे शब्दोने स्त्री लिंगी बनाववा आप् (आ) प्रत्यय लागे छे.

अज+आप्=अजा=बकरी

एडक+आ=एडका–घेटी

कोकिल+आ=कोकिला–कोयल

बाल+आ=बाला–छोकरी

शुद्र+आ=शुद्रा–शुद्रा

ज्येष्ठ+आ=ज्येष्ठा–मोटी

★ अनुवृत्ति – आत्‌ स्त्रियाम् २–४–१५ थी आप्

卐 विशेष : अजादि गणः अजा, एडका, अश्वा, चटका, मूषिका, कोकिला, बाला, होडा, पाका, वत्सा, मन्दा. विलाता कन्या. मुग्धा, ज्येष्ठा, कनिष्ठा, मध्यमा, पूर्वापहाणा, अपरापहाणा, सम्पहाणा. त्रिफला, कुञ्चा, देवविशा, उष्णिहा.

0 अजादेः एवा पंचमी निर्देशथी अजादिनो संबंध दर्शावे छे अजादिनु स्त्रीत्व होय तो अजादिथी (पंचमी थी) आप् थाय

0 ङी प्रत्ययनो आ सूत्र अपवाद छे केमके वत्स, कन्यामां वयस्यनन्त्ये २–४–२१ थी ङी प्रत्ययनी प्राप्ति छे

0 अजादेः केम कर्युं ?

पञ्चानामजानां समाहारः :– पञ्चाजी अहीं समाहार समास छे तेथी ङी प्रत्यय लाग्यो –(द्विगोः समाहारात्‌ २–४–२२ थी ङी थाय)

0*1 नदन्त शब्दोने पण आप् प्रत्यय थाय छे महाशानी, अजस्य हरि– स्त्री विवक्षामां महाजा थई शके.

0 पञ्चाजीमां ङी केम लाग्यो ?

*2 लिंगानुशासनना बळथी समाहारद्विगु स्त्रीलिंगमां छे

0 अजादि शब्दोनी व्युत्पत्ति माटे बृहद्‌वृत्ति साथेनो न्यास जोवो सूत्र २–४–१६

[383]

(२) अस्यायत्तत्क्षिपकादीनाम् २/४/१११

★ सूत्रपृथ० अस्य अ–यत् तत् क्षिपक–आदीनाम्

1 *लुग्नादिः:– केम प्रमाण पूर्वार्ध. पृ १८७

2 *पाणिनि वार्तिकमनोत्तरपद: समाहारे लिंगानुशासन स्त्रीलिंग प्रकरण श्लोक ५

★ वृत्तिः– आपरे परे प्रत्ययान्तःककारात्‌ पूर्वस्य अत इः स्यात्‌ पाचिका कारिका मद्रिका यदि वर्जनात्‌ यका सका क्षिपकादीनाम् नेत्वम्

卐 सूत्रार्थ :– आप् जे छे पर जेने तेवा अनित्‌ [न, इत्‌ न होय तेवा कपन अकन] प्रत्ययना अवयवभूत क कार पर छतां अन्त्य अ कारनो इ कार थाय छे. आ नियम यत्‌ तत्‌ क्षिपक वगेरेने वर्जीने लागे छे.

टुंकमां यत्‌ तत्‌ क्षिपक वगेरे सिवायना अकारान्त शब्द + अनित्‌ क+आप्= अन्त्य अ नो इ पाचिका – रांधनारी पाच्+अक्+आ=पाच्+इ+का=पाचिका ए रीते अ नो इ थई जशे. एज रीते मद्रिका मद्र देशनी स्त्री. कारिका, करनारी [अहीं–पच् अने कृ धातुने णकतृचौ ५–१–४८ थी णक् लाग्यो छे]

0 यदादि ना वर्जन थी–यका जे स्त्री, सका ते स्त्री, क्षिपका = फेंकनारी – मां अ नो इ न थयो

★ अनुवृत्ति :– इच्चापुंसोऽनित्क्याप्परे २–४–१०७ थी इत्‌ ..अनित्‌ क्याप्परे

卐 विशेष :– 0 क थी क नो निर्देश आप् प्रत्यय होवो जोईए वच्चे विभक्ति पण न होवी.

0 सूत्रमां बहुवचन *1 आकृति गणने माटे छे

0 क्षिपकादि गण – (अर्थ साथे*2) क्षिपका–फेंकनारी, ध्रुवका–गति करनारी, धुवका–कंपनारी चरका–चरनारी कंपावनारी, चटका–चट करनारी, कटक–गमनारी, एडका–स्तुति करनारी, ट्टका–ट्ट करनारी, क्षिपका अनेक्का(अर्थ नथी) क्षेपका=तीरनारी सेवका मनगनारी, माननारी, प्रेरका–प्रेरणा करनारी, क्षेपका–विक्षेप करनारी, अलका–अलंकृत करनारी, अवका–गोपनारी, क्रमका–प्रमाद करनारी, केसका–गति करनारी, सेवका–सेवा करनारी, धारका धारण करनारी उत्तका – पर्वतनी बखोल, अधित्यका–पर्वतनो उपरनो भाग *3

0 अनित्‌ केम कर्युं ?

*1 आकृति गण आ अने आवा प्रयोगमां शब्दो तेम समजवुं

*2 सिद्धहेम अर्थ लघुवृत्ति भाषान्तर भा १ पृ ३४८

*3 क्षिपका वगेरे शब्दोनी व्युत्पत्ति माटे बृहद्‌वृत्ति न्यास सहित–द्वितीय अध्याय भाग–२ पृ २०७ जुओ

जीवका- અહીં जीव+क+आ માં आशिष्यकन् ५-१-७० થી अकन् પ્રત્યય છે. न् इत् છે માટે આ સૂત્ર ન લાગે.
0 आप् પર માં જ હોવાનુ કેમ કહ્યું ?
बहु परिव्राजका [बहवः परिव्राजका यत्र सा] ઘણ પરિવ્રાજકો હોય તેવી- મથુરાનગરી અહીં વિભક્તિ પર જેને છે તેવો आप् છે.
0 आप् परे કેમ કહ્યું ?
कारकः, आप् પરમાં નથી માટે इ ન લાગે।
0 अ નો इ કેમ કહ્યો ?
नौका અહીં औ છે માટે इ ન થાય.

[૩૪૪]

(૩) इचापुंसोऽनित्क्याप्परे २/४/१०७

★ સૂત્રપૃથ૦ इत् वा अ-पुंसः अनित् कि आप् परे
★ વૃત્તિ :- अनित्कि परे क्वचिदापः स्थाने इ-ह्रस्वौ वा।
खट्विका, खट्वका, खट्वाका।

卐 વૃત્યર્થ :- *[1] आप् જ છે પરમાં જેને એવા અનિત્ (न् इत् નથી જેમાં તે अनित्-न् इत् - જેવાકે अकन् - वकन्) પ્રત્યયના અવયવ ભૂત क કાર પર છતાં અપુલ્લિંગાર્થ શબ્દથી પર વિધાન કરાયેલ જે आ તેનો इ અથવા ह्रस्व વિકલ્પે થાય છે[ટુંકમાં आ કાર પ્રત્યયાન્ત+क+आ=પૂર્વના आ નો इ અથવા अ વિકલ્પે થાય] જેમકે :- खट्वा+क+आ= (१) इ-खट्विका (२)ह्रस्व-खट्वका (3) खट्वाका=આટલી વિકલ્પે થશે

★અનુવૃત્તિ :- (१) नवाऽऽपः २/४/१०६
(२) ह्रस्वः २/४/९६ થી ह्रस्वः

卐 વિશેષ :- અપુલ્લિંગાર્થ, એટલે પુલ્લિંગ સિવાયના નામને જ આ પ્રત્યય લાગે જેમકે सर्व+आ+क+आ=सर्वका પક્ષે सर्विका. सर्व પુલ્લિંગમાં હોય ત્યારે આ નિયમ ન લાગે
0 अनित् એવો क કેમ કહ્યો ?
दुर्गा+क+आ=दुर्गका-(ङ्यादिदुतः के २/४/१०४થી ह्रस्व થયુ) કેમકે અહીં उरःस्युत्तर कप्न् પ્રત્યય લાગ્યો છે
0 आ परे કેમ કહ્યુ ?
प्रियखट्वा कः ના અહીં क પછી વિભક્તિ છે आ નથી

0 कि परे કેમ કહ્યું ?
*[1] खट्वाता માં क् નથી
0 आत् परस्य કેમ કહ્યું ?
मातृका- અહી क પૂર્વે ऋ છે आ નથી.
0 સૂત્રમાં મુકેલ च કાર ह्रस्व ની અનુવૃતિ લેવા માટે છે તેથી ત્રણ વૈકલ્પિક રૂપો થયા.
0 અન્ય ઉદાહરણ
परम खट्वाका पक्षे परम खट्विका पक्षे परम खट्वका-એજ રીતે प्रिय खट्वाका, प्रिय खट्विका प्रिय खट्वका

[૩૪૫]

(૪) क्वचिन्नेत्वम् २/४/११३

★ સૂત્રપૃથ ० क्वचित् न इत्वम्
★ વૃત્તિ :- तारका ज्योतिः

卐 વૃત્યર્થ :- *[2] મૂળ સૂત્ર तारका वर्णकाऽष्टका ज्योतिस्तान्त वपितृ देवत्ये - અર્થ - तारका (તારો) वर्णका, अष्टका શબ્દો અનુક્રમે જ્યોતિ આછાળ (વસ્ત્ર)શ્રાદ્ધરૂપકર્મ એવા અર્થમાં નિપાતનથાય છે(એટલે કે इ રૂપ થતો નથી)

卐વિશેષ :- સુત્રના અર્થ મુજબ નિપાતન સમજવુ અન્યથા तारिका, वर्णिका એ પ્રમાણે રૂપો થશે-માપના અર્થમાં अष्टका હોય ત્યારે अष्टिका વગેરે થશે.
0 तारका વગેરે શબ્દોની व्युत्पत्ति-બૃહદ્વૃતિ ન્યાસ સહિત-અધ્યાય ૨. પૃ. ૩૦૮ જોવુ

[૩૪૬]

(५) स्त्रियांनृतोऽस्वस्रादेर्ङीः २/४/१

★ સુત્રપૃથ૦ स्त्रियाम् नृ-ऋतः अस्वसृ-आदेः ङीः
★ વૃતિ :- स्वस्रादिवर्जान्नान्तदन्ताच स्त्रियां ङीः स्यात्।
राज्ञी। कर्त्री

卐 વૃત્યર્થ :-स्वसृ વગેરે શબ્દોને વર્જીને ऋ કારાન્તનામ તથા न् કારાન્ત નામોને સ્ત્રી લિંગી કરવામાટે ङी (ई) પ્રત્યય થાય છે.
राजन्+ई (ङी)=राज्ञी-રાણી (अनोऽस्य २-१-१०८

*[1] સિદ્ધહેમ બ્રા. આધારેવૃત્યર્થ ७/३/३८થી कपन् નોંધેલ છે અહીં પ્રક્રિયા વૃતિ અપુર્ણ છે

*[1] खट्वाता-खट्वा या भावः - भावे त्वतल ७-१-५५)- મધ્યમવૃતિ અવચૂરિ ભા १ પૃ २१०
*[2] क्वचित् મૂળ સૂત્ર तारका वर्णकाष्टका ज्योतिस्तान्त वपितृ देवत्ये-હૈમ પ્રકાશ પૂર્વાર્ધ १८९

થી अ લોપ, तवर्गस्य...૧/૩/૬૦ થી न્ નો ञ
कर्तृ+ङी=कर्त्री–(ङ वर्णादि स्वे ૧/૪/૬૧)

卐 વિશેષ :– 0 स्मृ–गणः–स्मृ दृ लिह् म्नाम्
वस्, नम्, लिह्, वत्
0 સ્ત્રી લિંગી કેમ ?
पचन – અહીં અંતે पचन શબ્દ न કારાન્ત છે પણ
અ ભ્યાવાળો હોવાથી *1 અભિગઠે
0 अन्त्याङ्गिद કેમ કહ્યું ?
ददा मान वगेरे (અહીં अत् ૪/૪/૧૮ થી આ
પ્રત્યયાન્ત પણ નથી) એથમ એ ધ. છે
0 अतिदन्त्या वत्स *2 इ षत्तिर्न्तानि स्त्रियः अ।
इत्यपि ૧/૪/૬૩ થી न्स અને अतोऽन्त्य ૪/૧/૧૦૮
થી अ લોપ, संनिपात लक्षणो विधिर निमित्त तद्विघातस्य
એ ન્યાયની અનિત્યતા જ્ઞાપિત કરી । નિમિત્તનું
નિમિત્ત હોવા છતાં પણ ન અન્ય થશે નહીં ઇ. એમ
સિદ્ધ થઇ અતિદન્તી થઇ શક્યું

[૩૪૭]

(૬) अधातूदृदितः ૨/૪/૨

★ સૂત્રપૃથ0 अ–धातु उत्–ऋत्–इत

★ વૃત્તિ :– अधात्वर्थदित ऋदितश्च स्त्रियां ङीः स्यात्
भवती । पचन्ती ।

卐 વૃત્યર્થ – ધાતુ વર્જિત उदित (उ છે इत જેમાં તે), ऋदित (ऋ છે इत જેમ તે) તે પ્રત્યય કે અપ્રત્યય હોય (તેવા) તદન્ત નામ સ્ત્રીલિંગી કરવા માટે ङी (ई) પ્રત્યય થાય છે.
उ – भवतु (भवत) + ई = भवती = આપ
ऋ – पचतृ (पचत) + ई = पचती = રાંધતી સ્ત્રી

★ અનુવૃત્તિ :– स्त्रियां नृतोऽस्वस्त्रादेर्डीः ૨/૪/૧ થી
स्त्रियां ङी

卐 વિશેષ : અધાતુ કેમ કહ્યું ?
सुष्ठु भ्रंशते इति सुभ्रश् ङी–સારી રીતે ભ્રંશનારી સ્ત્રી

આ પ્રયોગમા उ નિશાનીવાળો भ्रंशु ધાતુ છે. તેથી ङी પ્રત્યય ન લાગે [भ्रंशु–મા उ લોપ થાય છે. उदितः स्वरान्नोऽन्तः ૪/૪/૯૮ થી આગમ् दशम्प ૪/૧/૮૯ થી न લોપ]
0 भवती–भा+डवतु=भवतु+ङी *1
0 पचन्ती–पच्+शतृ=पचत्+ङी *1
0 *2 अधातु–नञ् इति अधातु અહીં नञ्पर्युदास नञ् ને આશ્રયીને છે તેથી વિધિની પ્રધાનતા થશે નિષેધની ગૌણતા થશે તેથી અધાતુ ને આશ્રયીને વિધિ કરવી પણ ધાતુને આશ્રયીને પ્રતિષેધ ન થાય

[૩૪૮]

(૭) अञ्चः ૨/૪/૩

✱ વૃત્તિ :– अञ्चन्तात् स्त्रियां ङीः स्यात् ।
प्राची । उदीची ।

卐 વૃત્યર્થ :– अञ्च અન્તે હોય તેવા નામથી સ્ત્રી લિંગમાં ङी (ई) પ્રત્યય થાય છે.
प्र+अञ्च+ङी=प्राची–પૂર્વ દિશા.
प्र अञ्चति इति क्विप અહીં अञ्चोऽनर्चायाम ૪/૨/૪૬ થી न् લોપ, अच्प्राग दीर्घश्च ૨/૧/૧૦૪ પૂર્વ–अ દીર્ઘ તથા प्राची થયું.
उद्+अञ्च+ङी=उदीची–ઉત્તર દિશા અહીં उदच उदीचથયુ

✱ અનુવૃત્તિ :– स्त्रियां नृतोऽस्वस्त्रादेर्डीः ૨/૪/૧ થી
स्त्रियां...ङीः થયું.

卐 વિશેષ: 0 *3 સૂત્રમાં अञ्च એવા નિર્દેશથી अर्चा–પૂજન અર્થમાં न લોપ થવા છતાં ङी પ્રત્યય લાગી શકે છે તેથી प्राञ्ची રૂપ થઇ શકશે

[૩૪૯]

(૮) गौरादिभ्यो मुख्यान् ङीः ૨/૪/૧૯

✱ સૂત્રપૃથ0 गौर आदिभ्यः मुख्यात् ङीः

✱ વૃત્તિ :– मुख्यात् गौरादिनाम्न स्त्रियां ङीः स्यात्

卐 વૃત્યર્થ :–મુખ્ય એવા गौर વગેરે શબ્દોને સ્ત્રીલિંગી કરવા ङी (ई) પ્રત્યય થાય છે. (ઉદાહરણ માટે જુઓ સૂત્ર: ૯)

o o o o o o o o o o o o o o o o

*1 नला मस्या ह्रीं–गुणदण्डस्य स्तुतिर्गता પંચિમ–વિભાનુ શાસન શ્લોક ૫

* 2 अतिदन्त्या.. बृहद्वृत्ति–न्याय–भीति અધ્યાય
પૃ. ૨૩૫–૨૭=ન્યાયઃ–सन्निपात लक्षणो विधि
૨ निमित्तं तद्विघातस्य न्याय संग्रह न्याय ૧૯, પૃ ૧૯.

*1 भवतु पचतृ – હેમ પ્રકાશ પુર્વાર્ધ પૃ. ૧૯૦

*2 अधातु–बृहद्वृत्ति न्याय સહિત અધ્યાય ૨ પૃ ૨૩૮

*3 अञ्च સિદ્ધહેમ લઘુવૃત્તિ–અવચૂરિ–પૃ. ૨૧૭

★ અનુવૃત્તિ :- स्त्रियां नृतो ऽस्वस्रा ङीः २/४/१८
સ્ત્રિયાં...ङी

卐 વિશેષ :- मुख्यात् કેમ કહયું ?
वहु नदा भुमिः–બહુ નદીવાળી ભૂમિ–અહીં नद શબ્દ છે પણ તે મુખ્ય નથી માટે ङी ન લાગ્યો

0 गौरादि ગણ :– गौर, शवल, कल्माष, सारङ्ग, पिशङ्ग, हरिण पाण्डुर, अमर, सुन्दर, विकल, पुष्कल, निष्कल, —दार, चेट विट, भिक्षुक, बन्धक, पुत्र, गावत्र, आनन्द, टेट, कटेट, नट—काव्य शैव्य, मत्स्य, मनुष्य, मुकय, हय, गवय, ऋश्य, द्रुण, ओकाण —मौरेकें, मौलेकें मौं लेङ्ग, ओदंगा, हमानि, आलम्बि, आलच्चि, कालच्चि, सौधर्म, आयस्थूण, आरद,—देटी, वरट, नाट, मूलाट, पाट, सुपाट, पेट, पट; पटल, पुट, कुट, फाण्टश, घातक केतक, तर्कार, शर्कार, वदर, कुवल, लवण, विल्व आमलक, मालत, वेतस. अतस, आढक, कद्दर, कदल, गडुव. चाकुव, नाच. माच कुम्भ कुसुम्भ यूष, मेथ, सूप, मूप करीर, सल्लक, वल्लक मल्लक. मालक, मेथ, पिप्पल, हरीतक, कोशातक, शम, तम, सुसव. शृङ्ग भृङ्ग. बिम्ब, वर्वर, पाण्ड. लोहाण्ड, शष्कण्ड, पिण्ड पण्डर. मण्डल, मण्डर, यूप सूप, सूर्प, सूर्म मढ, पिढर, ऊर्द. गूर्द, सूर्द,, खार, काकग, द्रोण, अरीहण, उक्रग, वृश, आसन्द, अलिन्द, कन्दल, सलन्द, देह, देहल, शष्कुल, शच, सूच, मञ्जर, अलज, गण्हज. वैजयन्त, शाल्लक. उपरत. सच्छेद—क्रोष्टु, सरस्. अनडुह्, एहि. पर्येहि—प्रत्यवरोहिणी. पृथिवी. आग्रहायणी

0 બ.વ. આકૃતિ ગણને માટે છે તેનાથી —
नद, मड्, मत्र, प्लव. चर, गर, तर, गाह, देव, सूद. अराल, उदवड, चण्ड, उमाभङ्ग् हरीकग. वटर अधिकर एवग, करण

નોંધ :– (૧) *गौरादि, શબ્દોની વ્યુત્પતિ માટે (પૂ. આ.લાવણ્યસૂરિજીકૃત) બૃહદ્વૃત્તિ અધ્યાયઃ૨ પૃ. ૨૪૬ થી ૨૫૦ નો श. न्या અને ૨૫૦–૨૫૧ न्या. स. ખાસ જોઇ જવો (૨) गौर વગેરે શબ્દોના અર્થ માટે હૈમપ્રકાશ પૂર્તાર્ધ–પૃ. ૧૯૧ જોવું જેમકે सूर्म શબ્દ ङी પ્રત્યયથી सुर्मी=લોહમયી પ્રતિમા–

0 0 0 0 0 0 0 0 0 0 0 0 0 0 0 0 0 0 0 0 0

* વ્યુત્પતિઃ જેમકે :– शवलः [शमुच उपशमे इत्यतः] शमेर्वचवा—ઉણાદિ સૂત્ર-૪૭૦ થી अल પ્રત્યય–शवलः– श. न्या – પૃ. ૨૪૬ પછી न्या स. પૃ. ૨૫૦ પર લખ્યુ કે शाम्यति एकत्वमिति–शमेर्वचवा – (૪૭૦) થી म् નો व થઇ अल् પ્રત્યય થી शवलः – આ રીતે બધા શબ્દો છે

0 अ કારાન્ત ની અનુવૃતિ અહીં લીધી નથી કેમકે गौरादि ગણમાં વ્યંજનાન્ત શબ્દ પણ છે, પણ આગળના સૂત્રોમાં अ કારા.ની અનુવૃત્તિ લઇ જવાની છે

0 ઉદાહરણ :–
गौर+ङी=गौरी. शवल+ङी=शवली–કાબર ચીતરી

[340]

(૯) अस्य ङ्यां लुक् २/४/८६

★ વૃત્તિ:– स्पष्टम् । गौरी नदी ।

▣ શેષવૃત્તિ:– क्वचिद्यकारस्यापि – मत्सी

卐 વૃત્યર્થ :– સ્પષ્ટ છે (ङी – સ્ત્રીલિંગી પ્રત્યય લાગતાં પૂર્વે રહેલાં अ નો લોપ થાય છે.
गौर+ङी=गौर+इ=गौरी, नद+ङी=नद+ई=नदी
(બન્નેમાં गौरादिभ्यो...ङी થી ङी થયો છે.)

★ અનુવૃત્તિ :– स्त्रीयां नृतोऽस्वस्रा देर्ङीः २/४/१
स्त्रीयां . ङी

卐 વિશેષ :– गौर શબ્દ गौरादि ગણનો છે. અને नद શબ્દ गौरादि ના (આકૃતિ) જેવો છે. જુઓ સૂત્ર ૩૫૦

0 अस्य લોપ કેમ કહયો ?
कर्तृ+ङी=कर्त्री–કરનારી. અહીં अ નથી માટે લોપ ન થતા इवर्णादेरस्वे થી ऋ નો र થયો.

0 सप्तम्या पूर्वस्य ७/४/१०५ परिभाषा મુજબ ङ्यां સપ્તમી નિર્દેશથી પૂર્વનો अ લોપ થયો.

0 અન્ય ઉદાહરણ
कुरुचर+ङी=कुरुचरी (અહીં अणञेये कण ... टिताम् ૨/૪/૨૦ થી ङी લાગ્યો છે

▣ શેષવૃત્તિ – ક્યારેક य કારનો પણ લોપ થાય છે.
(૧) मत्स्यस्ययः ૨/૪/૮૭ ङी પ્રત્યય લાગતાં मत्स्य શબ્દના य નો લોપ થાય છે मत्स्य+ङी=मत्सी–માછલી [૪૯]
(૨) सुर्यागस्त्ययोरीयेच ૨/૪/૮૯ ङी અને ईय પ્રત્યય લાગતા सुर्य અને अगस्त्य શબ્દનો य લોપાય છે – सूर्य+ङी=सुरी–સૂર્યની સ્ત્રી अगस्त्य+–ङी आगस्ती [૫૦]

[341]

(૧૦) वयस्यनन्त्ये २/४/२१

★ સૂત્રપૃથ 0 वयस्य अन् अन्त्ये

★ વૃત્તિ :– अचरमे वयस्यदन्तात्स्त्रियांङीः स्यात् । कुमारी किशोरी, वधूटी । अनन्त्य इतिकिम् ? वृद्ध ।

▣ શેષવૃત્તિ:– क्वचित् नाम्नि ङी केवली मामकी

卐 સૂત્રાર્થ :- છેલ્લી (પાછલી) ઉંમરની સિવાયની વયને સૂચવતુ અ કારાન્ત મુખ્ય નામને સ્ત્રીલિંગમાં ઙી (ઈ) પ્રત્યય થાય જેમકે: કુમારી-કુમાર+ઙી કિશોરી-કિશોર+ઙી, વધૂટી-વધૂટ+ઙી= વહુ થવા યોગ્ય ઉમરની (અ કારાન્ત નો લોપ અસ્ય ઙ્યાં લુક્ ૨/૪/૮૬ થી થશે)

0 અનન્ત્ય કેમ કહ્યું ?

વૃદ્ધ+આ-વૃદ્ધા=ઘરડી અન્ત્ય છેલ્લી ઉંમરને સૂચવે છે માટે આપ્ પ્રત્યય લાગ્યો

★ અનુવૃત્તિ :- (૧) આત્ ૨/૪/૧૮
(૨) ગૌરાદિભ્યો મુખ્યાન્ ઙી-થી ઙી

卐 વિશેષ : વય ઉમર કાળે કરીને પ્રાણીની અવસ્થા

0 અત્ કેમ કહ્યુ ?

શિશુઃ બાળક- અ કારાન્ત નામ છે-ઙી ન લાગે.

0 દ્વિવર્ષા કેમ થયુ ?

અહીં વય અર્થ નથી તેથી અજાદેઃ ૨/૪/૧૬ ગણથી આ પ્રયોગ થયો છે-

0 દ્વિવર્ષા-(પ્રાણિનિ ૬/૪/૧૧૨ થી આ)

0 કુમાર, કિશોર વગેરે વય ની અવસ્થાની વ્યુત્પત્તિ બૃહન્ન્યાસમાં જોવી ●

જેમકે કમેરત્ ચ – ઉણાદિ સૂત્ર ૪૦૮ થી આર પ્રત્યય અને ક ના કુ થઇ કુમાર બન્યુ.

☐ શેષવૃત્તિ :- ક્વચિત્ ક્યારેક નામને ઙી લાગે (૩) કેવલ, મામક, ભાગધેય, પાપ, અપર સમાન આર્યકૃત સુમઙ્ગલ, ભેષજાત્ ૨/૪/૨૯ આ નામોને સ્ત્રી લિંગી કરવા હોય ત્યારે ઙી લાગે છે અને તે શબ્દો વિશેષ નામવાચી હોય તો જેમકે

કેવલ+ઙી=કેવલી પ્રકાશ મામક+ઙી=મામકી માભી[૫૧]

(૪) ભાજ, ગોણ, નાગ, સ્થલ, કુણ્ડ, કાલ, કુશ, કામુક, કટ, કબરાત્ પત્ર, આવપન, સ્થુલ, અકૃત્રિમ, અમત્ર, કૃષ્ણ, આયસી, રિંસુ, શ્રોણિ, કબરાત્ ૨/૪/૩૦ ભાજ વગેરે શબ્દોને અનુક્રમે પક્વ વગેરે અર્થમાં જો તે શબ્દ વિશેષ નામ સૂચક હોવતો ઙી પ્રત્યય લાગે ભાજ પક્વઅર્થ હોવતો ભાજી,પક્વ અર્થ ન હોવતો ભાજા [૫૨]

[૩૫૨]

(૧૧) નવા શોણાદેઃ ૨/૪/૩૧

* બૃહદ્ વૃત્તિ – ન્યાસ પુસ્ત અધ્યાય-૨ પૃ ૨૫૩

★ સૂત્રપૃથ૦ નવા શોણ-આદેઃ
★ વૃત્તિ :- શોણી, શોણાઃ

卐 સૂત્રાર્થ :- (શોણ વગેરે શબ્દોને સ્ત્રી લિંગ વિકલ્પે ઙી (ઈ) લાગે છે. જેમકે :- શોણ + ઙી = શોણી લાલ, વિકલ્પે આત્ ૨/૪/૮ થી શોણ + આત્ = શોણા થશે

★ અનુવૃત્તિ :- સ્ત્રિયાં નૃતોઽસ્વસ્રાદેર્ડીઃ ૨/૪/૧ સ્ત્રીયાં
(૨) ગૌરાદિભ્યો મુખ્યાન્ ઙી થી ઙી પ્રત્યય

卐 વિશેષ :- ० શોણાદિ ગણ :- શોણ ચણ્ડ, અરાલ કમલ,ભાગ,વિકટ,વિશાલ,વિશંકટ,ભરુજ,ધ્વજ,કલ્યાણ ,ઉદાર,પુરાણ,અહન્,(વિશેષનામ)કુસલ ચન્દ્રભાગ(નદીવાચક)

0 * શોણ વગેરે શબ્દોની વ્યુત્પત્તિ બૃહદ્વૃત્તિ ન્યાસમાં જોવી અધ્યાય-૨ પૃષ્ઠ ૨૫૯

[૩૫૩]

(૧૨) ઇતોઽક્ત્યર્થાત્ ૨/૪/૩૨

★ સૂત્રપૃથ૦ ઇતઃ અક્તિ-અર્થાત્
★ વૃત્તિ :- ક્ત્યર્થ પ્રત્યયાન્ત વર્જાદિકારાન્તાત્ સ્ત્રિયાં ઙી વા સ્યાત્ । ભૂમી, ભૂમિઃ । ધૂલી, ધૂલિઃ । રાત્રી, રાત્રિઃ ।

☐ પદ્ધત્યર્થા । પદ્ધતી, પદ્ધતિઃ શક્તિઃ, શક્તી ।

卐 સૂત્રાર્થ :- ક્તિ કે ક્તિ જેવા અર્થ-વાળા પ્રત્યયોને વર્જીને ઇ કારાન્ત નામથી સ્ત્રીલિંગ ઙી (ઈ) પ્રત્યય વિકલ્પે થાય છે. ભૂમિ+ઙી-ભૂમી વિકલ્પે ન લાગે તો ભૂમિઃ=ભૂમી અને ધૂલિ-ધૂલી પક્ષે ધૂલિઃ-ધૂળ રાત્રી પક્ષે રાત્રિઃ

★ અનુવૃત્તિ .- (૧) ગૌરાદિભ્યો મુખ્યાન્ ઙી ૨/૪/૧૯ થી ઙી (૨) નવા શોણાદેઃ ૨/૪/૩૧ થી નવા

卐 વિશેષઃ 0 અક્તિ કેમ કહ્યું ?

-કૃ+ક્તિ (તિ) = કૃતિઃ રચના – અહીં સ્ત્રિયાં ક્તિઃ ૫/૩/૯૧ થી ક્તિ લાગ્યો છે. માટે આ સૂત્ર થી ઙી ન લાગે

-0- અજનિ ક્તિ જેવા અર્થવાળો ઇ પ્રત્યય છે. તેથી સૂત્ર ન લાગ્યું (નનોઽનિઃ શાપે થી ઇ

0 ભૂમિ વગેરે શબ્દોની વ્યુત્પત્તિ માટે બૃહદ્ વૃત્તિ–ન્યાસ જોઇ જવો.

* શોણાદિ વ્યુત્પત્તિઃ- જેમકે-શમ્-ધાતુ કમટ કાર્ની ઉણાદિ સૂત્ર ૪૬૫-ઘૃદિ કન્દિ કુણ્ડિ...ઉમેરત થી અટ પ્રત્યય થતા કમટ

■ શેષવૃતિ :- (૫) पद्धतिः २/४/33 पद्धति શબ્દ ને સ્ત્રીલિંગે વિકલ્પે ई લાગે पद्धती વિકલ્પે पद्धतिः =પગદંડી [૫૩]

[૬] शक्तेः शस्त्रे :- २/४/३४ शक्ति શબ્દને શસ્ત્ર અર્થમાં સ્ત્રીલિંગે વિકલ્પે ई લાગે शक्ती વિકલ્પે शक्तिः= शस्त्र [૫૪]

[૩૫૪]

(૧૩) स्वरादुतो गुणादखरोः २/४/३५

★ સુત્રપૃથ૦ :- स्वरात्—उतः गुणात् अ—खरोः

★ વૃતિ :- स्वरात्परो य उत्तदन्ताद् गुण वचनात्खरुवर्जनात्स्त्रियां ङी र्वा स्यात् । पट्वि, पटुः । विभ्वी,विभुः । स्वरादिति किम ? पाण्डुभूः। गुणादिति किम् । आखुः स्त्री । उत इति किम् ? श्वेता पटी । अखरोरिति किम ? खरुरियम्
"सत्वे निविशतेऽपैति पृथक् जातिष्ठ दृश्यते
आधेयश्चक्रियाजश्च सोऽसत्व प्रकृतिगुणः"

卐 વૃત્યર્થ :- स्वर થી પર રહેલ અને खरु શબ્દ વર્જીત ગુણવાચી उ કારાન્ત નામથી પર સ્ત્રીલિંગમાં ङी (ई) વિકલ્પે થાય છે. (स्वर પછી માત્ર એક વ્યંજન – ત્યાર બાદ हृस्व उ હોય તેવા उ કારા. ગુણવાચી નામને ङी થાય છે) पटु-હોંશીયાર+ङी=पट्वी पक्षे पटुः विभु+ङी=विभ्वी पक्षे विभुः સામર્થ્યરૂપ ગુણવાળી

કેટલાં પ્રશ્નો :- (ङि કેમ ન લાગે તે માટે)

0 स्वर થી પર કેમ કહ્યું ?
पाण्डुभूः ધોળીજ મીન–स्वर પછી બે વ્યંજન છે
0 ગુણવાચીશબ્દ કેમ કહ્યું ?
आखुः स्त्री - ઉંદરડી - आखु ગુણવાચી નથી.
0 उ કારાન્ત નામ કેમ કહ્યું ?
श्वेता पटी – સફેદ પટી અહીં उ કારા નથી.
0 खरु વર્જન કેમ કર્યું ?
खरुः इयम् - શ્વેત વર્ણવાળી આ – અહીં खरु ના વર્જનથી ङी न લાગે.

ગુણની વ્યાખ્યાનો શ્લોક :-
0 દ્રવ્યને આશ્રીને જે રહે તે ગુણ, अपैति
0 દ્રવ્યમાંથી જે જાય છે (દા. ત. કેરીમાં પીળાપણું આવતા લીલાશ ચાલી જાય છે)
0 દ્રવ્યથી પૃથક્ જાતિમાં જે દેખાય છે. (કેરીની જેમ ઘાસમાં પણ પીળા–લીલાપણું દેખાય છે.)
0 ઉત્પાદ્ય :-(અગ્નિ ન યોગે ઘડો લાલ થાય છે)
0 નિત્ય છે–(જેમકે આકાશનું મહત્ત્વ)
તે દ્રવ્ય સ્વભાવ રહિત એમ ગુણ કહેવાય છે.

★ અનુવૃતિ :- गौरादिभ्यो मुख्यान् ङी २/४/१९ થી ङी नवा शोणादेः २/४/३१ થી नवा

卐 વિશેષ :- 0 खरु—એટલે ક્રૂર, મુર્ખ દર્પિષ્ઠ અથવા શ્વેત સ્ત્રી *1 ચાર અર્થમાં છે.

[૩૫૫]

(૧૪) श्येतादिभ्यः वा ङीस्तद्योगे तोनश्च २/४/३६

✶ સુત્રપૃથ૦ श्येत—आदिभ्यः वा ङीः तद्योगे तः नः च

✶ વૃતિ :- श्येनी, श्येता

■ – क्नः पलितासितात । पलिक्नी । असिक्नि

卐 વૃત્યર્થ :- (વર્ણવાચી श्येत વગેરે શબ્દોને સ્ત્રીલિંગે ङी વિકલ્પે થાય. ङी લાગતા न् નો न् થાય છે.) श्येत+ङी=श्येनी વિકલ્પે श्येत+आ=श्येता–ધોળી

✶ અનુવૃતિ :- (१) गौरादिभ्यो मुख्यान् ङी २/४/१९ થી ङी (२) नवा शोणादेः २/४/३१ થી नवा

卐 વિશેષ :- 0 च કાર મુકવાનો હેતુ ङी નાં યોગની અનુવૃત્તિ અને त् નો न् થાય તે બન્ને સાથે લેવા માટે છે *2 ङी ન થાય તો न् પણ ન થાય

0 श्येतादि :- મૂળસૂત્ર સિદ્ધહેમ વ્યા. માં સ્પષ્ટ જ છે श्येतैत—हरित—भरत—रोहिताद्—वर्णात्—तोनश्च તેથી श्येत एत हरित, भरत, रोहित એ પાંચ શબ્દો છે.

0 वर्णात् કેમ કહ્યું ?
श्येता एता અહીં નિર્દેશ છે - વર્ણવાચી નથી

0 વ્યુત્પતિ માટે બૃહદ્‌વૃતિ – ન્યાસ જુઓ :- જેમકે ધાતુ શ્યૈङ् गतौ+इरयासहि... ઉણાદિ સૂત્ર ૨૧૦ થી इत પ્રત્યય લાગીને श्येत શબ્દ બન્યો

0 અન્ય ઉદાહરણ :-
एत+ङी=एनी વિકલ્પે આ થી एता–કાબર ચીતરી
हरित+ङी=हरिणी વિકલ્પે हरिता=લીલી

■ શેષવૃત્તિ :- [૭] क्नः पलिता सितातः २/४/३७ पलित, असित શબ્દોને સ્ત્રીલિંગે ङी વિકલ્પે લાગે છે. અને त નો क्न થાય છે.

0 0 0 0 0 0 0 0 0 0 0 0 0 0 0 0 0

*1 खरुः इति–હેમપ્રકાશ મહા વ્યાકરણ પૂર્વાર્ધ પૃ. ૧૯૪
*2 ન્યાસ :- सन्नियोग शिष्टा नामे कापायेऽन्यतर स्याप्य पायः ન્યાસ ૩૦

પલિત+ङी=पलिक्नी–ધરડી સ્ત્રી
असित+ङी=असिक्नि–કાળા રંગની ગાય
વિકલ્પે पलिता, असिता [૫૫]

[३५६]

असह-नञ्-विद्यमान-पूर्वपदात्स्वाङ्गाद क्रोडादिभ्यः २/४/३८

★ સૂત્રપૃથ૦ असह्-नञ् –विद्यमान पूर्वपदात् स्वाङ्गात् अक्रोडादिभ्यः

★ વૃત્તિ :– सहादिवर्जं पूर्वपदं यस्य ततः क्रोडादिवर्जात् दन्तात्स्वाङ्गात् स्त्रियां ङी वा स्यात् । पीनस्तनी, पीनस्तना । अतिकेशी, अतिकेशा माला । सहादिवर्जनात् सकेशा । अकेशा, विद्यमान केशा । अक्रोडादिभ्यः इति किम् ? सुक्रोडा, सुबाला । स्वाङ्गादिति किम् ? बहुशोफा, सुज्ञाना "अविकारो ऽद्रवं मूर्तं प्राणिस्थं स्वाङ्ग मुच्यते च्युतं च प्राणिनस्तत्तन्निभं च प्रतिमादिषु"

卐 વૃત્યર્થ :– सह, नञ्, विद्यमान વર્જિત પૂર્વપદ છે જેનું એવું क्रोडादि વર્જિત સ્વાંગ વાચક अ કારાન્ત જે નામ તેને સ્ત્રીલિંગે ङी પ્રત્યય વિકલ્પે થાય છે.

पीनस्तन+ङी=पीनस्तनी પક્ષે पीनस्तना–પુષ્ટ સ્તન વાળી સ્ત્રી.

अतिकेश–केशान अतिक्रान्ता–વાળ કરતાં લાંબી સ્ત્રી–अतिकेशी પક્ષે अतिकेशा

0 सहादि વર્જન કેમ કર્યું ?

सहकेश+आ=सहकेशा–કેશ સહિત,अकेशा –(नकेशाः इति अकेशा) કેશ રહિત विद्यमानकेशा-વાળ છે વિદ્યમાન જેને – (ङी ન થયો)

0 अक्रोडादि કેમ કહ્યું ?

– ङी ન લાગે सुक्रोड+आ=सुक्रोडा–સારા ખોળા વાળી सुबाल+आ=सुबाला–સારા વાળ વાળી

0 स्वाङ्गात् કેમ કહ્યું ?

बहुशोफा–બહુ સોજાવાળી सुज्ञाना–સારા જ્ઞાન વાળી–અંગ स्वाङ्ग નથી તેથી ङी ન લાગે

0 પ્રાણીમાં રહેલું પ્રાણીનું પોતાનું અંગ –તે સ્વાંગ–શ્લોકાર્થ :– જે વિકાર રૂપ ન હોય તેવું (સોજા), પ્રવાહી દ્રવ્યરૂપ ન હોય (દા.ત. જ્ઞાન–અમૂર્ત છે), પ્રાણીમાં રહેલું હોય–તે સ્વાંગ કહેવાય, પ્રાણીથી છુટું પડેલું હોય અથવા પ્રતિમા વગેરેમાં (દા.ત મુખ–હાથ) પણ સ્વાંગ કહેવાય.

★ અનુવૃત્તિ :– गौरादिभ्यो मुख्यान् ङी २/४/१९ થી ङी (२) नवा शोणादेः २/४/३१ થી नवा

卐 વિશેષ :– 0 क्रोडादि ગણ :– क्रोड,खुर, गुद,नख,बाल,माल,गल,भग,शफ,गोपा,कर,भुज વગેરે
0 બહુવચન આકૃતિ ગણને માટે છે તેથી कल्याणक्रोडा, मृगालभुजा વગેરેમાં ङी ન લાગ્યો.
0 शशि पादा કેમ થયું ?
द्विगोः समाहारात् २/४/२२ થી ङी ન લાગે
0 अविकार કેમ ? – बहुशोफा–ઘણાં સોજા
0 अद्रवम् કેમ ? – बहुकफा – ઘણો કફ
0 मूर्तम् કેમ ? - बहुज्ञाना–બહુજ્ઞાન
0 प्राणिस्थ કેમ ? – दीर्घमुखाशाला–મોટા મુખવાળી શાળા
0 च्युतं च કેમ ? बहुकेशी,बहुकेशा रथ्या ઘણાંવાળ વાળી શેરી
0 प्रतिमादिषु કેમ ? पृथुमुखी–पृथुमुखा – प्रतिमा

[३५७]

(१६) नासिकोदरौष्ठ जङ्घादन्तकर्ण शृङ्गाऽङ्ग गात्र कण्ठात् २/४/३९

★ સૂત્રપૃથ૦:– नासिका–उदर–ओष्ठ जङ्घा–दन्त–कर्ण शृङ्ग–अङ्ग–गात्र–कण्ठात्

★ વૃત્તિ:– सहादिवर्जपूर्वपदेभ्यः एभ्यः स्वाङ्गेभ्यः स्त्रियां ङी वा स्यात् । सुनासिकी, सुनासिका । नियमसूत्रमिदम् तेनान्येभ्यो बहुस्वरेभ्यः संयोगोपान्त्यश्च ङीन स्यात् । सुल्लाटा । सुपार्श्वा ।

◻ "नखमुख दनाम्नि वा" । सुनखी, सुनखा. सुमुखी, सुमुखा, । नाम्नि तु शूर्पणखा । पुच्छात् । तथा । दीर्घपुच्छी, दीर्घपुच्छा । कबरमणिविषशरेभ्यः – कबरपुच्छी । "श्रीतात्करणादेः" अश्वक्रीती: वस्त्रक्रीती । अभ्रविलिप्ती द्यौरित्यादि । "पत्युर्नो, ईर्निन्नादेशश्च । सपत्नी, । एकपत्नी । "ऊढयाम्" पत्नी । 'पाणिगृहीतीति' पतिवत्नी । अन्तर्वत्नी । एवं ईर्दन्ति: । ग्रामपत्नी । ग्रामपतिः ।

卐 વૃત્યર્થ :– सह नञ् અને विद्यमान વર્જિત પૂર્વપદ છે જેને એવા સ્વાંગવાચી नासिका, उदर, ओष्ठ, जङ्घा, दन्त, कर्ण, शृंग, अङ्ग, गात्र અને कण्ठ શબ્દને સ્ત્રીલિંગે ङी વિકલ્પે થાય છે.

सुनासिक+ङी = सुनासिकी પક્ષે सुनासिका कृशोदर + ङी =कृशोदरी પક્ષે कृशोदरा

0 આ સૂત્ર વિધિ સુત્ર છે કેમકે અસહ નઞ... દિભ્યઃ ૨/૪/૩૮ થી ङी પ્રાપ્ત છે છતાં આ સુત્ર બનાવેલ છે તેથી नासिका વગેરે સિવાય અન્ય બહુ સ્વરી સ્વાંગવાચી શબ્દોને તથા અન્તે સંયોગવાળા दन्त વગેરે સિવાયના સ્વાંગવાચી શબ્દોને ङी પ્રત્યય લાગે નહી.

જેમકે सुललाटा–સારા કપાળવાળી–ङी ન લાગ્યો અને सुपार्श्वा–સારા પડખાવાળી–ङी ન લાગ્યો

★ અનુવૃત્તિ :– गौरादिभ्यो मुख्यान् ङी २/४/१९ થી ङी નવા शोणादेः २/४/३१ થી નવા

卐 વિશેષ :– 0 असहादि કેમ કહ્યું ?

सह नासिका, अनासिका, विद्यमान नासिका, सोदरा–વગેરે માં ङी ન લાગ્યો.

0 શબ્દોની વ્યુત્પત્તિ જોવી *

ધાતુ–जन + स्थाऽर्ति जनिभ्य ઉણાદી સુત્ર ૧૦૯ થી घ પ્રત્યય લાગી जङ्घा બન્યું

▣ શેષવૃત્તિ :– ङी અંગે કેટલાંક સૂત્રો :–

[૮] नखमुखादनाम्नी ૨/૪/૪૦ सह, नञ અને विद्यमान વર્જિત પૂર્વપદ છે જેને એવા સ્વાંગવાચી नख, मुख, શબ્દ થી પર જો સંજ્ઞા ન હોયતો સ્ત્રીલિંગે ङी વિકલ્પે થાય છે. જેમકે सुनखी પક્ષે सुनखा–સારા નખવાળી, सुमुखी પક્ષે सुमुखा–સારાં મુખવાળી પણ વિશેષ નામ હોયતો ङी ન લાગે – शूर्पणखा=રાવણ ની બહેનનું નામ છે. [૫૬]

[૯] पुच्छात् ૨/૪/૪૧ સહાદિ વર્જિત પૂર્વપદ છે જેને એવા पुच्छ શબ્દને સ્ત્રીલિંગે ङी પ્રત્યય વિકલ્પે લાગે – दीर्घपुच्छी વિકલ્પે दीर्घपुच्छा = લાંબી પુંછડી વાળી [૫૭]

[૧૦] कबर मणि विष शरादेः ૨/૪/૪૨ – જો कबर, मणि, विष, અને शर શબ્દ પછી पुच्छ શબ્દ આવે તો સ્ત્રીલિંગે ङी પ્રત્યય નિત્ય થાય कबरपुच्छी – કાબરચીતરા પુંછડાવાળી [૫૮]

[૧૧] क्रीतात् करणादेः ૨/૪/૪૪ કરણ વાચી શબ્દ પછી સમાસમાં આવેલ अ કારાન્ત क्रीत શબ્દને સ્ત્રીલિંગે ङी પ્રત્યય લાગે છે. अश्वक्रीती – ઘોડાવડે ખરીદ કરેલી [૫૯]

o o o o o o o o o o o o o o o o o o o

* બૃહદ્‌વૃત્તિ–ન્યાસસહિત માં અધ્યાયઃ ૨ પૃ ૨૬૫– શબ્દોની વ્યુત્પત્તિ:

[૧૨] क्तादल्पे ૨/૪/૪૫ કરણવાચી નામ પછી આવેલ क्त પ્રત્યયાન્ત નામ ને अल्प અર્થ જણાતો હોય તો સ્ત્રીલિંગે ङी પ્રત્યય થાય છે अभ्रविलिप्ती द्यौः = ઓછાં વાદળાવાળું આકાશ अभ्र+विलिप्त+ङी [૬૦]

[૧૩] पत्युर्नः ૨/૪/૪૮ બહુવ્રીહિ સમાસમાં મુખ્ય અર્થ વાળો पति શબ્દ અન્તે હોય તો તેને સ્ત્રીલિંગે વિકલ્પે ङी થાય તેમજ त् પછી न् આગમ થાય છે. दृढपति+ङी=दृढपत्नि+ङी =દૃઢ છે પતિ જેનો તેવી સ્ત્રી दृढपत्नी પક્ષે दृढपतिः [૬૧]

[૧૪] सादेः ૨/૪/૪૯ કોઇ પૂર્વપદ વાળો पति શબ્દ હોય તેને સ્ત્રીલિંગે ङी વિકલ્પે થાય છે અને त् ને અન્તે न् આગમ થાય છે ग्रामपत्नि વિકલ્પે ग्रामपतिः ગામની ધણીયાણી [૬૨]

[૧૫] सपत्न्यादौ ૨/૪ ૫૦ सपत्नी વગેરે શબ્દો માં ङी પ્રત્યય લાગે છે અને न् અન્તાગમ થયો છે सपत्नि –શોક્ય, एकपत्नी–જેને એક પતિ છે તે [૬૩]

[૧૬] ऊढायाम् ૨/૪/૫૧ પરણેલ સ્ત્રી અર્થ જણાતો હોય તો पति શબ્દ ને ङी પ્રત્યય થાય અને न् અન્તાગમ થાય पति+ङी=पत्नी=પરણેલી સ્ત્રી [૬૪]

[૧૭] पाणिगृहीती इति ૨/૪/૫૨ પરણેલી સ્ત્રી અર્થ ને સૂચવતા पाणिगृहीती વગેરે શબ્દો ને ङी અન્તવાળા નિપાતન કરાયા છે. [૬૫]

[૧૮] पतिवत्न्यन्तर्वत्न्यौ भार्या–गर्भिण्योः ૨/૪/૫૩ पतिपत्नी અને अन्तर्वत्नि શબ્દો અનુક્રમે ભાર્યા અને ગર્ભિણી અર્થમાં નિપાતન કરાયા છે. [૬૬]

[358]

(૧૭) जातेरयान्त नित्यस्त्रीशूद्रात् ૨/૪/૫૪

★ સુત્રપૃથ0 :– जातेः अ–यान्त नित्य स्त्री शूद्रात्

★ વૃત્તિ :– यान्तादि वर्जाज्जातिवाचिनोऽदन्तात्स्त्रियां ङी स्यात् ।

"आकृतिग्रहणा जाति लिङ्गानांचन सर्वभाक्
सकृदाख्यात निर्ग्राह्या गोत्रं च चरणैः सह"

कुक्कुटी । ब्राह्मणी । नाडायनी । कठी । यान्तादिवर्जनं किम् ? खट्वा । शूद्रा । क्षत्रिया ।

▣ क्वचिन् नित्यस्त्री जातेरपि ओदनशाकी । शङ्खपुष्पी । पूगफली । दर्भमूली औषधि विशेषा एते ।

卐 વૃત્યર્થ :– य કારાન્ત, નિત્ય સ્ત્રીલિંગી અને शुद्र શબ્દ વર્જિત અન્ય જાતિવાચી

अ कारान्त शब्दने स्त्रीलिंगे ङी प्रत्यय लागे छे.
श्लोकार्थ :- (आकृति शब्द जाति नो पर्याय छे) आकृति ग्रहणथी जातिनुं ग्रहण थाय छे. (जेमके कुक्कुटस्य – कुक्कुटी) अथवा लिंग वडे न भजती होय तो (जे शब्द स्त्री लिंगे न होय) पण जाति कहेवाय (जेम ब्राह्मण, ब्राह्मणी – बे लिंग वडे पण जाति ओळखावाय) एक वखत उपदेश कराये छते पण जाणी शकाय (पोतानी जातिथी पुत्रनी जाति विदित थाय छे.) गोत्र प्रत्यया न्त नाम पण जातिनुं ग्रहण करे छे. (जेमके नाडायनी – नडनी छोकरी – नडस्त्रिया आयनण् ६/१/५३) चरणलक्षण–वेदशाखा–थी जाति कठ + ङी = कठी कठ गोत्र नी स्त्री –
0 य नु वर्जन केम कर्युं ?
क्षत्रिया – क्षत्रियनी स्त्री
0 नित्य स्त्री वर्जन केम ?
खट्वा – खाटली
0 शूद्र वर्जन केम कर्युं ?
शूद्रा – शुद्र स्त्री
उपरोक्त स्थानो मां ङी प्रत्यय न थयो

★ अनुवृत्ति – गौरादिभ्यो मुख्यान् ङी २/४/१९ थी ङी

卐 विशेष – 0 य अन्त वाळा शब्दनु वर्जन कर्युं छे त्यां य लोप थयो होय तो ङी लागी शके छे दा.त. वत्सस्य – य नो लोप थया पछी वात्सी रुप थई शके – वत्सस्य ६/१/४५ थी यञ् अने स्त्रीया लुप् ६/१/४६ थी प्रत्ययनो लोप
0 अ थी पर केम कह्युं ?
आखु – उंदरडी – उ थी पर छे माटे ङी न लागे
0 जाति वाची शब्द केम कह्यो ?
देवदत्ता – नाम छे जाति नथी.

□ उपसूत्रो :– क्यांक नित्य स्त्रीलिंगे पण ङी थाय

[१९] पाक कर्ण पर्ण वालान्तात् २/४/५५
पाक, कर्ण, पर्ण, वाल शब्दान्त जे जातिवाची नाम तेथी पर स्त्रीलिंगे ङी थाय छे. ओदनस्येव पाकोऽस्याः सा – ओदनपाकी – वनस्पति [८७]
[२०] असत्काण्ड प्रान्त शतैकाञ्च पुष्पात् २/४/५६ सत्, काण्ड, प्रान्त, शत, एक, अञ्च वर्जित शब्द थी पर रहेल पुष्प शब्द, तदन्त जातिवाची नाम ने स्त्री लिंगे ङी प्रत्यय थाय छे. शङ्खपुष्प + ङी = शङ्खपुष्पी – औषधि [८८]
[२१] असंभस्त्राऽजिनैक शण पिण्डात् फलात् २/४/५७ – सम, भस्त्रा, अजिन, एक शण अने पिंड वर्जित शब्द थी पर रहेल फल शब्द – तदन्त जाति वाची नामने स्त्रीलिंगे ङी थाय छे पूगफली – औषधि नो प्रकार (सोपारीनी वेल) [८९]
[२२] अनञो मूलात् २/४/५८ नञ वर्जित शब्द थी पर मूल शब्द – तदन्त जातिवाची नाम थी पर स्त्री लिंगे ङी प्रत्यय थाय छे दर्भमूल + ङी = दर्भमूली – औषधि [९०]

[३५८]

(१८) धव योगादपालकान्तात् २/४/५९

★ सूत्रपृथ० :– धवात् योगात् अपालकान्तात्
★ वृत्ति :– पालकान्तवर्जात् धवाच्चयः स्त्रीवृत्तेर्योगात्ङी स्यात् । प्रष्ठस्य भार्या प्रष्ठी । गणकी । अपालका–न्तादिति किम् ? गोपालिका

卐 वृत्त्यर्थ :– पालक अन्ते होय तेवा शब्द सिवायना योग (सबंध) थी स्त्रीलिंगे वर्तता धव – भर्तावाची अ कारान्त शब्दने स्त्रीलिंगे ङी प्रत्यय थाय छे. प्रष्ठस्य भार्या – प्रष्ठ+ङी=प्रष्ठी – आगेवाननी स्त्री गणक+ङी = गणकी = गणनारनी स्त्री
0 अपालकान्तात् केम कह्युं ?
गोपालिका = गोवाळण – अहीं पालक शब्द अन्ते छे माटे ङी न लागे

★ अनुवृत्ति :– गौरादिभ्यो मुख्यान् ङी २/४/१९ थी ङी

卐 विशेष :– भर्तावाची नो अर्थ – भर्ता ना संबधने लीधे अनेनो जे शब्द पतिवाचक छे ते ज शब्द स्त्रीवाची थयेल होय एवो शब्द दा.त. वाणीया – वाणीयण, धोबी – धोबण
0 योगात् केम कह्युं ?
देवदत्ता – आ नाम जन्म थी छे, पतिना योगे नथी
0 धव केम कह्युं ?
प्रसूता – अहीं पण प्रसूत नामना पतिना योगे नाम थयु नथी.
0 अत् केम ?

सहिष्णुः – સહિષ્ણુની પત્ની – उ દ્વારા.
0 જ્યેષ્ઠ ની પત્ની જ્યેષ્ઠા કેમ થયું ? -
અહીં अजादेः ૨/૪/૧૬ સુત્ર થી થયું છે

[360]

(૧૯) पूतक्रतु–वृषाकप्यग्नि–कुसित–कुसिद.दैच ૨/૪/૬૦

✶ સુત્રપૃથ૦ :— पुतक्रतु वृषाकपि अग्नि कुसित कुसिदादै च

★ वृत्ति :— एभ्यः पञ्चभ्यो ङी स्तद्योगेऽस्यतस्यैः पुतक्रतोः स्त्री – पुतक्रतायी

卐 वृत्यर्थ :— पूतक्रतु, वृषाकपि, अग्नि कुसित, कुसिद આ પાંચ શબ્દો પતિના વિશેષ નામ રૂપ છે સ્ત્રીલિંગે તેને ङी પ્રત્યય લાગે છે અને ङी ના યોગે અન્ત્ય સ્વર નો ऐ થાય દા.ત. पूतक्रतु + ङी = पूतक्रतै + ङी = पूतक्रतायी = પુતક્રતુની સ્ત્રી

✶ અનુવૃતિ :— (૧) गौरादिभ्यो मुख्यान् ङी ૨/૪/૧૭ (૨) धवाद्योगादपालकान्तात् ૨/૪/૫૯ થી धव

卐 વિશેષ :— 0 योगात् કેમ કહ્યું ?
* पुताः क्रतवो यया सा–पुतक्रतुः અહીં ङी ન લાગે
0 व्युत्पति બૃહદ્‌વૃતિ ન્યાસસહિત, અધ્યાય ૨ પૃ. ૨૭૬ पुतक्रतु –पुगः क्ते–पूतः कृगः+ઉણાદિનો अतु પ્રત્યય क्रतुः पुतःक्रतुःयेन इति पुतक्रतु આ રીતે બધા શબ્દોની વ્યુત્પત્તિ જોઈ જવી.
0 અન્ય ઉદાહરણ :— (ङी પ્રત્યય)
अग्नि = अग्नायी, कुसित = कुसितायि
कुसिद = कुसिदायि, वृषाकप = वृपाकपायि

[361]

(૨૦) मनेरौ च वा ૨/૪/૬૧

★ સુત્રપૃથ૦ :— मनोः औं च वा

✶ वृति :— मनोर्ङीर्वा तद्योगे औ रैश्च स्याताम् मनायी । मनावी । मनुः

卐 वृत्यर्थ :— मनु ની સ્ત્રી અર્થમાં ङी વિકલ્પે થાય છે. ङी ના યોગે मनु ના उ નો ऐ તથા औ થાય છે જેમકે मनु+ङी= (૧) मनै+ङी=मनायी (एदैतोऽयाय ૧/૨/૨૩), (૨) मनौ +ङी=मनावी (ओदौतोवाव ૧/૨/૨૪) (૩) मनुः (ङी ન લાગે ત્યારે)

★ અનુવૃતિ :— (૧) गौरादिभ्यो मुख्यान् ङी ૨/૪/૧૭ થી ङी (૨) पुतक्रतु वृषाकप्यग्निकुसित कुसिदादै च ૨/૪/૬૦ થી ए (૩) धवाद्योगाद् ૨/૪/૫૯ થી धव

卐 વિશેષ :— સૂત્રમાં મુકેલ वा નો સંબંધ ङी સાથે છે. – औं च સાથે નહીં અન્યથા मनायी, मनावी ત્રીજુ मन्वी એવું અનિષ્ટ રૂપ થઇ જાય *[1]

[362]

(૨૧) वरुणेन्द्र भव शर्वरुद्र मृडादान्चान्तः ૨/૪/૬૨

સુત્રપૃથ૦ :— वरुण इन्द्र भव शर्वरुद्र मृडात् आन् च अन्तः

✶ वृति :— एभ्यः षड्भ्यो ङीस्तद्योगे आन्चान्तः वरुणानी । इन्द्राणी ।

卐 वृत्यर्थ :— પતિના નામના યોગે સ્ત્રીલિંગે વર્તતા ભર્તાવાચી वरुण, भव, शर्व, रुद्र, मृड શબ્દો ને સ્ત્રીલિંગે ङी પ્રત્યય થાય છે. અને ङी ના યોગે आन અન્તાગમ થાય
वरुण + ङी = वरुण + आन् + ङी=वरुणानी = વરુણની પત્ની
इन्द्र+ङी=इन्द्र+आन्+ ङी =इन्द्राणी= ઇન્દ્રની પત્ની

✶ અનુવૃતિ :— (૧) गौरादिभ्यो मुख्यान् ङी ૨/૪/૧૯ થી ङी (૨) धवाद्योगादपालकान्तात् ૨/૪/૫૯ થી धव

卐 વિશેષ :— 0 व्युत्पत्ति :— બૃહદ્‌વૃતિ–ન્યાસ અધ્યાય: ૨, પૃ. ૨૭૭ ન્યાસ જુઓ. જેમકે वृञ्‌वरणे ધાતુ + ઉણાદિ નો उण = वरुणः *[2]
0 आन् એવા અન્ત ગ્રહણ અભાવે आन् પણ ભિન્ન પ્રત્યય થાત અને अनेकवर्णसर्वस्य ૭/૪/૧૦૭ થી સર્વ નો આદેશ થઇ જાય

[363]

(૨૨) मातुलाचार्योपाध्यायाद्वा ૨/૪/૬૩

✶ સુત્રપૃથ૦ :— मातुल आचार्य उपाध्यायान् वा

✶ वृति :— एभ्यस्त्रिभ्यो ङीस्तद्योगे च आन् अन्तो वा । मातुलानी, मातुली । क्षुभ्नादि पाठान्न णत्वम् – आचार्यानि

∘ ∘ ∘ ∘ ∘ ∘ ∘ ∘ ∘ ∘ ∘ ∘ ∘ ∘ ∘ ∘

* ઉણાદિ સુત્રઃ ૭૮૦ – कृत्याभ्यांकित थी अतुः પ્રત્યય

*[1] वा – લઘુવૃતિ અવચૂરિ પૃ. ૨૮૯
*[2] कृ–कृ–वृ–दृ–दारिभ्य उणः ઉણાદિ સુત્ર ૧૯૬ થી वृ + उण થયો

आचार्यी, उपाध्यायानी उपाध्यायी ।

□ 'सूर्यदेवतायां वा' । सूर्यस्य भार्या सूर्या, सूरी । 'आर्यक्षत्रियाद्वा' । आर्याणी आर्या । क्षत्रियाणी, क्षत्रिया ।

卐 सूत्रार्थ :- (पतिना नामथी स्त्री वाची बनेला) मातुल, आचार्य, उपाध्याय शब्दो ने स्त्रीलिंगे ङी विकल्पे लागे छे. ङी ना योगे आन् अन्तागम थाय छे मातुल+ङी=मातुलानी पक्षे मातुली (धवाद्योगा..नात् २/४/५९ थी ङी) मा भी
0 क्षुम्नादीनाम् २/३/९६ थी न नो ण न थाय
आचार्य + ङी = आचार्यानी विकल्पे आचार्या
उपाध्याय + ङी = उपाध्यायानी विकल्पे उपाध्यायी

★ अनुवृत्ति :- (१) गौरादिभ्यो मुख्यान्ङी २/४/१९ थी ङी (२) धवाद्योगादपालकान्तात् २/४/५९ थी ङी (३) वरुणेन्द्रभवशर्वरुद्रमृडादान् २/४/६२ थी आन्

卐 विशेष :- 0 आ सूत्र थी ङी (आनी) सामान्य थाय छे – [illegible] –

□ शेषसूत्र :- [२३] सूर्याद्देवतायां वा २/४/६६ पतिना नामना योग अने देवता ना अर्थमां वर्तता सूर्य शब्दने स्त्रीलिंग ङी विकल्पे थाय छे अने तेना योगे आन् अन्तागम थाय छे सूर्या [illegible] विकल्पे सूरी सूर्यदेवता [illegible] १८८ मा [illegible] ७१]
[२४] आर्यक्षत्रियाद्वा २/४/६५ [illegible] अर्थ–[illegible] १ पृ. ३४८) अने क्षत्रिय शब्दने स्त्रीलिंग ङी विकल्पे थाय छे तेना योगे आन् अन्तागम थाय छे (१) आर्याणी पक्षे आर्या (२) क्षत्रियाणी विकल्पे [illegible] – विकल्पे आप् प्रत्यय थाय छे [७२]

[३९४]

(२३) यव यवनारण्य हिमाद्दोष–लिप्युरुमहत्त्वे २/४/६४

★ सूत्रपृथक् :- यव यवन अरण्य हिमात् दोष लिपि उरु महत्त्वे

★ वृत्ति :- एभ्यः [illegible] स्त्रियां ङीः स्यात्, ङी योगे चान्तः । यवना दोषो यवानी । यवनानां लिपिः यवनानी । उरु अरण्यं अरण्यानी । महद्धिमं हिमानी ।

□ यञो डायन् च वा । गार्ग्यायणी, गार्गी । [illegible] स्त्रियां यथायोगम् ।

卐 सूत्रार्थ :- यव, यवन, अरण्य, हिम शब्द थी अनुक्रमे दोष, लिपि, उरु (विशाळ), महत्त्व अर्थ जणातो होय तो स्त्रीलिंगे ङी प्रत्यय थाय छे तेना योगे आन् अन्तागम थाय यवाना दोषः यव+ङी=यवानी – [illegible] यवनानां लिपिः यवन+ङी=यवनानी–यवनोनी लिपि उरु अरण्यम्=अरण्य+ङी=अरण्यानी=विशाळ जंगल महद् हिमम् हिम+ङी=हिमानी=[illegible]

★ अनुवृत्ति :- (१) गौरादिभ्यो मुख्यान्ङी २/४/१९ थी ङी (२) वरुणेन्द्रभवशर्वरुद्रमृडादान् २/४/६२ थी आन्

卐 विशेष :- 0 लिपि अर्थमां यवन शब्द केम कह्यो ?
यवनस्य स्त्री – यवनी – लिपि अर्थ नथी माटे आ सूत्र न लागता ङी ज लाग्यो
0 उक्त अर्थ सिवाय यवादि मा स्त्रीत्व ज नथी तेथी माटे प्रति उदाहरण आपेल नथी.
0 विशेष नाम होय तो यवा, यवना वगेरे थाय

□ शेषवृत्ति :- २५] यञो डायन् च वा २/४/६७ यञ् प्रत्ययान्त नामने स्त्रीलिंगे ङी थाय छे–तेना योग मा विकल्पे डायन् अन्तागम थाय छे गार्ग्य+ङी=गार्ग्य + डायन् + ङी=गार्ग्यायणी विकल्पे डायन् न लागे तो गार्ग्य+ङी=गार्गी थशे.
0 गार्ग्यायणी — गर्गस्य अपत्यं स्त्री (गर्गादेर्यञ् ६/१/४२ थी यञ्) गर्ग+यञ् (वृद्धिः ४/३/५० थी वृद्धि)= गार्ग्य, ङी प्रत्यये गार्ग्यायणी गर्गनी पुत्री
0 गार्गी — गार्ग्य+ङी (व्यञ्जनात्तद्धितस्य २/४/८८ थी य लोप) = गार्ग + ङी = गार्गी थयुं [७३]
0 अन्यत्र पण यथायोगे ङी प्रत्यय थाय छे.
* सिद्धहेम शब्दानुशासन सूत्र २/४/१८ थी २/४/७२ तथा २/४/८,९,१० ३६,३७ ए सूत्रोमां ङी लागे छे

[३९५]

(२४) ऊङोऽप्राणिनश्चायुरज्ज्वादिभ्यः ऊङ् २/४/७३

★ सूत्रपृथक् :- ऊङः अप्राणिनः च अ-यु रज्ज्वादिभ्यः ऊङ्

* अन्यत्र ङी प्रयोग जुओ हैमप्रकाश पूर्वार्ध पृ. १९९ –२०० ङी विशे विस्तृत चर्चा

★ વૃત્તિ :- नृजाति वाचिनोऽप्राणिजाति वाचिनश्चोदन्तात् स्त्रियामूङ् स्यात्, न तु यन्ताद्रज्ज्वादिभ्यश्च । कुरूः । अलाबूः । प्राणिजातिवर्जनादाखुः । युरज्ज्वादिवर्जनादध्वर्युः स्त्री रज्जुरित्यादौ नोङ् ।

"वाहन्त कद्रुकमण्डलोर्नाम्नि" सुबाहूः, कद्रूः, कमण्डलूः । नाम्नीत्येव—वृत्तबाहुः ।

卐 વૃત્યર્થ :- મનુષ્ય જાતિવાચી અને અપ્રાણીજાતિ વાચી એવા હ્રસ્વ उ કારાન્ત નામને સ્ત્રીલિંગે ऊङ् (ऊ) પ્રત્યય લાગે છે પણ અન્તે यु હોય તે તથા रज्जु વગેરે શબ્દોને આ સુત્ર ન લાગે.

0 મનુષ્ય જાતિ :- कुरु+ऊ=कुरूः- કુરુની સ્ત્રી

0 અપ્રાણીવાચી :- अलाबु+ऊ=अलाबूः તુંબીની વેલ

0 પ્રાણીજાતિવાચી નું વર્જન કેમ કર્યું ?

आखुः-અહીં उ કારા. છે તોપણ ऊङ् ન થયો

0 यु વર્જન કેમ કર્યું ?

अध्वर्युः स्त्री – અધ્વર્યુની સ્ત્રી – यु અન્તે છે.

0 रज्जु વર્જન કેમ કર્યું ?

रज्जुः = દોરડી – ऊङ् ન થાય

卐 વિશેષ :- 0 रज्जु आदिभ्यः એ પ્રમાણે બ.વ. આકૃતિ ગણને માટે છે. हनुः=જડબુ–रज्ज्वादि માં આ શબ્દ નું વર્જન છે માટે ऊङ् ન લાગે.

0 હ્રસ્વ उ કારા. કેમ કહ્યું ?

वधूः – દીર્ઘ ऊ કારા. છે.

0 पटुः ऊङ् ऊ કેમ ન લાગ્યો ?

ગુણવાચી શબ્દ છે માટે

0 ऊङ् એવો દીર્ઘ નિર્દેશ ઉત્તર સુત્ર માટે છે તેનાથી नारी, सखी, पङ्गू, श्वश्रू એમાં દીર્ઘત્વ નિપાતન સિદ્ધ છે. [1] *

0 अरज्ज्वादि માં પર્યુદાસ नञ् હોવાથી उ વર્ણાન્ત ને જ ऊङ् પ્રત્યય લાગે છે. * [2]

શેષવૃતિ :- [૨૬] वाहन्त कद्रु कमण्डलोर्नाम्नि ૨/૪/૭૪ અંતે बाहु શબ્દ હોય, તેવા શબ્દોને कद्रु, અને कमण्डल શબ્દોને જો વિશેષ નામ હોય તો સ્ત્રીલિંગે ऊङ् પ્રત્યય લાગે છે.

सुबाहु+ऊङ्=सुबाहूः સ્ત્રીનું વિશેષ નામ

कद्रु+ऊङ्=कद्रूः – નાગની માતા, कमण्डलूः = કમંડલ

0 ખાસ નામ કેમ કહ્યું ?

वृत्तबाहुः – ગોળ હાથવાળી સ્ત્રી, ખાસ નામ નથી માટે ऊङ् ન લાગ્યો. [૭૪]

[૩૬૬]

(૨૫) उपमान सहित संहित सहशफवाम लक्ष्मणाद्यूरोः ૨/૪/૭૫

★ સુત્રપૃથ૦:- उपमान-सहित-संहित-सहशफवाम लक्ष्मणादि ऊरोः

★ વૃત્તિ :- उपमान वाचिभ्यः सहितादिभ्यश्च षड्भ्यः परस्य ऊरोः स्त्रियामूङ् स्यात् । रम्भोरूः सहितोरूः

नारी–सखी–पङ्गूः श्वश्रूः । एते साधवः

卐 વૃત્યર્થ :–ઉપમાનવાચી શબ્દ, सहित, संहित, शफ, वाम, लक्ष्मण શબ્દથી પર રહેલ ऊरू શબ્દને સ્ત્રીલિંગે ऊङ् (ऊ) પ્રત્યય થાય છે જેમકે (ઉપમાન) – रम्भा+ऊरु+ऊङ् = रम्भोरू રમ્ભાના જેવા ઉરુવાળી સ્ત્રી, सहितोरूः સહિત + ऊरु+ऊङ्–અન્તે ઉરુ સાથે હોય તેવી સ્ત્રી

★ અનુવૃતિ :- उतोऽप्राणिनश्चायु रज्ज्वादिभ्यः ૨/૪/૭૩ થી ऊङ्

卐 વિશેષ :- 0 उपमान વાચી કેમ કહ્યું ?

पीनोरुः – પુષ્ટ ઉરુવાળી સ્ત્રી પુષ્ટ શબ્દ ગુણવાચી છે માટે ऊङ् ન લાગે

0 અન્ય ઉદાહરણ *

संहितोरूः બન્ને ઉરૂ સાથે જોડાયેલા હોય તેવી સ્ત્રી

सह–સાથે=सहोरूः, शफ=ખરી=शफोरूः वाम – સુંદર= वामोरूः, लक्ष्मण–ચિહ્ન=लक्ष्मणोरूः

શેષવૃતિ :- [૨૭] नारी –सखी–पङ्गू – श्वश्रू આ શબ્દો નિપાતન કરાયા છે नारी=નારી, सखी-સખી બન્ને ङी અન્ત વાળા છે पङ्गू=પાંગળી, श्वश्रू=સાસુ બન્ને ऊङ् અન્તવાળા છે [૭૫]

[૩૬૭]

(૨૬) यूनस्तिः ૨/૪/૭૭

★ સુત્રપૃથ૦ :- यूनः तिः

★ વૃતિ :- स्त्रियाम् । युवतिः ।

अनार्षे वृद्धेऽणिञो बहुस्वर गुरुपा न्त्यस्यान्तस्य ष्यः

---

*[1] ऊङ् દીર્ઘ નિર્દેશ બૃહદ્વૃતિ ન્યાસ સહિત અધ્યાય ૨ – પૃ ૨૮૨.

*[2] પર્યુદાસ नञ – લઘુવૃતિ અવચૂરિ – પૃ. ૨૯૩

कारीषगन्ध्या । दैवदत्य इत्यादि ।

卐 વૃત્યર્થ :- युवन् શબ્દને સ્ત્રીલિંગે ति પ્રત્યય લાગે છે युवन्+ति=युवतिः યુવતિ (नाम्नो नोऽह्नः ૨/૧/૯૧ થી न् લોપ)

卐 વિશેષ :- 0 निर्यूनि મા ङी કેમ લાગ્યો ? निर्युनी-યુવાને નીકળી ગયા છે ત્યાથી તેવી નગરી અહી (૧) स्त्रियान्नृतो...ङी २/४/१ થી ङी લાગ્યો છે (૨) श्वन युवन २/१/१०१ થી युवन् ના व નો उ થતા દીર્ઘ यू બન્યો છે

0 युवनी કઈ રીતે બન્યુ ?

युङ्-मिश्रणे-धातु-यु+ઉણાદિ * अनि પ્રત્યય તે क्तित् હોવાથી युव આદેશ=युवनि+ङी इतोऽक्त्यर्थात् २/४/३२ થી ङी લાગ્યો છે.

* ઉણાદિ સુત્ર ૬૫૮ – यो क्तिन् થી अनि પ્રત્યય

☐ શેષવૃત્તિ :- [૨૮] अनार्षे वृद्धोऽणिञो बहुस्वर गुरूपान्त्यस्यान्तस्य ष्यः २/४/७८ આર્ષ ભિન્નવૃદ્ધઅર્થમાં વિધાન કરેલા अण् અને इञ् પ્રત્યયો થયા પછી બહુસ્વર વાળા અને ઉપાન્ત્યમાં ગુરુ અક્ષર વાળા શબ્દોને સ્ત્રીલિંગે ष्य (य) પ્રત્યય થાય છે (પછી आत् સૂત્રથી आ લાગે છે) अण् :- (૧) करीषस्य इव गन्धोऽस्य करीषगन्धिः (वाग्मानात् ७/३/१४७ થી इ) (૨) करीषगन्धेः अपत्यं पौत्रादि स्त्री (ङसोः अपत्ये ६/१/२८ થી अण्) (૩) कारीषगन्ध (अवर्णेवर्णस्य ७/४/६८ થી इ લોપ, अण् નો अ ण માં મળી જતાં પુંલિંગ શબ્દના વૃદ્ધિ થઈ) (૪) कारीषगन्ध्य (૫) कारीषगन्ध्या (आत् २/४/१८ થી आ)

इञ् :- देवदत्तस्यापत्यं पौत्रादि स्त्री अत इञ् ६/१/३१ થી इञ्-दैवदत्ति+ष्य+आत्=दैवदत्या (વિશેષ જાણવા માટે અહન્યાસ ખાસ જોઈ જવો પૃ ૨૮૫-૨૮૬ [૭૬]

[३९८]

પૂ. મહોપાધ્યાય શ્રી વિનય વિજયજી ગણિવરે રચેલ લઘુ પ્રક્રિયાના સ્ત્રી પ્રત્યય પ્રકરણનો...તપાગચ્છીય આગમોદ્ધારક આ. દેવ શ્રી પૂ. આનંદ સાગર સૂરીશ્વરજી ના શિષ્ય ઉદારદિલ ચેતા પૂ. ઉપાધ્યાય ક્ષમાસાગરજી મ. સા. ના પ્રશિષ્ય તપસ્વી રત્ન પૂ. પંન્યાસ સુશીલ સાગરજી ગણિવર્યના શિષ્ય રત્ન ક્રિયારૂચિવંત પૂ. મુનિરાજ શ્રી સુધર્મ સાગરજીના શિષ્ય મુનિ દીપરત્ન સાગર (M. Com M Ed) કરેલો... ગુજરાતી અનુવાદ તથા સંસદર્ભ વિવરણ સમાપ્ત

અમારા ઉપકારી માતા - પિતા

તારાબહેન કાંતિલાલ ઠક્કર

કાંતિલાલ લક્ષ્મીચંદ ઠક્કર

॥ अर्हम् ॥

૦ કારક પ્રકરણ ૦

નામ કે ક્રિયાપદની જોડે અન્વય દર્શાવવા માટે નામને અને ક્રિયાપદને જે પ્રત્યયો લાગે છે તેને વિભક્તિ કહેવાય.—નામને જુદાજુદા અર્થમાં જુદાજુદાં પ્રત્યયો લાગે છે. આવા પ્રત્યયોને આધારે વિભક્તિઓના સાત ભાગ પાડેલા છે. પ્રથમા–દ્વિતીયા–તૃતીયા .. થી સપ્તમી સુધી આ વિભક્તિઓમાં ષષ્ઠી–સંબંધ વિભક્તિનો અન્વય અન્ય નામની સાથે હોય છે. અને તે અર્થ વિશેષણના જેવો છે. માટે તેને વિશેષણ (સંબંધ) વિભક્તિ કહેવાય છે. ષષ્ઠી સિવાયની વિભક્તિનો અન્વય ક્રિયાપદ સાથે હોય છે માટે એ વિભક્તિઓ કારકે વિભક્તિ કહેવાય છે.

"કારકે એટલે ક્રિયાની સાથે સંબંધ"

"कर्ता कर्मच करणंच सम्प्रदान तथैव च
अपादानाधिकरणे इत्याहुः कारकाणि षट्" * સ્યાદ્યર્થ પ્રકાશ પૃ. ૨

કારક છ છે.– **કર્તા, કર્મ, કરણ, સમ્પ્રદાન, અપાદાન, અધિકરણ** — કારકનો અર્થ સિધ્ધહેમ વ્યા.માં ૨/૨/૧ સૂત્રથી રજૂ થયો છે. અને કારકો અનુક્રમે ૨/૨/૨, ૩, ૨૪, ૨૫, ૨૯, ૩૦ એ છ સૂત્ર દ્વારા સંક્ષિપ્ત રીતે વ્યાખ્યાયિત થયા છે. – આ વિભાગમાં કારકોમાં ઉપયોગમાં લેવાતી વિભક્તિઓના સામાન્ય તથા વિશેષ નિયમો આપેલ છે. સિધ્ધહેમ વ્યા. માં સૂત્ર ૨/૨/૧ થી ૨/૨/૩૦ કારકનું નિરૂપણ કરે છે અને ૨/૨/૩૧ થી ... વિભક્તિ પ્રયોગ વિચાર છે ૨/૨/૩૩ થી ઉપપદ વિભક્તિ વિધાનો છે.

				પ્રક્રિયા	સુત્ર
(૧)	કર્તા	:– કોઇપણ પદ જ્યારે ક્રિયાના કરનારને દર્શાવે છે ત્યારે તે કર્તા કહેવાય છે. સંબોધન પણ કર્તા અર્થનું જ સૂચન કરે છે	+	પ્રથમા	૧થી૩
(૨)	કર્મ	:– ક્રિયાનો વિષય કે ક્રિયાનું લક્ષ્ય બતાવનાર પદ	+	દ્વિતીયા	૪થી૧૫
(૩)	કરણ	:– પદ જ્યારે ક્રિયાનું સાધન, રીત કે કારણ દર્શાવે તે	+	તૃતીયા	૧૬થી૨૨
(૪)	સંપ્રદાન	:– કંઇક આપવાની ક્રિયાનું જે ગૌણ કર્મ, જેને ઉદ્દેશીને કંઇક અપાય તે	+	ચતુર્થી	૨૩થી૩૧
(૫)	અપાદાન	:– અપાદાન એટલે છૂટા પડવું–જેનાથી છૂટા પડવાની ક્રિયા થઈ હોય તે	+	પંચમી	૩૨થી૩૬
(૬)	અધિકરણ	:– ક્રિયાનું સ્થાન, સમય, આધાર	+	સપ્તમી	૩૭થી૪૨
—	—	સંબંધ	+	ષષ્ઠી	૪૩થી૪૮
—	—	વિશેષ વિધાનો	—		૪૯થી૫૮

* સ્યાદ્યર્થપ્રકાશ–કર્તા–પૂ. આચાર્ય વિજય લાવણ્ય સૂરિજી – આ ગ્રન્થ ૧૯૮ પૃષ્ઠોમાં કારક પ્રકરણનું સુંદર નિરૂપણ કરે છે – જિજ્ઞાસુઓએ ખાસ જોવા જેવો છે.

કર્મના ભેદ છે. – ક્રિયા સાથે જેનો સાક્ષાત્ સંબંધ હોય તે મુખ્યકર્મ, સાક્ષાત્ સંબંધ ન હોય તે ગૌણકર્મ (દા.ત. अजां ग्रामम् नयति અહીં नयति–नि ક્રિયાનુ મુખ્યકર્મ अजा છે, ગૌણકર્મ ग्राम છે.

卐 વિશેષ :– 0 कर्ता – કારક પ્રકરણ સૂત્ર : ૧૭ स्वतन्त्रः कर्ता ૨/૨/૨ ખાસ જોવુ. (ક્રિયાની સિદ્ધિમા પોતે પ્રધાન હોય તેનુ નામ કર્તા)

0 દ્વિકર્મક ધાતુ :–

नीह–वही कृषी ज्वल्ना दुहीर् पुच्छिभिक्षिचिञ्चिनाम्ब्बर्थी पचि याचि दण्डि रुध ग्रह मथि जि मुषा द्वि कर्मणः *

दुह्, भिक्ष्, रुध्, प्रच्छ्, ब्रू, चि, – શાસનજેવા અર્થવાળા याच्, जि (जयति) વગેરે છે જેમકે प्रच्छ् ધાતુના બે કર્મ:

मा छात्रं पन्थानं पृच्छति–प्रच्छ ધાતુના બે કર્મ :–

(૧) छात्रं (૨) पन्थानं

0 વિશદ ચર્ચા માટે "અદન્યાસ" જુઓ

[302]

(૫) कर्मणि २/२/४०

★ વૃત્તિ – द्वितीया स्यात् । कटं करोति । काष्ठं दहति । ग्रामं गच्छति । राज्यं प्राप्नोति । विषमत्ति । ग्रामं गच्छंस्तृणं स्पृशति ।

卐 વૃત્ત્યર્થ – (ગૌણનામ પછી કર્મ કારક અર્થમાં) દ્વિતીયા થાય જેમકે –

(૧) નિર્વર્ત્ય કર્મ – कटं करोति – સાદડી કરેછે

(૨) વિકાર્ય કર્મ काष्ठं दहति – લાકડું બળેછે

(૩) પ્રાપ્તિ કર્મ – ग्रामं गच्छति–ગામ જાયછે

(૪) ઇષ્ટકર્મ – राज्यं प्राप्नोति – રાજ્ય પ્રાપ્ત કરે છે.

(૫) અનિષ્ટ કર્મ :– विषमत्ति – વિષ ખાય છે.

(૬) ઉદાસીન કર્મ :- तृणं स्पृशति = ઘાસને સ્પર્શે છે.

★ અનુવૃત્તિ :– गौणात् स्मया निकषा हा धिगन्तरा न्तरेणाऽतिप्रोनेनैर्द्वितीया २/२/३३ થી गौणात् . द्वितिया

卐 વિશેષ :– 0 દ્વિકર્મક ધાતુ હોય તો બન્ને કર્મોને દ્વિતીયા થાય – अजां ग्रामं नयति ।

° ° ° ° ° ° ° ° ° ° ° ° ° ° ° °

* લઘુવૃત્તિ ગ પા. આદર્શવૃત્તિ સમયસિંચિતાંક પૃ ૩૧૫ અર્થ સાથે

0 किर्तं कटः અર્થ क्रियते કર્મણી પદ છે તેથી ઉક્ત થવાથી कट ને પ્રથમા થયુ

[303]

સૂત્ર ૬ થી ૧૦ કર્મકારક અંગેના વિધાનો છે

(૬) स्मृत्यर्थदयेशः २/२/११

★ સૂત્રપૃથ૦ :– स्मृति – अर्थ दय् – ईशः

★ વૃત્તિ :– एषां व्याप्यं कर्म वा, कर्मत्वे द्वितीया ऽन्यथा षष्ठी । मातरं स्मरति, मातुः स्मरति । मातुः स्मर्यते । माता स्मर्यते । सर्पिषो दयते सर्पिर्दयते, । लोकानामीष्टे । लोकानीष्टे ।

☐ "नाथ." । तथा । सर्पिषोनाथते । सर्पिषा नाथते ।

卐 વૃત્ત્યર્થ :– સ્મૃતિ (સ્મરણ) અર્થવાળા ધાતુ તથા दय् અને ईश् ધાતુનું જે વ્યાપ્ય (કર્મ) તે વિકલ્પે કર્મસંજ્ઞક થાય–કર્મ માનીને દ્વિતીયા વિભક્તિ થાય અને કર્મની અવિવક્ષામાં – સબંધ અર્થમાં ષષ્ઠી વિભક્તિ થાય છે. જેમકે :–

(કર્તરી) मातरं स्मरति (દ્વિતીયા) વિકલ્પે मातुः स्मरति (ષષ્ઠી) માતાનું સ્મરણ કરેછે

(કર્મણી) माता स्मर्यते (પ્રથમા) વિકલ્પે मातुः स्मर्यते। માતાને યાદ કરાય છે (કર્મણી પ્રયોગ માં माता શબ્દ પ્રથમા વિભક્ત માં આવશે.)

दय् ધાતુ.–सर्पिष. दयते પક્ષે सर्पिर्दयते-ઘી આપેછે.

ईश् ધાતુ :– लोकानामिष्टे પક્ષે लोकानीष्टे – લોકો ઉપર સ્વામીત્વ ધરાવે છે (વિકલ્પે બે રૂપો)

★ અનુવૃત્તિ :– (૧) कर्तुर्व्याप्यं कर्म २/२/३ થી कर्म (૨) हृक्रोर्नवा २/२/८ થી नवा

卐 વિશેષ :– 0 વિકલ્પે છઠ્ઠી વિભક્તિ शेषे ૩/૧/૮૧ સૂત્ર થી થઈ

0 व्याप्य – કર્મ કેમ ?

गुणैः स्मरति અહીં गुणैः વ્યાપ્ય નથી માટે આ સૂત્ર ન લાગે

0 કર્મની અવિવક્ષામાં વિકલ્પે मातागमनिषत् વગેરેમા शेषात्षष्ठी સિધ્ધ છે તો આ સૂત્ર કેમ ?

– સાચુ – પણ षष्ठयत्नाच्छेषे ૩/૧/૧૬ થી અહીં अयत्नज शेषे ષષ્ઠી સમાસ થાય છે તેથી स्मृत्यर्थदयेशः વગેરે સૂત્રોમાં मातुः स्मृतम् વગેરેમાં સમાસ ન થાય આમ આ પ્રકારે થી यत्नज સમાસ ન થાય – એમ નિયમને માટે છે તેથી આ ધાતુઓને કર્મનીજ શેષરૂપે વિવક્ષા

કરાય છે અન્ય કારકોની નહી – मनसा स्मृतम् એવી કર્તા – કરણ શેષ વિવક્ષા અભાવે ષષ્ઠી ન થાય.

■ શેષવૃત્તિ :–(૧) नाथः ૨/૨/૧૦ (ઈચ્છેછે અર્થમાં) આત્મનેપદી नाथ् ધાતુના કર્મને વિકલ્પે કર્મ સમજવું. કર્મ હોય તો બીજી વિભક્તિ, અન્યથા ષષ્ઠી વિભક્તિ માં આવે (દ્વિતીય) सर्पिर्नाथते વિકલ્પે (ષષ્ઠી) सर्पिषो नाथते – ઘી ને માંગે છે.

(નોંધ :– भ्वादि આત્મનેપદ સૂત્રઃ ૧૫૪ માં नाथः સુત્ર આવશે. [૭૬]

[૩૭૪]

(૭) रुजाऽर्थस्याऽज्वरिसन्तापेर्भावे कर्तरि ૨/૨/૧૩

★ સૂત્રપૃથ૦ :– रुजा अर्थस्य अज्वरि सन्तापेः भावे कर्तरि

★ વૃત્તિ :– ज्वरिसन्तापि वर्जपीडार्थधातूनामपि व्याप्यं कर्म वा, भावे कर्तरि सति । चौरस्य चौरं वा रुजति रोगः ।

■ "जासनाटक्राथपिषोहिंसायाम्" । चौरस्य चोरं वोज्जासयति

卐 વૃત્યર્થ :– णि અન્ત વાળા ज्वर અને सम् ઉપસર્ગ પૂર્વક तप् ધાતુ વર્જિત रुजा–પીડા અર્થવાળા ધાતુનો કર્તા ભાવરૂપ હોય તેનું જે કર્મ તે વિકલ્પે કર્મસંજ્ઞક થાયછે જેમકે :– चौरं रुजति रोगः વિકલ્પે चौरस्य रुजति रोगः રોગ ચોરને પીડે છે. (રોગ–ભાવવાચી કર્તા છે)

★ અનુવૃત્તિ :–(૧) कर्तुर्व्याप्यं कर्म ૨/૨/૩ થી कर्म (૨) हृक्रोर्नवा ૨/૨/૮ થી नवा

卐 વિશેષ :– 0 अज्वरि सन्तापेः કેમ કહયું ?

ज्वरः–आद्युनं ज्वरयति रोगः ખૂબ ખાનારને રોગ પીડેછે.

सन्ताप् – आद्युनं सन्तापयति रोगः– ખૂબ ખાનારને રોગ સંતાપે છે. – અહી ज्वर અને सन्ताप ધાતુ હોવાથી વિકલ્પે પ્રયોગ ન થાય.

0 भावकर्तरी કેમ ?

मैत्रं रुजति श्लेष्मा કફ મૈત્રને પીડેછે.

– કફ ભાવરૂપ કર્તા નથી

चैत्रं रुजति अत्यशने वातः – ચૈત્રને વધુ ખાવાથી વાયુ પીડે છે – અહીં ભાવ છે કર્તા નથી

0 रुजार्थ કેમ કહયું ?

एति जीवन्तमानन्द પીડા અર્થ નથી માટે વિકલ્પે ષષ્ઠી ન થાય.

■ શેષવૃત્તિ :– (૨) जास–नाट–क्राथ–पिषःहिंसायाम् ૨/૨/૧૪ હિંસા અર્થવાળા णि અન્ત એવા जास्–नाट् क्राथ्–पिष् ધાતુના વ્યાપ્યને વિકલ્પે કર્મ સમજવું. चौरस्य चौरं वा उज्जासयति – ચોરને બાંધે છે. એજ રીતે चौरस्य चौरं वा उन्नाटयति (કનડે છે) उत्क्राथयति (પીડે છે). पिनष्टि – પીસે છે. [૭૮]

[૩૭૫]

(૮) निप्रेभ्यो घ्नः ૨/૨/૧૫

★ સુત્રપૃથ ૦ :– नि-प्रेभ्यः घ्नः

★ વૃત્તિ :– समस्त व्यस्त विपर्यस्ताभ्यां निप्राभ्यां परस्य हन्तेर्व्याप्यं कर्म वा स्यात् । चौरस्य चौरं वा निप्रहन्ति निहन्ति–प्रहन्ति–प्रणिहन्ति इत्यादि ।

■ :– "अधेः शीङ् स्थास आधारः" । कर्म नित्यं स्यात् । ग्राममधिशेते अधितिष्ठति अध्यास्ते ।

卐 વૃત્યર્થ :– સમસ્ત नि–प्र પછી, વ્યસ્ત नि–प्र પછી, વિપર્યસ્ત प्र–नि પછી આવેલા હિંસા અર્થવાળા हन् ધાતુના વ્યાપ્યને વિકલ્પે કર્મસંજ્ઞક સમજવુ, જેમ કે:–

चौरस्य निप्रहन्ति पक्षे निहन्ति पक्षे प्रहन्ति पक्षे प्रणिहन्ति चौरं निप्रहन्ति पक्षे निहन्ति पक्षे प्रहन्ति पक्षे प्रणिहन्ति

ચોરને મારે છે. – અહીં વિકલ્પે ષષ્ઠી–દ્વિતીયા વિભકિત થઇ-(સમસ્ત :- निप्र, વ્યસ્ત:- नि અને प्र, વિપર્યસ્ત प्रनि ત્રણે પ્રકારે પ્રયોગ થશે.

★ અનુવૃત્તિ :– (૧) जास नाटक्राथ पिषो हिंसायाम् ૨/૨/૧૪ થી हिंसायाम् (૨) हृक्रोर्नवा ૨/૨/૮ થી नवा (૩) कर्तुर्व्याप्यं कर्म ૨/૨/૩ થી कर्म

卐 વિશેષ :– 0 हिंसायाम् કેમ કહયું ?

रागादीन् निहन्ति – રાગાદિ શત્રુઓને હણે છે. અહીં વિકલ્પે બે રૂપો ન થાય. કેમ કે હિંસા નથી

0 निप्रेभ्यः કેમ કહયુ ?

चौरं हन्ति – ચોરને હણે છે. – नि–प्र નથી

0 સુત્રમાં બ વ. સમસ્ત–વ્યસ્ત અને વિપર્યસ્તના સંગ્રહ માટે છે.

■ શેષવૃત્તિ :–(૩) अधेः शीङ् स्थाऽऽसः आधारः ૨/૨/૨૦ अधि ઉપસર્ગ સાથે સંબધ ધરાવતાં शीङ्, स्था અને आस् ધાતુના આધારની નિત્ય કર્મ સંજ્ઞા સમજવી.

ग्रामे अधिशेते ને બદલે ग्रामम् अधिशेते–ग्रामम् अधितिष्ठति, ग्रामम् अध्यास्ते થાય. (ગામમાં રહેછે) [૭૯]

[૩૭૬]

(૯) उपान्वध्याङ्‌ वसः २/२/२१

✱ સુત્રપૃથ૦ :- उप अनु अधि आङ्‌ वसः

★ વૃતિ :- एभ्यो वसंतेराधारोऽप्येयम् । ग्राममुपवसति ।

卐 વૃત્યર્થ :- उप, अनु, अधि, आङ्‌ (आ) પુર્વક वस् ધાતુના આધારને કર્મ સંજ્ઞક સમજવુ (આધારસુચક નામ છતાં દ્વિતીયા લાગે સપ્તમી નહીં) ग्रामम् उपवसति – ગામમા રહેછે. ग्रामम् નુ ग्रामे ન થયુ.

✱ અનુવૃતે :- (૧) अवे: शिङ् स्थाऽऽसः आधारः २/२ २० થી आधार
(૨) कर्तुर्व्याप्यंकर्म २/२/३ થી कर्म

卐 વિશેષ :- 0 उपवस् નો અર્થ ઉપવાસ ન કરવો – તેમજ – उपवसते – રહેછે એવે અર્થ પણ ન થાય. માત્ર રહેછે અર્થનુ જ ગ્રહણ કરવુ
0 वस धातु वसति ભ્વાદિ ગણ–૧ નો લવો अदादि ગણ–૨ નો નહીં *1
0 અન્ય ઉદાહરણ :
ग्रामम् अधिवसति, अनुवसति आवसति,
0 अनु વગેરેના સાહચર્યથી उप – સ્થાનાર્થ માત્ર ગ્રહણ કરવો નાગ, નિવૃતિ અર્થમા નહી *2

[३७७]

(૧૦) वाऽभिनिविशः २/२/२२

☐ સૂત્રપૃથ૦ :- वा अभि-नि विशः

✱ વૃતિ :- अभि-नि पुर्वस्य विश आधार कर्म वा स्यात् । व्यवस्थितविभाषेयम्, तेन क्वचित्कर्मत्वं क्वचिदाधारसंज्ञाऽपि । ग्राममभिनिविशते । कल्याणे अभिनिविशते

☐ "कालाध्वभाव देश वा कर्मचाकर्मणाम् । माममास्ते मास आस्यते । "क्रिया विशेषणात्" । द्वितीया । क्रिया व्ययविशेषणे क्रस्य क्लीबत्वम् । स्तोकं पचति सुखं स्वपिति ।

卐 વૃત્યર્થ :- अभि+नि ઉપસર્ગ પૂર્વક विश् ધાતુના જે આધાર વિકલ્પે કર્મ સંજ્ઞક થાય. અહીં વ્યવસ્થિત વિભાષારૂપ वा નુ ગ્રહણ કરેલ હોવાથી (અમુક પ્રયોગોમાં જ આ સૂત્ર લાગે અને અમુક પ્રયોગોમાં આ સૂત્ર ન લાગે) ક્યારેક કર્મસંજ્ઞા થાય – ક્યારેક અધિકરણ સંજ્ઞા થાય.
(કર્મ) ग्राममभिनिविशते – ગામમાં પ્રવેશ કરેછે.
(આધાર) कल्याणे अभिनिविशते કલ્યાણમાં વસેછે.

☐ અનુવૃતે :- कर्तुर्व्याप्यं कर्म २/२/३ થી कर्म

卐 વિશેષ :- 0 સૂત્રમા મુકેલ वा વિકલ્પ માટે નથી પણ વ્યવસ્થિત વિભાષા માટે છે. તેથી ૧૮ નંબરથી અનુવૃત્તિ ન લઈ જતા પૃથગ્ वा નુ ગ્રહણ કર્યુ

☐ શેષવૃત્તિ :- (૪) कालाध्वभावदेशं वा कर्मः चाकर्मणाम् २/२/२३ અકર્મક ધાતુઓના કાળરૂપ, માર્ગરૂપ ભાવરૂપ અને દેશરૂપ આધારને એકીસાથે કર્મરૂપ અને અકર્મરૂપ વિકલ્પે સમજવા.
કાળરૂપ આધાર :- मासम् आस्ते पक्षे मासे आस्ते = મહિના સુધી બેસે છે.
मासम् आस्यते – અહી કર્મ સંજ્ઞા માનીને मासम् દ્વિતીયા વિભક્તિ થાય – અકર્મક સંજ્ઞા માનીને आस्ते मा ભાવ અર્થમા क्य પ્રત્યય થયો [૮૦]
(૫) क्रिया विशेषणात् २/२/४१ ક્રિયા વિશેષણ સુચક ગૌણ નામને દ્વિતીયા વિભક્તિ લાગે છે ક્રિયા વિશેષણમાં નપુંસક લિંગ થાય છે
स्तोकं पचती – થોડુ રાંધે છે, सुखं स्वपिति સુખે રહે છે– स्तोक, सुख બન્ને ક્રિયા વિશેષણે છે. [૮૧]

[३७८]

દ્વિતીયા અંગેના વિધાનો :-

(૧૧) उत्कृष्टेऽनूपेन २/२/३९

★ સૂત્રપૃથ૦ :- उत्कृष्टे अनूपेन

★ વૃતિ :- उत्कृष्टार्थादनूपाभ्यां युक्तात्गौणा न्नाम्नो द्वितीया भवति । अनुसिद्धसेनं कवयः । उपहेमचन्द्रं वैयाकरणाः । तेषु ते उत्कृष्टा इत्यर्थः ।

卐 વૃત્યર્થ :- उत्कृष्ट અર્થમાં વર્તતા अनु અને उप થી યુક્ત ગૌણ નામને દ્વિતીયા થાયછે. अनु सिधसेन कवयः બધા કવિ સિદ્ધસેનથી ઉતરતાં છે.
उप हेमचन्द्रं वैयाकरणः – હેમચન્દ્ર શ્રેષ્ઠ વૈયાકરણછે

✱ અનુવૃતિ :- गौणात् समया नीकषा हा धीगन्तराऽन्तरेणाऽतीयेन तेनै द्वितीया २/२/३३ થી गौणात् द्वितीया

卐 વિશેષ :- 0 અહી વિભક્તિ પ્રયોગ વિચારથી (ઉપપદ વિભક્તિ થી) દ્વિતીયા થાયછે.

---

*1 अदाधनदादोरनदादेरेव ग्रहणम् ન્યાયથી ભ્વાદિ ગ્રહણ કરવું ન્યાય – ૩ પૃ પર

*2 अन्वादि – बृहद्वृत्ति – સૂત્ર २/२/२१ ની વૃત્તિ

0 उत्कृष्ट શબ્દ हीन ની અપેક્ષાએ સમજવો

[379]

(12) गौणात् समया निकषा-हा-धिगन्तराऽन्तरेणाऽति येन तेनै द्वितीया २/२/33

★ સુત્રપૃથ૦ :– गौणात् समया निकषा हा धिक् अन्तरा अन्तरेण अति येन तेनैः द्वितीया

★ વૃતિ :– क्रियान्वयि मुख्यम्, परं गौणम् समयादिभिर्नव -भिर्युक्तद्गौणान्नाम्नो द्वितीया स्यात् । समया ग्रामम् । निकषा गिरिं नदी । हा मैत्रं व्याधिः । धिग् जाल्मम् । अन्तरा निषधं नीलं च विदेहाः । अन्तरेण धर्मं क्व सुखम् । अतिवृद्धं कुरून् बलम् । येन पश्चिमां गतस्तेन पश्चिमां नीतः ।

卐 વૃત્યર્થ :– ક્રિયાન્વયી મુખ્ય, અન્યગૌણ (આખ્યાત પદની સાથે અભેદે કરીને સંબંધ ન થાય તે ગૌણનામ કહેવાય) समया (નજીક) निकषा (નજીક) हा (ખેદ), धिग् (ધિક્કાર), अन्तरा (મધ્યમાં). अन्तरेण (સેવાય), अति (ઉલ્લંઘન), येन-तेन (બન્ને શબ્દો લક્ષ્ય-લક્ષણ ભાવ જણાવે છે) આ બધા શબ્દો સાથે જોડાયેલા ગૌણ નામને દ્વિતીયા વિભક્તિ થાયછે.

0 समया ग्रामम् – ગામની પાસે.
0 निकषा गिरिंनदी – પર્વત પાસે નદી.
0 हा मैत्रं व्याधि – અરે મૈત્રને રોગ.
0 धिग् जाल्मम् – દુષ્ટને ધિક્કાર.
0 अन्तरा निषधं निलं च विदेहा :– નિષધ અને નિલ પર્વત વચ્ચે વિદેહ પર્વત છે.
0 अन्तरेण धर्म क्व सुखम् – ધર્મ વિના સુખ ક્યાં ?
0 अति वृद्ध कुरून् बलम् – કૌરવોથી પાંડવોનું લશ્કર બળવાન છે
0 येन पश्चिमां गतः – જે બાજુથી પશ્ચિમમાં ગયો
0 तेन पश्चिमां नीतः – તે બાજુથી પશ્ચિમમાં લઇ ગયો.

卐 વિશેષ :– 0 द्वितीया :– अम् औ शस् प्रत्ययो
0 વિભક્તિ વિચારથી દ્વિતીયા-ષષ્ઠીનો અપવાદ
0 गौणात् કેમ કહ્યું ?
अन्तरा गार्हपत्यमाहवनीयं च वेदीः :– અહીં वेदि શબ્દ પ્રધાન હોવાથી દ્વિતીયા થશે નહી.

[380]

(13) द्वित्वेऽधोऽध्युपरिभिः २/२/34

★ સૂત્રપૃથ૦ :– द्वित्वे अधो-अधि-उपरिभिः

★ વૃતિ :– द्विरुक्तैरेभिर्युक्ताद् द्वितीया स्यात् । अधोऽधोग्रामम्, अध्यधिग्रामम् उपर्युपरि ग्रामं-ग्रामाः । द्वित्व इति किम् ? अधो गृहस्य ।

卐 વૃત્યર્થ :– દ્વિર્ભાવ પામેલા (બેવડાયેલ) अधस् अधि, उपरि શબ્દથી સહિત જે ગૌણ નામ તેને દ્વિતીયા વિભક્તિ થાય છે.

0 अधोऽधो ग्रामम् – ગામની પાસે નીચે-નીચે
0 अध्यधि ग्रामम् – ગામની પાસે ઉપર-ઉપર
0 उपर्युपरि ग्रामम् – ગામની પાસે ઉપર-ઉપર (ત્રણેમાં द्विर्भाव થતાં ग्राम ને દ્વિતીયા થઇ)
0 द्वित्व કેમ ? अधो गृहस्य-ઘરની નીચે (અહી દ્વિત્વ નથી માટે દ્વિતીયા ન થઇ)

★ અનુવૃત્તિ :– गौणात् समया निकषा...द्वितीया २/२/33 થી દ્વિતીયા.

卐 વિશેષ : 0 सामीप्यंऽधोऽध्युपरि ७/४/७९ સૂત્રથી अधोध्युपरि ત્રણે બેવડાય છે.
0 આ ઉપપદવિભક્તિ સૂત્રછે-વિભક્તિ પ્રયોગથી દ્વિતીયા
0 સૂત્રમાં બ.વ. અનુક્રમે એ.વ., દ્વિ.વ., બ.વ. નિવૃતિ માટે છે.
0 ષષ્ઠીનો અપવાદ દ્વિતીયા થાય છે.

[381]

(14) सर्वोभयाभिपरिणा तसा २/२/35

★ સુત્રપૃથ૦ :– सर्व उभय अभि परिणा तसा

★ વૃતિ :– तसन्तैः सर्वादिभिश्चतुर्भिर्युक्ताद् द्वितीया स्यात् । सर्वतो ग्राम वनानि ।

卐 વૃત્યર્થ :– तस् પ્રત્યયાન્ત सर्व, उभय, अभि परि શબ્દ સહિત જે ગૌણનામ તેને દ્વિતીયા થાય.

सर्वतो ग्रामं वनानि – ગામની ચારે બાજુ વન છે.

★ અનુવૃત્તિ :– गौणात् समया निकषा ... द्वितीया २/२/33 થી गौणात् द्वितीया.

卐 વિશેષ :– 0 आद्यादिभ्यः ७/२/८४ તથા पर्यभेः सर्वोभये ७/२/८3 થી तस् પ્રત્યય
0 આ સૂત્ર ષષ્ઠીનો અપવાદ છે.

0 ઉપપદ વિભક્તિ થી દ્વિતીયા વિધાન થયુ છે.
0 विशेषणमन्तः ७/४/११३ परिभाषा थी तदन्त ग्रहणुं सर्वतन्त्र् *1

0 અન્ય ઉદાહરણ :-

उभयतः ग्रामं वनानि – ગામની ચારેબાજુ વનછે
परितः ग्रामं वनानी – ગામની ચારેબાજુ વનછે.

[382]

(૧૫) कालाध्वनोर्व्याप्तौ २/२/४२

★ સૂત્રપૃથ૦ :- काल-अध्वनः व्याप्तौ

★ વૃત્તિ :- द्वितीया । व्याप्तौ ... मासमधीते । क्रोशं गिरिः ।

卐 વૃત્યર્થ :- વ્યાપ્તિ – નિરંતરતા અથવા લાગલગાટ પણું એ અર્થને સૂચવના કાલવાચી અને અધ્વ (માર્ગ) વાચી ગૌણ નામને દ્વિતીયા વિભક્તિ થાય.

मासमधीते - મહિના સુધી સતત અભ્યાસ કરેછે
क्रोशं गिरिः – એક ગાઉ સુધી પહાડ આવેછે.

★ અનુવૃત્તિ :- गौणात् समया निकषा ... द्वितीया २/२/३३ थी द्वितीया

卐 વિશેષ :- 0 વ્યાપ્તિ કેમ કહ્યુ ?
मासस्य मासे वा द्व्यहं गुडधाना. મહિનામા બે દિવસ ગોળ ધાણા વહેંચાય છે. – એ નિરંતરતા નથી માટે द्व्यहम् થયુ પણ માસ ને દ્વિતીયા ન થઈ*
0 कालाध्वनो કેમ કહ્યુ ?
ग्रामाच्छ्रा पचति – રાંધવાની ક્રિયા
0 વ્યાપ્તિ એટલે ... દ્રવ્ય સાથે ગુણ ક્રિયારૂપ સંબંધ ... તે
0 આ સૂત્ર વિકલ્પે પંચમી–સપ્તમી નો બાધક છે

[383]

(૧૬) सिद्धौ तृतीया २/२/४३

★ વૃત્તિ :- ... ग्रहीतम् । सिद्धाविति किम ? मासमधीतोऽनुवाकोऽनेन न गृहीत ।

卐 વૃત્યર્થ :- (ક્રિયાના ફળની સિદ્ધિ જણાવે છે કાળ અને અધ્વવાચી ગૌણ નામ ને તૃતીયા વિભક્તિ થાયછે) मासेनावश्यकमधीतम् મહિનામાં આવશ્યક ભણ્યો (અને આવડ્યું એવો અર્થ)
0 સિદ્ધૌ એમ કેમ કહ્યું ?
मासम अधीत नु आचारः अनेन गृहीतः
મહીના સુધી આચાર શાસ્ત્ર ભણ્યો પણ આવડ્યું નહીં માટે દ્વિતીયા થઈ

★ અનુવૃત્તિ – कालाध्वनोर्व्याप्तौ २/२/४२ काल अध्वन

卐 વિશેષ :- 0 અધ્વવાચીનુ ઉદાહરણ *
क्रोशेन प्राभृतमधीतम् – એક ગાઉ સુધી ... પ્રાભૃતનુ અધ્યયન કર્યું
0 વ્યાપ્તિ – નિરંતર અર્થ અહી પણ લેવો.
तृतीया – टा – भ्याम् – भिस् प्रत्यय
0 * कालाध्वनो व्याप्तौ २/२/४२ નો અપવાદ છે

[384]

(૧૭) स्वतन्त्रः कर्ता २/२/२

★ વૃત્તિ :- क्रियासिद्धौ प्रधानो यः स कर्ता स्यात् ।
तथाहुः –
निष्पत्ति मात्रे कर्तृत्वं सर्वत्रैवास्ति कारके ।
व्यापारभेदापेक्षायां करणादि सम्भवः ॥
फलार्थी यः स्वतन्त्रः सन् फलायारभते क्रियाम् ।
क्रियायाः फलभागी स कर्ता नाम कारकम् ।
चैत्रः पचति । अत्र चैत्रः कर्ता ... स्वतन्त्रत्वात्,
... करणादीनि कारकाणि तु करणादि कारकैः प्रयुक्तानि ।
यथा घटः भिद्यते । ... चूर्णम् । ... मुनिः ।
... स्थालि ।

卐 વૃત્યર્થ :- ક્રિયાની સિદ્ધિમાં પોતે પ્રધાન (મુખ્ય) હોય તેનુ નામ કર્તા છે.
શ્લોકાર્થ :- સર્વ (દેશ–કાળ–ક્ષેત્રમાં) ફળની સિદ્ધિમાં કારકનું કર્તૃત્વ છે (પણ) વ્યાપાર (ક્રિયા) ભેદની અપેક્ષાએ કરણ વગેરે (સંપ્રદાન–અપાદાન અધિકરણ વગેરે) ના ભેદોનો સંભવ છે. ફળનો ઇચ્છુક જે સ્વતન્ત્ર રહીને ફળને માટે ક્રિયાનો આરંભ કરેછે. અને અન્ય

*1 विशेषणमन्तः – બૃહદ્વૃત્તિ શબ્દ ન્યાસ પૃ. ૧૧૬
*2 व्याप्त्यभावे विवक्षायां च न द्वितीया ... सम्बन्ध सामान्ये ... विवक्षायां वा ... षष्ठी ... इति मासस्य मासे–સ્વોપજ્ઞ રત્નાકર પૃ. ૬૨.

* દ્વિતીયાનો અપવાદ – લઘુવૃત્તિ અવચૂરિ પૃ. ૧૯૨

પરતન્ત્રોને પ્રયોજે છે તે "કર્તા" નામનો કારક કહેવાય છે.

[શ્લોકનો સંક્ષિપ્ત અર્થ :- આરંભાયેલી ગમેતે પ્રવૃતિના આદિથી અંત ભાગ સુધી ક્રિયાની નિષ્પતિ એટલે ક્રિયા સિધ્ધિ. આ ક્રિયા સિધ્ધિમાં પ્રધાન હોય તેનું નામ કર્તા અને આવી નિષ્પતિનાં સાધકરૂપ હોય તથા ક્રિયા કરનાર તરીકે સ્વતન્ત્ર હોય તે કર્તા કારક કહેવાય.]

0 चैत्रेणकृतम् – ચૈત્ર વડે કરાયો (ઘડો)
અહીં ક્રિયા કરવામાં ચૈત્ર સ્વતન્ત્રછે, ક્રિયામાં ફેરફાર તેને આધીન છે. (કર્તા ત્રીજી વિભક્તિ હેતુ કર્તૃ...લક્ષણે ૨/૨/૪૪ થી થઇ છે)

0 चैत्रः कटं करोति – ચૈત્ર સાદડી કરેછે.
વિભક્તિ દ્વારા કર્તા ઉક્ત થવાથી પ્રથમા થઇ *

0 (કર્મ) घटः क्रियते અહીં क्रियते આખ્યાત દ્વારા ઘટ રૂપ ઉક્ત છે તેથી ઘટ ને પ્રથમા થઇ

0 કરણ :- स्नानीयं चूर्णम् – (स्नाति अनेन)

0 સમ્પ્રદાન :- दानीयः मुनिः (दीयते अस्मै)

અપાદાન :- भयानकः व्याघ्रः (बिभेति अस्मात्)

0 અધિકરણ :- गुडधानी स्थाली (धीयन्ते अस्याम्)

卐 વિશેષ :- 0 स्व=આત્મા, तन्त्र=પ્રધાન જેના વ્યાપાર કાર્યમાં આત્મા પ્રધાન છે તે સ્વતન્ત્ર.

[૩૮૫]

(૧૮) साधकतमं करणम ૨/૨/૨૪

★ વૃત્તિ :- क्रियायां व्यवधानेन विवक्षितं क्रिया सिद्धौ प्रकृष्टोपकारकं करणं स्यात् । दानेन लभते भोगम् ।

卐 વૃત્ત્યર્થ :- ક્રિયાન્તરના અકથનથી વિવક્ષિત ક્રિયાની સિધ્ધિમાં પ્રકૃષ્ટ ઉપકારક ની કરણ સંજ્ઞા થાય.

[સિધ્ધહેમ વૃત્યર્થ :- જેના વ્યાપારથી અનન્તર ક્રિયાની સિધ્ધિની વિવક્ષા કરાય તે સાધકતમ કહેવાયછે. – ક્રિયા કરવામાં જે વધુમાં વધુ સહાયક તે 'કરણ' સમજવું

दानेन लभते भोगम् – દાન વડે ભોગને મેળવેછે અહીં ભોગ પ્રાપ્તિની ક્રિયામાં દાન પ્રકૃષ્ટ ઉપકારક છે માટે તૃતીયા થઈ.

卐 વિશેષ :- 0 दानेन लभते भोगान् અહીં દાનનો વ્યાપાર તે પુણ્યબંધ – માટે – કરણસંજ્ઞા થઇ અન્યથા હેતુ થઇને પ્રથમા આવત.
સાધક :- ક્રિયાની સિધ્ધિમાં જેનું કર્તૃત્વ હોય તે
સાધન :- ફળની સિધ્ધિમાં ઉપકારક હોય તે સાધન
સાધકતમ : = કરણ = પ્રકૃષ્ટ ઉપકારક કારક/સાધન

[૩૮૬]

તૃતીયા અંગેના વિધાનો :-

(૧૯) हेतुकर्तृ करणेत्थम्भूत लक्षणे ૨/૨/૪૪

★ સૂત્રપૃથ૦ :- हेतु कर्तृ करण इत्यम्भूत लक्षणे

★ વૃત્તિ :- एषु चतुर्षु तृतीया स्यात् । तत्र फल साधन योग्यो हेतुः । दानेन लभते भोगान् । धनेन कुलम् चैत्रेण कृतम् । दात्रेण लुनाति । कञ्चित्प्रकार मापन्नस्य चिह्न इत्थम्भूत लक्षणं । कमण्डलुना छात्रं लक्षयेः, कमण्डलुना छात्रमद्राक्षीत्

卐 વૃત્યર્થ :- હેતુ કર્તૃ (કર્તા) કરણ ઇત્થભૂત (વિશેષ) લક્ષણના અર્થમાં વર્તતા નામને તૃતીયા થાય છે.
હેતુ એટલે – ફળની સિધ્ધિમાં જેની યોગ્યતા હોય તે જેમકે :-
હેતુ :- धनेन कुलम् – ધન વડે કુળ (છે)
ધન કુળની પ્રાસિધ્ધિમાં હેતુરૂપ છે.
કર્તા :- चैत्रेण कृतम् ચૈત્ર વડે કરાયુ (ચૈત્રેકર્યું)
કરણ :- दात्रेण लुनाति – દાતરડા વડે કાપેછે.
0 કોઇ પ્રકારનું માપન–ચિહ્ન કે વિશેષતાના નિશાનનું સૂચક તે इत्थम्भूत लक्षण કહેવાય
कमण्डलुना छात्रं लक्षयेः
0 कमण्डलुना छात्रमद्राक्षीत्–શું વિદ્યાર્થીને કમંડલ સાથે તે જોયો ? –અહીં कमण्डल શબ્દ વિદ્યાર્થીની નિશાની રૂપે છે.

★ અનુવૃત્તિ :- सिद्धौ तृतीया ૨/૨/૪૩ થી तृतीया

卐 વિશેષ :- 0 હેતુ ફળસિધ્ધિ યોગ્ય પદાર્થ
कर्ता=ક્રિયાકારક, करण, કાર્યસાધનમાં પ્રકૃષ્ટ ઉપકારક –
0 इत्थम्भूत लक्षण કેમ કહ્યુ ?
वृक्षं प्रति विद्योतनम् લક્ષ્ય નિર્દેશ છે લક્ષણ નથી.

[૩૮૭]

---

* प्रथमा :- उक्तार्थानाम प्रयोग : ન્યાસ ૨૮, પૃ. ૨૬

(२०) सहार्थे २/२/४५

✱ सूत्रपृथ० :- सह-अर्थे

★ वृत्ति :- सहार्थेन तुल्ययोगे विद्यमानता च तस्मिन् गम्यमाने नाम्नस्तृतीया स्यात् । पुत्रेण सह आगतः, स्थूलः गोमान् । एकेनापि सुपुत्रेण सिंही स्वपिति निर्भयम् । सहैव दशभिः पुत्रैर्भारं वहति गर्दभी ॥

卐 वृत्यर्थ :- तुल्यमानता (समानता) होवी अने विद्यमानता (हयाति) होवी आ बेमांथी कोइ एक अर्थ जणातो होय तो सह अने सह अर्थ वाळा शब्दना योगे गौण नामने तृतीया विभक्ति थाय

0 क्रियानी समानता - पुत्रेण सह आगत त पुत्र साथे आव्यो. (पुत्र आव्यो - आवनार पण आव्या) आगमननी समानता

0 गुणनी समानता :- पुत्रेण सह स्थूल आगत पुत्रनी साथे जाडा (मातृल) आव्यो जाडाइनी समानता

0 द्रव्यनी समानता - पुत्रेण सह गोमान् आगत पुत्रनी साथे ग वाळो आव्यो (अटले के ब ने आव्या) - गायना धननी समानता

विद्यमानता - श्लोक : एकेनापि . सहैवदशभि एक पण सुपुत्र होयनो निर्भय पणेथी सुए छे दश पुत्र (बच्चा) साथे पण गधेडी भारनेज वहन करेछे.

✱ अनुवृत्ति :- नित्यं तृतीया २/२/४३ थी तृतीया

卐 विशेष :- 0 गौण नामने केम कह्युं ? सह दयैव चरतो धर्मम् - अहीं बन्ने प्रधान छे माटे तृतीया न थाय - प्रथमा थाय. * 1

0 तुल्य * 2 साधारण तथा अप्रधान (गौणनो) प्रधान (मुख्य) क्रिया वगेरे साथे सम्बंध ते तुल्य योग.

0 विद्यमानता = सत्

[366]

(२१) यद्भेदैस्तद्वदाख्या २/२/४६

★ सूत्रपृथ० :- यद् भेदैः तद् वत् आख्या

★ वृत्ति :- यद् भेदिभिः भेदैः पुत्र तेनाऽऽधारोऽर्थस्य आख्या स्यात् तत्तृतीया स्यात् । अक्ष्णा काणः । प्रकृत्या दर्शनीयः । आमरेति प्रवेरासिद्धार्थम् । तेनाऽक्ष्णा दीर्घ इति न स्यात् ।

卐 वृत्यर्थ :- जे भेदीना भेद वडे तद् वत् (ते वाळा) अर्थनो निर्देश होयने गौण नामने तृतीया थाय छे. (भेदिन=अवयव, भेद=प्रकार) [जे विशेषना वडे विशेषना वाळा पदार्थना आधारनी प्रसिद्धि थती होय ते पदार्थने तृतीया करवी अेवो अर्थ थाय]

अक्ष्णा काण आंख वडे काणो-अहीं "काणत्व" भेदथी काणी आंखवाळानुं कथन थयुं छे.

प्रकृत्या दर्शनीय - प्रकृति वडे देखावडो

0 अक्ष्णा शब्द प्रसिद्धिना अर्थमां छे तेथी अक्ष्णा दीर्घ (मानुष आंख वडे हरीने लांबोछे) अेवा अर्थ थई शके नहीं.

★ अनुवृत्ति - नित्यं तृतीया २/२/४३ थी तृतीया

卐 विशेष :- " तद्वत् न कहत केम कह्युं ? अहीं करणं दधं काणी आंखने जे अहीं मात्र पदार्थ नो निर्देश छे

0 तद् नु ग्रहण प्रकृति निर्देश माटे छे अने तद् आधेयवी छे *

[366]

(२२) कृताद्यैः २/२/४७

★ सूत्रपृथ० :- कृत - आद्यैः

✱ वृत्ति .- निषेधार्थैः कृताद्यैर्युक्तात्तृतीया स्यात् । कृतं तेन । किं गतेन । इति तृतीया ।

卐 वृत्यर्थ :- निषेधार्थक कृत वगेरे शब्दो साथे जोडायेल (गौण नामने) तृतीया थाय छे कृतं तेन - तेना वडे सर्युं (अर्थात् तेना करवाथी शुं वळे ? - कशुं न वळे) किं गतेन=जवाथी शु (कंई नहीं अेवा अर्थ)

✱ अनुवृत्ति :- नित्यं तृतीया २/२/४३ थी तृतीया

卐 विशेष :- " कृतादि - कृत, मस्तु, कृतम् अलम्, किम् वगेरे सर्व कृतादि नो अर्थ "अलं" अेवो थाय

[360]

* 1 न्यायः- उपपद विभक्तेः कारकविभक्तिः बलीयसी न्याय ४६, पृ. ४३

* 2 सिद्धहेम लघुवृत्ति - अवचूरि - पृ. १९३

* यद् मध्यमवृत्ति अवचूरि भा. १ पृ. १२५

कर्माभिप्रेयः सम्प्रदानम् २/२/२५

★ સૂત્રપૃથ૦ :– कर्म अभिप्रेयः सम्प्रदानम्
★ વૃત્તિ :– कर्मणा व्याप्येन क्रियया वा योऽभिप्रेयते स सम्प्रदानं स्यात् ।

"चतुर्थी" सम्प्रदाने । देवाय बलिं दत्ते । राज्ञे कार्यमाचष्टे । पत्ये शेते । "स्पृहेर्व्याप्यं वा" सम्प्रदानम् । साधुभ्यः साधुन् वा स्पृहयति ।
"क्रुधद्रुहेर्ष्यासूयार्थैर्योगे यं प्रति कोपः स सम्प्रदानम्" मैत्राय क्रुध्यति । द्रुह्यति

卐 વૃત્યર્થ :– કર્મ અથવા ક્રિયા દ્વારા જેનો અભિસંબંધ ઇચ્છે છે તે સમ્પ્રદાન કહેવાય. જેમકે :– देवाय बलिं दत्ते – દેવને (માટે) બલિ આપેછે. (ચતુર્થી વિભક્તિ–"चतुर्थी" સૂત્રથી થશે) કર્તા બલિરૂપ કર્મ વડે દેવને વિશેષ ઇચ્છે છે માટે સંપ્રદાન કહેવાય.

卐 વિશેષ :– 0 कर्माभिप्रेयः કર્મ અથવા ક્રિયા. જે કરણભૂત હોય તેના દ્વારા જેને શ્રદ્ધા અથવા અનુગ્રહાદિકની ઇચ્છાથી સંબંધ કરવાને ઈચ્છે તે કર્માભિપ્રેય – કહેવાય
સકર્મક ધાતુમાં કર્મ દ્વારા, અકર્મક ધાતુમાં ક્રિયા દ્વારા अभिग्रहण થી આ ન થાય — रजकस्य वस्त्रं ददाति – ધોબીને વસ્ત્ર આપે છે – અહીં શ્રદ્ધા કે અનુગ્રહ બુદ્ધિ નથી.

શેષવૃત્તિ :– (૬) चतुर्थी २/२/५३ સંપ્રદાનસૂચક ગૌણ નામને ચોથી વિભક્તિ લાગેછે.– ડે., भ्याम् भ्यस्
राज्ञे कार्यमाचष्टे રાજાને (માટે) કાર્ય કહેછે. – કર્તા કાર્યરૂપ કર્મ વડે રાજાને ઇચ્છે છે. માટે રાજા સંપ્રદાન થતાં ચતુર્થી લાગે
पत्ये शेते પતિના માટે સૂએછે. [૮૨]
(૭) स्पृहेर्व्याप्यं वा २/२/२६ स्पृह ધાતુના કર્મને વિકલ્પે સંપ્રદાન સંજ્ઞા થાય.
साधुभ्यः साधुन् वा स्पृहयति । સાધુની સ્પૃહા કરેછે. વિકલ્પે સંપ્રદાન થાય તો ચતુર્થી લાગે, નહીં તો કર્મ સંજ્ઞાથી દ્વિતીયા થાય. [૮૩]
(૮) क्रुधद्रुहेर्ष्याऽसूयार्थैर्यं प्रति कोपः २/२/२७ પ્રયોગમાં ક્રોધ–દ્રોહ–ઇર્ષ્યા–અસૂયા અર્થમાં ધાતુ વપરાયેલ હોય ત્યારે જેના પ્રત્યે ક્રોધ, દ્રોહ, ઇર્ષ્યા, અસૂયા હોય તેની સંપ્રદાન સંજ્ઞા થાય.
मैत्राय क्रुध्यति – મૈત્ર પ્રત્યે ક્રોધ કરેછે.
मैत्राय द्रुह्यति – મૈત્ર પ્રત્યે દ્રોહ કરેછે.
બન્નેમાં સંપ્રદાન સંજ્ઞાથી ચતુર્થી થઈ [૮૪]

[૩૯૧]

(૨૪) नोपसर्गात्क्रुद्द्रुहा २/२/२८

★ સૂત્રપૃથ૦ :– न उपसर्गात् क्रुधू द्रुहा
★ વૃત્તિ :– सोपसर्गाभ्यां क्रुद्द्रुहिभ्यां योगे तु न । मैत्रमभिक्रुध्यति ।

卐 વૃત્યર્થ :– ઉપસર્ગ સહિત क्रुधू द्रुह ધાતુના યોગમાં (જેના પ્રત્યે કોપ કે દ્રોહ હોય તેની સંપ્રદાન સંજ્ઞા) ન થાય.
मैत्रम् अभिक्रुध्यति – મૈત્ર પ્રત્યે ક્રોધ કરેછે.
(अभि+क्रुधू–મૈત્રને કર્મસંજ્ઞામાં દ્વિતીયા થાય)

★ અનુવૃત્તિ :– (૧) कर्माभिप्रेय संप्रदानम् २/२/२५ થી संप्रदान (२) क्रुधू द्रुहेर्ष्याऽसूयार्थैर्यंप्रति कोपः २/२/२७

卐 વિશેષ : 0 અન્ય ઉદાહરણ :–
मैत्रम् अभिद्रुह्यति – મૈત્ર પ્રતિ દ્રોહ કરેછે.
0 उपसर्गात् કેમ ?
તે અભાવે ચતુર્થી मैत्राय क्रुध्यति મૈત્ર પ્રતિ ક્રોધ કરેછે.
0 क्रुधू द्रुह ધાતુ ઉપસર્ગ સહિત સકર્મક બનેછે.
0 क्रुधू द्रुह...कोप સૂત્ર २/२/२७ થી થતી ચતુર્થીનો પ્રતિષેધ કરી આ સૂત્ર દ્વિતીયા કરેછે *
0 અહીં દ્વિતીયા વિભક્તિ कर्मणि २/२/४० થી થઈ

[૩૯૨]

ચતુર્થી અંગેના વિધાનો

(૨૫) तादर्थ्ये २/२/५४

★ સુત્રપૃથ૦ :– ताद् – अर्थ्ये
★ વૃત્તિ :– तस्मै इदमिति गम्यमाने चतुर्थी स्यात् यूपाय दारु, रन्धनाय स्थाली ।

卐 વૃત્યર્થ :– તેને માટે આ તે "तदर्थ" વાક્યમાં तादर्थ्य જણાતું હોય તો (ગૌણ–નામને) ચતુર્થી વિભક્તિ લાગે. यूपायदारू – પશુ બાંધવાના થાંભલા માટે લાકડું–यूप ને ચતુર્થી रन्धनाय स्थाली – રાંધવાને માટે થાળી–रन्धन ને ચતુર્થી.

* प्रतिषेधाच्चतुर्थी :- બૃહદ્‌વૃત્તિ ન્યાસ સહિત શ. ન્યા. પૃ. ૧૦૩

★ अनुवृत्ति :- चतुर्थी २/२/५३

卐 विशेष :- 0 अहीं षष्ठीना अपवादमां चतुर्थीनु विधान छे

0 तद् अर्थस्य भावः ७/१/१० थी ट्यण् प्रत्यय लागीने वृद्धिस्वरेषु ७-४-१ थी आद्यस्वर वृद्धि – तादर्थ्य थयु

0 तादर्थ्य – कार्यनी कारण प्रति प्रयोजकता * 1

[393]

(२६) रुचिकृप्यर्थधारिभिः प्रेयविकारोत्तमर्णेषु २/२/५५

★ सूत्रपृथ० :- रुचि-कृपि-अर्थ धारिभिः प्रेय-विकार-उत्तमर्णेषु

★ वृत्ति :- रुच्यर्थै: कृप्यर्थैश्च धारिणा च योगे यथासङ्ख्यं प्रेयविकारोत्तमर्णेष्वर्थेषु चतुर्थी स्यात् । मैत्राय रोचते धर्मः । मूत्राय कल्पते यवागूः । चैत्राय शतं धारयति ।

卐 वृत्त्यर्थ :- रुचि अर्थक, कृपि-अर्थक अने धारि धातुना योगे अनुक्रमे प्रेय, विकार अने उत्तमर्ण अर्थमां वर्तता गौण नामने चतुर्थी विभक्ति लागे छे (प्रेय-जेने रुचि थती होय ते) मैत्राय रोचते धर्मः – मैत्रने धर्म रुचे छे अहीं मैत्र प्रेय छे माटे तेने चतुर्थी (विकार – परिणाम रूप जे विकार थतो होय ते)

0 कृपि – अपत्य अर्थ साथे. संबंधित धातु जेम के:- मूत्राय कल्पते यवागूः– मूत्ररूप विकारने माटे राब थाय छे.

(उत्तमर्ण – जेनु धन होय ते धनिक+उत्तमर्ण कहेवाय.) (उत्तम+ऋण=जेनुं ऋण उत्तम छे ते)

0 धार–चैत्राय शतं धारयति चैत्र माटे (कर्जदार) सो रुपियानी रकम धारी राखे छे.

★ अनुवृत्ति :- चतुर्थी २/२/५३

卐 विशेष:- 0 * 2 सूत्रमां बन्ने पदमां बहु वचन वचन साम्यना अनुक्रमे अर्थ लेवा माटे छे

0 प्रेय अर्थ केम कह्यो ?

मैत्रस्य रोचते – अहीं मैत्र ने षष्ठी थई.

0 विकार केम कह्युं ?

मैत्रस्य कल्पते धनानि – विकार अर्थ नथी

[394]

* 1 तादर्थ्य–: मध्यम वृत्ति अवचूरि भा. १, पृ १२७

* 2 भा.व. – यथासङ्ख्य मनुदेशः समानम् न्याय १० पृ. १०

(२७) उत्पातेन ज्ञाप्ये २/२/५९

★ वृत्ति :- उत्पात आकस्मिकं निमित्तम्, तेन ज्ञाप्ये चतुर्थी स्यात् । वाताय कपिला विद्युत् ।

卐 वृत्त्यर्थ :- जे बनाव – निमित्त आकस्मिक अने ते उत्पात कहेवाय. उत्पात वडे करीने जणातो जे अर्थ, तेमां वर्तता गौण नामने चतुर्थी विभक्ति थाय छे

वाताय कपिला विद्युत – उत्पातरूप काबर चितरी विजळी वावाझोडानी सूचक छे.

वाताय – चतुर्थी

★ अनुवृत्ति :- चतुर्थी २/२/५३

卐 विशेष :- 0 अन्य उदाहरण :–

पीता वर्षाय विद्युत् – पीळा रंगनी विजळी वरसादनी आगाही बतावे छे.

0 ज्ञाप्य ज्ञापक सम्बन्धनी विवक्षाए आ सूत्र षष्ठीना अपवाद रूपे छे

0 उत्पात केम लख्यु ?

यथा. इदं छत्रम्, आयातं विद्धिगमनम् (विद्–धातु) आवतु जेवु आ छत्र गमनु छे तेनाथी गमनुं आगमन जणाय–अहीं छत्र गमनतु आगमन जणावे, पण ते उत्पात सूचक नथी.

[395]

(२८) गम्यस्याप्ये २/२/६२

□ सूत्रपृथ० :- गम्यस्य आप्ये

★ वृत्ति :- यदर्थो गम्यते न च शब्दः प्रयुज्यते तस्य तुमो व्याप्ये चतुर्थी स्यात् । फलेभ्यो व्रजति । नमस्करोति किम् ! फलान्याहर्तु याति ।

卐 वृत्त्यर्थ :- जेनो अर्थ जणातो होय पण शब्द अध्याहार होय (मुकेलो न होय) ते गम्य. वाक्यमां तुम् नो अर्थ जणातो होय पण साक्षात् तुम् न होय ते गम्यतुम् कहेवाय. गम्यतुम् ना कर्मरूप गौणनामने चतुर्थी थाय

फलेभ्यः व्रजति – फळने माटे जायछे.

0 गम्यस्य केम कह्युं ?

फलानि आहर्तुम् याति – फळ लाववा माटे जायछे अहीं तुम् अर्थ छे पण अध्याहार नथी माटे चतुर्थी न थाय.

★ अनुवृत्ति :- (१) चतुर्थी २/२/५३

(૨) तुमोऽर्थेभाववचनात् २/२/६१ तुमर्थ

卐 વિશેષ :– 0 આ સૂત્ર દ્વિતીયા વિભક્તિ નો અપવાદ છે.

0 तुम् કેમ કહ્યું ?

प्रविश पिण्डीं" द्वारम् – આ વાક્યમાં प्रविश "गृहं", पिण्डीं भक्षय' द्वारंपिधेहि' એ પ્રમાણે વાક્યમાં એકદેશ અર્થ છે. भक्षय, पिधेहि गम्यमान આપ્ય છે પણ तुमन्त નું વ્યાપ્ય નથી તેથી ચતુર્થી ન થાય.

[૩૯૬]

(૨૯) गतेर्नवाऽनाप्ते २/२/६३

★ સુત્રપૃથ 0 :– गतेः नवा अनाप्ते

★ વૃત્તિ :– गतिः पादविहरणम्, तस्या आप्यादप्राप्ताच्चतुर्थी वा स्यात् । ग्रामं ग्रामाय वा याति ।

卐 વૃત્યર્થ :– गति–પગે ચાલવું, अनाप्त–પમાયેલ નહીં – જ્યાં પહોંચી શકાયું ન હોય તે પગે ચાલવાની ક્રિયાના अनाप्त કર્મરૂપ ગૌણનામને વિકલ્પે ચતુર્થી થાયછે ग्रामम् ग्रामाय वा याति = ગામ જાયછે પણ હજી પહોંચ્યા નથી તેવો અર્થ (ચતુર્થી ન થાય તો વિકલ્પે દ્વિતીયા થાય)

★ અનુવૃત્તિ :– (૧) चतुर्थी २/२/५३

(૨) गम्यस्याप्ये २/२/५३

卐 વિશેષ :– 0 અન્ય ઉદાહરણ :–

विप्रनष्टः पन्थानं पथे वा याति – ભૂલો પડેલો માણસ માર્ગે જાયછે.

0 गतेः કેમ કહ્યું ?

स्त्रियं गच्छति – મનથી સ્ત્રી તરફ જાયછે.

અહીં ગતિ નથી માટે દ્વિતીયા થાય.

0 अनाप्त કેમ ?

पन्थानं याति=માર્ગે જાયછે. રસ્તો પ્રાપ્ત છે માટે દ્વિતીયા થાય

0 આપ્ય કેમ કહ્યું ?

ग्रामात् आगच्छति – ગામથી આવેછે.

0 कृत्योगे परत्वात् षष्ठी एव – વિધાન થી ग्रामस्य गन्ता

[૩૯૭]

(૩૦) मन्यस्याऽनावादिभ्योऽतिकुत्सने २/२/६४

★ સૂત્રપૃથ0 :– मन्यस्य अ–नावादिभ्यः अति कुत्सने

★ વૃત્તિ :– अत्यन्तं कुत्सायां गम्यायां मन्यतेर्व्याप्याच्चतुर्थी वा स्यात् । न त्वां तृणाय तृणंवा मन्ये । नावादिगणान्नैवम् । नत्वां नावमन्नं काकं शुकं शृगालं वा मन्ये । ■ "हित सुखाभ्याम् योगे" वा चतुर्थी । चैत्राय चैत्रस्य वा हितं सुखम् ।

आशिषि गम्यायां "हित सुखभद्रायुष्य क्षेमार्थार्थैर्योगे वा चतुर्थी । हितंपथ्यं, सुखं शर्म, भद्रंभद्रं, आयुष्यं दीर्घायुः, क्षेमं कल्याणं, अर्थः कार्यं, जीविभ्यो जिवानां वा भूयात् ।

卐 વૃત્યર્થ :– (જે નામ વડે ઘણી નિંદા સૂચવાય તે अतिकुत्सन કહેવાય) मन् ધાતુના અતિકુત્સન રૂપ कर्म–व्याप्य સૂચક ગૌણનામને ચોથી વિભક્તિ વિકલ્પે લાગે છે.

न त्वां तृणाय तृणं वा मन्ये – તને હું તણખલાં સમાન પણ માનતો નથી.

0 अनावादिभ्यः કેમ કહ્યું ?

न त्वां नावम् मन्ये – તને હું હોડીતોલે પણ નથી માનતો.

– काकं, शृगालं, शुकं वा – કાગળો શિયાળ કે પોપટની તોલે પણ નથી માનતો.

(અહીં नावम्, अन्नम्, शुकम्, शृगालम्, काकम् વગેરે શબ્દોમાં ચતુર્થી થશે નહીં

★ અનુવૃત્તિ :– (૧) चतुर्थी २/२,५३

(૨) गम्यस्याऽऽप्ये २/२/६२

卐 વિશેષ : 0 मन्यस्य કેમ કહ્યુ ?

न त्वां तृणं चिन्तयामि – मन् ધાતુ નથી.

0 श्य નિર્દેશ કેમ કર્યો ?

न त्वां तृणं मन्वे – मन् ધાતુ છે પણ આઠમાં ગણનો છે માટે ચતુર્થી ન લાગે.

0 कुत्सन અર્થમાં કેમ કહયું ?

न त्वां रत्नं मन्ये । રત્ન કરતાં વિશેષ માનુછું (અહી પ્રશંસા અર્થ છે)

0 अति ગ્રહણ કેમ કર્યું ?

त्वां तृणं मन्ये – અહીં नञ् પ્રયોગના અભાવે માત્ર તુલના છે અતિકુત્સા નહીં

0 अ–नावादिभ्यः – બહુવચન આકૃતિ ગણને માટે છે.

0 कुत्स्यते अनेन એ પ્રમાણે करण આશ્રય કરવાથી જેના વડે નિંદા થાય તેજ तृण વગેરેને ચતુર્થી થાય *

o o o o o o o o o o o o o o o o o o o o

* कुत्स्यतेऽनेन – હેમ પ્રકાશ પૂર્વાર્ધ પૃ. ૨૩૯

□ શેષવૃત્તિ :- (૯) हित सुखाभ्याम् ૨/૨/૬૫ हित અને सुख થી યુક્ત ગૌણનામને વિકલ્પે ચતુર્થી થાય છે જેમકે :- चैत्राय चैत्रस्य वा हितम् - ચૈત્રને માટે કે ચૈત્રનું હિત - (વિકલ્પે ષષ્ઠી થઈ છે)
चैत्राय चैत્રस्य वा सुखम् [૮૫]

(૧૦) तद्भद्रायुष्य-क्षेमार्थार्थेनाऽऽशिषि ૨/૨/૬૬ હિત, સુખ, ભદ્ર, આયુષ્ય, ક્ષેમ, અર્થ આ નામો તથા તે અર્થ વાળા નામો સાથે જોડેલા ગૌણ નામને આશીર્વાદ અર્થમાં ચતુર્થી વિભક્તિ લાગે છે. हितम् जिनेभ्यो जिनानां वा भूयात् - જીવોનું હિત થાઓ એજ રીતે पथ्य, सुखं-शर्मं, - भद्रम्, कल्याणम्, आयुष्यम्-दीर्घायुः, क्षेमम् कुशलम् अर्थः - कार्यम् બધામાં ચતુર્થી થાય [૮૬]

[૩૯૮]

(૩૧) शक्तार्थ वषड्नमः स्वस्ति स्वाहास्वधाभिः ૨/૨/૬૮

✱ સૂત્રપૃથ૦:- शक्त-अर्थ वषट् नमः स्वस्ति स्वाहा स्वधाभिः

★ વૃત્તિ:- एभि र्योगे नित्यं चतुर्थी । शक्तः मल्लो मल्लाय । वषडग्नये । नमोऽर्हद्भ्यः । स्वस्ति प्रजाभ्यः । स्वाहेन्द्राय । स्वधा पितृभ्य इति चतुर्थी।

卐 વૃત્યર્થ - शक्त અને शक्त અર્થ વાળા શબ્દો તથા વષટ્, નમસ્, સ્વસ્તિ, સ્વાહા અને સ્વધા એ બધાં શબ્દો સાથે જોડાયેલા ગૌણ નામને નિત્ય ચતુર્થી વિભક્તિ થાય
शक्तः मल्लो मल्लाय-મલ્લ મલ્લને માટે સમર્થ છે મલ્લાય ચતુર્થી થઇ એ રીતે वषट् अग्नये - અગ્નિને આહુતિ

0 नमोऽर्हद्भ्यः = અરિહંતોને નમસ્કાર
0 स्वस्ति प्रजाभ्यः = પ્રજાને કલ્યાણ
0 स्वाहा-इन्द्राय = ઈન્દ્રને સ્વાહા
0 स्वधा पितृभ्यः = પિતૃઓને શ્રાદ્ધ

✱ અનુવૃત્તિ:- चतुर्थी ૨/૨/૫૩

卐 વિશેષ :- 0 * સૂત્રમાં વૃત્તિના યોગથી नमो जिनानामर्हतेभ्यः અહીં ચતુર્થી ન થાય કેમકે અહીં જિન શબ્દ નમસ્ ના યોગમાં નથી
0 नमस्यति जिनान् - અહીં પણ નમસ્ય ધાતુનો યોગ છે નમસ્ નો નહી (नमो वरि...वस्य ૩/૪/૩૭ થી नमस् ના અભાવે ચતુર્થીનો પણ અભાવ થશે. કેમકે નમસ્ ધાતુ અર્થવાન છે તેનો એકદેશ નમસ્ શબ્દ નહીં પરંતુ અપેક્ષાએ ચતુર્થી એવી * 1 ઉપપદ વિભક્તિનો બાધકરી દ્વિતીયા એવી કારક વિભક્તિ થાય.

[૩૯૯]

(૩૨) अपाये ऽवधिरपादानम् ૨/૨/૨૯

✱ સૂત્રપૃથ૦ :- अपाये अवधिः अपादानम्

✱ વૃત્તિ - अपायो विश्लेषः । [पञ्चम्यपादाने] ग्रामादायाति । व्याघ्राद्बिभेति । पापाज्जुगुप्सते धर्मात्प्रमाद्यति । चौराद्रक्षति । शृङ्गाच्छरो जायते । हिमवतो गङ्गा प्रभवति । कार्त्तिक्या आग्रहायणी मासे । दशभ्यो गा ग्रहाति । सांकाश्यकेभ्यः पाटलिपुत्रकाः । वलभ्याः शत्रुञ्जयः षट् योजनानि । मधुराः श्रौघ्नेभ्य आढ्यतराः ।

卐 સૂત્રાર્થ :- अपाय = જુદા પડવું अवधि = મર્યાદા-હદ અપાયની જે અવધિ તે અપાદાન સંજ્ઞા થાય છે.

[अपाय અર્થમાં-વિભાગ. જુદા પડવું, વિભાગ થવો, ડરવું, ધૃણા કરવી, અટકવું. આળસ કરવી, રક્ષણ કરવું, બચાવવું કે અટકાવવું, દૂર ગણવું. સંતાળવું-થાકી જવું કે સંતાઇ જવું. કારણથી જુદા પડવું, એકમાંથી બીજી વસ્તુ નીકળવી. દૂર પણું અધિકતા પણું વગેરે અર્થો સમાવિષ્ટ છે] * 2

[□(૧૧) पञ्चम्यपादाने ૨/૨/૬૯ અપાદાનસૂચક ગૌણ નામને ङसि, भ्याम्, भ्यस् રૂપ પંચમી વિભક્તિ લાગે [૮૭]

ઉદાહરણ :-
0 વિભાગ :- ग्रामादायाति-ગામ ઉપરથી પડે છે.
0 ભય :- व्याघ्राद्बिभेति = વાઘથી બીએ છે.
0 ધૃણા :- पापाज्जुगुप्सते = પાપથી ધૃણા કરે છે
0 આળસ :- धर्मात्प्रमाद्यति = ધર્મથી પ્રમાદ કરે છે.
0 રક્ષણ :- चौराद्रक्षति = ચોરથી બચાવે છે.
0 કાર્ય :- शृङ्गाच्छरो जायते = શીંગડામાંથી બાણ બને છે
0 નીકળવું :- हिमवतो गङ्गा प्रभवति = હિમાલયમાંથી ગંગા નિકળે છે
0 દૂર :- कार्त्तिक्या आग्रहायणी मासे = કાર્તિક માગસર

* તૃતીયસ્ય યોગાત્ - હૈમ પ્રકાશ પૂર્વાર્ધ પૃ. ૨૪૦
* 1 उपपद विभक्तेः कारकविभक्ति र्बलीयसी ન્યાય.૪૬, પૃ ૪૩
* 2 अपाय - લઘુવૃત્તિ વ્યાખ્યાન ભા. ૧, પૃ. ૨૧૮

(પૂનમ) મહિના જેટલી દૂર છે.

0 **અટકાવવું** :– यवेभ्यो गां रक्षति જવથી ગાયને દૂર રાખે છે.

0 **સંતાવું** :– उपाध्यायादन्तर्धत्ते=શિક્ષકથી સંતાઇ જાયછે

0 **દૂરપણું** :– वलभ्याः शत्रुञ्जय षड् योजनानि।
વલભીપુર થી શત્રુંજ્ય ૭ યોજન દૂર છે.

0 **ચડિયાતા પણું** :– माथुराः पाटलिपुत्रकेभ्य आढयाः ।
મથુરાના લોકો પાટલી પુત્રના લોકોથી સંપન્ન છે.

બધાં ઉદાહરણોમાં કોઇને કોઇ નિમિત્તે જે વિભાગ થાયછે તે अपाय અને अपादान સંજ્ઞા થવાથી પંચમી વિભક્તિ લાગી છે

卐 **વિશેષ** :– 0 अपादान ત્રણ પ્રકારે છે

(૧) निर्दिष्ट विषयम् :– ધાતુના અપાય લક્ષણનો વિષય નિર્દેશ કરે તે દા.ત. ग्रामादागच्छति

(૨) उपात्त विषयम् :– ધાતુની સમીપમાં ધાત્વન્તરાર્થ અંગ વિશેષણ છે જેનું – તે उप – आत् દા. ત. कशुलात् पचति – અહીં પાકના વિષયમાં पच् ધાતુ છે – કોઠીમાંથી ગ્રહણ કરીને ધાન્યને રાંધેછે.

(૩) अपेक्षित क्रियम् :– જ્યાં ક્રિયાવચી પદ ન સંભળાય પણ માત્ર ક્રિયાની પ્રતિતી થાય. તે અપેક્ષિત ક્રિયા – माथुरेभ्यः पाटलीपुत्रका अभिरूपतराः અહી निर्धार्यन्ते ક્રિયાપદ ની પ્રતિતી થાયછે.

अपाय ના બે પ્રકાર છે

(૧) कायसंसर्ग पूर्वकः – वृक्षात् पतति

(૨) बुध्दिसंसर्ग पुर्वकः – धर्मात् प्रमाद्यति

[૪૦૦]

(૩૩) आङाऽवधौ ૨/૨/૭૦

★ **સૂત્રપૃથ૦** :– आङ् अवधौ

★ **વૃત્તિ** :– अवधिर्मर्यादाऽभिविधिश्च ।
तद्वृत्तेराण युक्तात्पञ्चमी स्यात् । परि आ सुध्नाद्वृष्टो मेघः।

卐 **વૃત્યર્થ** :– अवधौ – अवधि **ના બે અર્થ – મર્યાદા, અભિવિધિ (૯૬)**
[જેમકે – મર્યાદા:– વૃક્ષ સુધી, અભિવિધિ:– વૃક્ષ સહિત]. અવધિ અર્થમાં વર્તતા आङ् (आ) યુક્ત જે ગૌણ નામ તેને પંચમી થાય છે.
आ सुध्नात् वृष्टो मेघः **સુઘ્ન સુધી (સુઘ્ન સહિત) વરસાદ વરસ્યો.**

★ **અનુવૃત્તિ** –: पञ्चम्यपादाने ૨/૨/૬૯ થી पञ्चमी

卐 **વિશેષ** :– 0 પ્રવૃત્તાનો જે નિરોધ તે મર્યાદા
0 મર્યાદા વિશેષ એટલે કે ક્રિયાની વ્યાપ્યતા – પ્રવૃત્તાને આવરી લે. તે अभिविधि *

[૪૦૧]

(૩૪) पर्यपाभ्यां वर्ज्ये ૨/૨/૭૧

★ **સુત્રપૃથ૦** :– परि – अपाभ्याम् वर्ज्ये

★ **વૃત્તિ** :– आभ्यां युक्ताद् वर्जनीयात्पञ्चमीस्यात् ।
परि साकेतान्, अप साकेताद्वृष्टो मेघः

卐 **વૃત્યર્થ** :– वर्ज्य **અર્થવાળા परि અને अप શબ્દથી યુક્ત ગૌણ નામને પંચમી થાય.**

0 परि साकेतात् वृष्टो मेघः
0 अप साकेतात् वृष्टो मेघः
અયોધ્યાને વર્જીને વરસાદ વરસ્યો

★ **અનુવૃત્તિ** :– पञ्चम्यपादाने ૨/૨/૬૯ થી पञ्चमी

卐 **વિશેષ** :– 0 વર્જ્ય વર્જક ભાવ સમ્બન્ધ परि–अप પછી સમ્બન્ધ થાય તેને બદલે પંચમી કરવાનું આ વિધાન છે.

0 વર્જ્ય કેમ કહ્યું ?
अपशब्द: मैत्रस्य મૈત્રનો અપશબ્દ અહીં વર્જ્ય અર્થ નથી.

[૪૦૨]

(૩૫) यतः प्रतिनिधि प्रतिदाने प्रतिना ૨/૨/૭૨

★ **વૃત્તિ** :– प्रतिनिधिर्मुख्यसदृशोऽर्थः. प्रतिदानं गृहीतस्य विशोधनम्, ते यतः स्यातां ततः प्रतिना योगे पञ्चमी स्यात् । प्रद्युम्नो वासुदेवात् प्रति । तिलेभ्यः प्रतिमाषान् प्रयच्छति ।

▣ "गम्ययप कर्माधारे" । पञ्चमी । गृहादासनात् प्रेक्षते । गम्येति किम् ? प्रासादमारुह्यासने उपविश्य भुङ्क्ते ।
"स्तोकाल्पकृच्छ्रकतिपयादसत्त्वेकरणे" पञ्चमी वा । स्तोकेन स्तोकान्मुक्तः

卐 **વૃત્યર્થ** :– प्रतिनिधिः – **મુખ્ય જેવો અથવા મુખ્યના બદલે ચાલે તેવો.**
प्रतिदानः **એક વસ્તુને બદલે બીજી વસ્તુ લેવી કે આપવી, બદલો કરવો.**

प्रतिनिधिને સ્થાને વપરાનાર સૂચક ગૌણનામ, તથા प्रतिदान – અપાતા પદાર્થને બદલે કામમાં આવનાર પદાર્થનું સૂચક ગૌણ-

० ० ० ० ० ० ० ० ० ० ० ० ० ० ० ० ० ०

* વિશેષ:– લઘુવૃત્તિ અવચૂરિ પૃ ૨૦૫

નામ (બન્ને)ને પ્રતિ શબ્દના યોગે પંચમી થાય,
प्रतिनिधिः – प्रद्युम्नो वासुदेवात् प्रति – વાસુદેવને બદલે પ્રદ્યુમ્ન પ્રતિનિધિ છે
प्रतिदानम्: – तिलेभ्य प्रति माषान् प्रयच्छति
તલને બદલે અડદ આપેછે.

✯ અનુવૃત્તિ :– पञ्चम्यपादाने २/२/६९

卐 વિશેષ : 0 प्रतिनिधि प्रतिदान કેમ કહ્યુ ?
वृक्षं प्रति विद्योतते विद्युत् – અહી બદલાનો અર્થ નથી
0 यतः કેમ કહ્યુ ?
तिलेभ्यः प्रति माषान् प्रयच्छति – અહીં यतः થી માષ શબ્દને પંચમી ન થાય

☐ શેષવૃત્તિ –(૧૨) गम्ययपः कर्माऽधारे २/२/७४
એક ક્રિયા કર્યા બાદ બીજી ક્રિયા કરવાનો પ્રસંગ હોય ત્યા પૂર્વની ક્રિયાના સૂચક ધાતુને यप् પ્રત્યય લગાડવો આવો यप् પ્રત્યય વાળો પ્રયોગ વાક્યમા અધ્યાહાર હોય ત્યારે અધ્યાહૃત સૂચક यप् પ્રત્યય વાળા પદના કર્મરૂપ ગૌણ નામને પંચમી થાય
प्रासादात्–आसनात् प्रेक्षते ઘરથી, આસનથી જુએછે અહીં બન્ને પદ અધ્યાહૃત यप् પ્રત્યયવાળા છે
आसने उपविश्य प्रेक्षते
0 અધ્યાહાર यप् કેમ ?
आसने उपविश्य मुङ्क्ते–આસને બેસીને ખાયછે [૮૮]

(૧૩) स्तोकाल्पकृच्छ्र कतिपयादसत्त्वे करणे २/२/७९
અસત્ત્વ (ગુણ) વાચક અને કરણ સૂચક એવા स्तोक, अल्प, कृच्छ्र, कतिपय એવા ગૌણનામને પંચમી વિભક્તિ વિકલ્પે થાય स्तोकेन – स्तोकात् वा मुक्तः – થોડાથી મુકાયો વિકલ્પે દ્વિતીયા થશે [૮૯]

[४०३]

(૩૬) प्रभृत्यन्यार्थ दिक्शब्दबहिरारादितरैः २/२/७५

★ સૂત્રપૃથ૦ :– प्रभृति अन्यार्थ दिक्शब्द बहिर आरात् इतरैः

★ વૃત્તિ :– एभिर्योगेऽपि पञ्चमी । ततः प्रभृति । ग्रीष्मादारभ्य । अन्यो भिन्नो मैत्रात् । ग्रामात्प्राग् वसति । पश्चिमो रामात्कृष्णः । बहिर्ग्रामात् । आरात् ग्रामात् । इतरश्चैत्रात् । इति पञ्चमी ।

卐 વૃત્યર્થ :– प्रभृति અને अन्य શબ્દ તથા તે અર્થ વાળા શબ્દો, दिक्शब्द, बहिर, आरात् इतर એ બધા શબ્દોના યોગે ગૌણનામને પંચમી વિભક્તિ થાય
प्रभृति :- ततः प्रभृति = ત્યારથી માંડીને
प्रभृत्यर्थ :- ग्रीष्मात् आरभ्य = ઉનાળાથી માંડીને
अन्य :– अन्यो मैत्रात् = મૈત્રથી જુદો
अन्यार्थ :– भिन्नो मैत्रात् = મૈત્રથી ભિન્ન
दिक् :– ग्रामात् प्राग् वसति = ગામની પૂર્વે વસેછે
पश्चिमो रामात् कृष्णः રામથી કૃષ્ણ પછીના છે.
बहिर = बहिर्ग्रामात् = ગામની બહાર
आरात् = इतर श्चैत्रात् = ચૈત્રથી બીજોછે

★ અનુવૃત્તિ :– पञ्चम्यपादाने–२/२/६९ થી पञ्चमी

卐 વિશેષ :– 0 दिक् શબ્દથી દિશા-દેશ-કાળ લેવા
0 अन्य શબ્દ = પ્રકૃતિ વિલક્ષણ અર્થ
0 इतर શબ્દ = કંઇકમાન પ્રતિયોગી સ્પર્ધા–જેમકે
शुभेतर :– शुभ त् इतर = अशुभः

[४०४]

(૩૭) क्रियाश्रयस्याधारोऽधिकरणम् २/२/३०

★ સૂત્રપૃથ૦ :– क्रिया आश्रयस्य आधारो अधिकरणम्

✯ વૃત્તિ :– क्रियाश्रयस्य कर्तुः कर्मणो वा ऽऽधारो ऽधिकरणं स्यात् । तच्च वैषयिकौपश्लेषिकाभिव्यापक सामीप्यक नैमित्तिकौपचारिकभेदात् षोढा । ["सप्तम्यधिकरणे"] । दिवि देवाः । कटे आस्ते । तिलेषु तैलम् । वटे गावः । युद्धे सन्नह्यते । अङ्गुल्यग्रेकरी ।

卐 વૃત્યર્થ :– ક્રિયાના આશ્રય રૂપ કર્તા કે કર્મનો જે આધાર તે અધિકરણ કહેવાય અધિકરણ છ ભેદે છે. વૈષયિક, ઔપશ્લેષિક અભિવ્યાપક, સામિપ્યક. નૈમિતિક, ઔપચારિક
[☐ (૧૪) सप्तम्यधिकरणे २/२/९५ આધાર વાચી ગૌણનામને ङि, ओस्, सुप् રૂપ સપ્તમી વિભક્તિ લગાડવી [૯૦]

ઉદાહરણો :–
વૈષયિક :– दिवि देवाः :– દેવો સ્વર્ગમાં (રહેછે) બીજે નહીં
ઔપશ્લેષિક :– कटे आस्ते–સાદડી ઉપર બેસે છે.
(આધાર ના અમુક ભાગ સાથે સંબંધ)
અભિવ્યાપક :– तिलेषु तैलम् = તલમાં તેલ –
(આધારના આખાભાગ સાથે સંબંધ)
સામીપ્યક :– वटे गावः ઝાડમાં નહીં પણ ઝાડપાસે
નૈમિતિક :– युद्धे सन्नह्यते – યુદ્ધ માટે તૈયાર થાયછે.
અહીં નિમિત્ત રૂપ આધાર છે.

ઔપચારિક :– अङ्गुल्यग्रे करी=આંગળીને ટેરવે હાથી-તે તરફ હાથી છે એવો અર્થ થાય.

卐 વિશેષ :– 0 क्रियाया आश्रयः એટલે ક્રિયાનો સંપાદક એવો અર્થ થાયછે.
0 ક્રિયા બે પ્રકારે :– (૧) કર્તુસ્થા – કર્તામાં રહેલી (૨) કર્મસ્થા :– કર્મમાં રહેલી (સંબંધિ).
અધિકરણ * :– कर्तुकर्मव्यवहिताम साक्षाद्धारयत क्रियाम् । उपकुर्वत्क्रियासिध्धौ, शास्त्रेऽधिकरणं स्मृतम्

[૪૦૫]

સપ્તમી અંગેના વિધાનો

(૩૮) स्वामीश्वराधिपति दायादसाक्षिप्रतिभूप्रसूतैः २/२/९८

★ સુત્રપૃથ૦ :– स्वामी ईश्वर–अधिपति–दायाद साक्षी प्रतिभू प्रसूतैः
★ વૃતિ :– एभिर्योगे वा सप्तमी । गवां गोषु वा स्वामी ।

卐 વૃત્યર્થ :– स्वामी, ईश्वर, अधिपति, दायाद साक्षी, पतिभू, पसूतैः **એ સાત નામના યોગે (ગૌણ નામને) સપ્તમી વિકલ્પે થાય.**
જેમકે गवां गोपु वा स्वामी – ગાયનો માલીક
★ અનુવૃતિ :– सप्तम्यधिकरणे २/२/९५ થી સપ્તમી

卐 વિશેષ :– 0 ઉદાહરણો
0 गवां गोपु वा ईश्वरः ગાયોનો માલિક
0 गवां गोषुवा (૩) अधिपतिः – અધિપતિ (૪) दायादः- ભાગીદાર, (૫) साक्षी = સાક્ષી, (૬) प्रतिभूः = સાક્ષી (૭) प्रसूतः = ગાયોમાં જન્મેલો.
0 વિકલ્પે રૂપમાં શેષે સૂત્ર ૨/૨/૮૧ થી ષષ્ઠી થાય
0 स्वामी, ईश्वर, વગેરે એક દેશ * અર્થ ગ્રહણ કરતાં સમાન અર્થી એવા पति नाथ વગેરેમાં સપ્તમી ન થાય– ग्रामस्य पतिः=માં ષષ્ઠી જ થાય.

[૪૦૬]

(૩૯) व्याप्येक्तेनः २/२/९९

★ સૂત્રપૃથ૦ :– व्याप्ये क्त्–इनः
★ વૃતિ :– क्ताद् य इन् तदन्तस्य व्याप्ये सप्तमी नित्यं स्यात् । व्याकरणेऽधीती ।

卐 વૃત્યર્થ :– क्त પ્રત્યય પછી જે इन् પ્રત્યય આવેલો હોય (એટલે કે क्तेन् તે જેના અંતે હોય તેવા શબ્દના વ્યાપ્ય (કર્મ) ને નિત્ય સપ્તમી વિભક્તિ થાય.
व्याकरणेऽधीती = વ્યાકરણને ભણેલો
अधी + क्त+ इन् = अधीतिन
★ અનુવૃતિ :– सप्तम्यधिकरणे २/२/९५ થી सप्तमी

卐 વિશેષ :– 0 क्तेन એમ કેમ કહ્યું ?
कटं करोति – સાદડી કરેછે – क्त–इन् પ્રત્યય નથી.
0 क्त કેમ કહયુ ?
कृत पूर्वी कटम् – પહેલા સાદડી કરેલ અહીં इन् (पुर्विन्) પ્રત્યયછે પણ क्त પછી નથી.
0 इन् કેમ કહયું ?
उपश्लिष्टो गुरून मैत्रः – મૈત્ર ગુરૂ પાસે બેઠો
क्त પ્રત્યયછે પણ इन् નથી
0 व्याप्य કેમ કહયુ ?
मासमधीती व्याकरणे – વ્યાકરણને સપ્તમી થાય પણ मास શબ્દને નહીં.

[૪૦૭]

(૪૦) तद्युक्ते हेतौ २/२/१००

★ સૂત્રપૃથ૦ :– तद् युक्ते हेतौ
★ વૃતિ :– कर्मसम्बन्धाद्धेतौ सप्तमी स्यात् । चर्मणी द्विपिनं हन्ति, दन्तयोर्हन्ति कुञ्जरम् । केशेषु चमरीं हन्ति सीम्नि पुष्कलको हतः ॥
■ असाधु–साधु–निपुण योगेऽपि सप्तमी । असाधुर्मैत्रो मातरि । प्रत्यादियोगे तुनसाधुर्मैत्रे मातरं प्रति

卐 વૃત્યર્થ :– **જે વાકયમાં વ્યાપ્ય કર્મ સાથે હેતુ જોડાયેલો હોય એવા હેતુવાચી ગૌણ નામને સપ્તમી વિભક્તિ થાય. – (શ્લોકાર્થ :–**
0 चर्मणि द्वीपिनं हन्ति – **ચામડા માટે દિપડાને હણેછે. – આ વાકયમાં દિપડો કર્મ અને ચામડું હેતુ છે બન્ને સાથે જોડાયેલ છે માટે** चर्मणि **માં સપ્તમી વિભક્તિ થઇ – એજ રીતે –**
0 दन्तयोर्हन्ति कुञ्जरम् – **દાંત માટે હાથીને હણેછે.**
0 केशेपु चमरीं हन्ति – **વાળમાટે ચમરી ગાયને હણેછે.**
0 सीम्नि पुष्कलकः हतः – **કસ્તુરી માટે મૃગ હણાયો**
★ અનુવૃતિ :– सप्तम्यधिकरणे २/२/९५ થી सप्तमी

* 1 अधिकरणः– वाक्य प्रदीप ग्रन्थ
* 2 એકદેશ એટલે આજ શબ્દ પર્યાયો નહીં
ન્યાય स्वंरुपं शब्दस्यऽ शब्दसंज्ञा ન્યા.ય. ૧, પૃ. ૧

卐 વિશેષ :– 0 तद्युक्त કેમ ?

वेतनेन धान्यं लुनाति = વેતન માટે ધાન્ય કાપે છે અહી ધાન્ય, હેતુ અયુક્ત છે માટે સપ્તમી ન થાય

0 हेतौ કેમ કહ્યું ?

केशेषु चमरीं हन्ति – કેશ પણ સંગે છે અહી હેતુ નથી માટે સપ્તમી ન થાય

0 हेतु = નિમિત્ત અથવા કારણ

0 હેતુ (हेतु कर्तृकरण – ૨/૨/૪૪ તૃતીયા વિભક્તિનો અહીં અપવાદ છે *1

0 हेतु = સામાન્ય અર્થ નિમિત્ત છે – જ્યારે તે વિશિષ્ટ નિમિત્તનો અહી બોધ કરાવે છે *2

જો માત્ર નિમિત્ત હોય અને તદ્યુક્ત ન હોય તો दानेन धान्यं लुनाति માં दान ને સપ્તમી થાય

☐ ગતવૃત્ત – ત્રણ સૂત્રોની વૃત્તિ સાથે છે. પણ ઉદાહરણ અને ટીકા માં અલગ અલગ વિવેચના કરી છે

(૧૫) अप्रत्यादावसाधुना ૨/૨/૧૦૧,

(૧૬) साधुना ૨/૨/૧૦૨,

(૧૭) निपुणेन चार्चायाम् ૨/૨/૧૦૩,

(ત્રણેનો સંયુક્ત અર્થ) असाधु શબ્દ साधु શબ્દ અને આદર ભાવ જણાતો હોય તો निपुण શબ્દ સાથે જોડાયેલા ગૌણ નામને સપ્તમી વિભક્તિ લાગે. પણ જો प्रति, परि, अनु અને अभि નો પ્રયોગ ન હોય તો – આ સૂત્રો લાગે –

0 असाधु मैत्रो मातरि = માતા તરફ મૈત્ર અસાધુ છે (સારો નથી) – અહી मातृ શબ્દને સપ્તમી થઈ પ્રત્યાદિ યોગે સપ્તમી ન થાય તેથી असाधु मैत्रो मातरं प्रति – प्रति છે માટે દ્વિતીયા લાગી [૯૧]

0 साधु मैत्रो मातरि – માતા તરફ સારો છે [૯૨]

0 मातरि निपुणः मैत्रः મૈત્ર માતા તરફ આદર ભાવવાળો છે. [૯૩]

[૪૦૮]

(૪૧) यद्भावो भावलक्षणम् ૨/૨/૧૦૬

★ સૂત્રપૃથક્ 0 :– यद् भावः भाव-लक्षणम्

★ વૃત્તિ :– भावः क्रिया । यस्य भावेनान्यो भावो लक्ष्यते ततः सप्तमी स्यात् । गोषु दुह्यमानासु गतः ।

卐 વૃત્યર્થ :– ભાવ=ક્રિયા. (જે વાકયમાં) એક (ક્રિયા) ભાવ બીજા ભાવ (ક્રિયા) નો સૂચક હોય (ત વાકયમાં ક્રિયા સૂચક ગૌણ નામને) સપ્તમી વિભક્તિ લાગે છે.

गोषु दुह्यमानासु गतः ગાયો દોહવતી હતી (દોહવાતે છતે) તે ગયો અહીં જવાની ક્રિયા મુખ્ય છે તે दुह्यमान શબ્દથી સૂચિત છે.

★ અનુવૃત્તિ :– सप्तम्यधिकरणे ૨/૨/૯૫ सप्तमी

卐 વિશેષ : 0 તૃતીયા (इत्थम्भूत लक्षणे) ના અપવાદે અહીં સપ્તમી થઈ છે

0 ભાવ લક્ષણ ત્રણ છે. *

(૧) કર્તરી :– કર્તાને પ્રથમા વિભક્તિ લાગે અને ધાતુને કર્તાની અપેક્ષા વાળા પુરુષ-વચન આવે

(૨) કર્મણી :– કર્મને પ્રથમા–કર્તાને–તૃતીયા ત્યાદિ પ્રત્યયો કર્માનુસાર લાગે.

(૩) ભાવ :– કર્તાને તૃતીયા, કર્મનો અભાવ અને ક્રિયાપદ ત્રીજો પુરુષ એકવચનમાં.

કર્તરી ભાવ લક્ષણ બે પ્રકારે છે. *

(૧) અકર્મક :– સૂર્ય ઉદયને પામતે હતો ત્યારે રાત્રી સમાપ્ત થઈ-અમુક કાર્ય કરતે છતે-અર્થ

(૨) અકર્મક :– કમળ વિકસતા રાત્રિ પૂર્ણ થઈ અમુક હતો ત્યારે એ અર્થ

0 ભાવ કેમ કહ્યુ ?

यो जटाभिः तस्य भोजनम् – જટા વડે ઉપલક્ષિત – ભાવ લક્ષણ છે – ભાવ નથી.

0 भावलक्षण કેમ ?

यस्य भोजनं स मैत्रः

[૪૦૯]

(૪૨) षष्ठी वाऽनादरे ૨/૨/૧૦૮

☐ સૂત્રપૃથક્ 0 षष्ठी वा अनादरे

★ વૃત્તિ :– अनादरे गम्ये भावलक्षणा षष्ठी वा, पक्षे सप्तमी । रुदतो लोकस्य, रुदति लोके वा प्राव्राजीत्

卐 વૃત્યર્થ :– જે વાકયમાં એક ક્રિયા (ભાવ) થી બીજી ક્રિયા (ભાવ) નું સૂચન હોય અને અનાદર અર્થ જણાતો હોય ત્યાં (ક્રિયાસૂચક ગૌણ નામને) વિકલ્પે ષષ્ઠી વિભક્તિ લાગે છે. ન લાગે ત્યારે સપ્તમી લાગે – (વિકલ્પે બે રૂપ) रुदतः लोकस्य, रुदति लोके वा

*1 હેતુ-બૃહદ્‌વૃત્તિ-ન્યાસ સહિત ભા ૨ શ.ન્યા. પૃ ૧૬૪

*2 હેતુ – લઘુવૃત્તિ અવચૂરિ – પૃ ૨૧૯

* ભાવ લક્ષણ :– હૈમ પ્રકાશ પૂર્વાર્ધ પૃ ૨૪૭

प्राव्राजीत् લોકો રોતા રહ્યા અને તેણે દીક્ષા લઇ લીધી. – રોવાની ક્રિયાથી દીક્ષાની ક્રિયા (ભાવ) નું સુચન છે અને લોકોનો અનાદર છે માટે ષષ્ઠી થાય.

★ અનુવૃત્તિ :– (૧) सप्तम्यधिकरणे २/२/९५ થી सप्तमी (૨) यद्भावो भाव लक्षणम् २/२/१०६

卐 વિશેષ :– 0 प्राव्राजीत् ની સાધનિકા

0 प्र+व्रज् धातु (१) सिजद्यतन्याम् ३/४/५३ थी सिच् (२) स्ताद्य शितोऽत्रोणादेरिट् ४/४/३२ थी इट् वद–व्रज–लृ: ४/३/४८ थी वृद्धि (४) सः सिजस्तेर्दिस्यो ४/३/६५ थी इत् (५) इट इति ४/३/७१ थी सिच् લોપ (६) अट् धातेरादिर्ह्यस्तन्यांच ४/४/२९ થી अट्

1 प्र+व्रज्+स्, 2 प्र+व्रज्+ई+स्, 3 प्र+व्राज्+ई+स् 4 प्र+व्राज्+इ+स्+ई, 5 प्र+व्राज्+इ+ई, 6 प्र+अ+व्राज्+ई+त् (પ્રત્યય) = प्राव्राजीत् – થયું *

[४१०]

(४3) सप्तमी चा विभागे निर्धारणे २/२/१०९

★ સૂત્રપૃથ૦ :– सप्तमी च अविभागे निर्धारणे

★ વૃત્તિ :– समुदायादेकदेशस्य जातिगुण क्रियाभिः पृथक्करणेऽपि षष्ठी सप्तम्यौ भवतः। अविभागे – (निर्धार्यमाणै कदेशस्य समुदायेन सह शब्द दैक्ये गम्यमाने) क्षत्रियो नृणां नृषु वा शूरः। कृष्णा गवां गोषु वा बहुक्षीराः।

卐 વૃત્યર્થ :– જાતિ, ગુણ, ક્રિયા વડે સમુદાયથી (બુદ્ધિ પૂર્વક) કોઇ એકદેશનું જે પૃથક્કરણ તે 'નિર્ધારણ' કહેવાય. નિર્ધારણ જણાતે છતે ગૌણનામને ષષ્ઠી અને સપ્તમી વિભક્તિ થાય.–જો વિભાગ જણાતો ન હોય તો (નિર્ધાર્ય-માન) એકદેશ – વિભક્તિ સમુદાય સાથે શબ્દ ઐક્ય હોયતો)

જાતિ :- क्षत्रियो नृणां नृषु वा शूरः क्षत्रियो માણસોમાં શૂરવીર છે.

ગુણ :– कृष्णा गवां गोषु वा बहुक्षीराः ગાયોમાં કાળી ગાય બહુ દુધ વાળી છે. અહીં જાતિ માં ક્ષત્રિય અને ગુણમાં કાળી એમ વિભાગ કરેલ છે. જે સમુદાય સાથે અભેદ

० ० ० ० ० ० ० ० ० ० ० ० ० ० ० ० ० ० ० ०

* प्राव्राजीत् – સાધનિકા–મધ્યમવૃત્તિ અવચૂરિ પૃ. ૧૪૩ તથા. બૃહદ્વૃત્તિ–ન્યાસ સહિત ભા ૨, પૃ. ૧૬૯.

રીતે જોડાયેલા છે.

★ અનુવૃત્તિ :– षष्ठी वाऽनादरे २/२/१०८ थी षष्ठी

卐 વિશેષ :– 0 અન્ય ઉદાહરણ :–

ક્રિયા :– धावन्तो यातां यात्सु वा शीघ्रतमाः ચાલનારાઓમાં દોડનારા વધુ જલ્દી ચાલેછે.

વ્યક્તિ :– युधिष्ठिरः श्रेष्ठतमः कुरुणां कुरुषु वा કુરૂઓમાં યુધિષ્ઠિર વધુ શ્રેષ્ઠ છે.

0 અવિભાગ કેમ કહ્યું ?

माथुराः पाटलीपुत्रकेभ्यः आढ्यतराः
મથુરાના લોકો પાટલીપુત્રના લોકોથી વધુ સંપન્ન છે. (અહીં ભૌગોલિક વિભાગ કે ભેદ નથી)

0 આ સૂત્ર अपायेऽवधिरपादानम् २/२/२९ થી થતાં પંચમીના વિધાનનું બાધક સૂત્ર છે.

[४११]

(४४) शेषे २/२/८१

★ વૃત્તિ :– कर्मादिभ्योऽन्यस्तदविवक्षारूपः स्वस्वामिभावादिः सम्बन्ध शेषस्तत्र षष्ठी स्यात्। राज्ञः पुरुषः। उपगोरपत्यम्। माषाणामश्नीयात्।

卐 વૃત્યર્થ :– કર્માદિકથી અન્ય (ક્રિયા કારક પૂર્વક) કર્માદિની અવિવક્ષા રૂપ જે સ્વ સ્વામિભાવાદિ સંબંધ વિશેષ તે 'શેષ' કહેવાયછે. શેષ અર્થમાં વર્તતા ગૌણ નામને ષષ્ઠી વિભક્તિ થાયછે.

राज्ञः पुरुषः – રાજાનો માણસ (સ્પષ્ટાર્થ :– પોતે–પોતાનું. નોકર–શેઠ, બાપ–દિકરો વગેરે પ્રકારના જે વિવિધ સંબંધો તેનું નામ શેષ) उपगोः अपत्यम् – ઉપગુનો પુત્ર

0 माषाणाम् अश्नीयात् – અડદને ખાઓ

★ અનુવૃત્તિ :– अज्ञाने ज्ञः षष्ठी २/२/८०

卐 વિશેષ :– 0 ગૌણ નામને કેમ કહ્યું ? राज्ञः पुरुषः અહીં બન્ને શબ્દોમાં સંબંધનો ભાવ છે છતાં पुरुषः શબ્દ પ્રધાન હોવાથી ત્યાં પ્રથમા થાય–ષષ્ઠી નહીં.

0 राज्ञः पुरुषस्य कम्बलः : રાજાના પુરુષનું કંબલ અહીં पुरुष શબ્દને ષષ્ઠી કેમ થઇ ? રાજાની અપેક્ષાએ પુરુષ શબ્દ પ્રધાન છે પણ કંબલની અપેક્ષાએ ગૌણ છે માટે ષષ્ઠી થઈ.

[४१२]

(૯૫) कर्मणि कृतः कर्तरि च २/२/८३ + ८६

★ સૂત્રપૃથ૦ :- ૧ कर्मणि कृतः २/२/८३ कर्तरि च २/२/८६

★ વૃત્તિ :- कृदन्तस्य कर्तृकर्मणोः षष्ठी स्यात् ।
अपां स्रष्टा ॥ भवत आसिका ।

☐ क्वचिन्न । विचित्रा सूत्राणां कृतिराचार्यस्याचार्येण वा

卐 સૂત્રાર્થ :- कर्मणि कृतः २/२/८३ :- (જે ગૌણનામ) કૃદન્તનું કર્મ હોય તેને ષષ્ઠી થાય. अपां स्रष्टा = પાણીનો સર્જનાર (અહીં स्रष्टा કૃદન્ત છે અને अप् કર્મ છે માટે ષષ્ઠી થઈ)

☐ (૧૮) कर्तरि २/२/८६ કૃદન્તનો કર્તા હોય તેને ષષ્ઠી થાય. – જેમકે :- भवत आसिका તમારું બેસવું (અહીં आसिका કૃદન્ત છે અને भवत् કર્તા છે તેથી ષષ્ઠી થઈ) [૯૪]

★ અનુવૃત્તિ :- अज्ञाने ज्ञः षष्ठी २/२/८० થી षष्ठी

卐 વિશેષ : 0 कर्मणि कृत માટે :-
0 આ સૂત્ર દ્વિતીયાનો અપવાદ છે
0 कर्मणि એમ કેમ કહ્યું ?
शस्त्रेण भेत्ता = શસ્ત્ર વડે ભેદ કરનારો (करण) स्तोकंगन्ता-થોડું ગયનાર (स्तोकम्-ક્રિયા વિશેષણ છે કર્મ નથી)
0 कृतः કેમ કહ્યું ?
पुत्रस्य ओदनम्-જેણે પકાવ્યા છે તે- (અહીં ओदन, नि.क्त નું કર્મ છે કૃદન્તનું નથી)
कर्तरि માટે :-
0 આ સૂત્ર તૃતીયાનો અપવાદ છે
0 कर्तरि કેમ કહ્યું ?
भवत आसिका ધરમાં સૂવું-सृ એ કર્તા નથી પણ અધિકરણ છે
0 कृतः કેમ કહ્યું ?
भवान् आस्ते – आस्ते ક્રિયાપદ છે કૃદન્ત નથી

☐ શેષવૃત્તિ – (૧૯) द्विहेतोरस्त्र्यणकस्य वा २/२/८७ જે એકજ કૃદન્તનો પ્રયોગ કર્તામા અને કર્મમા ષષ્ઠી વિભક્તિ થવામાં હેતુભૂત હોય તે કૃદન્તના કર્તાને ષષ્ઠી વિકલ્પે લગાડી સ્ત્રીલિંગે થના अ અને णक પ્રત્યય વાળા કૃદન્ત શબ્દોને આ સૂત્ર ન લાગે.
विचित्रा सूत्राणां कृतिराचार्यस्याचार्येण वा આચાર્યની સૂત્રોની વિચિત્ર કૃતિ (અહીં कृति કૃદન્ત છે અને એ કૃદન્ત, સૂત્ર રૂપ કર્મને અને – આચાર્ય રૂપ કર્તાને ષષ્ઠી વિભક્તિ થવા માટે નિમિત્ત છે. તેથી આચાર્ય શબ્દને વિકલ્પે ષષ્ઠી થઇ [૯૫]

• • • • • • • • • • • • • • • •
• બે સૂત્રો ભેગા મુકેલ છે એટલે અહીં અલગ પાડેલ છે

[૪૧૩]

(૬૬) कृत्यस्य वा २/२/८८

★ વૃત્તિ :- घ्यण् तव्यानीय-य-क्यपः कृत्याः । एषां कर्तरि षष्ठी वा स्यात् । त्वया तव कार्यं कर्तव्यं करणीयं देयं कृत्यम् ।

卐 સૂત્રાર્થ :- घ्यण्, तव्य, अनीय, य, क्यप् આ પાંચ કૃત્ય પ્રત્યયો છે. કૃત્ય પ્રત્યયના વિકલ્પે કર્તા અર્થમાં વર્તતા ગૌણનામને ષષ્ઠી થાય છે. त्वया तव वा कार्यम्, कर्तव्यम्, करणीयम्, देयम्, कृत्यम्, એ રીતે પાંચે કૃત્ય પ્રત્યયમાં तव એમ ષષ્ઠી વિકલ્પે त्वया તૃતીયા થઇ [(૧) कृ+घ्यण=कार्यं, (૨) कृ+तव्य=कर्तव्य, (૩)- कृ+अनीय=करणीय,(૪)दा+य=देय(૫)कृ+क्यप्=कृत्य થયુ છે.

★ અનુવૃત્તિ :-(૧) अज्ञाने ज्ञः षष्ठी २/२/८० थी षष्ठी (૨) कर्तरि २/२/८६

卐 વિશેષ :- 0 કર્તરિ કેમ કહ્યું ?
मयचनीयो गुरुशिष्याऽन्तेन – કર્મણી છે

[૪૧૪]

(૪૭) रि रिष्टात्स्तादस्तादस्तसाता २/२/८९

★ સૂત્રપૃથ૦ :- रि रिष्टात् स्तात् अस्तात् अस् अतस् आत्

★ વૃત્તિ :- एभिः प्रत्ययैर्योगे षष्ठी स्यात् । गृहस्योपरि, उपरिष्टात् पश्चात्, पुरस्तात्, पुरः, दक्षिणतः, उत्तरात् ।

卐 સૂત્રાર્થ :- रि વગેરે સાત પ્રત્યયો જેને લાગેલા હોય તેના યોગમાં (ગૌણ નામને ષષ્ઠી થાય છે.
(रि) गृहस्य उपरि=ઘરની ઉપર
(रिष्टात्) गृहस्य उपरिष्टात् – ઘરની ઉપર આગળ (स्तात्) पश्चात्-પીઠ તરફ. (अस्तात्) पुरस्तात्= આગળ, (अस्) पुरः=આગળ (अतस्) दक्षिणतः= દક્ષિણે, (आत्) उत्तरात्=ઉત્તરે – આ તે પ્રત્યયોમાં गृह શબ્દને ષષ્ઠી થાય છે.

★ અનુવૃત્તિ :- अज्ञाने ज्ञः षष्ठी २/२/८०

卐 વિશેષ :- 0 આ વિધાન પંચમીના અપવાદને કરે છે.

0 પ્રત્યયો:- (૧) उर्ध्वात् रि रिष्टातावुपर्य्वास्य ७/२/११४ થી रि, रिष्टात्
(२) परावरास्तात् ७/२/११६ થી स्तात्
(३) पुर्वावरी...वधश्चैषाम् ७/२/११५ થી अस् अस्तात्
(४) दक्षिणोत्तराचातस् ७/२/११७ થી अतस्
(५) अधरापराच्चात् ७/२/११८ થી आत्

[४२५]

(४८) तृन्नुदन्ताव्ययक्वस्वानातृश्शतृडिणकच्खलर्थस्य २/२/९०

★ સૂત્રપૃથ૦ :- तृन्[1] उदन्त[2] अव्यय[3] क्वसू[4] आन[5] अतृश्[6] शतृ[7] डि[8] णक[9] खल्[10] — अर्थस्य

★ વૃત્તિ :- एषां दशानां कृतां कर्मकर्त्रोः षष्ठी स्यात् । तृन्—वदिता धर्मम् । उदन्तः विश्वं जिष्णुः । अव्ययम्-कटं कृत्वा, ओदनं भोक्तुं याति । क्वसुः । अन्नं पेचिवान्, । आनः — कटं चक्राणः । अतृश् — अधीयंस्त—त्त्वार्थम् शतृ—कटं कुर्वन् । डि—कष्टं सासहिः ॥ णकच्-कटं कारको याति । खलर्थः — सुकरो धर्मः, सुज्ञानं तत्वं भवता ।

卐 વૃત્યર્થ :- तृन् વગેરે જે દશ कृत् પ્રત્યયો તેના કર્તા કર્મનાં ષષ્ઠી વિભકિત થતી નથી.

(तृन्)—वदिता धर्मम् = ધર્મ બોલનાર
(उदन्त)—विश्वं जिष्णुः = વિશ્વને જીતનાર
(अव्ययम्)—कटं कृत्वा याति = સાદડી કરીને જાય છે
भोक्तुम् याति = જમવાને જાયછે.
(क्वसु)—अन्नं पेचिवान् = ખોરાક રાંધનાર
(आन)— कटं चक्राणः = સાદડી બનાવનાર
(अतृश्) अधियन् तत्वार्थम्—તત્વાર્થ ભણનાર
(शतृ) कटं कुर्वन् — સાદડીને કરતો
(डि) कष्टं सासहि — કષ્ટને સહન કરનારો
(णकच्) कट कारकः याति — સાદડી કરવા જાયછે.
(खलर्थ) सुकरः धर्मः, सुज्ञानं तत्त्वं भवता
તારા વડે તત્ત્વ / ધર્મ સારી રીતે જાણી શકાય

દશે ઉદાહરણોમાં ષષ્ઠી થઇ નથી—તેના પ્રત્યયોનો પરિચય 'વિશેષ' વિભાગમાં જુઓ

★ અનુવૃત્તિ :- (૧) अज्ञाने ज्ञः षष्ठि २/२/८० થી षष्ठि (२) नोभयोर्हेतोः २/२/८९ થી नः

卐 વિશેષ :- 0 પ્રત્યયોના સુત્રો :-
(१) तृन् :- तृन् शीलधर्मे साधुषु ५/२/२७
वदितृ — તેનું પ્રથમા એ.વ નું રૂપ वदिता
(२) उदन्त :- भ्रूजेः ष्णुक् ५/२/३० થી ष्णु
(३) अव्यय :- क्त्वा तुमम् १/१/३५ થી क्त्वा, तुम्
(४) क्वसु : तत्र क्वसु—कानौ तद्वत् ५/२/२ થી क्वसु
(५) आन (कान) तत्र क्वसु कानौ तद्वत् ५/२/२ થી कान
(६) अतृश् :- धारीङः अकृच्छ्रे अतृश् ५/२/२५ થી अतृश
(७) शतृ :- शत्रानशौ एष्यति तु सस्यौ ५/२/२० થી शतृ
(८) डि :- डौ सासहि वावहि चाचलि पापतिः ५/२/३८ થી सासहि
(९) णकच् :- क्रियायां क्रियार्थायां तुम् णकच् भविष्यन्ती ५/३/१३ થી णकच्
(१०) खल् :- दुःसुईषत् कृच्छ्राकृच्छ्रार्थात् खल् ५/२/१३९ થી खल्

[નોંધ :- ઉપરોક્ત સૂત્રો કૃદન્ત પ્રકરણના છે — જે પ્રકરણ, ભાગ : ૪ નું છેલ્લું પ્રકરણ છે.]

[४२६]

ભિન્ન ભિન્ન વિભક્તિ વિધાનો

(४९) पृथग् नाना पञ्चमी च २/२/११३

★ વૃત્તિ :- आभ्यां योगे तृतीया पञ्चम्यौ स्याताम् । पृथग् मैत्रान्मैत्रेण । अनुमान हेतोरप्येवम्— शब्दो ऽनित्यः कृतकत्वेन कृतकत्वाद्वा

卐 વૃત્યર્થ :- पृथक् અને नाना ના યોગમાં (ગૌણ નામને) પંચમી અને તૃતીયા થાય છે.

पृथग् मैत्रात् मैत्रेण वा — મૈત્રથી જૂદો છે.
नाना मैत्रात् मैत्रेण वा — મૈત્રથી જુદો છે.
અનુમાન અને હેતુમાં પણ એજ પ્રમાણે (તૃતીયા પંચમી થાય) — शब्दोऽनित्यः कृतकत्वेन — कृतकत्वाद् वा.

★ અનુવૃત્તિ :— तृतीयाऽल्पीयसः २/२/११२ થી तृतीया

卐 વિશેષ :- 0 જો पृथग् नाना શબ્દ અન્ય અર્થમાં હોય તો प्रभृत्यन्यार्थ २/२/७५ થી પંચમી સિદ્ધ જ છે — ત્યાં આ સૂત્રથી તૃતીયા જ થશે.

[४२७]

[५०] ऋते द्वितीया च २/२/११४

★ વૃત્તિ :- ऋते योगे द्वितीया पञ्चम्यौ स्याताम् । ऋते धर्मं धर्माद्वा कुतः सुखम् ।

★ વૃત્તિ :- अद्रुत विशेषण रहितो जाति शब्द एकवचन [illegible] बहुवत् वा भवत् । सम्पन्नो यवः । सम्पन्ना यवाः ।
अद्रुत विशेषणो [illegible]

卐 સૂત્રાર્થ :- જાતિનું કથન જણાતુ હોયને સંખ્યાવાચી વિશેષણથી રહિત એવા એક વચનમાં રહેલા નામને વિકલ્પે બહુવચન થાયછે.
સમ્પન્નો યવઃ - જવ ખૂબ પાકયો વિકલ્પે
સમ્પન્ના યવાઃ - જવ ખૂબ પાકયા
અહીં યવ એ.વ. છે ને જાતિ સૂચક છે તેથી તેનુ બ.વ. યવાઃ થઇ શકશે.
0 અદ્રુત વિશેષણ કેમ કહ્યું ?
[illegible]
એક ચોખો પાકે તો સુકાળ કરેછે. - અ [illegible] છે માટે બ.વ ન થાય.

卐 વિશેષ - 0 [illegible] કેમ કહ્યું ?
[illegible] ન થાય
0 [illegible] કેમ કહ્યું ?
[illegible] - કમ્પની [illegible]
[illegible] - અહીં [illegible] છે પણ એક [illegible]

નો અર્થ [illegible] છે
0 [illegible] કેમ કહ્યુ
[illegible] - દ્વિ વચનને માટે બ.વ ન થાય

[૪૨૫]

(૫૮) ગુરાવેકશ્ચ ૨/૨/૧૨૪

★ સૂત્રપૃથક :- ગુરૌ એકઃ ચ
★ વૃ.ર :- ગુરૌ - [illegible] बहुवत् भवत् ।
[illegible] गुरु । [illegible] गुरवः । एष मे पिता । एते मे पितरः ।

卐 સૂત્રાર્થ :- જે નામ ગૌરવને યોગ્ય હોય તે નામ પોતાની એક કે બે સંખ્યાને સૂચવતું હોય તો પણ બહુવચનમાં વિકલ્પે વપરાય છે.
(દ્વિ વ.) [illegible] ગુરુ - તમે બે ગુરુ છો
વિકલ્પે (બ.વ) [illegible] ગુરવ - તમે ગુરુ છો.
(એ.વ.) एष मे पिता-આ મારા પિતા છે.
વિકલ્પે (બ.વ) एते मे पितरः - આ મારા પિતા છે. એમ પણ બોલી શકાય.

★ અનુવૃત્તિ :- [illegible] ૨/૨/૧૨૩

卐 વિશેષ [illegible]

[૪૨૬]

પૂ. મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી ગણિવરે રચેલ હૈમ લઘુપ્રક્રિયાના કારક પ્રકરણનો...
તપાગચ્છીય જૈનાચાર્ય ધ્યાનસ્થ ગુરુદેવ પૂ. આનંદસાગર સૂરિજીના સમુદાયના
પૂ. તપસ્વી પંન્યાસ શ્રી સુશીલસાગરજી મ. સા. ના પરમ વિનેયી શિષ્ય રત્ન
નિષ્કપટ મુનિરાજ શ્રી પૂ. સુધર્મસાગરજી મ. સા. ના શિષ્ય
મુનિ દીપ રત્નસાગર (M Com Med.) કરેલો...અનુવાદ તથા સસંદર્ભ વિવરણ સમાપ્ત

॥ अर्हम् ॥

૦ સમાસ પ્રકરણ ૦

સમાસ એટલે પદોનો સંક્ષેપ સમાસદ્વારા ભાષા સંક્ષિપ્ત બને છે. થોડા શબ્દોમાં ઘણું કહી શકાય છે ..સમાસ ભાષાનું અગત્યનું અંગ છે...જે પદોનો સમાસ કરવો હોય તે પદો પરસ્પર અપેક્ષિત સમ્બન્ધવાળા હોવા જોઇએ જેમકે इदं देवदत्तस्य गृहं दृश्यते । નું इदं देवदत्त गृहं दृश्यते । અહીં સમાસ થઇ શકયો કેમકે પદોનો સંબંધ પરસ્પર અપેક્ષાવાળો છે.

"બે કે બે કરતા વધારે પદો જોડાઈને જ્યારે એક પદ બને ત્યારે એ પ્રક્રિયાને સમાસ કહેવામાં આવે છે."

સમાસને એક પદ કહેવાય છે. તેથી જ એક સમાસનો બીજા પદ કે બીજા સમાસ સાથે સમાસ થઇ શકે છે....સમાસમાં છેલ્લા પદને જાતિ, વચન તથા વિભક્તિ પ્રત્યયો લાગે છે.

प्रायोवादः– પૂર્વપદ (પદાર્થ) પ્રધાનતાએ અવ્યયી ભાવ. ઉત્તર પદ (પદાર્થ) પ્રધાનતાએ તત્પુરુષ, અન્યપદ (પદાર્થ) પ્રધાનતાએ બહુવ્રીહિ, ઉભયપદ (પદાર્થ) પ્રધાનતાએ દ્વન્દ્વ સમાસ થાય છે.

સમાસના પ્રકારો

બહુવ્રીહિ સમાસ	સૂત્ર ૨ થી ૨૩	સિદ્ધહેમમાં ૩/૧– ૧૯ થી ૨૫
અવ્યયી ભાવ સમાસ	૨૪ થી ૪૩	૨૬ થી ૪૧
તત્પુરુષ સમાસ	૪૪ થી ૬૧	૪૨ થી ૯૫
કર્મધારય સમાસ	૬૨ થી ૭૧	૯૬ થી ૯૮ ૧૦૦ થી ૧૧૫
દ્વિગુ સમાસ	૭૨ થી ૭૪	૯૯
દ્વન્દ્વ સમાસ	૭૫ થી ૮૩	૧૧૭

સિધ્ધહેમમાં અધ્યાય ૩–૧ સમાસના પ્રકારોનું છે, ૩–૨ સમાસ થયા પછી નામ કે ધાતુના ફેરફારો દર્શાવે છે.

સમાસ પ્રકરણ

સમાસનું સામાન્ય સૂત્ર

(૧) નામ નाम्नैकार्थ्ये समासो बहुलम् ૩/૧/૧૮

✱ સૂત્રપૃથ૦ :– नाम नाम्ना एकार्थ्ये समासः बहुलम्

★ વૃત્તિ :– नाम नाम्ना सहैकार्थ्ये सामर्थ्ये विशेषे सति समासो बहुलं स्यात् । लक्षणं चैतन्निकारस्य, तेन बहुव्रीह्यादि संज्ञाऽभावेऽप्यैकार्थ्ये समासः :– निष्कृष्ट पटः । स च षोढा-बहुव्रीहिः 1 अव्ययीभावः 2 तत्पुरुष. 3 कर्मधारयः 4 द्विगु 5 द्वन्द्व 6 । तत्र बहुव्रीहिरन्यपदार्थं प्रधानः । अव्ययीभावः पूर्वपदार्थं प्रधान । द्विगु तत्पुरुषौ परपदार्थं प्रधानौ । द्वन्द्व कर्मधारयौ चोभयपदार्थं प्रधानौ । तस्य क्रियाभिसम्बन्धात् एक पदादिकं च समास प्रयोजनम् । समर्थः पद समुदायो विग्रह वाक्यमिति च । आत्मनः पुरुषः रा इति वाक्यं

卐 સૂત્રાર્થ :– [સામર્થ્ય :– નામોના પદ સ્વરૂપના સંબંધને કારણે તેમાંથી એકાર્થતા– અર્થની અપેક્ષાએ પરસ્પર સંબંધના અર્થાત્ શબ્દોમાં વિશેષ પ્રકારનું સામર્થ્ય]

એક નામ બીજા નામ સાથે એકાર્થ હોય ત્યારે વિશેષ પ્રકારનું સામર્થ્ય હોતા ઘણું કરીને સમાસ થાય છે.

આ સૂત્ર સમાસનું લક્ષણ બતાવે છે તેમજ "અધિકાર સૂત્ર" પણ છે. તેથી જ્યાં બહુવ્રીહિ વગેરે સમાસો ન થઇ શકે તથા જ્યાં એકાર્થતા હોય ત્યાં આ સૂત્ર વડે સમાસ કરી લેવો જેમકે निष्कृष्टम् पटुः=निष्कृष्ट पटुः= વિશેષ સ્પષ્ટપણે ચતુર.

આ સમાસ છ છે. (૧) બહુવ્રીહિ (૨) અવ્યયી ભાવ (૩) તત્પુરુષ (૪) કર્મધારય (૫) દ્વિગુ અને (૬) દ્વન્દ્વ

બહુવ્રીહીમાં અન્ય પદાર્થ પ્રધાન છે. અવ્યયી ભાવમાં પૂર્વ પદ પ્રધાન છે, દ્વિગુ અને તત્પુરુષમાં પર પદાર્થ પ્રધાન છે, દ્વન્દ્વ અને કર્મધારયમાં ઉભયપદ પ્રધાન છે.

સમાસનું પ્રયોજન ક્રિયાના અભિસંધાન માટે તેમજ એકજ સામાસિક પદ માટે છે.

એક પદ થયેલો પદ સમુદાય તે સમાસ (વૃત્તિ) જેમકે राज पुरुषः – વૃત્તિના અર્થનો અવબોધક વાક્ય ને વિગ્રહ જેમકે राज्ञः पुरुषः

卐 વિશેષ :- 0 नाम्ना કેમ કહ્યું ?

चैत्रः पचति ચૈત્ર રાંધેછે. અહીં ચૈત્ર નામ છે पचति ક્રિયાછે માટે સમાસ ન થયો.

0 नाम કેમ કહ્યું ?

चरन्ति गावो धनमस्य – ચરની એની ગાયો એનું ધન છે અહીં चरन्ति ક્રિયાપદ છે અને गाव નામ છે. માટે સમાસ ન થયો.

0 बहुलम् શિષ્ટ પ્રયોગના અનુસરણ માટે છે.

0 ખૂબજ વિસ્તાર પૂર્વક વિવેચન માટે બૃહદ્વૃત્તિ-ન્યાસ સહિત સૂત્ર ૩/૧/૧૮ પૃષ્ઠ ૩૦ થી ૪૫ જુઓ

0 ઉદાહરણ *

(૧) ગુણ વિશેષણનો ગુણ વચન સાથે સમાસ:– स्पष्टं पटुः इति निष्कृष्ट पटुः

(૨) ક્રિયા વિશેષણનો ક્રિયાવત સાથે સમાસ :– दारुणं यथा भवति एवम् अध्यापकः इति दारुणाध्यापकः

(૩) તદ્ધિતાર્થ સમાસ :–
सर्वचर्मीण कृतः रथ   सर्वचर्मीणो रथः

(૪) બહુવચન વચનથી ક્યારેક અનામ પણ સમાસ પામે मार्ग्ये नमः – माति अर्के अत्र नमति

(૫) બહુવચન વચનથી ક્યારેક અનામ સાથે પણ સમાસ अनुव्यचलत् – अनु वि अने अचलत्

[૪૨૭]

બહુવ્રીહિ સમાસ

સામાન્યથી બે કે બે કરતા વધુ પદો હોવછે. અને અન્ય કોઈ પદનું વિશેષણ બનેછે.–આ સમાસમાં અન્ય પદપ્રધાન પણ છે તેના વિગ્રહમાં વિશેષ્યથી જાતિ અને વચનાનુસાર પ્રથમા અને સંબોધન સિવાયની વિભક્તિઓ અર્થના અનુસંધાનમાં यद् સર્વનામનુ છએ વિભક્તિનુ રૂપ મુકાય છે. તેની પછી અન્ય પદના પુલિંગ, સ્ત્રીલિંગ, નપુંસકલિંગના तद् સર્વનામમાં એક, દ્વિ, બહુ ના રૂપો વિગ્રહ વાક્યમાં એ લાવ છે. जितः मोहः येन सः इति जित मोहः – મોહને જિતનાર (यद् नु येन तद् नु सः)

(૨) एकार्थं चानेकं च ૩/૧/૨૨

* ઉદાહરણો મધ્યમવૃત્તિ–અવચૂરિ ભા ૧, ૨૧૯

★ સૂત્રપૃથ૦ :- एकार्थं च अनेकं च
★ વૃતિ :- एकमनेकं चैकार्थं समानाधिकरणं नाम, अव्ययं च नाम्ना द्वितीयाद्यन्तान्यपदस्यार्थे, समस्यते । स च बहुव्रीहिः ।

卐 વૃત્યર્થ :- **સમાનાધિકરણ એવું એક અથવા અનેક નામ અને અવ્યય રૂપ નામ બીજા નામની સાથે સમાસ પામે છે. દ્વિતીયા વગેરે વિભક્તિ વાળા અન્ય પદનો અર્થ વાચ્ય રહેતે છને બહુવ્રીહિ સંજ્ઞક થાયછે.**

★ અનુવૃતિ :- आसन्ना दूराधिकाध्यर्धार्धाऽर्धाद्धि पुरणं द्वितीयाद्यन्यार्थे ૩/૧/૨૦ થી अन्यार्थ

卐 વિશેષ :- 0 ઉદાહરણ :-
નામ :- आरुढः वानरः यं (वृक्षम्) सः જેની ઉપર વાંદરો ચડેલ છે તે વૃક્ષ. આ **અલૌકિક વિગ્રહછે** *
લૌકિક વિગ્રહ :- आरुढ+सि वानर+सि = आरुढवानर +सि = आरुढवानरः वृक्षः
અવ્યય:- उच्चैः मुखं यस्य सः उच्चैर्मुखं જેનું મુખ ઊચું છે તે.
(અહીં મુખ શબ્દ નપુંસક છે છતાં અન્યપદ પ્રધાન થતા તે પુલ્લિંગ બન્યો છે)
एकार्थ्ये ૩/૨/૮ થી વિભક્તિ લોપ થતા उच्चैर्मुख સ્વતન્ત્ર શબ્દ બન્યો પછી अधातु विभक्ति वाक्यम... થી નામ સંજ્ઞા થઇ અને પ્રથમાથી सि પ્રત્યય આવ્યો.
0 એકાર્થ એટલે પરપસ્પર વિશેષ્ય-વિશેષણ સંબંધ ધરાવનાર નામ
અવ્યયવાળા નામમાં વિશેષ્ય-વિશેષણ ભાવની જરૂર નથી.
0 પ્રધાનપણે અન્યાર્થનું સુચન થતુ હોય તો એટલે છૂટા નામો સમાસ પામ્યા બાદ નિષ્પન્ન અર્થ પ્રધાન રૂપે જૂદો હોય તો.
0 અહીં આપેલ ઉદાહરણમાં આરુઢ – વાનર ભિન્ન શબ્દો છે. – વિશેષણ, વિશેષ્ય ભાવ છે એકાર્થરૂપ છે. સમાસ (બુદ્ધિસ્થ-અન્યપદ) બહારનું દ્વિતીયાન્ત નામ यम् છે. – તે બહારના નામ દ્વારા સૂચિત અર્થ અન્યાર્થ છે. અને તેજ પ્રધાનરૂપ છે
0 અવ્યય નામરૂપ જ છે છતાં પૃથગ્ ગ્રહણ કરવાનું કારણ એ છે કે તેમાં एकार्थ ની જરૂર નથી. તે ભેદ દર્શાવવાના હેતુથી આ ગ્રહણ કરેલ છે.

o o o o o o o o o o o o o o o o o o o o

* સમાસના વિગ્રહ માટે ૧૫ વિભાગો પંડિતવર્ય છબીલદાસજીએ બનાવવાનું સૂચવેલ હતું: (૧) સામાસિક શબ્દ (૨) ગુજરાતી વિગ્રહ (૩) સંસ્કૃત વિગ્રહ (૪) સમાસનો પ્રકાર (૫) પૂર્વપદ (૬) ઉત્તરપદ (૭) પૂર્વપદ વિભક્તિ (૮) ઉત્તરપદ વિભક્તિ (૯) પૂર્વપદવિધિ (૧૦) સૂત્ર (૧૧) ઉત્તરપદ વિધિ (૧૨) સૂત્ર (૧૩) સમાસાંત વિધિ (૧૪) સૂત્ર (૧૫) ઇત્સંજ્ઞા ફળ-આ પંદર ભાગમાં કોઇપણ સમાસનો વિગ્રહ કરવો ટુંકમાં ત્રણ બાબતના ભેદ મહત્ત્વના છે (૧) પૂર્વપદ વિધિ (૨) ઉત્તરપદ વિધિ (૩) સમાસાંત વિધિ

[૪૨૮]

(૩) ऐकार्थ्ये ૩/૨/૮

★ વૃત્તિ :- एकार्थ्यमैकपद्यं तन्निमित्तस्य स्यादेर्लुप् स्यात् । अत एव लुब्विधानात् । नाम नाम्नेत्युक्तावपि स्याद्यन्तानां समासः (अव्ययेभ्यः स्यादयोऽनुमीयन्ते इति बृहद्वृत्तौ) । "उक्तार्थानामप्रयोगः" इति यत् शब्दा प्रयोगे आरूढ पुरूषो गिरिः । अयं चान्य पदार्थ प्राधान्यात्तत्सम्बन्धिनीर्लिङ्ग सङ्ख्या विभक्तिरनुसरति । कृतानि पुण्यानि येन सः – कृतपुण्यः । एवं दत्तदानो, वीतदुखो, बहुधनो ऽनन्तज्ञानः । अनेकं च-आरूढबहु पुरुषो गिरिः । अव्यय खल्वपि – उच्चैर्मुखः ।

卐 વૃત્યર્થ :- **ઐકાર્થ્ય – અનેકપદનું એકપદપણુ રહેતા તેના નિમિત્તની સ્યાદિ વિભકિતનો લોપ થાય છે. લોપના વિધાનથી એક નામ બીજા નામ સાથે કહેવાયા મુજબ સ્યાદ્યન્ત સમાસનું હોવું જોઇએ (બૃહદ્વૃત્તિ અનુસાર અવ્યયોથી સ્યાદની અનુમતિ અપાય છે.)**
જો એક નામનો બીજા નામની સાથે સમાસ કરતી વેળાએ —
1 "स्याद्यन्त" નો ત્યાગ કરીએ અને એકનામનો બીજા નામ સાથે સમાસ કરીએ તો તે એક પદીભાવ નિમિત્તભૂતસ્યાદિ वन्ध्यापुत्रयत् થાય) उक्तार्थानामप्रयोगः **ન્યાય મુજબ यद् શબ્દનાં અપ્રયોગમાં** आरूढ पुरुषो गिरिः (आरूढाः पुरुषाः यं गिरिम् **એમ વિગ્રહે) અહીં અન્ય પદાર્થની પ્રાધાન્યતાથી તત્સમ્બન્ધિ લિંગ, સંખ્યા વિભક્તિ અનુસરે છે.**
कृतानि पुण्यानि येन सः **કર્યું છે પુણ્ય જેણે તેવો**

તે – कृतपुण्यः (લૌકિક વિગ્રહ)
અલૌકિક વિગ્રહ :-
પૂર્વપદ ઉત્તરપદ
कृत+जस् पुण्य+जस्
ऐकार्थ્યે સૂત્રથી વિભક્તિનો લોપ થતા कृतपुण्य- પુલ્લિંગ નામ થયુ – તેથી अ કાન્ત. પુલ્લિંગ નામના નિયમ મુજબ "सि" – कृतपुण्य + सि થતાં कृत पुण्यः બનશે.
0 તૃતીયા :- ऊढरथौ अश्वौ – વિગ્રહ .-
ऊढ रथ याभ्याम् तौ
ચતુર્થી :- दत्त दान. – વિગ્રહ '- दत्तंदानंयस्मैसः
પૂર્વપદ :- दत्त+सि, ઉત્તરપદ दान+सि
0 પંચમી :- वीतदुःख –ગયા છે દુઃખ જેના તેવો તે
वीत दुःखं यस्मात् सः = પૂર્વપદ वीत+सि
ઉત્તરપદ – दुःख+सि – વિભક્તિ લોપ અને પુલ્લિંગમાં सि પ્રત્યય થયો.
ષષ્ઠી – बहुधना. વિગ્રહ :- बहूनि धनानि येषाम्ते (અનેક) '– आरूढ बहव. पुरुषा य स. જેનાપર ઘણા પુરૂષો ચઢેલા છે તે (પર્વત) – आरूढ बहुपुरुषो गिरिः
(अव्यय) उच्चैर्मुखं यस्य स = उच्चैर्मुखः.

★ અનુવૃત્તિ – अनेकं ३/१/२२ થી ज्ञ

卐 વિશેષ. 0 સમાસ – વિભક્તિ લોપ .-
चित्रगु કાબર ચિતરી ગાય વાળો चित्रा गावः यस्य सः
પૂર્વપદ चित्रा+जस् गो+जस् = चित्रगु+सि
(अत्र गिर पुरवत् स्त्र्यैकार्थे થી चित्रा નુ चित्र થયુ અને गोश्चान्ते ह्रस्वः થી गो નુ हस्व થયુ છે)
0 નામધાતુ – વિભક્તિ લોપ .-
पुत्रम् इच्छति इति पुत्रीयति – પુત્રને ઇચ્છનારી
पुत्र+अम् મા अम् નો લોપ
0 તદ્ધિત – વિભક્તિ લોપ :-
उपगोः अपत्यम् – औपगवः ઉપગુનો પુત્ર उपगु + ङस् મા ङस् નો લોપ

[1] स्याद्यन्त :- સમાસ વિધાયક સૂત્રમાં સ્યાદ્યન્ત નામનો સ્યાદ્યન્ત નામની સાથે સમાસ થાય તેવો ઉલ્લેખ કર્યો નથી –ને આગળ જતાં સૂત્રકાર મહારાજ, સમાસ થતાં આદિ વિભક્તિ લોપનુ વિધાન કરેકે તેનાથી સાબીત થાયછે કે સામાન્ય સૂત્રમાં પણ સ્યાદ્યન્ત નામનો સ્યાદ્યન્ત નામની જોડે સમાસ અભિપ્રેત છે.

[૪૨૯]

(૮) उष्ट्रमुखादयः 3/1/23

★ સૂત્રપૃથ૦ :- उष्ट्रमुख – आदयः
★ વૃત્તિ :- एते बहुव्रीहि समासा निपात्यन्ते उष्ट्रस्य मुखमिव मुखं यस्य स उष्ट्रमुखः । वृषस्कन्धः ।

卐 વૃત્ત્યર્થ '– उष्ट्रमुखादि વગેરે બહુવ્રીહિ સમાસો (बहुत्व) નિપાતન કરાય છે.
उष्ट्रस्य मुख इव मुखं यस्य सः – उष्ट्रमुखः
उष्ट्र+ङस् मुख+सि – (આ સમાસનો બીજો વિગ્રહ :- (૧) उष्ट्रस्य इव मुखम् यस्य सः
(૨) उष्ट्रवत् मुखम् यस्य सः
वृषस्कन्धः – वृषस्कन्धस्य इव स्कन्धः यस्य सः
બળદ જેવી ખાંધ છે જેની તે

卐 વિશેષ :- 0 આ સમાસમાં આવેલા ઉપમાન પદનો લોપ થાય છે
0 જે બે નામોમાં વિશેષણ – વિશેષ્ય ભાવ નથી તેવાં નામનો પણ સમાસ થઇ શકે એ દૃષ્ટાંત આ સૂત્ર સૂચવે છે
0 વિભક્તિનો લોપ ન થયો હોય તેવા પ્રયોગ પણ અહીં છે. જેમકે कण्ठे कालः यस्य सः कण्ठे कालः આ બહુવ્રીહિ સમાસ अलुक् बहुव्रीहि છે.
0 * उष्ट्रमुखादि ગણ :- उष्ट्रमुख., वृषस्कन्धः, हस्तकुम्भ स्तनी । नयनार्न्विन्दः, हरिणाक्षी, हंसगमना, चन्द्रमुखी, कमलवदना, बिम्बोष्ठी, चक्रनितम्बा, सिंहस्कन्धः, सिंह स्वानीयः વગેરેમા ઉપમાન અને ઉપમેયનો સામાન્ય વાચી નામ સાથે સંબંધ છે અને ઉપમેયસ્વરૂપ નો તથા ઉપમાનપદ નો યથાનભૂત લોપ છે
कण्ठेकालः, उरसिलोमा, उदरेमणिः, वहेगडुः વગેરેમાં સાતમી પૂર્વપદ સમાનાધિકરણ નો સમાસ છે. અને ઉત્તરપદનો લોપ થયો છે, केशचूड सुवर्णालंकार मां ષષ્ઠી વડે સમાનાધિકરણનો સમાસ છે ઉત્તરપદ લોપ છે प्रार्थ :- प्रपतित पर्णः, प्रपलाशः – प्रपतितपलाशः, उद्रश्मिः – उद्गतरश्मिः, अपुत्रः
0 બ.વ. આ કૃતિગણ માટે છે–તેથી બીજા પણ આવા સમાસો હોઈ શકે.

[૪30]

(५) सहस्तेन ३/१/२४

★ સુત્રપૃથ૦ :– सहः तेन

★ વૃત્તિ :– तृतीयान्तेन सह शब्दो ऽन्य पदार्थे समस्यते ।

卐 વૃત્યર્થ :– (सह – તુલ્યયોગ[1] અથવા વિદ્યમાનતા[2] અર્થમાં વર્તતો એવો જે શબ્દ તે सह) તૃતીયાન્ત નામની સાથે सह શબ્દ અન્ય પદાર્થ વાચ્ય રહે તે છત્તે સમાસ પામેછે (તે બહુવ્રીહિ સંજ્ઞક છે.)

★ અનુવૃત્ત :– आसन्नादुराधि...ऽन्यार्थे ३/१/२० थी अन्यार्थे

卐 વિશેષ :– 0 ઉદાહરણ :–

पुत्रेण सह – सपुत्रः પુત્રની સાથે

कर्मणा सह = सकर्मक (आत्मा अस्ति)

1 તુલ્યયોગ :– सह સાથે સમાસ પામનાર નામ દ્વારા સૂચિત અર્થ અને सह એટલે સાથે કોણુ ? પ્રશ્નના ઉત્તર રૂપે જે અર્થ અધ્યાહૃત જણાતો હોય તેની બન્નેની પ્રવૃતિ ગુણ સમાન હોવા

2 વિદ્યમાનતા :– હયાતી

0 સમાસમાં અન્ય પદ પ્રધાન છે તે પ્રથમાન્ત માટે સૂત્ર જુદુ બનાવ્યું.

0 सह કેમ? साकं सार्धम् એ શબ્દોમાં सहार्थ ઇચ્છતા નથી માટે આ સૂત્ર લાગુ પડયું નહી

[४32]

(६) सहस्य सोऽन्यार्थे ३/२/१४३

★ સૂત્રપૃથ૦ :– सहस्य सः अन्यार्थे

★ વૃત્તિ :– बहुव्रीहौ सहस्य सो वा स्यात् । सपुत्रः सहपुत्रो वा गतः

■ क्वचिन्नित्यम् – साश्वत्थं वनम् । साग्निः कपोतः । सद्रोणा खारी । क्वचिन्न – स्वस्ति गुरवे सहशिष्याय ।

卐 વૃત્યર્થ :– ઉત્તરપદ વાળો सह શબ્દ બહુવ્રીહિ સમાસમાં આવેલો હોયતો सह ને બદલે स વિકલ્પે થાય છે पुत्रेण सह इति सपुत्रः વિકલ્પે सह पुत्रः गतः પુત્ર સાથે બીજો કોઇ ગયો.

卐 વિશેષ 0 :– अन्यार्थे કેમ કહ્યું ?

सहजातः – सहजः સાથે જન્મેલો બહુવ્રીહિ સમાસ નથી તેથી क्वचित् ५/१/१७१ સુત્રથી ड પ્રત્યય લાગે *

* सहजातः માં ड પ્રત્યય બૃહદ્વૃત્તિ ન્યાસ સહિત સૂત્ર ૩/૨/૧૪૩ પૃ ૧૩૨

■ શેષવૃત્ત :– (१) नाम्नि ३/२/१४४ બહુવ્રીહિ સમાસમાં ઉત્તરપદવાળો सह શબ્દ હોય અને વિશેષ નામનું સૂચન હોય તો सह નો स થાય अश्वत्थेन सह साश्वत्थम् वनम् વનનું નામ છે. [९६]

(२) अदृश्याधिके ३/२/१४५ અદૃશ્ય પદાર્થનું સૂચક ઉત્તરપદ હોય તથા 'અધિક' અર્થને સુચવતું હોય તો બહુવ્રીહિ સમાસમાં सह ને બદલે स થાય. अग्निना सह इति साग्निः कपोतः અગ્નિવાળો કપોત–કબુતરના જઠરમાં અગ્નિ છેપણ દેખાતે નથી सद्रोणा खारी–द्रोणेन सह [९७]

(३) नाशिष्यगोवत्सहले ३/२/१४८ गो, वत्स हल એ ત્રણ સિવાયનું ઉત્તરપદ હોય અને 'आशिष' અર્થ જણાતો હોય તો सह નો स ન થાય. स्वस्ति गुरवे सह शिष्याय – શિષ્ય સાથે ગુરૂનુ કલ્યાણ થાઓ. આશિષ અર્થ છે માટે सह નો स ન થાય [९८]

[४32]

(७) दिशो रूढ्यान्तराले ३/१/२५

★ સૂત્રપૃથ૦ :– दिशः रूढ्या अन्तराले

★ વૃતિ :– दक्षिणस्याः पूर्वस्याश्च यदन्तरालं सा दक्षिणपूर्वादिक् । [सर्वादयोऽस्यादौ ३/२/६१ इति पुंवद्भावः ।] इत्यादयोऽपि बहुव्रीहि समासा ज्ञेयाः । यत्र प्रधानस्यैक देशो विशेषणतया ज्ञायते स तद्गुण संविज्ञानः । लम्बौ कर्णौ यस्य स लम्बकर्णो:

卐 વૃત્યર્થ :– રૂઢિથી દિશાવાચકનામનો રૂઢિથી જ દિશાવાચક નામ સાથે જે સમાસ થાય તે બહુવ્રીહિ સમાસ કહેવાય. – સમાસ પામેલા નામનો 'અંતરાલ' અર્થ હોય તો दक्षिणस्याः पूर्वस्याश्च यदन्तरालं सा दक्षिणपूर्वादिक्

■ (४) सर्वादयोऽस्यादौ ३/२/६१ વિશેષ્યને લીધે સ્ત્રીલિંગી થયેલા सर्व વગેરે શબ્દો પુંવત્ થાય છે–સ્યાદિ વિભક્તિ ન લાગી હોય ત્યારે – તેથી અહીં दक्षिणा નું दक्षिण થયું છે. [९९]

"ઉપરોકત સૂત્ર ૨/૪/૫–૭ થી થયેલા સમાસો બહુવ્રીહિ જ સમજવા"

* જે મુખ્યમાંના એક ભાગને વિશેષણ રૂપે જણાવે તે – તેનાં ગુણનું સંવિજ્ઞાન સમજવું.

* લોકાત્ :– બહુવ્રીહિના બે ભેદ (૧) ગુણ સંવિજ્ઞાન – સાથે ગુણ ચોટેલ કે રહેલ–જેમકે લાંબો કાન–કાનમુંડીને ન જવાય (૨) સાથે ન હોવું – જેમકે ગોવાળ–ગાયના અભાવે પણ ગોવાળ કહેવાય.

लम्बौ कर्णौ यस्य सः इति लम्बकर्णः रासभः – લાંબા કાનવાળો ગધેડો

★ અનુવૃતિ :– सुज्वार्थे सङ्ख्या सङ्ख्येये सङ्ख्यया बहुव्रीहिः ३/१/१९ થી बहुव्रीहि

卐 વિશેષ :– 0 पश्चिम दक्षिणा – पश्चिम उत्तरा કેમ થયુ ? – કર્મધારય સમાસ છે માટે

વિગ્રહ :– લૌકિક :– पश्चिमा चासौ दक्षिणा च

અલૌકિક :– पश्चिमा + सि दक्षिणा + सि

0 રૂઢિ = લોક વ્યવહાર

0 રૂઢિમત્ત્વ્ કેમ કહ્યું ?

દિશાવાચક યૌગિક શબ્દને તેમજ દિશાવાચક યૌગિક શબ્દઆથે સમાસ ન થાય તે માટે જેમકે ऐन्द्रयाश्च कौबेर्याश्च दिशोर्यदन्तराळ अ॒री વાક્ય જ રહેશે. – ऐन्द्री–પૂર્વ कौबेरी=ઉત્તર

[४33]

(८) विशेषण सर्वादि सङ्ख्यं बहुव्रीहौ 3/१/१५०

★ વૃત્તિ :– विशेषण सर्वादिक, सङ्ख्या वाचि च बहुव्रीहौ प्राक् स्यात् । [गौणस्य गो शब्दस्य इयान्तस्य चान्तस्यस्य ह्रस्वो वक्तव्यः ।] चित्रगु । सर्वशुक्ल । द्विकृष्णः ।

卐 વૃત્યર્થ :– વિશેષણ વાચી સર્વાદિ શબ્દો, સંખ્યા વાચી શબ્દો બહુવ્રીહિમા પૂર્વે મુકાય છે.

(૫) ગોશ્ચાન્તે હ્રસ્વોऽनंशि समस यो बहुव्रीहौ २/४/९६ બહુવ્રીહિ સમાસમા રહેલ ગૌણ નામ રૂપ गो શબ્દ અને ડી વગેરે પ્રત્યયો જેને અન્તે છે તે ગૌણ નામનો અન્ત્ય સ્વર હ્રસ્વ થાય છે – તે નામ અ નિમિમામને છેડે કે इयस् પ્રત્યયાન્ત ન હોવનો [१००]

0 વિશેષણવાચી:– चित्रगुः – चित्रा गौर्यस्य सः – चित्र+अम् गो+सि – चित्रगु सि કાબર ચિતરી ગાયવાળા

0 सर्वादिः सर्वशुक्लः – सर्वं शुक्लं यस्य सः – બધું ધોળુ છે જેનુ તે सर्व+अम् शुक्ल+अम् = सर्वशुक्ल+सि

0 સંખ્યાવાચી :– द्विकृष्ण – द्वौ कृष्णौ यस्य सः – द्वि + औ कृष्ण + औ = द्विकृष्ण + सि જેના બે બળદ કાળાછે તે

★ અનુવૃત્તિ :– प्रथमोक्तं प्राक् ३/१/१४८ થી प्राक्

卐 વિશેષ : 0 બહુવ્રીહિ કેમ કહ્યુ ?

उपसर्वम् – सर्वेषाम् समीपम् इति – આ અવ્યયીભાવ સમાસ છે માટે પ્રત્ ન થાય.

प्रथमोक्तं प्राक् ३/१/१४८ સૂત્રની અપ્રાપ્તિમાં નિયમને માટે આ સૂત્ર છે.

[४3४]

(९) क्ताः 3/१/१५१

★ વૃત્તિ :– क्तान्तं नाम बहुव्रीहौ प्राक् स्यात् । कृतकटः । ☐ कारिका । शार्ङ्गजग्धी, जातशार्ङ्गा मासजाता जातमासा जातसुखा सुखजाता । आहिताग्निः , । अग्न्याहितः । उद्यतासिः, अस्युद्यत प्रिय (३/२/१५७) प्रियः । गुडप्रियः, । प्रियगुडः ।

卐 વૃત્યર્થ :– क्त અન્તવાળુ નામ બહુવ્રીહિ સમાસના પૂર્વે આવે कटः कृतः येन सः कट + सि कृत + सि = कृतकटः થશે.

★ અનુવૃત્તિ :– प्रथमोक्तं प्राक् ३/१/१४८ થી प्राक्

卐 વિશેષ:– 0 સૂત્રમા क्ताः એવું બ.વ વ્યાપ્તિ ને માટે અર્થાત્ સર્વત્ર બહુવ્રીહિમાં क्त પ્રત્યયાન્ત નામ પૂર્વમાં આવે છે – તદુપરાન્ત क्त પ્રત્યયાન્ત નામ જ્યારે વિશેષણ ન બને ત્યારે પણ પૂર્વપદમાં મુકવા માટે, અને क्त પ્રત્યયાન્ત ન મો સર્વાદિ सङ्ख्यादि મા પણ પ્રથમ જ મુકાય છે

☐ શેષસૂત્રો :– (૬) जाति – काल – सुखादेर्नवा 3/१/१५० બહુવ્રીહિ સમાસમાં આવેલ જે क्त પ્રત્યય વાળુ નામ હોય તે જાતિવાચી, કાળવાચી અને સુખાદી નામથી પહેલુ વિકલ્પે આવે છે

જાતિવાચી :– शार्ङ्गर जग्ध. यया सा थी शार्ङ्गरजग्धी વિકલ્પે जग्ध शार्ङ्गा – જેણીએ સાંગરીની શીંગ ખાધી છે તે જાતિ

કાળવાચી :– मासजातः यस्या सा – જેણીને જન્મ્યાને મહિનો થયો છે તે मास जाता વિકલ્પે जात मासा

સુખાદિવાચી :– सुखं जातं यस्याः सा જેણીને સુખ થયુ છે તે સ્ત્રી – सुखजाता, जातसुखा [१०१]

(७) आहिताग्न्यादिषु 3/१/१५3 आहिताग्नि વગેરે બહુવ્રીહિ સમાસ વાળા શબ્દોમા क्त પ્રત્યય વાળા શબ્દો વિકલ્પે પહેલા આવે.

आहितः अग्निः यन सः જેણે અગ્નિનું સ્થાપન કરેલુંછે તે – आहिताग्निः વિકલ્પે अग्न्याहितः आ+धा+क्त નું ભૂતકૃદન્ત [१०२]

(८) प्रहरणात् 3/१/१५४ બહુવ્રીહિ સમાસમાં આવેલું क्त પ્રત્યયાન્ત નામ પ્રહરણવાચી નામ થી પૂર્વે વિકલ્પે

આવે उद्यतः असिः येन सः જેણે તલવાર ઉગામીછે તે उद्यतासिः વિકલ્પે अस्युद्यतः–असि પ્રહરણવાચીછે. [૧૦૩]
(૯) प्रियः ૩/૧/૧૫૭ બહુવ્રીહિ સમાસમાં प्रिय શબ્દ વિકલ્પે પહેલે આવે प्रिय गुडः यस्य सः જેને ગોળ પ્રિય છે તેप्रियगुडः पक्षे गुडप्रियः [૧૦૪]

[૪૩૫]

(૧૦) न सप्तमीन्द्वादिभ्यश्च ૩/૧/૧૫૫

★ સુત્રપૃથક :– न सप्तमी इन्दु–आदिभ्यः च
★ વૃત્તિ : इन्द्वादिभ्यः प्रहरणार्थश्च सप्तम्यन्तं बहुव्रीहौ प्राग् न स्यात् । इन्दुमौलिः । चक्रपाणिः

■ गड्वादिभ्यः ૩/૧/૧૫૬ वा कण्ठेगडुः गडुकण्ठः

卐 વૃત્યર્થ :– इन्दु વગેરે શબ્દો પ્રહરણ વગેરે શબ્દોથી સપ્તમી અન્તવાળા નામો બહુવ્રીહિ સમાસમાં પ્રથમ આવતા નથી.
0 इन्दुः मौलौ यस्य सः इन्दु+सि–मौलि+ङि इन्दु-मौलि+सि=इन्दुमौलिः મસ્તકમાં જેને ચંદ્રછે. તે
0 चक्रां पाणौ यस्य सः –चक्रपाणिः = જેના હાથ માં ચક્ર છે તે

★ અનુવૃત્તિ :– (૧) प्रहरणात् ૨/૩/૧૫૪
(૨) प्रथमोक्तं प्राक् ૩/૧/૧૪૮ થી प्राक्

卐 વિશેષ :– 0 इन्दु વગેરે इन्दु, चन्द्र, शशिन् पद्म, उर्णा, शङ्ख, दर्भपवित्र
0 प्रहरणवाची :– असि, दण्ड, चक्र, शूल, शार्ङ्ग, धनुष, पाश, खड्ग, वज्र

■ શેષવૃત્તિ :– (૧૦) गड्वादिभ्यः ૩/૧/૧૫૬
બહુવ્રીહિ સમાસમાં સપ્તમ્યન્ત નામ गडु, गुरु, अरुष्, વગેરે શબ્દોથી વિકલ્પે પૂર્વે આવે
कण्ठे गडुः यस्य सः – कण्ठेगडुः पक्षे गडु कण्ठः – જેના ગળામાં ગાંઠ છે તે [૧૦૫]

[૪૩૬]

(૧૧) परतः स्त्री पुंवत्स्त्र्येकार्थेऽनूङ् ૩/૨/૪૯

★ સુત્રપૃથક :– परतः स्त्री पुंवत् स्त्री ऐकार्थ्ये अन-ऊङ्
★ વૃત્તિ :– परतो विशेष्यवशात्स्त्रीलिङ्गः स्त्रीवृत्तावेकार्थे उत्तरपदे परे पुंवत्स्यात् न तूङन्तः । दर्शनीया भार्या यस्य सः दर्शनीय भार्यः । परत इति किम् ? द्रुणीभार्यः । स्त्र्येकार्थ इति किम् ? गृहिणीनेत्राः । अनूङिति किम् ? करभोरूभार्यः ।

卐 વૃત્યર્થ :– વિશેષ્યના વશથી થયેલ સ્ત્રીલિંગી નામ પછી ઉત્તરપદમાં સ્ત્રીત્વ સૂચક નામ આવે – બન્ને સમાન અધિકરણ વાળા હોય (સરખી વિભક્તિ વાળા હોય) તો તે નામ પુંવત્ થાયછે.–ऊङ् પ્રત્યયાન્ત નામને છોડીને
दर्शनिया भार्या यस्य सः નું दर्शनीय भार्यः આ સૂત્રથી પુંવત્ થતાં दर्शनीया નું दर्शनीय થયું *
0 परत કેમ કહ્યું ?
द्रुणी भार्या यस्य सः = द्रुणीभार्यः = જેની પત્ની દ્રોણી છે તે – (અહીં द्रुणी પોતેજ નારીજાતિ નો શબ્દ છે વિશેષ્ય વશથી નહીં)
0 स्त्री ગ્રહણ કેમ કર્યું ?
गृहिण्यः नेत्राणी येषां ते इति गृहिणी नेत्राः જેનું નેત્ર ગૃહિણી છે તે (અહીં ઉત્તરપદ સ્ત્રી લિંગી નથી પણ નપુંસકલિંગી છે બન્ને પદ ભિન્ન છે)
0 अनूङ् કેમ કહ્યું ?
करभोरू भार्यः — करभ इव उरूः यस्याः सा = करभोरूः, करभोरूः भार्या यस्य सः
ઊંટના બચ્ચા જેવા સાથળ છે જેના તેવી પત્ની વ.ળો
(ऊङ् પ્રત્યય છે માટે પુંવત્ ન થાય તેથી)
करभोरू भार्यः

卐 વિશેષ :– 0 ऊङ् પ્રત્યય :– उतोऽप्राणिनश्चायु रज्ज्वादिभ्य ऊङ् ૨/૪/૭૩ અને ૭૪-૭૫સૂત્રથી ऊङ् પ્રત્યય થાય.

[૪૩૭]

o o o o o o o o o o o o o o o o o o o o o

* दर्शनीय भार्यः લૌકિકવિગ્રહ :– (આ રીતે દરેક સમાસમાં કરવું) (૧) સમાસિક શબ્દ :– दर्शनीय भार्यः (૨) ગુજરાતી વિગ્રહ જેની પત્ની દર્શનીય છે તે (૩) સંસ્કૃત વિગ્રહ :– दर्शनीया भार्या यस्य सः (૪) સમાસનો પ્રકાર :– બહુવ્રીહિ (૫) પૂર્વપદ :– दर्शनीया +सि (૬) ઉત્તરપદ :– भार्या+सि (૭) સમાસ સૂત્ર :– एकार्थं चानेकं च (૮) પુંવદ્ વિધિ :– दर्शनीय (૯) સૂત્ર :– परतः स्त्री पुंवत् (૧૦) ઉત્તરપદ વિધિ :– भार्य (૧૧) સૂત્ર :– गोश्चान्ते ह्रस्वः (૧૨) સમાસાન્ત વિભક્તિ :– પ્રથમા એ.વ. નો सि

(૧૨) સ્વાઙ્ગાર્દ્દીર્ઘજાતિશ્ચામાનિનિ ૩/૨/૫૬

✱ સૂત્રપૃથ૦ :– સ્વાઙ્ગાત્ ઙી [illegible] ચ અમાનિનિ

★ વૃત્તિ – [illegible] [illegible] પુંવત્ સ્યાત્ । દીર્ઘકેશી ભાર્યઃ । [illegible] । [illegible] । [illegible] । [illegible]

☐ [illegible] – [illegible] । [illegible] । [illegible] । [illegible] । [illegible] ।

卐 વૃત્યર્થ – સ્વાઙ્ગવાચી જે ઙી પ્રત્યય વાળુ નામ અને જાતિવાચી નામને અન્ય વિશેષ્ય ને લીધે સ્ત્રીલિંગી થયા હોયને માનિન્ શબ્દ ઉત્તરપદમાં ન હોય ત્યારે સ્ત્રીલિંગી નામ પુંવત્ થાય જેમકે · દીર્ઘકેશભાર્યઃ

0 [illegible] દીર્ઘ [illegible] [illegible] દીર્ઘકેશી

0 દીર્ઘકેશી ભાર્યા યસ્ય સઃ – દીર્ઘકેશભાર્યઃ જેની પત્ની લાંબાવાળ વાળી છે તે – ([illegible] થી [illegible])

[illegible] [illegible] – [illegible] [illegible] યસ્ય સઃ = જેની પત્ની [illegible] છે તે

[illegible] – [illegible] ભાર્યા યસ્ય સઃ જેની પત્ની [illegible] જાતિની છે તે

0 અમાનિનિ કેમ કહ્યું ?

દીર્ઘકેશ માનિનિ–આત્માનં દીર્ઘકેશી મન્યતે યા – પોતાને લાંબાવાળ વાળી માનતી સ્ત્રી – પુંવત્ ભાવ થતા [illegible] નું [illegible] થયું છે

✱ અનુવૃત્તિ – (૧) [illegible] [illegible] [illegible] [illegible] થી [illegible] [illegible]

(૨) [illegible] [illegible] થી [illegible]

卐 વિશેષ: – 0 જાતિ – (૧) આકાર માત્રથી જાતિ [illegible] [illegible] [illegible] કુમારી

(૨) જે [illegible] [illegible] [illegible] ન હોય અને પદાર્થ સાથે [illegible] નામ [illegible] [illegible] [illegible] તે જાતિ [illegible] આદિ

0 સ્વાઙ્ગ :– પ્રાણીમાં રહેલ હોય, અવિકારી હોય (લોહ [illegible]), દ્રવીભૂત ન હોય (કફ દ્રવીભૂત છે) મૂર્ત હોય (જ્ઞાન અમૂર્ત છે), પ્રાણીમાં હોવું (મિટ્ટા મેલ્યાથી [illegible]–પ્રતિમા નથી) પ્રાણીથી છૂટું પડેલ જેમકે વાળ, પ્રતિમા–પ્રાણીનું મુખ વગેરે

☐ શેષવૃત્તિ :– (૧૧) જાતિશ્ચ [illegible] ૩/૨/૫૩

[illegible] વગેરે થયું જે સ્ત્રીલિંગી નામ તે – [illegible] પ્રત્યયાન્ત તથા અણ્ પ્રત્યયાન્ત અને પ્રિયાદિ રૂપ સ્ત્રીલિંગ જેવા અમ્ નામિક રૂપ ઉત્તરપદ પર છતાં પુંલિંગ જેવું થતું નથી.

અણ્ :– [illegible] [illegible] [illegible] – [illegible] [illegible] [illegible] ([illegible] [illegible] [illegible] [illegible] + અણ્ થી [illegible] [illegible] છે)

0 પ્રિય – [illegible] [illegible] જેના પ્રિય [illegible] છે તે [illegible] [illegible] યસ્ય સઃ [૧૦૬]

(૧૪) તદ્ધિતાકકોપાન્ત્ય પૂરણ્યાખ્યાઃ ૩/૨/૫૮

જે નામ [illegible] [illegible] સ્ત્રીલિંગી થતુ હોય તે–તેના ઉત્તરપદ [illegible] [illegible] [illegible]. જે ક અને અણ્ પ્રત્યય ને [illegible] [illegible] છે તેને [illegible]. પુંવત્ પ્રત્યય વાળા તથા [illegible] નામો પુંવત્ ન થાય

ક – [illegible] [illegible] યસ્ય સઃ = [illegible] ભાર્યઃ

અણ્ :– [illegible] [illegible] યસ્ય સઃ = [illegible] ભાર્યઃ

[illegible] :– [illegible] [illegible] યસ્ય સઃ = [illegible] ભાર્યઃ

[illegible] :– [illegible] [illegible] યસ્ય સઃ = [illegible] ભાર્યઃ

[illegible] પુંવત્ ભાવ ન થયો [૧૦૭]

[૪૩૮]

બહુવ્રીહિ સમાસના સમાસાન્ત પ્રત્યય પ્રકરણ સંક્ષેપમાં કહેવાય છે –

[illegible] : ટ, ડ, અપ્, અત્, અન, કચ્, ઇત. આ સમાસાન્ત પ્રત્યયો બહુવ્રીહિ સમાસાન્ત (જુદા જુદા શબ્દોને) થાયછે. જે હવે પછીના સૂત્ર ૧૩ થી ૨૨ માં રજુ થયેલ છે.

(૧૩) [illegible]. સ્વાઙ્ગે ૭/૩/૧૨૬

★ સૂત્રપૃથ૦ – [illegible] – [illegible] સ્વાઙ્ગે

★ વૃત્તિ – [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] સમાસાન્તો સ્યાત્ ।

卐 વૃત્યર્થ :– બહુવ્રીહિ સમાસને અન્તે આવેલ સક્થિ અને અક્ષિ શબ્દ ટ સમાસાંત થાય છે.

★ અનુવૃત્ત :– [illegible]...[illegible] ૭/૩/૧૨૫

卐 વિશેષ. 0 દીર્ઘસક્થી – જેનો સાથળ લાંબો છે તેવી સ્ત્રી દીર્ઘ સક્થિ યસ્યાઃ સા દીર્ઘસક્થિ + ટ (અ) = દીર્ઘસક્થ (ઇ લોપ) + ઙી (સૂત્ર ૧૪ ઇ લોપ + ઙી નું વિધાન કરેલ)

0 સ્વાઙ્ગે કેમ કહ્યું ?

दीर्घसक्थी અનઃ સાથળ જેના લાંબા લાકડા વાળુ ગાડુ
दीर्घं सक्थि यस्य तद् — અહી सक्थि શબ્દ સ્વાંગવાચી નથી
0 बहुव्रीहेः કેમ કહ્યું ?
सदक्षि — બહુવ્રીહિ નથી માટે ट न લાગે.

[૪૩૯]

(૧૪) अवर्णेवर्णस्य ७/४/६८

★ સુત્રપૃથ૦ :— अवर्ण — इवर्णस्य
★ વૃત્તિ :— अपदस्यानयोस्तद्धिते परे लुक् स्यात् ।
[टित्प्रत्ययान्तानां स्त्रियां ङीः] पङ्कजाक्षी स्त्री ।

卐 વૃત્યર્થ :— અપદમાં રહેલા अ વર્ણ અને इ વર્ણના તદ્ધિત પ્રત્યય પર છતાં લોપ થાયછે पङ्कजाक्षी स्त्री = पङ्कजे इव अक्षिणी यस्याः सा इति — पङ्कजाक्षि + ट (अ) = આ સૂત્રથી પુર્વના इ નો લોપ થતાં पङ्कजाक्ष
(+ अ ग मे ने...टिताम् ૨/૪/૨૧ થી ङी પ્રત્યય.
— पङ्कजाक्ष + ङी, अस्यङ्यां लुक् ૨/૪/૮૬ થી પૂર્વના ट (अ) લોપ = पङ्कजाक्षी થયું)

★ અનુવૃતિ :— (૧) उक्ष्णः लुक् ७/४.५६ થી लुक्
(૨) (नो)ऽपदस्य तद्धिते ७/४/६१

卐 વિશેષ :— 0 अवर्ण इवर्ण એવા નિર્દેશથી લોપ થાય. તેથી સંયોગાત્ ૨/૧/૫૨ લાગીને इय् न થતાં લોપજ કરવો.
0 અપદમાં કેમ કહ્યું ?
ऊर्णायुः=ઊનવાળો ઘેટો અહીં ऊर्णा ने स् इन् વાળો युस् પ્રત્યય લાગ્યો છે પણ (नामसिदयव्यञ्जने)થી પદ સંજ્ઞા થઇ જતાં પૂર્વના अ નો લોપ ન થતા સન્ધિ થઇ.

[૪૪૦]

(૧૫) सुज्वार्थे सङ्ख्या सङ्ख्येये सङ्ख्यया बहुव्रीहिः ३/१/१९

★ સુત્રપૃથ૦ :— सुज् वा अर्थे सङ्ख्या सङ्ख्येये सङ्ख्यया बहुव्रीहिः
★ વૃત્તિ :— वार विकल्पार्थयोः सङ्ख्या सङ्ख्यया बहुव्रीहिः स्यात् सङ्ख्येयार्थे ।
[प्रमाणी सङ्ख्याड्डः ७/३/१२८] द्विर्दश द्विदशा घटाः ।
द्वौवा त्रयोवा द्वित्राः । पञ्चषाः ।

卐 વૃત્યર્થ :— જે સંખ્યાવાચી નામ सुच् 'વાર' અર્થ સાથે તથા वा એટલે વિકલ્પ કે સંશય અર્થ સાથે સંબંધ ધરાવતું હોય તે નામ સંખ્યેય અર્થ સાથે સંબધિત સંજ્ઞા વાચી નામ સાથે સમાસ પામે છે. તે સમાસ બહુવ્રીહિ છે.

(૧૩) प्रमाणी सङ्ख्याड्ड ७/३/१२८ बहुव्रीहि સમાસને અન્તે આવેલા प्रमाणी શબ્દને અને સંખ્યાવાચી શબ્દને સમાસાંન ड (अ) પ્રત્યય લાગે [૧૦૮]
सुच्:— द्विदशाः घटाः = વીશ ઘડા — द्विः दश = બે વાર દશ (અહીં सुच् પ્રત્યયવાળું द्वि 'વાર' અર્થમાં છે)
द्वि+दश+ड=द्विदश (डित्यन्त्य स्वरादेः २/१/११४ થી પૂર્વનો अ લોપ) द्विदश+जस्
वाः— द्वौ वा त्रयो वा = द्वि त्रि + ड = द्वित्र બ.વ માં द्वित्राः બે અથવા ત્રણ એજ રીતે पञ्चषाः=पञ्च वा षड् वा પાંચ કે છ

卐 વિશેષ :— 0 સંખ્યાવાચી કેમ કહ્યું ?
गावो वा दश वा = ગાય કે દશ. અહીં गावः પદ સંખ્યાવાચી નથી.
0 સંખ્યેય કેમ કહ્યું ?
द्वि विंशति गवाम् = ગાયોની બે વીશી અહીં સંખ્યેય ગણવા લાયક વસ્તુને સૂચવતો નથી.
0 सुच् અર્થ કેમ કહ્યું ?
द्वौ एव न त्रयः — બેજ ત્રણ નહી

[૪૪૧]

(૧૬) नञ् सुव्युपत्रेश्चतुरः ७/३/१३१

☆ સૂત્રપૃથ૦ :— नञ् सु वि उप त्रेः चतुरः
☆ વૃતિ :— अचतुराः। सुचतुराः विचतुराः उपचतुराः।
त्रि चतुराः
▦ नाभेर्नाम्नि ७/३/१३४ पद्मनाभः ।
नञ् सुदुर्भ्यः सक्तिसक्थिहलेर्वा ७/३/१३६ सज्ञनं सक्तिः।
असक्तः असक्तिः ।

卐 વૃત્યર્થ :— [नञ् — सु — वि — उप અને त्रि શબ્દો પછી બહુવ્રીહિ સમાસને અન્તે આવેલો चतुर શબ્દ अप् સમાસાન્ત થાયછે.
नञ्:—अविद्यमानानि चत्वारि यस्य सः अचतुर+अप् (अ) = अचतुरः = જેના ચારનથી તેવાં
सु :— शोभनानि चत्वारि यस्य सः = सुचतुर+अप् = सुचतुरः = જેને ચાર સારા છે તે
वि = विसदृशानि चत्वारि यस्य सः = विचतुर+अप् = विचतुरः = જેને ચાર અસમાનછે તે
(उप्) = चत्वार समीपे यस्य सः = उपचतुरः

જેની સમીપમાં ચાર છે એટલે ત્રણ કે પાંચ
(ત્રિ) त्रयो वा चत्वारः = त्रिचतुर + अ = त्रिचतुराः
ત્રણ કે ચાર

★ અનુવૃત્તિ :- पूर्णाम्य तत्पुरुषान्ते अत् ७/३/१३०

卐 વિશેષ :- 0 સમાસાંત વિધિની અનિત્યતાથી અત્ ન થાય. त्रयः चत्वारः यस्य सः = त्रिचत्वाः ...[1]

☐ શેષવૃત્તિ :- (૧૪) नाभेर्नाम्नि ७/३/१३४
બહુવ્રીહિ સમાસાન્ત નાભિ શબ્દ અત્ સમાસાંત થાયછે પણ તે સંજ્ઞા (નામ) હોયતો જેમકે :- पद्मं नाभौ यस्य सः = पद्मनाभि+अत्=पद्मनाभ=પદ્મનાભ-બ્રહ્મા [૧૦૯]
(૧૫) नञ् सुदुर्भ्यः सक्ति सक्थि हलेर्वा ७/३/१३६
नञ् - सु અથવા दुर् થી પર આવેલ सक्ति, सक्थि અને हलि શબ્દને अत्(अ) સમાસાન્ત પ્રત્યય વિકલ્પે થાય न सक्ति सक्ति यस्य सः = असक्ति એમ વગેરેનો વિકલ્પે असक्ति + अत् = असक्त એ રીતે सुसक्तिः પક્ષે सुसक्तः, दुःहल પક્ષે दुःहलः વગેરે [૧૧૦]

[૪૪૨]

(૧૭) प्रजाया अस् ७/३/१३७

★ સૂત્રપૃથ૦ :- प्रजायाः अस्.
★ વૃત્તિ :- नञ् दिभ्यः परो यः प्रजा शब्दस्तदन्तात् बहुव्रीहेरस् समासान्तो भवति ।
卐 સૂત્રાર્થ :- नञ्, सु, दुर् થી પર રહેલા प्रजा શબ્દ (વાળુ) તદન્ત નામને બહુવ્રીહિ સમાસમાં अस् પ્રત્યય થાયછે.

★ અનુવૃત્તિ :- नञ्-सु दुर्भ्यः. ७/३/१३६

卐 વિશેષ :- 0 ઉદાહરણ :-
0 अप्रजाः - नास्ति प्रजा यस्य सः = अप्रजस्, નુ પ્રથમા એ.વ. अप्रजाः[2]

[1] બૃહદ્વૃત્તિ અવચૂરિ ભા ૨, પૃ ૫૦૨
[2] (૧) સામાસિક શબ્દ=अप्रजस् (૨) શબ્દની વિગ્રહઃ જેને પ્રજા નથી તે (૩) સંસ્કૃત વિગ્રહ :- नास्ति प्रजा यस्य सः (૪) પૂર્વપદ :- न (૫) ઉત્તરપદ :- प्रजा (૬) પૂર્વપદ વિધિ :- न નો अ (૭) સૂત્ર :- नञत् ३/२/१२५ (૮) ઉત્તરપદ વિધિ (૯) પ્રકાર :- બહુવ્રીહિ (૧૦) સમાસાંત વિધિ :- अस् પ્રત્યય (૧૧) સૂત્ર: प्रजाया अस् (૧૨) ઉત્તરપદમાં ફેરફાર :- अ નો લોપ (૧૩) अवर्णे वर्णस्य (૧૪) તૈયારરૂપ :- अप्रजस् નું પ્રથમા એ.વ. अप्रजाः

0 दुष्प्रजाः = दुष्टा प्रजा यस्य सः = ખરાબ પ્રજાવાળો
दुस् + प्रजा + अस् = दुस् + प्रज्+अस् = दुष्प्रजस् = दुष्प्रजाः, दुष्प्रजसौ, दुष्प्रजसः વગેરે

[૪૪૩]

(૧૮) नञत् ३/२/१२५

★ સૂત્રપૃથ૦ :- नञ् - अत्
★ વૃત્તિ :- उत्तरपदे परे नञः अ स्यात् । अप्रजाः
卐 સૂત્રાર્થ :- ઉત્તરપદ પરમાં હોય ત્યારે नञ् નો अ થાયછે. :-
न सन्ति प्रजा यस्य सः न+प्रजा=अ+प्रजा (अस् પ્રત્યય થી अप्रजस् થઇ પ્રથમા એ.વ. માં अप्रजाः બન્યું

★ અનુવૃત્તિ :- नखि आगस्य न ३/२/१०७ થી उत्तरपद

卐 વિશેષ :- 0 नञ् શબ્દનો જ ઉત્તરપદમાં अ કાર થાયછે (न નો નહીં) તેથી पामनपुत्रः થયું - पामनः पुत्रः यस्य सः - पाम + न (न अन्नादेः ७/२/२९ ખાજના રોગવાળો અહીં नञ् નથી માટે अ ન થયો.
0 उत्तरपदे કેમ કહ્યું ?
न भुङ्क्ते = ખાતો નથી અહીં भुङ्क्ते ક્રિયાપદ છે માટે न નો अ ન થાય (સમાસમા પૂર્વપદ - ઉત્તરપદ હોય અહીં સમાસ જ નથી

[૪૪૪]

(૧૯) मन्दाल्पाच्च मेधायाः ७/३/१३८

★ સૂત્રપૃથ૦ :- मन्द अल्पात् च मेधायाः
★ વૃત્તિ :- नञादिभ्य त्रिभ्यो मन्दाल्पाभ्यां च मेधाया अस् । अमेधाः । मन्दमेधाः । अल्पमेधाः ।
卐 સૂત્રાર્થ :- (બહુવ્રીહિ સમાસમાં આવેલા) नञ्-सु-दुर्-मन्द-अल्प પછી આવેલા मेधा શબ્દને 'अस्' સમાસાન્ત પ્રત્યય થાયછે.
अमेधाः = नास्ति मेधा यस्य सः नञ्+मेधा+अस् = અલ્પ બુદ્ધિવાળો मन्दमेधाः - मन्दा मेधा यस्य सः = मन्द+मेधा+अस् = મન્દ છે બુદ્ધિ જેની તેવો તે अल्पमेधाः = अल्पा मेधा यस्य सः = अल्प+मेधा+अस्=અલ્પછે બુદ્ધિ જેની તેવો તે

★ અનુવૃત્તિ :- (૧) नञ्-सु-दुर्भ्यः...७/३/१३६
(૨) प्रजाया अस् ७/३/१३७ થી अस्

卐 વિશેષ :- 0 અન્ય ઉદાહરણ :-
सुमेधा = शोभना मेधा यस्य सः = सु+मेधा+अस्

दूर्मेधा :– दूष्टा मेधा यस्य सः = दुर+मेधा+अस् (अवर्णेवर्णस्य થી મેધા નો આ લોપ થયો)

[૪૪૫]

(૨૦) द्विपदाद्धर्मादन् ७/3/१४१

★ સુત્રપૃથ૦ –: द्वि पदात् धर्मात् अन्

★ વૃતિ :– [समानस्य धर्मादिषु" 3/२/१४९ धर्मादावुत्तरपदे समानस्य सः ।] सधर्मा ।

卐 **વૃત્યર્થ :– જો બહુવ્રીહિ સમાસમાં બે જ પદ હોય તો સમાસને અન્તે આવેલા धर्म શબ્દને સમાસાંત अन् પ્રત્યય લાગે**

[(૧૬) समानस्य धर्मादिषु 3/२/१४९ धर्म વગેરે ઉત્તરપદ હોતે છતે समान નો स થાય છે.

* धर्मादि ગણ :– धर्म, जातीय, नामन्, गोत्र, रूप, स्थान, वर्ण, वयस्, वचन, ज्योतिस्, जनपद, रात्रि नाभि बन्धु, पक्ष, गन्ध, पिण्ड, देश, कर, लोहित, कुक्षि, वेणि,] [१११]

ઉદાહરણ:- सधर्मा – समान धर्म यस्य सः सधर्म+अन् (समान નો स, अन् પ્રત્યય) सधर्म्+अन् (अवर्णेवर्णस्य) = सधर्मन् નું પ્રથમા એ.વ. सधर्मा = સમાન છે ધર્મ જેનો તે

卐 વિશેષ :– 0 द्विपदात् કેમ કહ્યું ?

परमस्वधर्म: = परमः स्वो धर्मोऽस्य = અનેક પદ છે માટે अन् ન લાગે

[૪૪૬]

(૨૧) इनः कच् ७/3/१७०

★ વૃત્તિ :– बहुदण्डिका सेना ।

▣ શેષવૃત્તિ :– "ऋन्नित्यदितः ७/३/१७१ । बहुकर्तृको, बहुनदीको, बहुवधुको देशः ; "दध्युरः सर्पिर्मधूपानच्छाले "७/३/१७२ । प्रियदधिकः व्यूढोरस्कः ।; "पुमनडुन्नौपयो लक्ष्म्या एकत्वे" ७/३/१७३ । प्रियपुंस्कः ।, नञोऽर्थात् ७/३/१७८ । अनर्थकं वचः ।; "शेषाद्वा" ७/३/१७५ बहुखट्वकः बहुखट्वः । क्वचिन्न बहुश्रेयान् बहूश्रेयसी

卐 **વૃત્યર્થ :– બહુવ્રીહિ સમાસમાં इन् પ્રત્યયાન્ત શબ્દને સ્ત્રીલિંગે कच् સમાસાન્ત પ્રત્યય થાય છે. જેમકે:–** बहवः दण्डिनः यस्याम् सा बहुदण्डिन्+कच् = (नाम्नोनो २/१/९१ થી न् લોપ) बहुदण्डि+कच्(क)=बहुदण्डिक (आत् २/४/3८ થી बहुदण्डिका सेना = **ઘણાં દંડધારીઓવાળી સેના** (दण्डिन् માં इन् છે માટે कच् થયો)

★ **અનુવૃતિ :–** बहुव्रीहेः काष्ठःट ७/3/१२५ થી बहुव्रीहेः

卐 વિશેષ : 0 कच् માં च् કાર મુક્યો તે न कचि २/४/१०४ સ્ત્રી પ્રત્યયના વિશેષણ માટે છે.

0 बहुवाग्मिका पुरी માં इन् પ્રત્યય નથી પણ ग्मिन् છે છતા कच् કેમ થયો ?

* अनिनस्मन् ग्रहणान्यर्थवताऽनर्थकेन च तदन्तविधि प्रयोजयन्ति ન્યાયથી ग्मिन् માં इन् અનર્થક છતાં તેનું ગ્રહણ થયું

▣ **શેષવૃતિ :– (૧૭) ऋन्नित्यदितः ७/3/१७१** बहुव्रीहि સમાસમાં ऋકારાન્ત શબ્દને તથા નિત્ય दित् (दै–दास् दास्–दाम्) શબ્દો, कच् સમાસાંત થાય છે.

જેમકે:– 'ऋ' (१) बहवः कर्तारः यस्मिन सः बहुकर्तृ+कच् =बहुकर्तृकः देशः=અનેક કર્તાવાળો દેશ

दित् (२) बहवः नद्यः यस्मिन सः बहुनदी+कच्=बहुनदीकः देश=જે દેશમાં અનેક નદી છે–તે – એજ રીતે – बहुवधुको देशः [११२]

(૧૮) दध्युरःसर्पिर्मधूपानच्छाले ७/3/१७२ बहुव्रीहि સમાસને અન્તે આવેલા दधि, उरस्, सर्पिष्, मधु, उपानत्, शालि શબ્દોને कच् સમાસાંત પ્રત્યય થાય છે.

प्रियं दधि यस्य सः = प्रियदधि+कच्=प्रियदधिकः=જેને દહીં પ્રિય છે તે

व्युढं उरः यस्य सः=व्युढोरस्+कच्=व्युढोरस्कः=વિશાળ છે છાતી જેની તેવો તે [११3]

(૧૯) पुमानडुन्नौपयोलक्ष्म्या एकत्वे ७/3/१७3 એકવચનવાળા અને બહુવ્રીહિ સમાસને અન્તે આવેલા पुम्, अनडुत्, नौ पयस् અને लक्ष्मी શબ્દ कच् સમાસાંત થાય છે.

0 प्रिय पुंस्कः = प्रिय पुमान यस्य सः = પ્રિય છે પુરૂષ જેને તે = प्रियपुंस् + कच् [११४]

(૨૦) नञोऽर्थात् ७/3/१७४ બહુવ્રીહિ સમાસ વાળા नञ् પછીના अर्थ શબ્દને સમાસાંત कच् પ્રત્યય થાયછે नास्ति अर्थः यस्य तद् अनर्थ + कच् = अनर्थकं वचः અર્થ વિનાનું વચન (अन् स्वरे 3/२/१२९થી न નો

धर्मादि ગણ બૃહદ્વૃતિ :– સૂત્ર 3/२/१४९

* ન્યાય :– अनिनस्मन–ન્યાયઃ १९, પૃ. ६६

ગ્રન્ થયો છે [૧૧૫]

(૨૧) શેષાદ્વા ૭/૩/૧૭૫ સિદ્ધહેમમાં સમાસાન્ત પ્રકરણ અધ્યાય: ૭ પાદ ૩ સૂત્ર ૬૯ થી શરૂ થાય છે ત્યાંથી ૭/૩/૧૭૪ સુધી જે-જે સૂત્રો વડી બહુવ્રીહિ સમાસ અંગે જે સમાસાન્ત પ્રત્યયોનું વિધાન છે તે તમામ પ્રત્યયો સિવાયના અન્ય પ્રત્યયો તે શેષ સમજવા —જે શેષ શબ્દો બહુવ્રીહિ સમાસ વાળા હોય તેમને कच् સમાસાન્ત પ્રત્યય વિકલ્પે થાય છે

बहव: (बह्व्य) खट्वा: यस्य स

बहुखट्वः पक्षे बहुखट्वकः = જેની પાસે ઘણી ખાટલી છે તે (વિકલ્પે कच् થયો) [૧૧૬]

(૨૨) ईयसो ૭/૩/૧૭૭ અન્તે ईयस् પ્રત્યય વાળા સમાસયુક્ત નામને कच् પ્રત્યય થતો નથી.

बहु: श्रेय: यस्य स बहुश्रेयान् નું પ્રથમ એ વ बहुश्रेयान् बहूनि श्रेयांसि यस्या सा बहुश्रेयसी (अघातुर्ऋदित: ૨/૪/૨ થી ङी) બન્નેમાં कच् ન થય કેમકે અન્તે ईयस् પ્રત્યય છે [૧૧૭]

[૪૪૭]

(૨૨) सुपूत्युत् – सुरभेर्गन्धादिद् गुणे ૭/૩/૧૪૪

★ સૂત્રપૃથ૦ :– सु-पूति-उत्-सुरभे. गन्धत् इत् गुणे

★ वृत्ति :– स्वादि पूर्वाद्गन्ध दित् स्यात् । सुगन्धि द्रव्यम् ।

☐ 'वाऽऽल्पे' ७/३/१४५ । सुगन्धिः सुगन्धो वा काय ।; "वारव" ७/३/१४६ । सूपगन्धि सूपगन्धं वा मोजनम् ।; 'वोपमानात्' ७/३/१४७ । पद्मगन्धि पद्मगन्धं वा मुखम् ।;

卐 વિશેષ :– 0 बहुष्वस्त्रियाम् ६/१/१२४ સૂત્રથી અહીં પણ બ.વ. માં ञ्य પ્રત્યયનો લોપ થશે.

શેષવૃત્તિ :– (૩૦) पाण्डोर्ड्यण् ६/१/११९
पाण्डु શબ્દને રાષ્ટ્ર અને ક્ષત્રીય વાચી હોય તો અનુક્રમે રાજા અને અપત્ય અર્થમાં ड्यण् થાય છે. પાંડુનો राष्ट्रस्य राजा, क्षत्रियस्यापत्यम् वा पाण्डु + ड्यण् = पाण्ड्यः [સ્પષ્ટ]
(૩૧) शकादिभ्यो द्रेर्लुप् ६/१/१२० शक વગેરે નામને लुप् थाय ... अर्थमां लोपाय
0 यवनानां क्षत्रियस्यापत्यम् = यवन
0 शकानां राष्ट्रस्य राजा = शक (પ્રત્યય લોપાર્થ)
અપત્ય અધિકાર સમાપ્ત

(૩૯) पितृ मातुर्व्य डुल भ्रातरि ६/२/६२

☆ સૂત્રપૃથ० :– पितृ–मातुः व्य–डुल भ्रातरि
☆ વૃત્તિ :– आभ्यां यथासङ्ख्यं भ्रातरि व्यडुलौ स्याताम् । पितृव्यः । मातुलः ।

卐 વૃત્યર્થ :– (ષષ્ઠ્યન્ત એવા) पितृ અને मातृ શબ્દને भ्रातृ ઉત્તરપદ હોને છતે व्य અને डुल (उल) પ્રત્યય અનુક્રમે લાગે છે.
पितुः भ्राता = पितृ + व्य = पितृव्य = કાકો
मातुः भ्राता = मातृ + डुल = मातृ + उल = मातुल = મામો.

卐 વિશેષ :– 0 डुल પ્રત્યયમાં મુકેલો ड કાર અન્ત્યસ્વર ના લોપને માટે છે.

[૫૫૫]

(૪૦) पित्रोर्डामहट् ६/२/६३

☆ સૂત્રપૃથ० :– पित्रोः डामहट्
☆ વૃત્તિ :– पितृमातृभ्यां मातापित्रोर्डामहट् स्यात् पितामहः । पितामही । मातामहः । मातामही

卐 વૃત્યર્થ :– (ષષ્ઠ્યન્ત) पितृ અને मातृ શબ્દથી પર मातृ અથવા पितृ શબ્દ આવે તો डामहट् (आमह) પ્રત્યય લાગે છે. જેમકે :–
0 पितुः पिता = पितृ + डामहट् = पितृ + आमह = पितामह = દાદા
0 पितुः माता = पितृ + डामहट् + ङी (अणञे ... टिताम् २/४/२० थी ङी) = पितामही = દાદી
0 मातुः पिता = मातृ + डामहट् = मातामह
0 मातुः माता – मातृ + डामहट् + ङी – मातामही

☆ અનુવૃત્તિ :– पितृमातुर्व्य डुल भ्रातरि ६/२/६२ थी पितृमातुः

卐 વિશેષ :– 0 पित्रोः માં દ્વિ વચન મુક્યું તે पितृमात्रा ३/१/१२२ થી એકશેષ સમાસથી 'મા-બાપ' અર્થમાં સમાસ કર્યો છે, માટે દ્વિ.વ. છે.
0 સૂત્રમાં ड કાર છે તે અન્ત્ય સ્વરના લોપ માટે છે. અને ट કાર છે તે ङी પ્રત્યય કરવા માટે છે.

[૫૫૬]

—: રક્તાર્થક પ્રત્યય :—

(૪૧) रागाट्टो रक्ते ६/२/१

☆ સૂત્રપૃથ० :– रागात् टः रक्ते
☆ વૃત્તિ :– येन कुसुम्भादिना वस्त्रादि रज्यते स रागस्ततस्माट्टान्ताद् रक्तमित्यर्थे ऽण् स्यात् कुसुम्भेन रक्तं कौसुम्भं वस्त्रम्
"लाक्षारोचनादिकण्" ६/२/२ लाक्षिकः रोचनिकः पटः

卐 વૃત્યર્થ :– જે કસુંબો વગેરે પદાર્થો વડે વસ્ત્ર વગેરે રંગાય તેને राग (રંગ) કહેવાય છે. તે टा પ્રત્યયાન્ત હોય – એટલે કે તૃતીયા સમાસથી રંગાયુ એવા અર્થમાં હોય – તો તેને अण् પ્રત્યય લાગે છે. જેમકે :– कुसुम्भेन रक्तम् – कुसुम्भ + अण् – कौसुम्भम् वस्त्रम् – કસુંબા વડે રંગેલ કપડું

卐 વિશેષ :– 0 રંગવુ – સફેદ રંગવું વર્ણાન્તર કરવું
0 સિદ્ધહેમની મૂળ વૃત્તિમાં अण् નથી કર્યું પણ યથા વિહિત પ્રત્યયો કહ્યા છે. – યથાવિહિત એટલે જે શબ્દોને

ઉત્સર્ગરૂપ કે અપવાદરૂપ જે જે પ્રત્યયો કહ્યા છે તે બધા પ્રત્યયો તે-તે શબ્દોને લાગી શકે – પ્રાગ્જિતાદણ્ ૬/૧/૧૩

0 સૂત્ર :– વાઽઽદ્યાત્ ૬/૧/૧૧ અધિકાર સૂત્ર છે તે મુજબ આ તમામ પ્રત્યયો વિકલ્પે થાય છે. તેથી તત્ પ્રત્યય ન લગાડીએ તો કુસુમાનાં રક્તમ્ એવું માત્ર વાક્ય કે કુસુમરક્તમ્ એવો સમાસ પણ થઇ શકે

0 રાગ – રાગ શબ્દથી પ્રસિદ્ધ એવા કસુંબા વગેરેનું ગ્રહણ થાય, પણ કાળા રંગે રંગેલું કે પીળા રંગે રંગેલું વગેરે ન ગ્રહણ થાય

□ શેષવૃત્તિ – (૩૨) લાક્ષારોચનાદ્દિકણ્ ૬/૨/૨ તૃતીયાન્ત એવા લાક્ષા અને રોચના શબ્દોથી 'તે વડે રંગેલું' એવા અર્થમાં ઇકણ્ પ્રત્યય લાગે છે

0 લાક્ષયા રક્તમ્ = લાક્ષા + ઇકણ્ = લાક્ષ્+ઇકણ્ (અવર્ણેવર્ણસ્ય થી આ લોપ) = લાક્ષિકમ્ = લાખથી રંગેલું

0 રોચનયા રક્તમ્ = રોચના + ઇકણ્ = રોચનિકમ્ = [illegible]થી રંગેલ [૨૫૫]

[૫૫૭]

—: સામૂહિક અધિકાર :—

(૮૧) ષષ્ઠ્યાઃ સમૂહે ૬/૨/૯

★ સૂત્ર :– षष्ठ्यन्तात्समूहेऽर्थे यथाविहितमणादयः स्युः । चापम् ।

□ "भिक्षादेः" ६/२/१० । भैक्ष, गार्भिणम् । "गोत्रोक्षादिभ्योऽकञ्" ६/२/१२ । औपगवकम्, औक्षकम् । "केदाराण्ण्यश्च" ६/२/१३ । कैदार्यं, कैदारकम् । "कवचिहस्त्यचित्ताच्चेकण्" ६/२/१४ । कावचिकम्, हास्तिकम्, आपूपिकम्, कैदारिकम् । "ब्राह्मण-माणव-वाडवाद्यः" ६/२/१६ । ब्राह्मण्यम् । "गणिकाया ण्यः" ६/२/१५ । गाणिक्यम् । "केशाद्वा" ६/२/१८ । कैश्यम्, कैशिकम् । "वाऽश्वादीयः" ६/२/१९ । अश्वीयम्, आश्वम् । "पर्श्वा ड्वण्" ६/२/२० पर्शूनां समूहः - पार्श्वम् ।

卐 વૃત્યર્થ :– કોઈપણ ષષ્ઠ્યન્ત નામને 'સમૂહ' અર્થમાં યથાવિહિત અણ્ વગેરે પ્રત્યયો થાય છે. જેમકે :– ચાપાનાં સમૂહઃ ચાપ + અણ્=ચાપમ્ = ચાસ નામક પક્ષીઓનો સમૂહ

卐 વિશેષ :– 0 'સમૂહ' અર્થક પ્રત્યય :– સૂત્ર: ૬/૨/૯ થી ૬/૨/૨૮ સુધી એમ ૨૧ સૂત્રોમાં સિદ્ધહેમ વ્યા. માં રજુ થયેલ છે.

0 પ્રાગ્જિતાદણ્ સૂત્ર મુજબ અહીં અણ્ વગેરે પ્રત્યયો લગાવવા. તેના અન્ય ઉદાહરણ :–

નઞ્ – સ્ત્રીણાં સમૂહઃ = સ્ત્રી + નઞ્ = સ્ત્રૈણમ્ = સ્ત્રીઓનો સમૂહ (પ્રાગ્વત્ સ્ત્રી ૬/૧/૨૫ થી નઞ્)

ઞ્ય – વનસ્પતીનાં સમૂહઃ = વનસ્પતિ + ઞ્ય = વાનસ્પત્યમ્ = વનસ્પતિનો સમૂહ

(અનિદમ્યણ...પદાઞ્ઞ્યઃ ૬/૧/૧૫ થી ઞ્ય

□ શેષવૃત્તિ :– (૩૩) भिक्षादेः ૬/૨/૧૦ ભિક્ષા વગેરે ષષ્ઠ્યન્ત નામોને સમૂહ અર્થમાં યથાવિહિત અણાદિ પ્રત્યયો થાય છે. भिक्षाणां समूहः = भिक्षा + अण् = भैक्षम् = ભિક્ષાનો સમૂહ गर्भिणीनां समूहः = गर्भिणी + अण् = गार्भिणम् = ગર્ભિણીઓનો સમૂહ [૨૫૬]

(૩૪) गोत्रोक्षादिभ्योऽकञ् ૬/૨/૧૨ ગોત્ર પ્રત્યયાન્ત નામ, उक्षन्, वत्स, उष्ट्र, वृद्ध, अज, उरभ्र, मनुष्य, राज, राजन्य અને राजपुत्र એ નામોને સમૂહ અર્થમાં अकञ् પ્રત્યય થાય છે उपगोः अपत्यम् = औपगवः

0 ગોત્ર :– औपगवानां समूहः=औपगव+अकञ्=औपगवकम्

0 उक्षन् :– उक्ष्णां समूहः = उक्षन् + अकञ्=औक्षकम् = બળદોનું ટોળું [૨૫૭]

(૩૫) केदाराण्ण्यश्च ૬/૨/૧૩ केदार શબ્દથી સમૂહ અર્થમા ण्य અને अकञ् પ્રત્યયો થાય છે. केदाराणाम् समूहः = केदार + ण्य = कैदार्यं पक्षे केदार+अकञ् = कैदारकम् = ક્યારાનો સમૂહઃ [૨૫૮]

(૩૬) कवचिहस्त्यचित्ताच्चेकण् ૬/૨/૧૪ कवचिन् हस्तिन् અને अचित् અર્થવાળા નામનેતથા केदार નામને સમૂહ અર્થમાં इकण् પ્રત્યય થાય છે.

0 कवचिनां समूहः = कवचिन् + इकण् = कावचिकम् (नोऽपदस्य ૭/૪/૬૧ થી इन् લોપ) = કવચવાળાનો સમૂહ

हस्तिनां समूहः = हस्तिन् + इकण् = हास्तिकम् = હાથીઓનો સમૂહ

0 અચિત :– अपूपानां समूहः = अपूप + इकण् = आपूपिकम् = પુડલાઓનો સમૂહ

0 केदाराणां समूहः = केदार + इकण् = कैदारिकम् = ક્યારાઓનો સમૂહ [૨૫૯]

(૩૭) ब्राह्मण-माणव वाडवाद्यः ૬/૨/૧૬ ब्राह्मण, माणव અને वाडव નામોને સમૂહ અર્થમાં 'य' પ્રત્યય થાય ब्राह्मणानां समूहः=ब्राह्मण+य=ब्राह्मण्यम् – બ્રાહ્મણોનો સમૂહ [૨૬૦]

(૩૮) गणिकायाण्यः ૬/૨/૧૭ ગણિકા શબ્દને સમુહ અર્થમાં ण्य પ્રત્યય થાયછે.

गणिकानां समुहः – गणिका + ण्य – गाणिक्यम् – ગણિકાઓનો સમુહ [૬૬૧]

(૩૯) केशाद्वा ૬ ૨/૧૮ केश શબ્દને સમુહ અર્થમાં ण्य પ્રત્યય વિકલ્પે લાગે केशानां समुहः – केश + ण्य – कैश्यम् વિકલ્પે (क्वचि...૬/૨/૧૪ થી इकण्) केश + इकण् – कैशिकम् – વાળનો ઢગલો [૬૬૨]

(૪૦) वाऽश्वादीयः ૬/૨/૧૯ अश्व શબ્દને સમુહ અર્થમાં ईय પ્રત્યય થાયછે. अश्वानां समूहः – अश्व + ईय – अश्वीयम् पक्षे अश्व + अण् – आश्वम् – ઘોડાઓનો સમુહ (षष्ठयाः समुहे થી अण्) [૬૬૩]

(૪૧) पर्श्वा ड्वण् * ૬/૨/૨૦ पर्शू શબ્દને સમૂહ અર્થમાં ड्वण् પ્રત્યય લાગેછે. पर्शूनां समुहः – पर्शू + ड्वण् – पार्श्वम् – ફરસીઓનો સમુહ (पर्शू +(उतोऽप्राणि...૨/૪/૭૩ ऊङ्) –पर्शु થયુ છે. पर्शु નુ પંચમી એ.વ. पर्श्वाः થયુ છે.

[૫૫૮]

(૪૩) गो-रथ-वातान् त्रल-कट्यलूलम् ૬/૨/૨૪

★ સુત્રપૃથ૦ :– गो-रथ-वातात् त्रल-कट्यल-उलम्

★ વૃતિ :– एभ्यस्त्रिभ्य एते त्रयः समुहेऽर्थे स्युः । लित्प्रत्ययान्तानां स्त्रीत्वम् – गोत्रा । रथकट्या । वातूलः

卐 વૃત્યર્થ :– गो, रथ અને वात શબ્દ થી પર સમૂહ અર્થમાં त्रल्, कट्यल्, અને उल् પ્રત્યય થાયછે.

પ્રત્યયમાં લ કાર સ્ત્રીલિંગ કરવા માટેછે *

0 गो :– गवां समूहः = गो + त्रल् – गोत्रा – ગાયોનુ ટોળુ

0 रथ :– रथानां समूहः = रथ+कट्यल् – रथकट्या – રથોનો સમુહ

0 वात :– वातानां समूहः – वात+उल् – वातुलः – વાયુઓનો સમૂહ

卐 વિશેષ :– 0 લ કાર સ્ત્રીલિંગમાટે आत् ૨/૪/૧૮ સૂત્ર લાગીને गोत्र નું गोत्रा વગેરે થાય જ્યારે उल् માં ल् કાર इत् નથી માટે वातुलः સ્ત્રીલિંગ ન થયુ.

0 * હેમલિંગાનુશાસન સ્ત્રીલિંગ અધિકાર, શ્લોક ૬ लिमिन्यनिण्य स्त्युक्ता થી लित् પ્રત્યયાન્ત નામ સ્ત્રીલિંગ અધિકાર માટે છે.

[૫૫૯]

(૪૪) पाशादेश्च ल्यः ૬/૨/૨૫

★ સુત્રપૃથ૦ :– पाश, आदेः च ल्यः

★ વૃતિ :– पाशादेः गवादिभ्यश्च ल्यः स्यात् । पाश्या ।

卐 વૃત્યર્થ – पाश વગેરે શબ્દોને તથા (च કારથી) गो-रथ અને वात ને ल्य પ્રત્યય લાગેછે

पाश :– पाशानां समुहः – पाश + ल्य – पाश्य અને ल् કાર થી સ્ત્રીલિંગે पाश्या–ફાંસાઓનો સમૂહ

★ અનુવૃતિ :–गो–रथ–वात–त्रलकट्यलूलम् ૬/૧/૨૪ થી गो–रथ–वात

卐 વિશેષ :– 0 पाशादि ગણ :– पाश, तृण, खल, धूम, वात, गो, अङ्गार, पोटगल, पिटक, पिटाक, शकट, हल, नल, वन,

0 भिक्षादि ૬/૨/૧૦ ગણપાઠથી अङ्गार અને हल શબ્દ આવેછે તે શબ્દોને ત્યાં अण् પ્રત્યય થાત તેને બદલે આ સૂત્ર નિષેધ કરીને ल्य પ્રત્યય કહેછે.

0 નોંધ :– गो ના ઉદાહરણ માટે સૂત્રઃ ૪૫ જુઓ

रथ + ल्य – रथ्या, वात + ल्य – वात्या – વંટોળ

[૫૬૦]

(૪૫) य्यक्ये ૧/૨/૨૫

★ સૂત્રપૃથ૦ :– यि – अक्ये

★ વૃતિ :– ओदौतोः क्यवर्जे यादौ प्रत्येऽवावौ स्याताम । गव्या

■ "श्वादिभ्योऽञ्" ૬/૨/૨૬ शौवम । "खलादिभ्यो लिन् ૬/૨/૨૭ । खलिनी, ऊर्किनी । ग्रामजनबन्धुगज सहायात्तल" ૬/૨/૨૮ । ग्रामता

卐 વૃત્યર્થ :– ओ કે औ થી પર સિવાય નો य કારાદિ પ્રત્યય આવે તો ओ નો अव् અને औ નો आव् થાયછે. જેમકે :– गवां समूहः – गो + ल्य (पाशादेश्च ૬/૨/૨૫ થી ल्य)– गव् + य – गव्या

* શેષવૃત્તિ સૂત્રઃ ૪૧ पर्श्वा ड्वण् આ સૂત્રમાં પ્રક્રિયા તથા હેમપ્રકાશ બન્નેમાં पर्श्वाद् લખ્યુ છે. જ્યારે સિધ્ધહેમ – લઘુ મધ્યમ બૃહદ્દવૃત્તિ વગેરેમાં पर्श्वा લખ્યું છે. – पर्श्वाद् કર્યુ તે અનુચિત્ત છે. કેમકે કારા. નામ નથી

★ અનુવૃત્તિ :– અષ્ઠીતોડત્ર ૧/૨/૨૪

卐 વિશેષ :– 0 क न નુ વર્જન કેમ કર્યું ? उपायन = उ + उ + य + न અહીં न એ (કર્મ. જિજ્ઞાવિનો) વર છે (क्य: शिति ૩/૪,૭०) માટે उ નો ऊ ન થયો

☐ શેષવૃત્તિ – (૮૨) ભ્યાદિભ્ય अन् ६/२/६६ ગત વગેરે શબ્દોને સમૂહ અર્થમાં अत્र પ્રત્યય લાગે છે. ગુણ સમૂહ = अन् + अत्र = गौत्रम् = કુત એ ને. અમદ (लोऽपत्यस्य तद्धित ७/४/३१ થી अन લોપ, ग्र पदान्तात् ७/४/५ થી व પૂર્વે ग + औ + ग्र = गौत्रम् થયુ છે) [૨૬૫]

(૮૩) पत्नादिभ्यो लिन ६/२/०७ पद વગેરે શબ્દોને સમૂહ અર્થમાં ल्नि (इन) પ્રત્યય લાગે ह ઓલત માટે છે પદના સમૂહ = पद + ल्नि = पद्मिन – (સ્ત્રીત્વમાં ङी) = पद्मिन + ङी = पद्मिनी – ગુજરી એનો સમૂહ (એ–ન–ની–તે)

उकाना समूह = ऊर्मिला [૨૬૬]

(૮૪) ग्राम जन बन्धु गज सहायात् तल् ६ २/२८ ग्राम जन, बन्धु गज, सहाय શબ્દોથી પર સમૂહ અર્થમાં तल् પ્રત્યય લાગે ગ્રામના સમૂહ = ग्राम + तल्=ग्रामता + आप् (સ્ત્રીલિંગે)=ग्रामता–ગામેનો સમૂહ [૨૬૭]

[૫૬૧]

સામૂહિક અધિકાર સમાપ્ત

0 વૈકારિક :–

(૮૬) विकारे ६ २/३०

★ વૃત્તિ :– षष्ठयन्ता द्विकारे ऽणादय स्युः ।

卐 વૃત્યર્થ :– ષષ્ઠ્યન્ત નામને "विकार" અર્થમાં (વિકિન) अण् વગેરે પ્રત્યયો લાગેછે. [ઉદા – જુઓ સૂત્ર ૪૭ માં]

★ અનુવૃત્તિ :– षष्ठ्याः समूहे ६/२/९ થી षष्ठ्याः

卐 વિશેષ :– 0 વિકાર = દ્રવ્યનુ અવસ્થાન્તર (બીજી અવસ્થા) એટલે વિકાર

0 [સુચના :–] अणादय – अण्, ष्यण्, अन्, मन्, વગેરે પ્રત્યયોના ઉદાહરણ સૂત્ર ૪૭ મા આપેલછે.

[૫૬૨]

(૮૭) वाऽश्मनो विकारे ७/४/६३

★ સુત્રપૃથ0 :– वा अश्मनः विकारे

★ વૃત્તિ :– विकार्थे तद्धितेऽश्मनोऽन्त्य स्वरादेर्लुक् ।

आश्मनः, आश्मः ।

☐ "त्रपु-जतोः षोऽन्तश्च" ६/२/३३ । त्रापुषं, जातुषम् । "पयो-द्रोर्य": ६/२/३५ । पयस्य, द्रव्यम् । "एकस्वरात्" ६/२/४८ । मयट् । मृन्मयम् । "गोः पुरीषे" ६/२/५० । गोमयम् । "अंश यस्या" । ६/२/५६ । आप्य अम्मयम् ।

卐 વૃત્યર્થ :– વિકાર અર્થવાળો તદ્ધિત નો પ્રત્યય લાગ્યો હોય ત્યારે अश्मन् ના અન્ત્ય સ્વરાદિનો લોપ વિકલ્પે થાય છે. જેમકે :– अश्मनः विकार.=अश्मन् + अन् (विकारे ६/२/३० થી अन्)=आश्मन , જો अन् લોપાયનો आश्मः = સ્તંભ

★ અનુવૃત્તિ :– ऋवर्णः लुक् ७/४/५६ થી लुक्

卐 વિશેષ : 0 વિકાર એમ કેમ કર્યું ? आश्मनो मन्यः – અહીં વિકાર અર્થ નથી. षष्ठ्यान्त्यस्य ७/४/१०६ પરિભાષાથી લોપનું કાર્ય અન્ત્ય ને (अन् ને) થયુ.

0 ઉદાહરણ :–

मम्मन. विकारः = मम्मन् + अण् = माम्मनः

वर्हि विकारः = वर्हि + ष्यण् = वार्हिण:

☐ શેષવૃત્તિ :– (૮૫) त्रपु जतोः षोऽन्तश्च ६/२/३३ त्रपु અને जतु શબ્દોને વિકાર અર્થમાં अण् પ્રત્યય લાગે તથા શબ્દને અન્તે ष् ઉમેરાય છે.

0 त्रपुण विकारः = त्रपु + ष् = अण् = त्रापुषम्=કલઈ

0 जतुन. विकारः = जतु + ष् + अण् = जातुषम्=લાખનો વિકાર [૨૬૮]

(૮૬) पयो-द्रोर्य: ६/२/३५ पयस् અને द्रु શબ્દથી વિકાર અર્થમાં 'य' થાય છે.

0 पयस्य विकारः = पयस् + य = पयस्यम्=દુધનો વિકાર

0 द्रोः विकारः = द्रु + य = द्रव + य = द्रव्यम् = ઝાડનો વિકાર. [૨૬૯]

(૮૭) एक स्वरात् ६/२/४८ ભક્ષ્ય અને આચ્છાદન અર્થ સિવાયના એક સ્વર વાળા શબ્દોને વિકાર અને અવયવ અર્થમાં નિત્ય मयट् થાય

मृदः विकारः = मृद् + मयट् = मृन्मयम् = માટીનો વિકાર (द् નો न् प्रत्यये च १/३/२ થી) [૨૭૦]

(૮૮) गोः पुरीषे ६/२/५० गो શબ્દથી पुरीष રૂપ (છાણરૂપ) વિકાર અર્થમાં मयट् પ્રત્યય લાગે.

ગો: પુરીષે: – ગો + મયટ્=ગોમયમ્=છાણ [૨૭૧]

(૪૯) અપો યઞ્ વા ૬/૨/૫૬ અપ્ શબ્દને વિકાર અર્થમાં યઞ્ વિકલ્પે લાગે છે.

0 अपां विकारः = अप् + यञ् – आप्यम् पक्षे अप् + मयट् (एकस्वरात् ६/२/४८ थी मयट्) = अम्मयम् – પાણીનો વિકાર. [૨૭૨]

[૫૬૩]

(૪૮) ह्योगोदोहादीनञ् हियङ्गुश्चास्य ६/२/५५

★ સુત્રપૃથ૦ :– ह्योगोदोहात् ईनञ् हियङ्गुः च सस्य

★ વૃત્તિ :– ह्योगोदोहशब्दाद्विकारे ईनञ् स्यात् नाम्नि, प्रकृतेर्हियङ्गुरादेशश्च स्यात् । हैयङ्गवीनम् – नवनीतं घृतं वा ।

卐 વૃત્યર્થ :– ह्योगोदोह શબ્દથી વિકાર અર્થમાં – જો વિશેષ નામ હોયતો – ईनञ् પ્રત્યય લાગે અને ह्योगोदोहનો हियङ्गु આદેશ થાયછે.

0 ह्योगोदोहस्य विकारः = ह्योगोदोह = ईनञ् – हियङ्गु + ईनञ् – हैयङ्गवीन – ગઇ કાલે દહોવાયેલ ગાયના દુધનું ઘી અથવા માખણ.

(उ નો अव् – अस्वयम्भूवोऽव् ७/४/७० थी)

✶ અનુવૃત્તિ :– (१) नाम्नि कः ६/२/५४ थी नाम्नि (२) विकारेः ६/२/३०

卐 વિશેષ :– 0 નામ્ની કેમ કહ્યું ?

ह्योगोदोह तक्रम् – ह्योगोदोह + अण् (विकारे ६/२/३० थी अण्) – ह्यौगोदोहम् – (અહીં ખાસ નામ નથી) ગઇકાલે દોહેલ ગાયના દુધનો વિકાર – છાસ વગેરે.

[૫૬૪]

(૪૯) प्राण्यौषधिवृक्षेभ्योऽवयवे च ६/२/३१

★ સૂત્રપૃથ૦ :– प्राणि औषधि वृक्षेभ्यः अवयवे च

★ વૃત્તિ :– एभ्यो विकारेऽवयवे चाणादयः स्युः । कापोतं सक्थि मांसं वा । दौर्वं, बैल्वं – काण्डं, भस्म वा ।

卐 વૃત્યર્થ :– (ષષ્ઠયન્ત) પ્રાણિ – ઔષધિ અને વૃક્ષ વાચી નામને વિકાર અને અવયવ અર્થમાં (યથાવિહિત) अण વગેરે પ્રત્યયો થાય છે.

0 प्राणि :– कपोतस्य विकारः – कपोत + अण् – कापोतम् – કબુતરનું માંસ, कपोतस्य अवयव – कापोतम् – કબુતરનો સાથળ.

0 औषधि :– दुर्वायाः विकारं अवयवं वा – दुर्वा + अण्–दौर्वम्–દુર્વાનો કાંડરૂપ ભાગ કે ભસ્મ

0 वृक्ष :– बिल्वायाः विकारः अवयवः वा – बिल्वा + अण् – बैल्वम् – બિલાની લાકડી કે ભસ્મ

✶ અનુવૃત્તિ :– (१) विकारें ६/२/३०

卐 વિશેષ :– 0 પ્રાણિ :– ચેતનાવંત

ઔષધિ :– ફળ પાકતાં અંત આવે તે

વૃક્ષ :– ફળ અને ફુલ વગેરે.

0 प्राणि – ચેતનાવંત ગ્રહણ કરતાં ઔષધિ અને વૃક્ષ આવીજ જાય છતાં જે પૃથગ્ ગ્રહણ કર્યું તે प्राणिમાં ત્રસ જીવોનો સમાવેશ જ જાણવો.

0 प्राण्यौषधि કેમ કહ્યું ?

पाटलिपुत्रस्य अवयवः – पाटलिपुत्र + अकञ् (रोपान्त्यात् ६/३/४२ थी अकञ्) – पाटलिपुत्रकः

[૫૬૫]

(૫૦) अभक्ष्याच्छादने वा मयट् ६/२/४६

☆ સુત્રપૃથ૦ :– अभक्ष्य आच्छादने वा मयट्

★ વૃત્તિ :– भक्ष्याच्छादन वर्जं यथार्हं विकारावयवयोर्मयड्वा । भस्ममयं भास्मनम् ।

निषेधे – मौद्गः सूपः, कार्पासः पटः ।

■ "लुब्बहुलं पुष्पमूले" ६/२/५७ । मल्लिका पुष्पम् । विदारी मूलम् । "फले" ६/२/५८ । आमलकं फलम् । इति वैकारिकाः ।

तदत्रास्ति (१) तेषांनिवासः (२) तस्माद् दुरभवं (४) तेन निवृंत (४) चेत्यर्थचतुष्टये इणादयो मतुश्च यथार्हं देशे नाम्नि च वक्तव्याः । औदुम्बरं (१) शैवं (२) वैदिशं पुरं (३) कौशाम्बी पुरी (४) उदुम्बरावती मतुमाना "नडकुमुदवेतसमहिषाड्डित्" ६/२/७४ । मतुः । नड्वान् कुमुद्वान् । "नडाशादाद् ड्वलः ६/२/७५ नड्वलम्, शाद्वलम् । इति चातुरर्थिकाः ।

卐 વૃત્યર્થ :– ભક્ષ્ય (ખાવું) आच्छादन (ઓઢવું) એ બે અર્થ સિવાય (અન્ય અર્થ વાળા) યથા યોગ્ય શબ્દોથી અવયવ અને વિકાર અર્થમાં मयट् પ્રત્યય લાગે.

0 भस्मनः विकारः – भस्मन् + मयट् – भस्ममयम् વિકલ્પે भस्मन्+अण् (विकारे ६/२/३०)–भास्मनम् – રાખનો વિકાર.

0 अभक्ष्याच्छादने કેમ કહ્યું ?

ભક્ષ્ય :- मुद्गस्य विकार ભક્ષ્ય છે માટે अण् = मुद्ग + अण् = मौद्गः सूपः = મગની દાળ.
आच्छादन :- कार्पासानाम् विकारः = कर्पास + अण् = कार्पासः पटः = કપાસનું કપડું.

★ અનુવૃત્તિ :- (૧) विकारे ૬/૨/૩૦
(૨) प्राण्यौषधि वृक्षेभ्यः अवयवे च ૬/૨/૩૧ થી अवयवे

卐 વિશેષ :- 0 यथार्हम् :- વિકાર અથવા અવયવ એમાંથી જે પ્રાપ્તિ હોય તેમાં પ્રત્યય લાગ્યા પછી ભક્ષ્ય કે આચ્છાદન પદાર્થ વિકાર કે અવયવ તરીકે જો વાચ્ય હોય તો આ સૂત્ર તે શબ્દને ન લાગે

□ શેષવૃત્તિ – (૫૦) लुप् बहुलं पुष्पमूले ૬/૨/૫૭ પુષ્પ અથવા મૂળ રૂપ વિકાર કે અવયવ હોય તો તેજ અર્થમાં बहुलम् લોપ થાય છે
0 मल्लिकायाः विकारः अवयवो वा = मल्लिका + अण् (प्राण्यौषधि.. ૬/૨/૩૧ થી अण्) = मल्लिका पुष्पम् = મોગરાનું ફૂલ – 0 विदार्याः विकारः अवयवो वा = विदारी + अण् = विदारी मूलम् = વિદારીનું મૂળ (પ્રત્યય લોપ આ સૂત્રથી થયો) [૨૭૩]
(૫૧) फले ૬/૨/૫૮ ફળ રૂપ વિકાર કે અવયવ હોય તો પ્રત્યય નો નિત્ય લોપ થાયછે
आमलकस्य विकारः अवयवो वा = आमलक + अण् = आमलकम् = आमलकम् फलम् – (આ સૂત્રથી પ્રત્યય લોપ [૨૭૪]

વિકારક અધિકાર સમાપ્ત

નિવાસાદિ અર્થ અને તેના સૂચક પ્રત્યયો :—
(૫૨) तदत्रास्ति ૬/૨/૭૦ પ્રથમાન્ત નામને તે અહી છે" એવા સપ્તમીના અર્થમાં યથાવિહિત પ્રત્યયો થાયછે જો દેશનુ નામ રૂઢ હોય તો –
0 उदुम्बराः अस्मिन् देशे सन्ति = उदुम्बर + अण् – औदुम्बरम् नगरम् – ઔદુમ્બર નગર [૨૭૫]
(૫૩) निवासादुरभवे इति देशे नाम्नि ૬/૨/૬૯ "निवास" અને अदूरभव અર્થમાં જો દેશ કે નગરનુ નામ રૂઢ હોય તો યથાવિહિત પ્રત્યયો લાગે
0 દેશ :- शिबीनां निवास = शिबि + अण् = शैवम् – દેશનું નામ
0 विदिशायाः अदूरभवम् = विदिशा + अण् – वैदिश नगरम् = વૈદિશ નગર. [૨૭૬]
(૫૪) तेन निर्वृत्ते च ૬/૨/૭૧ તૃતીયાન્ત નામથી निर्वृत – (બનેલુ) એવા અર્થમાં જો દેશનુ નામ હોય તો યથાવિહિત પ્રત્યય થાય.
0 कुशाम्बेन निर्वृत्ता = कुशाम्ब + ङीन् = कौशाम्बी = કુશામ્બ રાજાએ સ્થાપેલી [૨૭૭]
(૫૫) नद्यां मतुः ૬/૨/૭૨ निवास, अदुरभव, तदस्मिन्, तेननिर्वृत्त એ ચાર અર્થમાં જો નદીનું રૂઢ નામ હોય તો मतु પ્રત્યય લાગે.
0 उदुम्बराणां निवासः = उदुम्बर + मतु – उदुम्बरामत + ङी = उदुम्बरावती – ઉમરાવતી નદી
(माऽवर्णान्तो...૨/૧/૯૪ થી व) – उदुम्बरावती [૨૭૮]
(૫૬) मध्वादेः ૬/૨/૭૩ मधु વગેરે શબ્દને જો દેશનું નામ હોય તો निवास, अदुरभव, तदस्मिन्, तेननिर्वृत्त એ ચાર અર્થમાં मतु (मत्) પ્રત્યય લાગે.
मधुनः निवासः = मधु + मत् = मधुमत् (પ્રથમા એ વ) – દેશનુ નામ છે. [૨૭૯]
(૫૭) नड कुमुद वेतस महिषाद् डित् ૬/૨/૭૪ नड, कुमुद, वेतस–महिष આ ચાર શબ્દે ને निवास, अदूरभव तदस्मिन्, तेननिर्वृत्ते એ ચાર અર્થમાં જો દેશનુ નામ હોય તો ड इत् વાળો मतु (मतुड्) પ્રત્યય લાગે
0 नडाः सन्ति यत्र = नड + मतु –नड्वान् – દેશનુ નામ (ड કાર થી પૂર્વ સ્વરનો લોપ થયો) [૨૮૦]
(૫૮) नड शादाद्वलम् ૬/૨/૭૫ नड અને शाद શબ્દોને निवास, अदूरभव, तदस्मिन् અને तेननिर्वृत्ते એ ચાર અર્થમાં જો દેશવાચી નામ હોય તો ड इत् હોય તેવો वल (वलड्) પ્રત્યય લાગે
नडा : सन्ति यत्र = नड + वल = नड्वलम्
शादाः सन्ति यत्र = शाद + वल = शाद्वलम्
(બને દેશના નામ છે) [૨૮૧]

[૫૬૬]

(૫૧) देवता ૬/૨/૧૦૧

★ વૃત્તિ :- देवता योऽस्मात् पाठार्थेऽणादयः स्युः जिनो देवता अस्येति जैन ।

卐 સૂત્રાર્થ :- દેવતા અર્થવાળા પ્રત્યયાન્ત નામને ષષ્ઠી અર્થમાં अण् વગેરે પ્રત્યયો થાય છે.
जिनः देवता अस्य = जिन + अण् = जैन – જિન જેના દેવતા છે તે – જૈન

★ અનુવૃત્તિ :- तस्येदम् सौ ૬/૨/૯૮ થી तस्य

卐 વિશેષ :– 0 सा – પ્રથમાન્ત માટે અને अस्य:– ષષ્ઠીને માટે છે.

0 ઉદાહરણ :–

अग्निः देवताऽस्य = अग्नि + एयण् = आग्नेय – અગ્નિ જેનો દેવ છે તે.

[૫૫૭]

(૫૨) तद्वेत्त्यधीते ૬/૨/૧૧૭

★ સુત્રપૃથ૦ :– तद् वेत्ति अधीते

★ વૃત્તિ :– द्वितीयान्ताद्वेत्त्यधीते वेत्यर्थयोरणादयः स्युः । वैयाकरणः ।

■ "न्यायादेरिकण्" ६/२/११८ नैयायिकः ।

卐 **વૃત્યર્થ :– દ્વિતીયાન્ત નામને 'वेत्ति' જાણે છે અથવા 'अधीते' ભણે છે. અર્થમાં अण् વગેરે પ્રત્યયો થાય છે.**

0 व्याकरणम् वेत्ति अधिते वा = व्याकरण् + अण् = वैयाकरणः = વૈયાકરણી.

卐 વિશેષ :– 0 व्याकरण નું वैयाकरण् થયું તે स्वः पदान्तात् प्रागैदौत् ७/४/५ થી व ની પછી ए નો આગમ થયો.

■ શેષવૃત્તિ :– (૫૯) न्यायादेरिकण् ૬/૨/૧૧૮ द्वितीयान्त એવા न्याय વગેરે શબ્દોને वेत्ति અને अधीते અર્થમાં इकण् પ્રત્યય લાગે છે.

0 न्यायं वेत्ति अधीते वा = न्याय + इकण् = नैयायिकः = નૈયાયિક [૨૮૨]

[૫૫૮]

(૫૩) संस्कृते भक्ष्ये ૬/૨/૧૪૦

★ વૃત્તિ :– सप्तम्यन्तादस्मिन्नर्थेऽणादयः स्युः । भ्राष्ट्राः अपूपाः

■ "शूलोखाद्यः" ६/२/१४१ शूल्यम्, उख्यम् मांसम् । "क्षीरादेयण् ६/२/१४२ क्षैरेयी, यवागू ।

卐 **વૃત્યર્થ :– सप्तम्यन्त નામ संस्कृत भक्ष्य (સંસ્કારીને ખાવું) અર્થમાં अण् વગેરે પ્રત્યયો થાય છે. भ्राष्ट्रे संस्कृताः अपूपाः = भ्राष्ट्र + अण् = भ्राष्ट्राः अपूपाः = ભઠ્ઠીમાં સંસ્કારેલા પૂડલાં**

卐 વિશેષ :– 0 भक्ष्य કેમ કહ્યું ?

फलके संस्कृता माला – અહીં ભક્ષ્ય અર્થ નથી પણ સુશોભન અર્થ છે.

■ શેષવૃત્તિ :– (૬૦) शूलोखाद्यः ૬/૨/૧૪૧ સપ્તમ્યન્ત એવા शुल અને उख શબ્દોને સંસ્કારેલુ ભક્ષ્ય અર્થમાં 'य' પ્રત્યય થાય છે.

0 शुले संस्कृतं मांसम् – शुल + य – शुल्यम् – લોઢાના શુળ પર સંસ્કારેલું માંસ

0 उखायां संस्कृतं मांसम् – उख + य – उख्यम् – થાળીમાં સંસ્કારેલું માંસ [૨૮૩]

(૬૧) क्षीरादेयण् ૬/૨/૧૪૨ સપ્તમ્યન્ત એવા क्षीर શબ્દને संस्कृत भक्ष्य એવા અર્થમાં एयण् પ્રત્યય લાગે

क्षीरे संस्कृतं यवागूः – क्षीर + एयण् + ङी (સ્ત્રીલિંગ માટે "ङी") – क्षैरेयी यवागूः – દુધમાં સંસ્કારેલી રાબ [૨૮૪]

[૫૫૯]

(૫૪) तत्र कृत लब्धक्रीत सम्भूते ૬/૩/૯૪

★ વૃત્તિ :– सप्तम्यन्तादेष्वर्थेष्वणादयः एयणादयश्च प्रत्ययाः स्युः । स्रौघ्नः ।

■ [दिश्यः, मूर्धन्यः ।] "मध्यादिनण्णेया मोऽन्तश्च" ६/३/१२६ । माध्यन्दिनः, माध्यमः, मध्यमीयः । "वर्गान्तात्" ६/३/१२८ । ईयः । कवर्गीयः । "अशब्दवर्गादीनयेयाः" भरत वर्गीणः, भरतवर्ग्यः, भरतवर्गीयः। शब्दे तु क वर्गीयः ।

卐 **વૃત્યર્થ :– तत्र कृत (ત્યાં કરેલું), लब्ध (મેળવેલું), क्रीत (ખરીદેલું), सम्भूत (થયેલું) એવા અર્થમાં સપ્તમ્યન્ત નામને अण् વગેરે एयण् વગેરે પ્રત્યયો લાગે છે.**

अ :ण्– स्रुघ्ने कृतः = स्रुघ्न + अण् – स्रौघ्नः – **સ્રુઘ્ન નામક પ્રદેશમાં કરાયેલ [એ–જ–રી–તે]** स्रुघ्नेलब्धः, स्रुघ्ने क्रीत, स्रुघ्ने सम्भूतः

卐 વિશેષ :– 0 अण् एयण् વગેરેની અનુવૃત્તિ સવિશેષણથી અહીં અવનુતે છે.

0 तत्र :– સપ્તમ્યન્ત ના ગ્રહણ ને માટે છે.

0 અન્ય ઉદાહરણ :–

एयण् :– स्रुघ्न + एयण् – स्रौघ्नेय

ञ्य :– बहिः क्रीतः – बहिर् + ञ्य (बहिषष्टिक...च ૬/૧/૧૬ થી ञ्य – बाह्यः અને इकण् પ્રત્યય લાગેતો बाहिकः થાય.

■ શેષવૃત્તિ :– दिश्यः, मूर्धन्यः જુઓ સૂત્રઃ ૫૮*

o o o o o o o o o o o o o o o o o

* સૂત્રઃ ૫૮ दिगादि देहांशाद्यः ૬/૩/૧૨૪ આ સૂત્ર અલગ હોવાછતાં અહીં સૂત્રઃ ૫૪ માં કેમ મુક્યુ તે વિચારણીય છે.

(૬૨) મધ્યાદિતગેયા ચોઽન્તશ્ચ ૬/3/૧૨૬ મધ્યેભવન્ત મધ્ય શબ્દથી મધ્ય અર્થમાં દિનગ્, ण અને ईय પ્રત્યય થાય છે અને મધ્ય શબ્દને અન્તે म આગમ થાય છે.

0 મધ્યેભવાઃ – (૧) मध्य + दिनग् – माध्यंदिना पक्षे (૨) मध्य + ण – माध्यमः पक्षे (૩) मध्य+ईय – मध्यमीयः – મધ્યનો [૨૮૫]

(૬૩) વર્ગાન્તાત્ ६/3 ૧૨૮ જે નામને છેડે વર્ગ શબ્દ છે એવા સપ્તમ્યન્ત નામને ભવ અર્થના ईय પ્રત્યય લાગે

0 क वर्गे भव – क वर्ग + ईय – क वर्गीय – ह वर्गनो [૨૮૬]

(૬૪) ईन-यौ चाऽशब्दे ६/3 ૧૨૯ શબ્દ એવો અર્થ ન નીકળતો હોય ત્યારે સપ્તમ્યન્ત એવા નામને અન્તે વર્ગ શબ્દ હોયતો ભવ અર્થમાં ईन, य ईय પ્રત્યયો લાગે

0 भरत वर्गे भव. – (૧) भरत वर्ग+ईन-भरत वर्गीणः पक्षे (૨) भरतवर्ग + य – भारतवर्ग्य पक्षे (૩) भरतवर्ग + ईय – भरतवर्गीयः – ભરત ગોત્રના વર્ગનો થયેલો [૨૮૭]

[૫૭૦]

(૫૫) कुशले ६ ३ ૯૫

★ વૃત્તિ :- अत्रेत्यर्थं सप्तम्यन्तात्यथा विहितमणादय ण्यणादयश्च स्यु । मथुरायां कुशलो माथुरः ।

卐 વૃત્યર્થ :- कुशल અર્થમાં યથાયોગ્ય નામથી अण् વગેરે અને ण्यण् વગેરે પ્રત્યયો લાગે છે.

0 मथुरायां कुशलः = मथुरा + अण् = माथुरः = મથુરામાં વિદ્યા વડે કુશળ.

★ અનુવૃત્તિ :- तत्र कृत लब्ध क्रीत सम्भूते ६/3/૯૪ થી तत्र (સપ્તમ્યન્ત)

卐 વિશેષ :- 0 अणादय, ण्यणादय અધિકારથી અનુવર્તે છે

0 યથાવિહિત એમ વૃત્તિમાં લખ્યુ હોવાથી આ અધિકાર शिक्षादेश्चाण् ६/3/१४८ સુધી લઇ જવાનો છે *

0 ઉદાહરણ :-

0 ण्यण. – नद्यां कुशलः = नदी + ण्यण् = नादेय = નદી તરવામાં કુશળ

[૫૭૧]

(૫૬) जाते ६/3/૯૮

★ વૃત્તિ :- सप्तम्यन्ताज्जातेऽर्थे यथाविहितमणादय ण्यणादयश्च स्यु. । मथुरायां जातो माथुरः – अण्

卐 વૃત્યર્થ :- સપ્તમ્યન્ત નામને जात (ઉત્પન્ન) અર્થમાં યથાવિહિત अण् વગેરે અને ण्यण् વગેરે પ્રત્યયો થાય છે.

मथुरायां जातः = मथुर + अण् = माथुरः = મથુરામાં થયેલો.

★ અનુવૃત્તિ :- तत्र कृत लब्ध क्रीत सम्भूते ६/3/૯૪ થી तत्र (સપ્તમ્યન્ત)

卐 વિશેષ :- 0 तत्र એમ કેમ કહ્યું ?

0 ચૈત્રાજ્જાત અહીં પંચમી છે માટે છે સૂત્ર ન લાગે

0 जात એમ કેમ કહ્યું ?

आमने आस्ते = આમને બેસે છે. जात નથી.

॥ અન્ય ઉદાહરણ :-

0 राष्ट्रेजातः = राष्ट्र + इय = राष्ट्रियः = રાષ્ટ્રિય

0 नद्यांजातः = नदी+ण्यण् = नादेयः = નદીમાં થયેલો

[૫૭૨]

(૫૭) भवे ६/3/१२3

★ વૃત્તિ :- सप्तम्यन्तादस्मिन्नर्थे यथाविहितमणादय ण्यणादयश्च स्युः । भवत्यर्थं इह सत्ता गृह्यते, न तु जन्म, जात इत्यनेन गतार्थत्वात् । यथा स्रुघ्ने भवः स्रौघ्न इति, स्रुघ्ने सन् वर्तमान इत्यर्थः ।

卐 વૃત્યર્થ – સપ્તમ્યન્ત નામને 'भव' અર્થમાં યથાવિહિત अण् વગેરે ण्यण् વગેરે પ્રત્યયો થાય છે. भवति શબ્દ અહીં સત્તા કે વિદ્યમાનતા અર્થમાં ગ્રહણ કરાય છે. જન્મ કે ઉત્પન થવું અર્થમાં નહીં

स्रुघ्नेभव = स्रौघ्नः = स्रुघ्न + अण् = સ્રુઘ્ન દેશમાં વિદ્યમાન.

★ અનુવૃત્તિ :- तत्र कृत लब्ध क्रीत सम्भूते ६/3/૯૪ થી तत्र (सप्तम्यन्त)

卐 વિશેષ :- 0 ૨૫૮

[૫૭૩]

(૫૮) दिगादिदेहांशाद्यः ६/3/१२४

★ સૂત્રપૃથ૦ :- दिक्–आदि देह अंशाद् यः

★ વૃત્તિ :- भवे । दिश्यः । मूर्द्धन्यः ।

卐 વૃત્યર્થ :– 'भव' અર્થમાં (સપ્તમ્યન્ત એવા दिक् વગેરે શબ્દોને અને દેહ ના અવયવવાચી શબ્દોને 'य' પ્રત્યય થાયછે.
દિશા :– दिशि भवः = दिशि + य = दिश्यः = દિશામાં થયેલો.
દેહાંશ :– मूर्धनि भवः = मूर्धन् + य = मूर्धन्यः = માથામાં થયેલો.

★ અનુવૃત્તિ :– तत्रकृतलब्धक्रीत सम्भूते ६/३/९४ થી तत्र

卐 વિશેષ :– 0 अण् વગેરે પ્રત્યયોના અપવાદ રૂપે આ સૂત્ર બનાવેલ છે.
0 मूर्धन् માં જે अन् લોપ ન થયો તે अनोट्येये ७/४/५१ સૂત્ર થી છે.
0 दिगादि ગણ :– दिश्, वर्ग, पूग, गण, यूथ, पक्ष धाय्या, मित्र, धाय्यमित्र, मेधा, न्याय, अन्तर्, पथिन्, रहस्, अलीक. उख, उखा, साक्षिन्, आदि, अन्त, मुख, जघन, मेघ, वंश, अनुवंश, देश, काल, वेश, आकाश, अप्

[૫૭૪]

(૫૯) ततआगते ततः प्रभवति

★ સુત્રપૃથ० :– तत आगते ६/३/१४९ (ततः प्रभवति ६/३/१५७)
★ વૃત્તિ :– तत इति पञ्चम्यान्तात् आगतेऽर्थे अणादयः स्युः । माथुरः पान्थः ।
■ तत इति पञ्चम्यन्तात् प्रभवति प्रथमं प्रकाशमानेऽर्थे अणादयः स्युः । हैमवती गङ्गा ।

卐 વૃત્યર્થ :– आगते (આવેલું) અર્થમાં પંચમ્યન્ત નામથી अण् વગેરે પ્રત્યયો થાયછે.
0 मथुरायाः आगतः = मथुरा + अण् = माथुरः पान्थः = મથુરામાંથી આવેલો મુસાફર.

卐 વિશેષ :– 0 तत શબ્દ પંચમ્યન્ત અધિકાર માટે છે. આ અધિકાર ट्यदादेर्मयट् ६/३/१५९ માં સૂત્ર સુધી (સિદ્ધહેમમાં) ચાલેછે.
0 ઉદાહરણ :–
'य" गोभ्यः आगतः = गो + य (गोः स्वरे यः ६/१/२७ થી य, य्यक्ये १/२/२५ થી ओ નો अव्) = गव्यः – ગાય પાસેથી આવેલો.
■ શેષવૃત્તિ :– (૪૫) प्रभवति ६/३/१५७ પંચમ્યન્ત નામથી प्रभवति = પહેલ વહેલું નીકળેલું એવા અર્થમાં अण् વગેરે પ્રત્યય લાગે છે.
0 हिमवतः प्रभवति = हिमवत् + अण् = हैमवती गङ्गा (સ્ત્રીલિંગે ङी લાગ્યો છે अण्...टिताम् २/४/२० થી ङी) = હિમાલયમાંથી ઉદ્ભવેલ ગંગા. [૨૮૮]

[૫૭૫]

(૬૦) तस्येदम् ६/3/१६०

★ સુત્રપૃથ० :– तस्य इदम्
★ વૃત્તિ :– षष्ठयन्तादस्मिन्नर्थेऽणादयः स्युः । आर्षम्

卐 વૃત્યર્થ :– ષષ્ઠયન્ત નામને 'તેનુ આ' અર્થમાં अण् વગેરે પ્રત્યયો થાય છે.
0 ऋषेः इदम् = ऋषि + अण् = आर्षम् (ऋ ની વૃદ્ધિ आर्) = ઋષિનું આ.

卐 વિશેષ :– 0 तस्य = ષષ્ઠયન્ત ને માટે છે આ અધિકાર સિદ્ધહેમમાં "वहेस्तुरिश्चादिः" ६/३/१८० સૂત્ર સુધી ચાલેછે. *
0 ઉદાહરણ :–
दितेः इदम् = दिति + यण् = दैत्यम्
कलेः इदम् = कलि + एयण् = कालेयम्

[૫૭૬]

(૬૧) कृते ६/3/१९२

★ વૃત્તિ :– तृतीयान्तात् कृतेऽर्थे अणादयः स्युः । सिद्धसेनीयः स्तवः
■ "तेन प्रोक्ते" ६/३/१८१ । भाद्रबाहवं शास्त्रम् । 'उपज्ञाते" ६/३/१९१ । पाणिनीयं व्याकरणम् ।

卐 વૃત્યર્થ :– તૃતીયાન્ત નામથી कृते = "તેણે કરેલું" અર્થમાં अण् વગેરે પ્રત્યયો થાય છે.
सिद्धसेनेन कृतः स्तवः = सिद्धसेन+ईय = सिध्धनीयः स्तवः – સિદ્ધસેને કરેલ સ્તુતિ.

★ અનુવૃતિ :– तेन प्रोक्ते ६/३/१८१ થી तेन

卐 વિશેષ :– 0 સ્પષ્ટ

■ શેષવૃત્તિ :– (૬૬) तेन प्रोक्ते ६/3/१८१ તૃતીયાન્ત નામથી 'તેણે કરેલું" અર્થમાં अण् વગેરે પ્રત્યયો લાગે. भद्रबाहुनां प्रोक्तं शास्त्रम् – भद्रबाहु + अण् भाद्रबाहवं शास्त्रम्–ભદ્રબાહુએ કરેલ શાસ્ત્ર [૨૮૯]

o o o o o o o o o o o o o o o o o

* तस्य :– મધ્યમવૃત્તિ અવચૂરિ ભા. ૨, પૃ. ૩૪૯

(६७) उपज्ञाते ६/3/१९१ विना उपदेशे कर्नाथि पहेले थीज जाणेलुं होय ते "उपज्ञात" कहेवाय तृतीयान्त नामथी उपज्ञात अर्थमा अण् वगेरे प्रत्ययो थाय
पाणिनिना उपज्ञातं व्याकरणम् – पाणिनि+ईय=पाणिनीयम् = पाणिनिये रचेलुं व्याकरण [२९०]

[५७७]

(६२) साधुपुष्यत्पच्यमाने ६/3/११७

★ सूत्रपृथ० .– साधु पुष्यत् पच्यमाने

★ वृत्ति .– सप्तम्यन्तात्कालार्थाद् देश्यादयः स्युः । शिशिरे साधु – शैशिरं तैलम् । वसन्ते पुष्यन्ति वासन्त्यो लता । शरदि पच्यन्ते शारदा शालयः ।

☐ 'उप्ते' ६/3/११८ । शरदि उप्ताः शारदा यवाः ।
[कृतादय सप्तम्यार्था शेष संज्ञा । इति-माघनंदि]
'नद्यादेरेयण्' ६/3/२ शेषार्थ । नद्या कृतं नादेयं जलम् । 'राष्ट्रादियः' ६/3/3 'शेष' इत्यधिकारात् राष्ट्रीयम् । 'दूरादेत्यः' ६/3/४ । दूरेत्यः । 'उत्तरादाहञ्' ६/3/५ औत्तराहः । "पारावारादीनः" ६/3/६ । पारावारीणः । "व्यस्तव्यत्ययात्" ६/3/७ । पारीणः । अवारीणः । अवारपारीणः । अस्त्रगामिन्यर्थेऽप्येवम् – पारमस्त्रगामी-पारीण इत्यादि । "द्युप्रागपागुदक्प्रतीचो यः" ६/3/८ । दिव्यं प्राच्यमपाच्यमुदीच्यं प्रतीच्यम् । ग्रामादीनञ् च ६/3/९ । ग्रामीण, ग्राम्यः ।

卐 वृत्त्यर्थ – सप्तम्यन्त अने काळवाची नामने साधु, पुष्यत्, पच्यमान ए त्रण अर्थमां अण् वगेरे प्रत्ययो लागे छे
0 शिशिरे साधुः = शिशिर + अण् = शैशिरम् तैलम् = शिशिर ऋतुमां सारुं तेल
0 वसन्ते पुष्यन्ति लता. = वसन्त + अण्(स्त्री-लिंग ङी लागीने) = वासन्ती अने ब. व. मां वासन्त्यो लता = वसन्त ऋतुमां पुष्ट थती वेल
0 शरदि पच्यन्ते = शरद + अण = शारदा शालयः = शरदऋतुमां पाकता चोखा

★ अनुवृत्ति :– (१) कालाद् देये ऋणे ६/3/११३ थी कालाद्
(२) तत्र कृत लब्ध क्रीत सम्भूते ६/3/९४ थी तत्र

卐 विशेष :– 0 स्पष्ट

☐ शेषवृत्ति :– (६८) उप्ते ६/3/११८ काळवाची सप्तम्यन्त नामने उप्त–वावेलुं अर्थमां अण् वगेरे प्रत्ययो लागे शरदि उप्ताः यवाः – शरद + अण् = शारदाः यवाः – शरदऋतुमां वावेला जव. [२९१]
0 हस्तेपत्ये ६/१/२८ थी अपत्य वगेरे अने मत्स्ये मत्स्य ६/२/१४० ए अन्तार्थथी अन्य (छट्ठा अध्यायना पाद १ अने पाद-२ सिवायना एवा प्राग जितीय (६/४/२ पूर्वेना) अर्थमां जे–जे प्रत्ययोनुं विधान छे ते शेषार्थक समजवा *

(६९) नद्यादेरेयण् ६/3/२ प्राग्जितीय शेष अर्थमां नदी वगेरेने एयण् प्रत्यय लागे.
0 नद्या कृतादि – नदी+एयण्–नादेयः नदी वडे करेलुं
0 वने भव – वन+एयण्=वानेय–वनमां थयेलो [२९२]

(७०) राष्ट्रादियः ६/3/3 प्राग्जितीय शेष अर्थमां राष्ट्र शब्दने 'ईय' प्रत्यय लागे छे. राष्ट्रे कुशलः – राष्ट्र + ईय – राष्ट्रीयः – राष्ट्रमां कुशळ. [२९३]

(७१) दूरादेत्यः ६/3/४ दूर शब्दने शेष अर्थमां एत्य प्रत्यय लागे छे. दूरेभवः – दूर + एत्य – दूरेत्यः – दूर थयेलो. [२९४]

(७२) उत्तरादाहञ् ६/3/५ उत्तर शब्दने शेष अर्थमां आहञ् प्रत्यय लागे उत्तरे भव = उत्तर + आहञ्= औत्तराहः – उत्तरमां थयेलो. [२९५]

(७३) पारावारादीनः ६/3/६ पारावार शब्दने शेष अर्थमां ईन प्रत्यय लागेछे पारावारे जातः – पारावार + ईन – पारावारीणः – समुद्रमा जन्मेलो. [२९६]

(७४) व्यस्त व्यत्ययात् ६/3/७ पारावार शब्दने व्यस्त-एटले जुदाजुदा करीने पार, अवार ने तथा व्यत्यस्त एवा अवारपार शब्दने शेष अर्थमां ईन प्रत्यय लागे पारेजातः भवो वा – समुद्रमां थयेलो पार + ईन = पारीणः एजरीते अवारे भवः – अवारीणः अने अवार पारे भवः –अवारपारीण एम त्रणे रूपो थशे. [२९७]

(७५) पारावारं व्यस्त–व्यत्यस्तं च ७/१/१०१ द्वितीयान्त एवा पारावार, पार, अवार अने अवार–पार शब्दोने जनार (गामिन् – * अस्त्रगामिन्) अर्थमां

० ० ० ० ० ० ० ० ० ० ० ० ० ० ० ० ० ०

* 1 शेष :– हैमप्रकाश पूर्वार्ध पृ. ३९०
* 2 अस्त्रगामिन् :– हैमप्रकाश पूर्वार्ध – पृ. ३९० मां अस्त्रगामिन् अर्थमां लखेल छे ज्यारे आ सूत्रनी सिद्ध-हेम न्या नी वृत्तिमा गामिन् अर्थ लख्यो छे अस्त्रगामिन् नहीं ते वात नोंधपात्र छे.

'ईन्' પ્રત્યય લાગે છે. पारं (गामी) अलङ्गामी र + ईन् – पारीणः – સમુદ્ર પાર જનારો [૨૯૮]

(૭૬) द्युप्रागपागुदक्प्रतीचोयः ૬/૩/૮ અવ્યવ કે અનવ્યયરૂપ दिव्, प्राय्, अपाच्, उदच् અને प्रत्यच् શબ્દોને શેષ અર્થમાં 'य' પ્રત્યય લાગે છે.

दिवि भवम् – दिव् + य – दिव्यम् – આકાશમાં થયેલું એજરીતે प्राच्यांभवम् – प्राच्यम् – પૂર્વમાં થયેલું 0 अपाच्यम – દક્ષિણમાં થયેલું 0 उदीच्यांभवम् – ઉત્તરમાં થયેલું 0 प्रतीच्यांभवम् – પશ્ચિમમાં થયેલું [૨૯૯]

(૭૭) ग्रामादीनञ् च ૬/૩/૯ શેષ અર્થમાં ग्राम શબ્દને ईनञ् અને य પ્રત્યય લાગે ग्रामे भवः = ग्राम +ईनञ् = ग्रामीण. पक्षे ग्राम + यः ग्राम्यः – ગામમાં થયેલો. [300]

[૫૭૮]

(૬૩) कत्र्यादेश्चैयकञ् ૬/૩/૧૦

★ સુત્રપૃથ૦ :– कत्रि आदेः च एयकञ्

★ વૃતિ :– कत्र्यादिभ्यो ग्रामाच्चशेषे एयकञ् ।

कात्रेयकः । ग्रामेयकः ।

■ दाक्षिणापश्चात्पुरसस्त्यण्" ६/३/१३ दाक्षिणात्यः । पाश्चात्यः । पौरस्त्यः ।

卐 વૃત્યર્થ :– कत्रि વગેરે શબ્દોને અને ગ્રામ શબ્દને શેષ અર્થમાં एयकञ् પ્રત્યય થાયછે.

0 कत्र्यां भवः = कत्रि + एयकञ् = कात्रेयकः નિંદનીય ત્રણ હોય તે સ્થળ.

0 ग्रामे भवः = ग्राम + एयकञ् = ग्रामेयकः = ગામમાં થયેલ.

★ અનુવૃત્તિ :– (૧) शेषे ૬/૩/૧
(૨) ग्रामादिनञ् च ૬/૩/૯ થી ग्राम

卐 વિશેષ :– 0 कत् त्रिः ૩/૨/૧૩૩ સુત્રથી કુત્સિત અને किम् અર્થમાં कत् થયોછે.

0 कत्रि ગણ :– कत्रि, पुष्कर, पुष्कल, उम्पि, उम्भि, औम्भि, कुम्भी, कुण्डिना, नगर, महिष्मती, वर्मवती चर्मण्वती

■ શેષવૃતિ :–(૭૮) दक्षिणापश्चात्पुरसस्त्यण् ૬/૩/૧૩ दक्षिणा, पश्चात् અને पुरस् શબ્દોને શેષ અર્થમાં त्यण् પ્રત્યય લાગે. दक्षिणस्यां जातः भवः वसति वा = दक्षिणा+त्यण् = दाक्षिणात्यः = દક્ષિણમાં થયેલો કે વસનારો (એ જ રીતે पाश्चात्य=પશ્ચિમ માં થયેલો.

पौरस्त्यः= પૂર્વમાં થયેલો. [૩૦૧]

[૫૭૯]

(૬૪) क्वेहामात्रतसस्त्यच् ૬/૩/૧૬

★ સુત્રપૃથ૦ :– क्व इह अमा त्र तसः त्यच्

★ વૃત્તિ :– क्व इह अमा इत्येतेभ्यः, त्र तस् इत्येतत्प्रत्ययान्तेभ्यश्च त्यच् स्यात् । क्वत्यः, इहत्यः, अमात्यः, कुत्रत्यः, यतस्त्यः ।

卐 વૃત્યર્થ :– **क्व (ક્યાં), इह અહીં अमा (સાથે) એ નામો પછી તથા त्र અને तस् પ્રત્યયાન્ત નામો પછી શેષ અર્થમાં त्यच् પ્રત્યય લાગે છે.**

0 क्त्र भवः = क्व + त्यच् = क्वत्यः = **ક્યાં થયેલો: આજરીતે 0 इहत्यः = અહીં થયેલો अमात्यः = સાથે થયેલો, 0 कुत्रत्यः ક્યાં થયેલો 0 यतस्त्यः = જ્યાં થયેલો.**

☆ અનુવૃતિ :– शेषे ૬/૩/૧

卐 વિશેષ :– 0 च કાર એ त्यच् અને त्यण् ના સામાન્ય ગ્રહણને ટાળવા માટે છે.

0 यतः માં तस् પ્રત્યય, किमद्व्यादि...૭/૨/૮૯ થી થયોછે.

0 कुत्र માં त्र પ્રત્યય, क्वकुत्रात्रेह ૭/૨/૯૩ થી નિપાતન.

[૫૮૦]

(૬૫) सायं चिरं प्राह्णे प्रगेऽव्ययात् ૬/૩/૮૮

☆ સૂત્રપૃથ૦ :– सायं चिरं प्राह्णे प्रगे अव्ययात्

★ વૃતિ :– सायन्तनम्, चिरन्तनम् ।

■ "भवतोरिकणीयसौ" ६/३/३० । क्वचिदिकस्येतो लुक् । भावत्कम् । भवदीयम् । "पर जन राज्ञोऽकीयः" ६/३/३१ परकीयः, राजकीयः । "दोरीयः" ६/३/३२ देवदत्तीयः । तदीयः । पाणिनीयम् ईयेऽन्यादोन्तः, अन्यदीयम् । "वा युष्मदस्मदोऽञनञौ युष्माकास्माकौ चास्यैकत्वे तु तवकममकम्" ६/३/६७ । यौष्माकः । यौष्माकी स्त्री । यौष्माकीणः । यौष्माकीणा । युष्मदीयः । आस्माकः, आस्माकीनः, अस्मदीयः । तावकम्, मामकम्, तावकीनम्, मामकीनम् । त्वदीयम्, मदीयम् ।

卐 વૃત્યર્થ :– **કાળવાચી सायम् (સાંજ) चिरम् (લાંબાકાળે), प्राह्णे (પૂર્વભાગે), प्रगे (દિવસ ઉગ્યા પૂર્વે) શબ્દો અને કાળવાચી અવ્યયરૂપ નામોને શેષ અર્થમાં तनट् પ્રત્યય થાય છે)** साय भवम् = सायम् + तनट् = सायंतनम्

= મોડું થયેલું 0 चिरम् + तनट् = चिरतनम् = લાંબાકાળનું

★ અનુવૃત્તિ :- (૧ જુઓ ૬/૩/૧
(૨) वर्षकालेभ्यः ૬/૩/૮૦ થી कालेभ्यः

卐 વિશેષ :- 0 અહીં म् અન્તવાળા નિપાતન કર્યા છે
0 આ સૂત્ર ट्यण् પ્રત્યયનો નિષેધ કરે છે
0 ઉદાહરણ :-
दिवा भवम् - दिवा + तनट्=दिवातनम्=દિવસે થયેલું

☐ શેષવૃત્તિ -(૭૯) भवतोरिकणीयसौ ૬/3/30 ડ કાર અનુબન્ધવાળા भवत् શબ્દને શેષ અર્થમાં इकण् અને ईयस् પ્રત્ય લાગે છે 0 भवतः इदम् - भवत् + इकण् - भावकम् (ऋवर्णो. ७/४/७१ થી इकण् નો इ લોપ) વિકલ્પે भवत् + ईयस् - भवदीयम् = આપનું [૩૦૨]

(૮૦) परजनराज्ञोऽकीयः ૬/3/3१ पर, जन राजन् શબ્દને શેષ અર્થમાં अकीय પ્રત્યય લાગે (अ-પુવત ભાવ માટે છે)
परस्य अयम् - पर + अकीय = परकीयः = પારકો
राज्ञ अयम् = राजन् + अकीय = राजकीय = રાજાનો [૩૦૩]

(૮૧) दोरीयः ૬/3 3२ दु સંજ્ઞા વાળા (સંજ્ઞા दु ૬/૧/૬) નામને શેષ અર્થમાં ईय પ્રત્યય લાગે છે.
देवदत्तस्य अयम् = देवदत्त + ईय = देवदत्तीयः
तस्य अयम्=तद् + ईय = तदीय = તેનું આ
એ-જ-રી-તે पाणिनीयम् = પાણીનીનું આ, अन्यदियम् = અન્યનું આ [૩૦૪]

(૮૨) वा युष्मदस्मदोऽञीनञौ युष्माकास्माकौ चास्यैकत्वे तु तवकममकम् ૬/3/६७ युष्मद् અને अस्मद् શબ્દને શેષ અર્થમાં अञ्, ईनञ् વિકલ્પે થાય છે. અને युष्मत् નું युष्माक તથા अस्मत् નું अस्माक થશે. તેમજ એકવચનમાં तव નું तवक અને मम નું ममक થશે
0 अञ् - युवयो अयम् = युष्मद् + अञ् = युष्माक + अञ् = यौष्माकः સ્ત્રીલિંગે ङी લાગે = यौष्माकी स्त्री = તમારી કે તમ બેની સ્ત્રી
0 ईनञ् = युष्मद् + ईनञ् - यौष्माकीणः, સ્ત્રીલિંગે यौष्माकीणा
0 વિકલ્પે दोरीयः ૬/૩/૩२ થી ईय :-
युष्मद् + ईय - युष्मदीयः થાય
એ-જ-રી-તે अस्मद् નું (૧) अञ् પુંલિંગ-आस्माकः વિકલ્પે (૨) ईनञ् - आस्माकीनः વિકલ્પે (૩) ईय-अस्मदीयः અમારા બેનો કે અમારો
0 એકવચનમાં :- तव इदम् :-
(૧) अञ् :- तव + अञ् - तावकम् (२) + ईनञ् :- तावकीनम् (૩) + ईय :- त्वदीयम् - તારો
0 मम इदम् :-
(૧) अञ् :- मामकम्, (૨) ईनञ् - मामकीनम्
(૩) ईय :- मदीयम् - મારો
નોંધ :- ईय પ્રત્યય લાગે ત્યારે આ સૂત્ર ન લાગે તેથી तवक વગેરે આદેશો ન થાય [૩૦૫]

[૫૮૧]

(૬૬) अमोऽन्ताऽवोऽधस. ૬/3/७८

★ સૂત્રપૃથ0 :- अमः अन्त - अवस् अधस्
★ વૃત્તિ :- अन्त-अवस्-अधस् शब्देभ्योऽमः स्यात्
卐 વૃત્યર્થ - अन्त (છેડો), अवस् (નીચે), अधस् (નીચે). શબ્દોને શેષ અર્થમાં अम પ્રત્યય લાગેછે. (ઉદા. સૂત્ર: ૬૭ માં જુઓ)
★ અનુવૃતિ :- જુઓ ૬/૩/૧
卐 વિશેષ :- 0 સૂત્રમાં अ કારનો પ્રયોગ અન્ત્ય સ્વરાદિના લોપને માટે છે प्रायोऽव्ययस्य ७/४/६५ સૂત્રથી લોપ

[૫૮૨]

(૬૭) प्रायोऽव्ययस्य ७/४/६५

★ સૂત્રપૃથ0 :- प्रायः अव्ययस्य
★ વૃત્તિ :- तद्धिते परेऽ पदस्याऽव्ययस्यान्त्यस्वरादेः प्रायो लुक् । अन्तमः । अवमः । अधमः
☐ "पश्चादाद्यन्ताग्रादिमः" ६/३/७५ । पश्चिमः । "मध्यान्मः" ६/३/७६ । मध्यमः । "अध्यात्मादिभ्य इकण्" ६/३/७८ । आध्यात्मिकम् । आधिदैविकम् ।
卐 વૃત્યર્થ :- तद्धितનો પ્રત્યય લાગ્યો હોય ત્યારે અપદમાં રહેલા અવ્યયનો અન્ત્ય સ્વરાદિ સહિત પ્રાય લોપ થાય છે.
0 अन्तस्य अयम् = अन्त + अम् - अन्त् + अम - अन्तम - અન્તનો.
0 अवः भव - अवस् + अम् - अव् + अम् - अवम -નીચે થયેલો. 0 अधस्-अम्-अधम=નીચ

★ અનુવૃત્તિ :- (૧) उक्त्याः लुक् ७/४/५६ થી लुक्
(૨) नोऽपदस्य तद्धिते ७/४/६१ થી अपदस्य तद्धिते

卐 વિશેષ :- 0 प्रायः નું ગ્રહણ પ્રયોગ અનુસરણ માટે છે. प्रायः કહેવાથી आरातीयः માં आरात् ના અન્ત્ય સ્વરાદિનો લોપ ન થયો.

■ શેષવૃત્તિ :- (૮૩) पश्चादाद्यन्ताग्रादिमः ६/३/७५ पश्चाद् आदि, अन्त અને अग्र નામોને શેષ અર્થમાં इम પ્રત્યય લાગે છે.

0 पश्चाद् भवः = पश्चाद् + इम = पश्च् + इम (प्रायोऽव्ययस्य થી आत् લોપ) = पश्चिमः [૩૦૬]

(૮૪) मध्यान्मः ६/३/७६ मध्य શબ્દથી શેષ અર્થમાં 'म' પ્રત્યય થાય – मध्ये जातः=मध्+म–मध्यमः [૩૦૭]

(૮૫) अध्यात्मादिभ्यः इकण् ६/३/७८ अध्यात्म વગેરે શબ્દોને શેષ અર્થમાં इकण् પ્રત્યય થાય.

0 अध्यात्म भवम् = अध्यात्म+इकण्=आध्यात्मिकम्
0 अधि दैवम भवम् = अधिदैव+इकण्=आधिदैविकम् [૩૦૮]

[૫૮૩]

(૬૮) समान पूर्व लोकोत्तर पदात् ६/३/७९

★ સુત્રપૃથ૦ :– समान · पूर्व लोक–उत्तर पदात्

★ વૃત્તિઃ– समान पूर्वपदेभ्यो लोकोत्तरपदेभ्यश्चेकण् स्यात् । सामान ग्रामिकः । पारलौकिकः । :

卐 વૃત્યર્થ :– समान (સરખુ) પૂર્વપદમાં હોયતો અને लोक ઉત્તરપદમાં હોય ત્યારે તે નામને (શેષ અર્થમાં) इकण् પ્રત્યય લાગે.

समानग्रामे भवः = समानग्राम + ईकण् = सामान ग्रामिकः = સરખા ગામમાં થયેલો.

0 परलोके भवः = परलोक + इकण्= पारलौकिकः = પરલોકમાં થયેલો

★ અનુવૃત્તિ :- (૧) शेषे ६/३/१
(૨) अध्यात्मादिभ्यः इकण् ६/३/७८ થી इकण्

卐 વિશેષ :- 0 अनुशतिकादीनाम...७/४/२७ થી ઉભયપદમાં વૃદ્ધિ થતા पारलौकिकः બન્યું.

[૫૮૪]

(૬૯) वर्षा–कालेभ्यः ६/३/८०

★ વૃત્તિ :- वर्षा शब्दात्कालविशेषाच्चेकण् स्यात् वार्षिकः । मासिकः ।

■ क्वचिद्ग्रामनैशिकः, नैशः । "चिरपरुत्–परारेस्त्नः" ६/३/८५ । चिरत्नं, चिरन्तनमित्यादि । "पुरोनः" ६/३/८६ । पुराणं, पुरातनम् । 'पूर्वाह्णापराह्णात्तनट्' ६/३/८७ वा । सप्तम्या अलुप् – पूर्वाह्णेतनः । पौर्वाह्णिकः । "भर्तु सन्ध्यादेरण्" ६/३/८९ । आश्विनः । ग्रैष्मः । सान्ध्यः

卐 વૃત્યર્થ :– वर्षा શબ્દને અને વિશેષ રૂપ કાળવાચી શબ્દને (શેષ અર્થમાં) इकण् પ્રત્યય થાય છે.

0 वर्षायां भवः = वर्षा + इकण् = वार्षिकः = વર્ષાઋતુમાં થયેલો.

0 मासे भवः = मास + इकण् = मासिकः – મહિનામાં થયેલો.

★ અનુવૃત્તિ :– (૧) शेषे ६/३/१
(૨) अध्यात्मादिभ्यः इकण् ६/३/७८ થી इकण्

卐 વિશેષ :– 0 આ સૂત્ર अण् પ્રત્યયના અપવાદરૂપે છે. भर्तुसन्ध्यादेरण् ६/३/८९ થી अण् થાત.

0 काल શબ્દ મહિના વગેરેની અપેક્ષાએ વિશેષવાચી છે

0 સૂત્રમાં બ.વ. મુકવાથી જે કોઇ કાલવૃત્તિ અંગે પ્રત્યયો હોય તેની પ્રાપ્તિ માટે છે જેમકે :–

निशायां जयी साभ्यासः – निशा+इकण् –नैशिकः થયું

■ શેષવૃત્તિ :– (૮૬) निशा प्रदोषात् ६/३/८४ निशा અને प्रदोष શબ્દને શેષ અર્થમાં વિકલ્પે इकण् થાય.

0 निशायां भवः – निशा+इकण् = नैशिकः –વિકલ્પે निशा + अण् – (भर्तुसन्ध्यादे–६/३/८९) – नैशः = રાત્રિમાં થયેલો.

0 प्रदोषे भवः – प्रदोष + इकण् – प्रादोषिकः વિકલ્પે प्रादोषः – પ્રદોષ કાળમાં થયેલો. [૩૦૯]

(૮૭) चिरपरुत्परारेस्त्नः ६/३/८५ કાળવાચી चिर, परुत्, परारि શબ્દોને "त्न" પ્રત્યય વિકલ્પે થાય છે.

0 चिरंभवम् – चिरं + त्न – चिरत्नम् વિકલ્પે (भर्तु चिरं...६/३/८८ થી तनट्) – चिरं + तनम् – चिरन्तनम् – [illegible] [૩૧૦]

(૮૮) पुरोनः ६/३/८६ કાળવાચી पुरा શબ્દને "न" વિકલ્પે થાય 0 पुरा भवम् – पुरा + न – पुराणम् (पूर्वाह्णा...६/३/८७ થી तनट्) – पुरा + [illegible] – [illegible]

[illegible]–तनट् ६/३/८७ કાળવા[illegible]

આગમ શબ્દને "તનટ્" પ્રત્યય વિકલ્પે થાય છે

0 પુરાણે ભવમ્ – પુરાણ + ત્નટ – (૧) ને અપ્રમી નો લોપ ન થાય (કાતન્ત્ર૩/૨/૨૪ થી લોપ ન થાય) તો પુરાણેત્નઃ (૨) જો લોપ થાય તો :– પુરાણતનઃ (૩) – વર્ષાકાલેભ્ય ૬/૩/૮૦ થી ઇકણ્ = પૈરાણિક = પૂર્વમાં થયેલ [૩૧૦]

(૯૦) ભર્તુસન્ધ્યાડડદેરણ્ ૬/૩/૮૯ કાળવાચી, નક્ષત્રવાચી, ઋતુવાચી તથા સન્ધ્યા વગેરે શબ્દોને અણ્ પ્રત્યય થાય છે અશ્વિન્યાં ભવ = અશ્વિની + અણ્ આશ્વિનઃ = અશ્વિની નક્ષત્રમાં થયેલ

0 ગ્રીષ્મે ભવ – ગ્રૈષ્મ, સન્ધ્યાયાં ભવ – સાન્ધ્ય [૩૧૩]

[૫૮૫]

(૯૦) હેમન્તાદ્વા તો લુક્ ચ ૬/૩/૯૧

★ સૂત્રપૃથ૦ :– હેમન્તાત્ વા ત લુક્ ચ

★ વૃત્તિ :– અણ્વાઽણ્ , તદ્યોગે ત–લુક્ ચ વા ।

હૈમન , હૈમન્ત , હૈમન્તિકમ્

☐ ' પ્રાવૃષ એણ્ય ' ૬।૩।૯૨ પ્રાવૃષ્યે । પ્રાવૃષેણ્યઃ ... પ્રાવૃષિક

ઇતિ, પૂર્ણઃ શેષાધિકારઃ અણોઽપવાદેન પૂર્ણ ।

[illegible] યથાગમમિકણાદયો વક્તવ્યાઃ । અક્ષૈર્દીવ્યતિ – આક્ષિક । દધ્ના સંસ્કૃત સંસૃષ્ટ વા–દાધિકમ્। ઉડુપેન તરતિ – ઔડુપિક । નાવિક હસ્તિના ચરતિ–હાસ્તિકઃ । વેતનેન જીવતિ–વૈતનિક । ક્રયિકઃ । મીનાન્ હન્તિ – મૈનિક પરદારાન્ ગચ્છતિ – પારદારિકઃ । સુસ્નાત પૃચ્છતિ સૌસ્નાતિક । પ્રભૂત બ્રૂતે – પ્રાભૂતિકઃ । સભા સમવૈતિ – સાભિક । ધર્મ ચરતિ – ધાર્મિકઃ । આધર્મિક । અપૂપાઃ પણ્યમસ્ય – આપૂપિકઃ । નૃત્તં શિલ્પમસ્ય – નાર્તિકઃ । અસિઃ પ્રહરણમસ્ય – આસિકઃ। નાસ્તિકાસ્તિકદૈષ્ટિકા નિપાત્યાઃ ।

卐 સૂત્રાર્થ :– ઋતુવાચી હેમન્ત શબ્દને શેષ અર્થમાં "અણ્" વિકલ્પે થાયછે. તેના યોગમાં ત્ નો વિકલ્પે લોપ થાય છે.

0 હેમન્તે ભવમ્ = હેમન્ત + અણ્ = હેમન્તમ્ વિકલ્પે ત્ લોપ = હૈમનમ્ વિકલ્પે ઇકણ્ = હૈમન્તિકમ્ = હેમન્તઋતુમાં થયેલ.

★ અનુવૃત્તિ :– ભર્તુસન્ધ્યાદેરણ્ ૬/૩/૮૯ થી અણ્

卐 વિશેષ :– 0 વર્ષાકાલેભ્ય ૬/૩/૮૦ થી ઇકણ્ ની નિત્ય પ્રાપ્તિ હતી. તેને વિકલ્પે કરવા આ સૂત્ર બનાવેલ છે.

☐ શેષવૃત્તિ :– (૯૧) પ્રાવૃષઃ એણ્યઃ ૬/૩/૯૨ પ્રાવૃષ શબ્દને શેષ અર્થમાં એણ્ય પ્રત્યય લાગે છે.

0 પ્રાવૃષિ ભવઃ પ્રાવૃષ + એણ્ય – પ્રાવૃષેણ્યઃ – વર્ષાઋતુમાં થયેલો. [૩૧૪]

—: શેષાધિકાર — પૂર્ણ :—

[અણ્ અપવાદ કરવાનું જે સૂત્ર ૧ (૬/૧/૧૩) પ્રાગ્ જિતાદણ્ માં જણાવેલું તેની અવધિ પૂર્ણ થાય છે]

(૯૨) તેન જિત–જયદ્ દીવ્યત્ ખનત્સુ ૬/૪/૨ જિતેલું, જિતતું, ક્રીડાકરતું, ખોદતું એ ચાર અર્થોમાં તૃતીયાન્ત નામથી – ઇકણ્ પ્રત્યય થાય છે.

અક્ષૈર્જિત – અક્ષ + ઇકણ્ – આક્ષિકઃ – પાસાં વડે જિતેલું [૩૧૫]

(૯૩) સંસ્કૃતે ૬/૪/૩ તેને સંસ્કારેલ અર્થમાં તૃતીયાન્ત નામને ઇકણ્ પ્રત્યય લાગે છે.

દધ્ના સંસ્કૃતમ્ = દધિ + ઇકણ્ – દાધિકમ્ = દહીં વડે સંસ્કારેલ. [૩૧૬]

(૯૪) સંસૃષ્ટે ૬/૪/૫ તૃતીયાન્ત નામને સંસર્ગવાળા અર્થમાં ઇકણ્ થાય છે. દધ્ના સંસૃષ્ટમ્ – દધિ+ઇકણ્= દાધિકમ્ – દહીં વડે સંસૃષ્ટ [૩૧૭]

(૯૫) તરતિ ૬/૪/૯ તૃતીયાન્ત નામથી તરતિ અર્થમાં ઇકણ્ પ્રત્યય લાગે ઉડુપેન તરતિ = ઉડુપ + ઇકણ્ = ઔડુપિક = ત્રાપા વડે તરનારો [૩૧૮]

(૯૬) નૌદ્વિસ્વરાદિકઃ ૬/૪/૧૦ તૃતીયાન્ત નૌ શબ્દ તથા બે સ્વરવાળા શબ્દને તરતિ અર્થમાં ઇક પ્રત્યય થાય છે. નાવા તરતિ = નૌ + ઇક = નાવિકઃ = નાવથી તરનારો [૩૧૯]

(૯૭) ચરતિ ૬/૪/૧૧ તૃતીયાન્ત નામથી "ચરતિ" અર્થમાં ઇકણ્ પ્રત્યય થાય. 0 હસ્તિના ચરતિ – હસ્તિન્ + ઇકણ્ = હાસ્તિકઃ – હાથી વડે ફરનારો [૩૨૦]

(૯૮) વેતનાદેઃ જીવતિ ૬/૪/૧૫ તૃતીયાન્ત વેતન વગેરે શબ્દોને જીવતિ અર્થમાં ઇકણ્ પ્રત્યય લાગે.

વેતનેન જીવતિ – વેતન + ઇકણ્ – વૈતનિકઃ – પગાર વડે જીવનો [૩૨૧]

(૯૯) વ્યસ્તાત્ ચ ક્રયવિક્રયાદિકઃ ૬/૪/૧૬ તૃતીયાન્ત ક્રય, વિક્રય, ક્રયવિક્રય શબ્દોને જીવતિ અર્થમાં ઇક પ્રત્યય થાયછે.

0 ક્રયેણ જીવતિ = ક્રય + ઇક = ક્રયિકઃ – ખરીદીને જીવનારો [૩૨૨]

(૧૦૦) पक्षि-मत्स्य मृगार्थात् घ्नति ६/४/३१ દ્વિતીયાન્ત એવા પક્ષી, મત્સ્ય, મૃગ અર્થવાળા શબ્દોને घ्नति (હણેછે) અર્થમાં इकण् પ્રત્યય લાગે છે. मीनान् हन्ति= मीन + इकण् = मैनिकः = માછલાં હણનારો [૩૨૩]

(૧૦૧) परदारादिभ्यः गच्छति ३/४/३८ દ્વિતીયાન્ત એવા પરદાર (પરસ્ત્રી) વગેરે શબ્દોને गच्छति (ગમન કરવું) અર્થમાં इकण् પ્રત્યય લાગે.

0 परदारान् गच्छति = परदारा + इकण् = पारदारिकः = વ્યભિચારી [૩૨૪]

(૧૦૩) सुस्नातादिभ्यः पृच्छति ६/४/४२ દ્વિતીયાન્ત सुस्नात વગેરે શબ્દોને पृच्छति અર્થમાં इकण् પ્રત્યય થાય. सुस्नात पृच्छति = सुस्नात + इकण् = सौस्नातिकः = "સારી રીતે નાહ્યા" એમ પુછનારો [૩૨૫]

(૧૦૩) प्रभूतादिभ्यःब्रुवति ६/४/४३ દ્વિતીયાન્ત એવા प्रभूत વગેરે શબ્દોને ब्रुवति અર્થમાં इकण् પ્રત્યય લાગે 0 प्रभूतं ब्रूते = प्रभूत + इकण् - प्राभूतिकः = બહુ બોલનારો [૩૨૬]

(૧૦૪) सेनायाः वा ६/४/४८ દ્વિતીયાન્ત એવા सेना શબ્દને समवेत અર્થમાં વિકલ્પે "ण्य" લાગે છે. सेनां समवेतः - सेना + ण्य = सैन्यः વિકલ્પે सेना + इकण् - सैनिकः = સેના સાથે સંકડાયેલો [૩૨૭]

(૧૦૫) धर्माधर्माच्चरति ६/४/४९ દ્વિતીયાન્ત धर्म अधर्म શબ્દથી चरति અર્થમાં इकण् પ્રત્યય થાય

0 धर्मं चरति - धर्म + इकण् = धार्मिकः - ધર્મનું આચરણ કરનારો [૩૨૮]

(૧૦૬) तदस्य पण्यम् ६/४/५४ વેચવા યોગ્ય પદાર્થવાચી પ્રથમાન્ત નામને पण्यम् અર્થમાં इकण् પ્રત્યય લાગે છે 0 अपूपाः पण्यम् - अपूपा + इकण् = आपुपिकः = પૂડલાનો વેચનાર [૩૨૯]

(૧૦૭) शिल्पम् ६/४/५७ શિલ્પવાચી પ્રથમાન્ત નામને "તે જેનું શિલ્પ" એવા અર્થમાં इकण् પ્રત્યય થાય नृतं शिल्पम् यस्य - नृत + इकण् = नार्तिकः = નાચનારો [૩૩૦]

(૧૦૮) प्रहरणम् ६/४/६२ प्रहरण અર્થવાળા પ્રથમાન્ત નામને "તેનું પ્રહરણ અર્થમા इकण् પ્રત્યય થાય છે. असिः प्रहरणम् - असि + इकण् आसिकः = જેનું તલવાર જ હથિયાર છે તે [૩૩૧]

(૧૦૯) नास्तिकास्तिक दैष्टिकम् ६/४/६६ नास्ति अस्ति અને दिष्ट શબ્દોમાં "તેનું આ" એવા અર્થમાં 'इकण्' પ્રત્યય લાગે છે.

0 नास्ति परलोकादि इति मति यस्य सः = नास्ति+इकण् = नास्तिकः - નાસ્તિક

0 अस्ति परलोकादि इति मति यस्य सः = अस्ति + इकण् = आस्तिकः [૩૩૨]

[૫૮૬]

(૭૧) भावादिमः ६/४/२१

★ સુત્રપૃથ૦ :- भावात् इमः

★ વૃત્તિ :- भाव प्रत्ययान्तान्निवृत्ते इमः स्यात् । सेकिमं फलम् ।

卐 **વૃત્યર્થ :- (તૃતીયાન્ત) ભાવવાચી શબ્દને "તેના વડે નિષ્પન્ન" અર્થમાં इम પ્રત્યય થાય છે.**

सेकेन निवृत्तम फलम् - सेक + इम - सेकिमम

★ અનુવૃત્તિ :- (૧) निवृत्तेऽक्षद्युतादेः ६/४/२० થી निवृत

(૨) तेन जितं जयद् दीव्यत् ६/४/२ થી तेन

卐 વિશેષ :- 0 સ્પષ્ટ

[૫૮૭]

(૭૨) द्वारादेः ७/४/६

★ સૂત્રપૃથ૦ :- द्वार - आदेः

★ વૃત્તિ :- द्वारादि सम्बन्धिभ्यां यकार-वकाराभ्यां प्रागैदौतौ स्याताम् । द्वारे नियुक्तो-दौवारिकः

卐 निकटे वसति - नैकटिकः । समाने तीर्थे वसति-सतीर्थ्यः । पन्थानं याति पथिकः । पान्थः । अह्ना निवृत्तमाह्निकम्

卐 **વૃત્યર્થ :- द्वार વગેરે સમ્બન્ધિ य् અને व् ની પૂર્વે ऐ, औ ઉમેરાય છે (જો ञ् અને ण् નિશાની વાળા પ્રત્યય લાગ્યા હોયતો)**

0 द्वारे नियुक्तौ - द्वार + इकण् (तत्र नियुक्ते ६/४/७४ **થી** इकण्) - द् + औ + वार् + इक दौवारिकः **- દરવાન.**

★ અનુવૃત્તિ :- (૧) य्वः पदान्तात् प्रागैदौत् ६/४/५

(૨) वृद्धिः स्वरेष्वादेः ञ्णिति तद्धिते ७/४/१

卐 વિશેષ :- 0 द्वार વગેરે द्वार, स्वर, स्वर्, स्वस्ति, व्यल्कश, स्वादुमृदु, श्वस्, श्वन्, स्फयकृत स्व, स्वाध्याय, स्वग्राम

0 प्राग्ऽव्ययस्य ૭/૪/૬૫ થી અન્ત્ય સ્વરાદિ લોપ
0 ઉદાહરણ –
स्वस्मादिद्रम् कृता ग्रन्थ = स्व + अण् =
सौ + व + र + अ = सौवर. ग्रन्थः (असोवि कृत्व ૬/૦/૧૯૮ થી अण्)

◻ शब्दसूत्रे :– (૩૩૦) निकटादिषु वसति ૬/૪/૭૭
निकट વગેરે સપ્તમ્યન્ત શબ્દને વસતિ અર્થમાં इकण् પ્રત્યય લાગે નિકટ વસાર નિકટ + इकण् = नैकटिकः = પાડોશી [૩૩૩]

(૩૩૧) सर्वतीर्थं ૬/૪/૭૮ समानतीर्थं નામને વસતિ અર્થમાં य લાગે છે અને समान નો स થાય છે
तीर्थं = गुरुअर्थ તેના समान तीर्थं वसति = सतीर्थं + य = सतीर्थ्यं = સહાધ્યાયી [૩૩૪]

(૩૩૨) पथ इकट् ૬/૪/૮૮ નિત્ય ગત્ય અથવા पथिन् શબ્દને જાતિ અર્થમાં इकट् પ્રત્યય લાગે
पथिन याति = पथ + इकट् = पथिक = મુસાફર
(न् – दस्य ૭/૪/૬૧ થી इन् લોપ) [૩૩૫]

(૩૩૩) नित्यं णः पन्थश्च ૬/૪/૮૯ નિત્ય અથવા पथिन् શબ્દને નિત્ય જાત અર્થમાં ण થાય છે અને पथिन् નો पन्थ આદેશ થાય છે
0 पन्थानं याति = पथिन + ण = पन्थ + ण = पान्थः = રસ્તે નિત્ય જનાર [૩૩૬]

(૩૩૪) निर्वृत्ते ૬/૪/૧૦૫ કાલવાચી તૃતીયાન્ત નામથી निर्वृत्त (બનાવ) અર્થમાં इकण् પ્રત્યય થાય છે.
अह्ना निर्वृत्तम् = अह्न + इकण् = आह्निकम् = દિવસથી બનાવ [૩૩૭]

[૪૬૮]

(૭૩) मूल्यैः क्रीते ૬/૪/૧૫૦

★ વૃત્તિ – मूल्यार्थेभ्यस्तृतीयान्तेभ्यः क्रीतेऽर्थे इकणादयः स्युः । प्रास्थिकम् ।

卐 વૃત્યર્થ :– તૃતીયાન્ત એવા મૂલ્ય વાચી શબ્દોને ખરીદેલું (क्रीत) એવા અર્થમાં इकण् વગેરે પ્રત્યયો લાગે.
0 प्रस्थेन क्रीतम् = प्रस्थ + इकण् = प्रास्थिकम् = પ્રસ્થ વડે ખરીદેલુ

卐 વિશેષ :– 0 વૃત્તિમાં મૂલ્યા વિશેષ અનવગમથી દ્વિ વ. – બ.વ. થતું નથી. છતાં પ્રમાણ વિશેષ હોય તો ત્યાં થઇ શકે જેમકે द्वाभ्यां क्रीतं = द्विकम् (અહીં सङ्ख्याडतेः ૬/૪/૧૩૦ થી क પ્રત્યય લાગ્યો)
0 મૂલ્ય. કેમ કહ્યું ?
देवदत्तेन क्रीतम् 0 અહીં પ્રત્ય નથી.

[૪૬૯]

(૭૪) मानम् ૬/૪/૧૬૯

★ વૃત્તિ :– अस्य प्रमाणात्तस्य इकणादयः स्युः । द्रौणो मानमस्य – द्रौणिको राशिः ।

卐 વૃત્યર્થ :– માન (માપ) વાચી પ્રથમાન્ત નામને પછી (એનું માપ) અર્થમાં इकण् વગેરે પ્રત્યયો થાય છે.
द्रोणो मानमस्य = द्रोण + इकण् = द्रौणिकः राशिः = આ ઢગલાનું માપ દ્રોણ છે.

★ અનુવૃત્તિ :– म अस्य अनि-दस्य ऽयम् ૬/૪/૧૬૮ થી म

卐 વિશેષ :– 0 માન (માપ) વાચી શબ્દ કાળ (સમય) ના અર્થમાં લેવાતો નથી.

[૪૭૦]

(૭૫) विंशत्यादयः ૬/૪/૧૭૩

★ સૂત્રપૃથ૦ :– विंशति – आदयः

★ વૃત્તિ :– एते निपात्यन्ते । द्वौ दशतो मानमेषा– विंशतिः । एवं त्रिंशदादयः

El "पङ्क्तिदशत्" वा ૬/૪/૧૭૫ । पङ्क्तिः, दशत्, पङ्क्तयो, दशतो वा वर्गाः ।

卐 વૃત્યર્થ :– विंशति વગેરે શબ્દ નિપાત કરાયા છે. (એનું માન એવા અર્થમાં)
द्वौ दशतौ मानमेषां = विंशतिः = બે સંખ્યા બે -દશ માનવાળી છે– બે–દશ=વીસ.
द्विदशन् = द्वि નું वि થઇ शति પ્રત્યય લાગ્યો તેથી विंशति થયું. અ–જ–રી–ને त्रिंशत् વગેરે થાય 0 त्रिदशन् = त्रिंशत् = ત્રીશ

★ અનુસૂત્રો :– मानम् ૬/૪/૧૬૯

卐 વિશેષ :– 0 विंशति ગણ :– विंशतिः त्रिंशत्, चत्वारिंशत्, पञ्चाशत्, षष्टिः, सप्ततिः, अशीतिः, नवतिः, शतम्, सहस्रम्, लक्षम्
0 विंशति થી शत સુધીના શબ્દોમાં પ્રધાન दशत् છે दशत् = दश, તેથી બેવાર दश = वीश, ત્રણવાર दश= ત્રીશ એ રીતે ઓળખ આપી છે

શેષવૃત્તિ :- (૧૧૫) पञ्चद्दशद्वर्गे वा ૬/૪/૧૭૫
पञ्च અને दश શબ્દને વર્ગનું માપ અર્થમાં अत् પ્રત્યય વિકલ્પે લાગે (* પક્ષે क પ્રત્યય લાગે)
0 पञ्चमानं यस्य वर्गस्य = पञ्च + अत् = पञ्चत् પક્ષે पञ्च + क = पञ्चकः = પાંચ-પાંચ નો સમૂહ એ-જ-રી-તે दशत् પક્ષે दशकः वर्गः = દશ-દશ નો વર્ગ [૩૩૮]

[૫૯૧]

(૭૬) तमर्हति ૬/૪/૧૭૭

★ સૂત્રપૃથ૦ :- तम् अर्हति
★ વૃત્તિ :- द्वितीयान्तादर्हत्यर्थे इकणादयः स्युः ।
विषमर्हति – वैषिकः
नित्यं छेदमर्हति–छैदिकः । विरागस्य विरङ्गादेशे–वैरङ्गिकः । दण्डादेयः ६/४/१७८ । दण्डमर्हति दण्ड्यः । अर्घ्यः "त्रिंशद्विंशतेडकोऽसंज्ञायामाहर्दर्थे ६/४/१२९ क्रीतादयश्चत्वार आर्हदर्थाः त्रिंशता क्रीतः त्रिंशकः । "विंशतेस्तेर्डिति" ७/४/६७ ते लुक् । विंशकः पटः ।

卐 વૃત્યર્થ :- દ્વિતીયાન્ત નામને अर्हति અર્થમાં इकण् વગેરે પ્રત્યયો લાગે છે.
0 विषमर्हति = विष + इकण् = वैषिकः વિષને યોગ્ય.

卐 વિશેષ :- 0 तम् દ્વિતીયાન્ત નિર્દેશ કરેછે
0 ઉદાહરણ :-
सहस्त्रमर्हति = सहस्त्र + अण् = साहस्त्रः – હજારને યોગ્ય (सहस्त्रशत...૬/૪/૧૩૬ થી अण्)

શેષવૃત્તિ :- (૧૧૬) छेदादेर्नित्यम् ૬/૪/૧૮૨
દ્વિતીયાન્ત छेद વગેરેને नित्यमर्हति અર્થમાં इकण् પ્રત્યય થાય છે. नित्यं छेदमर्हति – छेद + इकण् – छैदिकः – નિત્ય છેદને યોગ્ય. [૩૩૯]
(૧૧૭) विरागाद्विरङ्गश्च ૬/૪/૧૮૩ દ્વિતીયાન્ત विराग શબ્દને नित्यमर्हति અર્થમાં इकण् વગેરે પ્રત્યયો થાયછે અને विराग નું विरङ्ग બને છે
0 विराग + इकण् – विरङ्ग + इकण् – वैरङ्गिकः – વિરાગને નિત્ય યોગ્ય [૩૪૦]
(૧૧૮) दण्डादेर्यः ૬/૪/૧૭૮ દ્વિતીયાન્ત दण्ड વગેરે ને अर्हति અર્થમાં य પ્રત્યય લાગે. दण्डमर्हति – दण्ड + य – दण्ड्यः – દંડને યોગ્ય.
अर्थमर्हति–अर्थ+य–अर्घ्यः – ધનને યોગ્ય [૩૪૧]
(૧૧૯) त्रिंशद्विंशतेर्डकोऽसंज्ञायामार्हदर्थे ૬/૧/૧૨૯ अर्हत् અર્થ સુધીમાં (तमर्हति ૬/૪/૧૧૭ સુધીમાં) જે પ્રત્યયો કહેવાયા છે તે પ્રત્યયો ના સ્થાને અસંજ્ઞા હોય તો त्रिंशत् અને विंशति શબ્દને डक् પ્રત્યય થાયછે.
0 त्रिंशता क्रितम् – त्रिंशत् + डक् – त्रिंशकम् – ત્રીશ વડે ખરીદેલું, त्रिंशतमर्हति – त्रिंशकः – ત્રીશને યોગ્ય. [૩૪૨]
(૧૨૦) विंशतेस्तेर्डिति ૭/૪/૬૭ ड् નિશાની વાળો પ્રત્યય લાગ્યો હોય તો અપદના विंशति શબ્દનો "ति" લોપાય છે. 0 विंशत्या क्रितः – विंशति + डक् (ઉપરોક્ત સૂત્રઃ ૧૧૯ થી डक् – विंशकः पटः – વીશ રૂપીયા વડે ખરીદેલ પટ [૩૪૩]

[૫૯૨]

(૭૭) सङ्ख्याडतेश्चाऽशत् ति–ष्टेः–कः ૬/૪/૧૩૦

★ સુત્રપૃથ૦ :- सङ्ख्या–डतेः च अशत् ति ष्टेः कः
★ વૃત્તિ :- शदन्त–त्यन्त–ष्टयन्त–वर्जसङ्ख्यायाः डतेत्रिंशद्विंशतिभ्यां चार्हदर्थे कः स्यात् । द्विकं त्रिंशत्कं विंशतिकं, कतिकं, यावत्कम् । डतेः पृथग् ग्रहणं त्यन्तप्राप्तनिषेध परिहारार्थ । अशत्तिष्टेरिति किम् ? चात्वारिंशत्कम् । षाष्टिकम् ।
'सहस्त्र श मानदण् ६/४/१६६ । आर्हदर्थे साहस्त्रः । शतमानः ।

卐 વૃત્યર્થ :- જેને છેડે शत्, ति અથવા ष्टि આવેલ હોય તેના સિવાયના સંખ્યાવાચી નામ, डति પ્રત્યયાન્ત નામ, त्रिंशत् અને विंशति નામોને अर्हत् અર્થમાં कः પ્રત્યય લાગેછે.
0 द्वाभ्याम् क्रितम् – द्वि + क – द्विकम् – બે વડે ખરીદેલું
